# ❖ વિષય સૂચી ❖


| ક્રમ સંખ્યા | પ્રકરણોના નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૧. | અનુભૂમિકા | ૧ |
| ૨. | સ્વલીલા અનુશીલન | ૧૧ |
| ૩. | એક ધર્મનું સૂત્રપાત | ૨૨ |
| ૪. | તારતમ અને કલમા | ૩૬ |
| ૫. | કતેબની પૂંજી | ૬૮ |
| ૬. | ઉપલી દૃષ્ટિ | ૮૮ |
| | હરિદ્વાર-કુંભ પ્રસંગ | ૧૦૦ |
| | ચાર સંપ્રદાય | ૧૦૬ |
| ૭. | સંન્યાસ મત | ૧૨૦ |
| ૮. | ષટ્‌દર્શન | ૧૪૨ |
| | શ્રીજીનો ઉત્તર | ૧૬૬ |
| | નિજાનંદ સંપ્રદાયની પદ્ધતિ | ૧૭૪ |
| ૯. | ઔરંગઝેબને પેગામ | ૧૯૪ |
| ૧૦. | કુરાનની હકીકત - સનંધ દ્વારા બોધ | ૨૦૬ |
| ૧૧. | નલુઆ પત્રોનું વૃત્તાંત | ૨૫૦ |
| ૧૨. | મંત્રણા | ૨૭૨ |

| | | |
|---|---|---|
| ૧૩. | ક્યોં એ રુક્કા આઈયા | ૨૮૦ |
| ૧૪. | સમ્રાટ ઔરંગઝેબથી ભેટ | ૩૦૪ |
| ૧૫. | અવજ્ઞાકારીઓ પર રોષ | ૩૪૪ |
| ૧૬. | લૈલ તુલ કદ્ર | ૩૬૦ |
| ૧૭. | પેગામ ઢાંપ્યા ગિરોહને | ૩૭૪ |
| ૧૮. | બડી પત્રી | ૩૮૮ |
| ૧૯. | બડી પત્રીમાં પુર્જી - છોટી પત્રી | ૪૬૪ |
| ૨૦. | રાજસ્થાનના પડાવ | ૫૦૮ |
| ૨૧. | ઉદયપુર | ૫૪૬ |


મધ્યાંશ - દ્વિતીય ખંડ સમાપ્ત.



# ❖ અનુભૂમિકા ❖

અહો ! ..... શ્રી નિજધામસ્થ સુમન સુંદરસાથજી !

આ સંસારરૂપી સાગર અતિ નિરસ, ધોકાદાર, છળકપટથી ભરેલો ફરી અવિશ્વાસનીય, નિર્દયી, દુસ્તરાતિદુસ્તર તેમજ વિભિન્ન અનર્થમય ગુણયુક્ત છે. એવા આ પાણીના પરપોટા સદૃશ ક્ષણિક જીવનની અંતિમ ઘટિકા ગણવાની અવધિકાલમાં પણ મને આજે ફરીથી લોકાભ્યુદય ગહન વિષયાત્મક સ્વ-સમાજ સેવાનો અતિ સોહામણો અવસર પ્રાપ્ત થયો છે. ફળસ્વરૂપ મારું દિમાગ સાતમા આસમાનમાં હોવું (બહુ ઘમંડ કરવું) એ કોઈ અસ્વાભાવિક વાત નથી. પરંતુ આ જાગણીના બ્રહ્માંડમાં મારા જેવા અશક્ત શારીરિક અવસ્થાવાળા વ્યક્તિ પર ધામધણી શ્રી રાજજી દ્વારા આવી અહોભાગ્યમય સુઅવસરની પ્રેરણાયુક્ત અસીમાતિઅસીમ અનુકંપા-દયા થવી, એ તો હકીકતમાં મારા દીનૈકબન્ધો પરમપૂજ્ય ધામધણી સ્વરૂપ ગુરુપ્રવર બાબાજી શ્રી લક્ષ્મીદાસજી મહારાજ, નવતનપુરી (જામનગર) ની આત્મીય પ્રેરણા, અપાર દયા-કૃપા સિવાય અકાટ્યરૂપે અસંભવ છે.

અતઃ તેમની હૃદયસ્થ આત્મીય પ્રેરણા, અસીમ દયા-કૃપાના પ્રતિફળ જે કાર્ય આગળ થઈ રહ્યું છે, તે બધી પ્રતિક્રિયાઓ પ્રત્યે હું મારા ધામધણી સ્વરૂપ શ્રી ગુરુદેવના ચરણોમાં શીશ નમાવું છું અને હું પોતાને આજીવન તેમનો ઋણી માનતો રહીશ. ઉપર્યુક્ત પ્રકારની અસીમ, અપાર દયા-કરુણા અથવા એમ કહી શકાય કે તેમની અદૃશ્ય હાર્દિક અનુકંપાના કારણે જ મેં ૭૬ વરસની ઉંમરમાં પોતાના અંતિમ સમયમાં પણ દેહત્યાગ કરવાનું છોડીને રહી સહી તેમજ થોડી ઘણી બચેલી હિંમત અને તાકાત ભેગી કરીને પોતાના સમાજની સેવાર્થે ફૂંકથી પહાડ ઉડાવવા (થોડી શક્તિથી મોટું કામ કરવાનો ઉદ્યોગ કરવા) જેવું કામ અર્થાત્ સ્વામી શ્રી લાલદાસજી મહારાજ કૃત મૂલ વીતક સાહેબને પ્રશ્ન-ઉત્તરના રૂપમાં પ્રકાશિત કરીને સમાજની સામે રાખવા જઈ રહ્યો છું.

આજથી પહેલાં આપણા શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ-નિજાનંદ સંપ્રદાયમાં લગભગ ૨૫-૩૦ વીતકોની રચના થઈ ગઈ છે. તેમાંથી સ્વામી શ્રી લાલદાસકૃત વીતક

સાહેબ ઉક્ત બધા વીતકોની આધારભૂતા તેમજ મૂલ વીતક સાહેબ છે. શ્રી નિજાનંદ સંપ્રદાયમાં જેવી રીતે શ્રી પ્રાણનાથજીના પછી શ્રી લાલદાસજીનું સ્થાન છે, તેવી જ રીતે પ્રણામી સાહિત્યમાં ઉપાસ્ય ગ્રંથ ''શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ-શ્રી તારતમ સાગર'' ના પછી ''સ્વામી શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ'' નું સ્થાન છે. એટલા માટે અન્ય વીતકોમાં સ્વામી લાલદાસ કૃત વીતક સાહેબ સર્વાધિક પ્રાચીન, પૂજ્ય અને વિશ્વાસપાત્ર છે તથા પ્રણામી સમાજમાં એને પ્રથમ દર્જાની માન્યતા પ્રાપ્ત છે.

આદિકાળથી પ્રચલિત ઉક્ત વીતક સાહેબમાં કુલ ૭૩ પ્રકરણ અને ૪૩૭૭ ચોપાઈઓ છે. એ જ વીતક ગ્રંથના પ્રશ્ન-ઉત્તરના રૂપમાં પ્રકાશિત પ્રસ્તુત ગ્રંથ આપ લોકોની સમક્ષ ઉપસ્થિત છે, જેમાં કુલ ૫૪૭૭ પ્રશ્ન-ઉત્તર છે. ઉપરના ૫૪૭૭ પ્રશ્ન-ઉત્તરને ત્રણ ખંડોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. જેમ કે -

૧. પ્રથમ ખંડમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૧૨૫૦ સુધી રહેશે અને વીતકની મજલ શરૂઆતથી લઈને સૂરતની વીતક સુધી આવશે.

૨. દ્વિતીય ખંડમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૨૦૧૬ સુધી હશે. પુનઃ મજલ સૂરતથી લઈને ઉદયપુરની વીતક સુધી આવશે.

૩. તૃતીય ખંડમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૨૨૧૧ સુધી હશે. પુનઃ મજલ મંદસોરથી લઈને અષ્ટપ્રહરની સેવા સુધી અર્થાત્ વીતક પૂરું થાય ત્યાં સુધી રહેશે. અતઃ ટૂંકાણમાં -

ક. પ્રથમ ભાગમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૧૨૫૦ હશે.

ખ. દ્વિતીય ભાગમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૨૦૧૬ હશે.

ગ. તૃતીય ભાગમાં પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા ૨૨૧૧ હશે.

અતઃ ત્રણેય ખંડોના મળીને પ્રશ્ન-ઉત્તરની કુલ સંખ્યા (૧૨૫૦+૨૦૧૬ +૨૨૧૧=૫૪૭૭) પાંચ હજાર ચારસો સિત્યોતેર થશે.

ઉપરોક્ત સ્વામી શ્રી લાલદાસ કૃત વીતક સાહેબમાં મુખ્યતઃ ત્રણ સ્વરૂપની વીતક આવે છે. એમાંથી કોણ-કોણ સ્વરૂપ કયા-કયા કાર્ય હેતુ આવ્યા અને તે કઈ

રીતે આ દુઃખદાયી સંસારરૂપી સાગરની વચ્ચે આવેલાં નિજધામસ્થ સમાજની સાથે-સાથે સંસારની સર્વાત્માઓને સબ ધાન બાઇસ પસેરીના (સારા-ખરાબને સરખા સમજવા) દર્જામાં રાખીને (તથા ત્રણેય સૃષ્ટિઓની આત્માઓને સમદૃષ્ટિથી જોઈને) વાઘના મોઢામાં હાથ નાંખવા (સાહસનું કામ કરવા) જેવું કાર્ય સંપન્ન કરી ગયા ?

વર્તમાન કલિકાલ ગુણ ગ્રસ્ત (પ્રભાવિત) નિજાનંદી-પ્રણામી પ્રચારકોને શ્રીમન્નિજાનંદ-શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ સિદ્ધાંત અન્તર્ગત આ માન્યતાને ધ્યાનમાં લઈને ચાલવું જરૂરી અને અનિવાર્ય જોવામાં આવી રહ્યું છે. કેમ કે અમારો ધર્મ સિદ્ધાંત ટકસાલી (પ્રામાણિક) વાત કરવાવાળા પ્રચારકોને માન્યતા આપે છે, ન કે બકવાદી તેમજ ધર્મના દાણા બગાડવાવાળા નામધારી પ્રચારકોને ! અતઃ શ્રી લાલદાસ કૃત વીતક સાહેબમાં સ્થિત ''ત્રણ સ્વરૂપોની વીતક'' વિષયને નિમ્ન પ્રકારથી સમજવાથી ટટ્ટીની આડમાં શિકાર કરવા (ધૂર્તતાથી છૂપાઈને કાર્ય સાધવા) ના પ્રતિફલરૂપી પાપ-અપરાધથી બચી શકે છે. જેમ કે -

**૧) ''પીઉ પાંચ બેર હમ વાસ્તે, સાગર મેં ડારયા આપ''**

-(શ્રી પ્રકાશ હિન્દી, પ્ર.૧૭/ચો.૯).

પીઉ (મૂલમિલાવાવાળા ધણીજીનો જોશ) વ્રજમાં, રાસમાં અને જાગણીના બ્રહ્માંડના ત્રણ સ્વરૂપના રૂપમાં બ્રહ્માત્માઓને ખેલ બતાવવાના આશય પાંચ વાર પંચભૌતિક શરીર ધારણ કરી સંસારમાં આવ્યા. મૂલમિલાવાવાળા શ્રી રાજજીએ એ બ્રહ્માંડના કાર્ય-કલાપના મુદ્દાર (જવાબદારી) પણ એ ત્રણ મર્દ સ્વરૂપોની ઉપર જ સોંપ્યું છે. જેમ કે -

**''મરદ તીનોં પર હૈ મુદ્દાર''**

પુનશ્ચ-

**૨) ''એ તીનોં સૂરત હૈં એક, સો રસૂલ તીનોં સરૂપ બિસેક''**

-(શ્રી બડા કયામતનામા, પ્ર.૧૨/ચો.૨).

અતઃ ત્રણેય સ્વરૂપ-બસરી, મલકી અને હકીમાંથી બસરી સ્વરૂપ **''રાસ ખેલકે આયે બરારબ સ્યામ''** અર્થાત્ બરારબ-અરબવાળા તૃતીય શ્યામ સ્વરૂપ મહંમદ સાહેબ છે. પુનઃ મલકી-સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી અને હકી સ્વરૂપ શ્રી મેહરાજ અર્થાત્ મહામતિ શ્રી પ્રાણનાથજી છે. યસર્થ હે મારા આત્મીય બંધુઓ, ધામસ્થ દોસ્ત અથવા નિજાનંદી-પ્રણામી પ્રચારકો ! પોતાના દિમાગને થોડી-ઘણી કસરત કરાવશોજી. આપ લોકો વ્યર્થમાં આકાશમાં છેદ કરવા (બહુ ચાલાકી બતાવવા) જેવી હિંમત કેમ કરવા લાગ્યા છો ? તે પણ શ્રી સદ્‌ગુરુ અને મહામતિ સ્વરૂપોની વિરુદ્ધ (ખિલાફ) ? વાહ રે વાહ ! મારા મિત્ર બંધુઓ ! ! તારતમ વાણીના ઈલમી (જ્ઞાની) કહેવડાવીને આવું ? પોત-પોતાની આંખોથી નિહાળીને નિમ્નોક્ત પ્રમાણ જોઈ લો ને !

**૩) બસરી મલકી ઔર હકી, એ તીનોં કે જુદે ખિતાબ ।**
**એક ફુરમાન લ્યાઈ દૂસરી કુંજી, તીસરી ખોલે કિતાબ।।**

-(શ્રી છોટા કયામતનામા, પ્ર.૧/ચો.૮).

શ્રી શ્યામાજીના ત્રણેય સ્વરૂપો-બસરી, મલકી અને હકીને અલગ-અલગ પ્રકારની શોભા (ઉપાધિઓ-પદવીઓ) પ્રાપ્ત થઈ છે. અતઃ કોનાથી પ્રાપ્ત થઈ ? મૂલમિલાવાવાળા શ્રી રાજજીથી. તેમાંથી એક પરમાત્મા (શ્રી રાજજી) નો સંદેશ લઈને આવ્યા, બીજાએ તારતમ જ્ઞાનરૂપી કુંજી પ્રદાન કરી, તો ત્રીજાએ બધા ધર્મગ્રંથોના ગૂઢ રહસ્યોને સ્પષ્ટ કર્યા.

અતઃ ઉક્ત ત્રણેય મર્દ સ્વરૂપો-બસરી-મહંમદ સાહેબ, મલકી-શ્રી સદ્‌ગુરુ દેવચંદ્રજી અને હકી - શ્રી મેહરાજ (મહામતિ શ્રી પ્રાણનાથજી) ને આ જાગણીના બ્રહ્માંડમાં કયા-કયા કાર્યોનો શ્રેય અને ખિતાબ મળ્યો ? અતઃ બસરી સ્વરૂપને લા, ઈલ્લાહ અર્થાત્ ક્ષર, અક્ષરથી પરે ઈલિલ્લાહ-અક્ષરાતીત બ્રહ્મધામ ખુદાના અરસરૂપી લક્ષ્યને સંસારમાં અવતરિત કરવાનો તથા ત્યાંના લોકોને શરિયત માર્ગ પર ચલાવીને ઇન્સાનિયતની મર્યાદાનું પાલન કરાવવાનો, પુનઃ બ્રહ્મ તેમજ

બ્રહ્માત્માઓને બીજીવાર સ્વપ્નિક જગત-ખેલમાં આવવા વિષયની સાક્ષી રાખવાનો ખિતાબ અથવા શ્રેય મળ્યો. મલકી સ્વરૂપ-સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને હકીકત-વાસ્તવિકતા અથવા વાસ્તવિક બ્રહ્મને ઈંગિત કરવાવાળો બ્રહ્મ મંત્ર-તારતમ જ્ઞાન ખેલમાં અવતરિત કરી તે બ્રહ્મજ્ઞાનાધાર પ્રથમ સ્વરૂપ દ્વારા આપેલાં લક્ષ્યમાં પહોંચાડવાનો, પ્રેમ-સેવારૂપી ભક્તિ માર્ગ જાહેર કરવાનો ખિતાબ-શ્રેય મળ્યો. પુનઃ હકી સ્વરૂપ-મહામતિ શ્રી પ્રાણનાથજીને વિજ્ઞાન દર્જાના તારતમ-મારફતી જ્ઞાનના માધ્યમથી સૃષ્ટિના સર્વ ધર્મગ્રંથોના ગુહ્ય-ગોપ્ય અથવા સાંકેતિક બાતુની ભેદોને ખુલસ્ત કરી ત્રણેય સૃષ્ટિઓને એક અદ્વૈત બ્રહ્મના ચરણોમાં દૃઢ વિશ્વાસ અપાવીને માયાવી ભૂમિકાથી પરે બેહદ સ્થિત અક્ષર-અક્ષરાતીત બ્રહ્મના ચરણ તલે સચ્ચિદાનંદમય ભૂમિકામાં પહોંચાડવા અથવા અખંડ મુક્તિસ્થાનમાં અખંડ કરવાનો ખિતાબ-શ્રેય પ્રાપ્ત થયો. એટલું જ નહિ, જડ-ચેતનની મુક્તિનું વિધાન (નિયમ) જાહેર કરવાનો ખિતાબ અથવા શ્રેય પણ તેમને જ આપવામાં આવ્યો. અતઃ ઉક્ત ત્રણેય સ્વરૂપોને ઉપરોક્ત ભિન્ન-ભિન્ન કાર્યોને ખિતાબ-શ્રેય આપ્યો, તો કોણે ? સ્વયં મૂલમિલાવાવાળા અદ્વૈત બ્રહ્મ શ્રી રાજજીએ ! આ પ્રકારની ગુહ્ય વાસ્તવિકતાને સમજ્યા વગર શ્રી રાજજીના આદેશના વિરુદ્ધ આત્મઘાતરૂપી પ્રચાર-પ્રસાર કરીને મારા નિજાનંદી-પ્રણામી પ્રચારક બંધુ ધર્મસ્થાન તેમજ ધર્મ સિદ્ધાંત વિરુદ્ધ જીવન યાપન કરી (ગુજારવું-પસાર કરવું) અંતમાં ક્યાં પ્રસ્થાન (પ્રયાણ) કરવા માટે કમર બાંધી રહ્યા છે ? હે મારા મિત્રગણો ! આકાશપાતાળ એક (ખૂબ જ શોધખોળ) કરીને પણ જઘન્ય અપરાધરૂપી કાર્યમાં કેમ પ્રવૃત્ત (ક્રિયાશીલ) થાવ છો ? તેથી આપ પ્રચારકોને વિનયપૂર્વક કહું છું કે કૃપયા ધર્મ સિદ્ધાંત દ્રોહી સાબિત થવાથી પહેલાં જ પોત-પોતાની આંખોમાં તારતમરૂપી ચશ્મા પહેરીને નિમ્નોક્ત ચોપાઈ પ્રમાણના રૂપમાં જોઈ લ્યો ને ! જેમ કે -

**૪) બસરી મલકી ઔર હકી, એ તીનોં એક સૂરત ।**
**એ તીનોં મહંમદકી, બીચ અરસ વાહેદત ।।**

-(શ્રી મારફત સાગર, પ્ર.૧૪/ચો.૮૫).

અરે મારા આત્મીય બંધુઓ ! અથવા વર્તમાન તારતમ જ્ઞાનના નામધારી નિજાનંદી ઈલમીઓ ! ! **'બસરી મલકી ઔર હકી, એ તીનોં એક સૂરત'** કહ્યું, અતઃ કોની એક સૂરત ? પુનઃ અરસ વાહેદત્તના મહંમદ કોણ છે ? તેથી તેમની ત્રણ સૂરતો (સ્વરૂપો) ને અલગ કરવાવાળા સિદ્ધાંતદ્રોહી શું વાણી-વીતકના દુશ્મન તથા શ્રી રાજજીના જ દ્રોહી નહિ થશે ? અહો મારા ધામસ્થ આત્માધાર સંબંધી નિજાનંદી પ્રણામી ધર્મ પ્રચારકો ! બિચારા સમાજ જેમ તે સમય નિજાનંદાચાર્ય શ્રી સદ્‌ગુરુ અને મહામતિ શ્રી પ્રાણનાથજીના આશ્રય પર નિર્ભર હતા, તેમ જ આજનો સમાજ આપ લોકો પર આશ્રિત તથા નિર્ભર છે. અતઃ શું આપ વર્તમાન સમાજને તે બંને સિદ્ધાંત પ્રદત્ત (આપવાવાળા) મહાપુરુષોના સિદ્ધાંતથી વિમુખ બનાવીને ધુંધુકારી-પરીક્ષિત માર્ગ પર જબરજસ્તી ઘસેટીને દોડાવવાથી મૂલમિલાવાવાળા શ્રી રાજજી સ્વરૂપની નજરમાં એક કર્તવ્યપરાયણ સાચા ધર્મ પ્રચારક સાબિત થઈ શકશો ? અતઃ નિમ્નોક્ત ચોપાઈ પણ જોઈ લ્યો. જેમ કે -

૫) **રસૂલ રૂહ અલ્લા ઔર ઈમામ, એ તીનોં એક કહે અલ્લા કલામ।**
**બસરી મલકી ઔર હકી, તીનોં તરફ સાહેબકે સાકી ।।**

- (શ્રી બડા કયામતનામા, પ્ર.૫/ચો. ૩૭).

રસૂલ-મહંમદ સાહેબ, રૂહઅલ્લાહ - સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી અને ઈમામ - મહામતિ શ્રી પ્રાણનાથજી - એ ત્રણેય મૂલમાં એક જ સ્વરૂપ છે. આ વાતની સાક્ષી અલ્લાહ કલામ - શ્રી મુખવાણી છે. ઉક્ત ત્રણેય બસરી, મલકી અને હકી સ્વરૂપ છે. જાગણીના બ્રહ્માંડમાં એ ત્રણેય સ્વરૂપ જ અક્ષરાતીત બ્રહ્મ - શ્રી રાજજીના પ્રેમરૂપી અમૃતને તારતમ જ્ઞાનના માધ્યમથી ત્રણેય સૃષ્ટિઓને પીવડાવવાવાળા છે અને પીવડાવી રહ્યા છે.

અરે મારા પ્રિયાત્માઓમાં પણ અગ્રગણ્ય નિજાનંદી - પ્રણામી ધર્મ પ્રચારકો ! હાય રે હાય ! ! શ્રી રાજજીનો હુકમ - આદેશના સ્વરૂપયુક્ત શ્રી શ્યામાજીનો અંગ-ભંગ કરવો અને પોતાના જ સિદ્ધાંત વિરુદ્ધ સમાજદ્રોહી બનીને ધામમાં

મુખ બતાડવાનો દાવો પણ કરવો ? વાહ રે વાહ ! ! ''હમ તુમ એક વતન કે'' છે, એટલા માટે સવિનય હાથ જોડું છું કે પોતાની આત્માના ઉદ્ધાર માટે શ્રી લાલદાસ કૃત વીતક સાહેબના અષ્ટપ્રહરના મંગલાચરણની ચોપાઈ નં. ૧૯ ને સારી રીતે નિહાળીને જુઓ જરા ! કેમ કે આપ લોકો વાણી-વીતકને માનવા અને સદ્‌ગુરુ તથા મહામતિને જાણવાવાળા કહેવડાવો તો છો, પરંતુ કોના આધાર પર માનો તથા જાણો છો, એ પણ વિચારણીય છે ન ? અતઃ

**૬) બસરી મલકી ઔર હકી, એ હુકમ તીન સૂરત ।**
**તિન દઈ હૈયાતી દુની કો, કરી સૈયન વાસ્તે સરત ।।**

બસરી - મહંમદ સાહેબ, મલકી - શ્રી દેવચંદ્રજી તથા હકી - શ્રી મેહરાજ ઠાકુર (મહામતિ શ્રી પ્રાણનાથજી), એ ત્રણેય પરબ્રહ્મ શ્રી રાજજીના આદેશના સ્વરૂપ છે. એ સ્વરૂપોએ સંસારના લોકોને અખંડ મુક્તિ પ્રદાન કરી. એમાંથી હુકમના સ્વરૂપે બ્રહ્મત્માઓના સંસારમાં પ્રગટ થવાની ભવિષ્યવાણી કરી હતી.

અતઃ વર્તમાન અગ્રગણ્ય તારતમ જ્ઞાનના નિજાનંદી - પ્રણામી ધર્મ પ્રચારકો ! હું એટલા માટે આપ લોકોને સચેત કરી રહ્યો છું કે કઈ આપ લોકો જે થાળીમાં ખાઈ રહ્યા છે, તેમાં જ છેદન (ઉપકારનો બદલો અપકારથી) તો કરી રહ્યા નથી ને ? વર્તમાન સમાજના કર્ણધાર વિશિષ્ટ ધુરંધર બ્રહ્મજ્ઞાનજ્ઞ - તારતમ જ્ઞાનજ્ઞ મારા આત્મીય દોસ્તો ! હું તો આપ લોકોના ચલન વ્યવહાર, ધર્મ પ્રચાર-પ્રસારને જોઈ-સાંભળીને ચક્કરમાં પડેલો છું. યસર્થ આપ જેવાઓની સમક્ષ પ્રશ્ન કરી રહ્યો છું. હું પોતાની ધૃષ્ટતા (ઉદ્ધતાઈ) ના માટે ક્ષમા પ્રાર્થી છું. કિંતુ હે ધુરંધર અથવા વિશિષ્ટ વિદ્વાનો ! હું શ્રી મારફત સાગર પ્ર. ૧૩ ની ચો. ૧૨ થી ડરું છું, જ્યાં કહ્યું છે કે **''તો કહ્યા જલના યાકો હોએ''** પરબ્રહ્મ સંબંધી બ્રહ્મત્માઓનો દાવો લેવાવાળા એ બધા જીવોને તેમનો દાવો લેવા માત્રથી અથવા આ જઘન્ય અપરાધના કારણે નરકની અગ્નિમાં બળવું પડશે, તો સિદ્ધાંતદ્રોહી, શ્રી રાજજી-દ્રોહીઓની કેવી ગતિ થશે ?

પુનઃ શ્રી બડા કયામતનામા ગ્રંથના પ્ર. ૮ ની ચો. ૪૦ ને જોઈને આપ પ્રચારકોના પ્રતિ દયા-ભાવ પણ ઉત્પન્ન થાય છે, જ્યાં કહ્યું છે કે -

**જો સકે ના સાંચ કર, સો જલે દોજખ માહેં કાફર ।**
**ભિસ્ત દોજખી દૂરથેં દેખેં, ત્યોં ત્યોં જલેં આપ વિસેખેં ।।**

જે લોકો અંતિમ સમયમાં અવતરિત પરમાત્મા સ્વરૂપ શ્રી પ્રાણનાથજીના સિદ્ધાંતને માનતા નથી, તે નાસ્તિક સિદ્ધાંતદ્રોહી લોકો નરકની આગમાં બળે છે. મુક્તિસ્થળોમાં રહેવાવાળી મુક્તાત્માઓના સુખોને દૂરથી જોઈને તે સિદ્ધાંતદ્રોહી અને અધિકાધિકરૂપથી નરકાગ્નિમાં સંતપ્ત (તપ્ત-દુઃખી પીડિત) થતાં રહે છે.

અતઃ મને દુઃખ થઈ રહ્યું છે કેમ કે જીવનભરના શુભાશુભ કર્મનું ફળ, તો ધર્મ સિદ્ધાંત આપવાવાળા સ્વરૂપના હાથમાં જ છે ને ! ઉક્ત ચોપાઈના આધાર પર અહીંયા એક જમાત નિજાનંદ સિદ્ધાંત અમે રહ્યા. અંતતઃ અમારામાંથી કોઈ ધામમાં, તો કોઈ નરકમાં હશે, તો ? જ્યારે એક બીજામાં પરસ્પર ચાર આંખ થશે, ત્યારે નરકવાળા કેવા નરકાગ્નિની વધતી ગરમી-તાપ સહન કરી શકશે તથા ધામ (ભિસ્ત) વાળા તેમની ગતિવિધિને જોઈને કેવી રીતે પોતાની જાતને સંભાળી શકશે ?

યસર્થ **''એક મિલાય ખોલ દીજિએ, એ વસ્તુ પાવે તબ''** ના અનુસાર ઉક્ત બધી ચોપાઈઓનું મિલાન કરીને અત્યારે એ જ વખતે સતર્ક થઈ જવામાં જ તમારા બધાનું કલ્યાણ જોઈને જ હું અરજ કરી રહ્યો છું. જુઓ તો પણ મારા માટે નહીં, બલ્કે પોત-પોતાની આત્મા માટે જ જોવાનું કષ્ટ કરો. અત્યારે અહીંયા માત્ર છ પ્રમાણ આપેલાં છે, જરૂર પડવાથી તો અગણિત વધારે કઈઓ પ્રમાણ આપી શકાય છે. કિંતુ આશા કરું છું કે ઉક્ત પ્રમાણ દ્વારા જ પોતાની આત્માનું કલ્યાણ કરવાની તરફ અગ્રેસર થશો તેમજ મારે પુનઃ કષ્ટ ઉઠાવવું પડશે નહિ.

લક્ષ્યબોધ કરાવવાવાળા ઉક્ત આત્મીય જ્ઞાન નિજધામમાં રહેવાવાળા આત્માઓના જીવનમાં અત્યાધિક ઉપયોગી સાબિત થશે. અતઃ ઉક્ત ત્રણેય

સ્વરૂપોની જીવનયાત્રા વિષયનું જ્ઞાન બ્રહ્માત્માઓ માટે જીવન યાપન (પસાર) માં અવર્ણનીય રૂપે ફળદાયક સિદ્ધ થશે, આ વાતમાં કિંચિત માત્ર (જરાય) પણ શંકાની ઉન્માદ (ગુંજાઈશ) નથી કેમ કે એ સ્વરૂપોએ આત્માના તરણ-તારણ માટે સાધકને જે-જે વિષય-વસ્તુઓને હૃદયાંગમ કરવું જરૂરી હોય છે, તેને સમાજની સામે શરીરમાંથી કાળજું કાઢીને મૂકવા બરાબર સમર્પિત કરી દીધું છે. અતઃ ઉક્ત વાતોને હૃદયાંગમ કરી સૃષ્ટિની સર્વાત્માઓ પોતાની આત્માને એકના ત્રણ ગણા બનાવવાની (અનુચિત લાભ ઉઠાવવાની) દોડમાંથી ઉગારી શકે છે અને નિઃશંક બનીને લક્ષ્યમાં પહોંચી શકે છે.

એ ત્રણ મહાનાતિમહાન પુરુષોના વાસ્તવિક લક્ષ્યબોધ જ્ઞાનનું અનુકરણ કરી નિજધામસ્થ તે આત્માઓને, જે સંસાર સાગર (ભવ સાગર) માં ભૂલેલી-ભટકતી, મારી-મારી ફરી રહી છે, અવશ્યમેવ જ પોતાના ધણીના પગલાં પર ડગ ધરીને (કદમો પર કદમ રાખીને) ચાલવાનું પ્રેમમય આહ્વાન પ્રાપ્ત થશે અને 'યથા નામ તથા ગુણઃ' ચરિતાર્થ કરવામાં તે અવશ્યમેવ ફતેહમંદ થઈ શકશે. જેમ કે -

**ચલના હાદી કે પીછલ, રખના કદમ પર કદમ ।**
**આદમી ચલે ન ચાલ રૂહ કી, ઈત દુની માર ન સકે દમ ।।**

-(સિનગાર - પ્ર. ૨૩/ચો. ૬૨).

ઉક્ત સ્વામી શ્રી લાલદાસકૃત વીતક સાહેબને અમારા નિજાનંદી શ્રી કૃષ્ણ પ્રણામી સમાજમાં સ્વયં સાધ્ય સ્વરૂપ અમારા ઈષ્ટ દ્વારા જ કથિત (વર્ણવેલી, કહેલી) રચનાનો દરજ્જો તેમજ મહત્ત્વ પ્રાપ્ત છે. એટલા માટે ઉક્ત વીતક સાહેબના પ્રત્યેક પ્રકરણના અંતમાં મહામતિજીની છાપ જોવામાં આવે છે. અતઃ જે રીતે નિષ્કલંક બુદ્ધાવતાર મહામતિ શ્રી પ્રાણનાથજી દ્વારા પ્રદત્ત શ્રી મુખવાણી - શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ અને સ્વામી શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ તેમના તત્કાલીન સમાજ માટે ન હતી, કેમ કે તે સ્વયં શ્રી મુખવાણીમાં કહે છે, **''ચરને હેં સો તો આએ સહી, પર પિછલે કારન એ બાની કહી''** - (શ્રી પ્રકાશ હિન્દી - પ્ર. ૩૪/ચો. ૨૦), તે રીતે મારા

કાલબૂત (બીબું-પૂતળા ) દ્વારા થઈ રહેલું આ પ્રકાશન કાર્ય મારા સમકાલીન વર્તમાન માત્ર જુબાન ચલાવી રહેવાવાળા સમાજ માટે હરગિજ (કદી પણ-જરા પણ) નથી કેમ કે એ લોકો તો આદુ ખાઈને (સત્તૂ બાંધકર) મારો કેડો (બૂરી રીતે પરેશાન) કરવાનું છોડતાં નથી.

તથાપિ (તો પણ) સમાજ ભલે જૂતા (બૂટ) ની ધાર (નોક) ઉપર મારવાનું (અતિ તુચ્છ સમજવાનું) ન છોડે, મારા કાર્યોમાં બાધક બનવાનું (ટાંગ અડાડવાનું) ધર્મ પાલન કરતાં જ રહે, તો પણ મારા તરફથી તેઓને એ જ આશીર્વાદ છે કે તે મારું કાળજું કોરવાનું (મસળવાનું-હૃદયને ચોટ પહોંચાડવાનું) ક્યારેય ન છોડે, હંમેશાં મસળતાં (કોરતાં) જ રહે કેમ કે સંસાર-સમાજમાં એ જ તો પ્રસિદ્ધરૂપેણ પ્રચલિત છે કે 'પાડાના વાંકે પખાલીને ડામ' ! (ગધા ખેત ખાય, જુલાહા મારા જાય-અપરાધ કોઈ કરે અને દંડ કોઈ બીજાને આપે) !

અન્ત્તોગત્વા (અંતમાં) વર્તમાન સમકાલીન નિજાનંદી -પ્રણામી સમાજ સમક્ષ સવિનય નિવેદન કરું છું કે આપ લોકો મારા પરમાર્થી કાર્યોના વિષયમાં એક બીજાને ભટકાવીને વિમુખ-આપસ્તમાં દ્વેષ કરવાનો (એકકા એક ખાયે જાનેકા) સ્વધર્મ તુરંત પરિત્યાગ કરી દો . છઠ્ઠીના દિવસે ભાગ્ય વિધાતાએ તેમના નસીબમાં મારા કાર્ય-કલાપમાં મદદ પહોંચાડવાનું લખ્યું જ ન હોય, **''સુખ તાલે લિખ્યા નાહીં''** તો તે બિચારા શું કરે ? અપિતુ મારી ધામસ્થ દિલદાર આત્માઓ-સખીઓ તો જરૂર જ એ ગ્રંથોથી લાભ ઉઠાવશે અને એ ગ્રંથોનું જતન-ઈજ્જત કરશે.

આ પ્રકારના મનોવાંછિત અધૂરા-મધુરા ભરોસાની સાથે હું મારી કલમ બંધ કરવા જઈ રહ્યો છું. આશા છે કે એ વાતો પર મારી ધામસ્થ દિલદાર-સજ્જન શ્રધ્ધા સુમન આત્માઓ વિચાર-વિવેક જરૂર કરશે.

સુજ્ઞેષુ કિં બહુના

તારીખ - ૧૭-૧૨-૨૦૧૩

લેખક

**દીનદયાલ.**

# ❖ સ્વલીલા અનુશીલન ❖

ધર્મપ્રેમી ધામસ્થ અદ્વૈત દિલવાળી આત્માઓ ! જાગણીના બ્રહ્માંડનો અત્યાધિક સુહાવનો અવસર આપણને પ્રાપ્ત થયો છે. પુનઃ આ ઉત્તમાતિઉત્તમ સાધનયુક્ત બ્રહ્માંડમાં પ્રાપ્ત માનવજીવનને સાર્થક બનાવવા હેતુ બ્રહ્મજ્ઞાન-તારતમજ્ઞાન ગ્રંથ પણ આપણા હાથમાં જ છે, કિંતુ શ્રીમન્નિજાનંદ સિદ્ધાંત-શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માન્તર્ગત પ્રચારકો દ્વારા વર્તમાન સમાજની આત્માઓનો કલ્યાણ-ઉદ્ધાર ત્યારે થઈ શકશે, જ્યારે તે સ્વયં સિદ્ધાંત પ્રદત્ત મહાપુરુષો - સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી અને મહામતિ શ્રી પ્રાણનાથજીના સૈદ્ધાંતિક ધર્મમાર્ગ પર ચાલે અને સામાજિક આત્માઓને પણ ચલાવે. જેમ કે -

**ચલના હાદી કે પીછલ, રખના કદમ પર કદમ ।**
**આદમી ચલે ન ચાલ રૂહકી, ઈત દુની માર ન સકે દમ ।।**

-(સિનગાર, પ્ર. ૨૩/ચો. ૬૨).

અરે પ્રિય ધામસ્થ આત્માઓ ! હાદી - સદ્‌ગુરુના સિદ્ધાંતને છોડીને મનમાની ચાલવાવાળાઓને કદમ પર કદમ રાખીને ચાલવાવાળા થોડા જ કહેશે. આપ બધા જરા સિદ્ધાંત વિષય જોઈને બ્રહ્માત્માઓની ચાલ ચાલો, ન કે દુનિયાઈ દમ (શ્વાસ) ભરો. હે મારા ધામસ્થ દોસ્તો ! આપ બધાના દિમાગમાં એ વાત યથાતથ્ય કેમ આવતી નથી કે સૂરજ ધૂળ નાંખવાથી છૂપતો (નીચની દૃષ્ટતાથી ભલા ભોળા આદમીઓના ગુણ છૂપતા) નથી. અતઃ સૈદ્ધાંતિક વાત તો સૈદ્ધાંતિક જ છે. તે અવિકલ્પ તેમ જ અકાટ્યરૂપેણ રહેશે. મારા નિજાનંદી ધર્મ પ્રચારક દોસ્તો ! શ્રીમન્નિજાનંદ સિદ્ધાંત કલિયુગી વિ.સં. ૧૬૭૮ માં પ્રકટ થયો છે અને શ્રીમદ્‌ભાગવત ગ્રંથ દ્વાપરયુગની રચના છે. અતઃ વેદોથી લઈને શ્રીમદ્‌ભાગવત સુધીના તમામ ધર્મગ્રંથ સૃષ્ટિ માત્રની માનવાત્માઓની જે કમીને દૂર ન કરી શકે, તે કમીને દૂર કરવા માટે જ શ્રીમન્નિજાનંદ ધર્મ સિદ્ધાંત પ્રકટ થયો છે. આ વિષયમાં શ્રીમન્નિજાનંદ સ્વામી શ્રી દેવચંદ્રજીને તારતમ પ્રદાન કરતાં સમયે સ્વયં શ્રી રાજજીએ શ્યામજીના મંદિરમાં શું કહ્યું હતું ? શું આપ નથી જાણતાં ?

અતઃ આપ લોકો જરા પોતાના ભેદ-રહસ્યનો પતા લગાવી (અંતડિયોને ટટોલી-આંતરડાઓને શોધવા) ધ્યાન દઈને નિમ્ન પ્રામાણિક ચોપાઈ પર વિચાર-વિવેક કરી લ્યો, જે સ્વયં શ્રી રાજજી-તારતમ આપવાવાળા સ્વરૂપે હાદી સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીને કહ્યું હતું. જેમ કે -

**યહ ભાગવત કાગદ તુમ્હારા, એ તુમ્હેં ખુલે કલામ ।**
**ઔર કોઈ ના ખોલ સકે, એ જો ખલક આમ ।।**

- (શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ, પ્ર. ૬/ચો.૩૨).

અર્થ :- આ ભાગવત ગ્રંથ તમારો જ પત્ર છે. એમાં નિહિત (છુપેલાં) બ્રહ્મજ્ઞાનના શબ્દ તેમજ ગૂઢ રહસ્ય તમને જ સ્પષ્ટ થશે. ચૌદ લોકના ભલે બધા જન (વ્યક્તિ-સમાજ) મળે, છતાં પણ એના રહસ્ય તેમજ વાસ્તવિકતાને તે પ્રગટ નહીં કરી શકશે કેમ કે તમારા સિવાય કોઈ અન્ય એને સમજી શકે, ત્યારે તો ખોલીને પ્રગટ કરી શકશે.

એટલા માટે ઉક્ત પ્રામાણિક ચોપાઈના રહસ્યને સમજીને મારા આત્મીય દોસ્તો ! અત્યારે જ આ વિષયમાં સચેત થઈ જાઓ, જેનાથી અંતકાલ ધામ ચાલતાં સમયે છાતી પહોળી કરીને (નિર્ભય થઈને) ચાલવાને બદલે, સિર પકડીને રડવું (બહુ પશ્ચાતાપ કરવો) ન પડે. યસર્થ હું હાથ જોડી આગ્રહ કરું છું કે શીઘ્રાતિશીઘ્ર આત્મઘાતી માર્ગ છોડીને પોતાનો સૈદ્ધાંતિક માર્ગ અપનાવી લ્યો. મારા પ્રિય મિત્રો ! શ્રીમદ્‌ભાગવત ગ્રંથ ''શાસ્ત્ર શ્રવણ શ્રી ભાગવત'' એમ કેમ કહ્યું ? આ વિષયમાં ગહનતાપૂર્વક (ગહેરાઈથી) વિચાર-વિમર્શ કરો. ગહનતાપૂર્વક વિચાર-વિવેક કરવાથી વિવેકશીલ આત્માઓ અવશ્ય સમજી જશે કે એક તો ભાગવતમાં ''અદ્વૈત બ્રહ્મ નામ'' ને અવિકલ્પ રૂપેણ નિશ્ચિત કરી બતાવ્યું છે. જેમ કે -

**અહો ભાગ્યમહો ભાગ્યં નન્દગોપવ્રજૌકસામ્ ।**
**યન્મિત્રં પરમાનન્દં પૂર્ણં બ્રહ્મ સનાતનમ્ ।।**

- (શ્રીમદ્‌ભાગવત, સ્કંધ ૧૦/૧૪-૩૨).

અર્થ :- અહો ! નન્દ આદિ વ્રજવાસી ગોપોના ધન્ય ભાગ્ય છે વાસ્તવમાં તે જ અહોભાગ્યશાળી છે કેમ કે પરમાનંદ સ્વરૂપ સનાતન પરિપૂર્ણ બ્રહ્મ આપ, તેમના પોતાના સગાસંબંધી અને સુહૃદ (શુભચિંતક-મિત્ર) છે.

આ ગ્રંથની બીજી વિશેષતા છે - મિથ્યા સ્વપ્નિક સૃષ્ટિ વિષયમાં દેવર્ષિ શ્રી નારદમુનિ દ્વારા વેદવ્યાસજીને આપેલો ''ચતુઃ શ્લોકી ભાગવત'', જેમાં સ્વપ્નિક બ્રહ્માંડથી જાગૃત બ્રહ્માંડની તરફ તથા નાશવંત બ્રહ્માંડથી અવિનાશી બ્રહ્માંડ બેહદ ભૂમિકાની તરફ ઈશારો કરવામાં આવ્યો છે. અતઃ મહામતિ શ્રી પ્રાણનાથજી આ વિષયને સ્પષ્ટરૂપથી બતાવતાં કહે છે કે હે મુમુક્ષ આત્માઓ !

**અસ્કંધ બીજો મુનિએ કહ્યો, ચત્રસલોકી જાંહે ।**
**બ્રહ્માંડની જિહાં ઉતપન, અરથ જુઓ તાંહે ।।**

-(શ્રી પ્રકાશ ગુજરાતી, પ્ર. ૩૧/ચો. ૬૬).

ત્રીજી વિશેષતા એ છે કે વેદવ્યાસજીને સમજાવતાં નૈષ્ઠિક (નિષ્ઠાવાળું) બ્રહ્મચારી દેવર્ષિ નારદમુનિ કહે છે કે હે વેદવ્યાસજી ! અદ્વૈત બ્રહ્મ શ્રી કૃષ્ણ નામ સિવાયના ધાર્મિક નામધારી થોથા (ઢંગધડા વગરના) જ્ઞાનયુક્ત સાહિત્ય તો, કાગડાના તીર્થરૂપ છે. જેમ કે -

**''તદ્વાયસં તીર્થ મુશન્તિ માનસાઃ**
**ન યત્ર હંસા નિરમન્ત્યુશિક્ક્ષયાઃ ।''**

અતઃ કાગડાના તીર્થરૂપી થોથા જ્ઞાનમાં માનસરોવરરૂપી પચીશ પક્ષમાં વિહાર કરવાવાળી તારતમ જ્ઞાનની સમજ પ્રાપ્ત પરમહંસરૂપી બ્રહ્માત્માઓ ક્યારેય રમણભમણ (વેરણછેરણ) અથવા ક્ષણિક જીવનના અમૂલ્ય સમયને વ્યર્થ (નકામો - ફોગટ) બરબાદ કરશે નહિ. ઉક્ત ત્રિવિધ વિશેષતાઓના કારણે જ **''શાસ્ત્ર શ્રવણા શ્રી ભાગવત, બુદ્ધિ જાગૃત કો જ્ઞાન''** કહ્યું છે. પરંતુ બ્રહ્મનામ માત્રથી આત્મા-જાગ્રત થતી નથી. યસર્થ પોતાની આપવીતી લીલાથી આત્મ-જાગૃત કરવા હેતુ કહે છે કે -

**અબ જાગ દેખો સુખ જાગની, એ સુખ સોહાગિન જોગ ।**
**તીન લીલા ચૌથી ઘરકી, ઈન ચારોં કો યામેં ભોગ ।।**

- (શ્રી કલશ હિન્દી, પ્ર. ૨૩/ચો.૧).

અર્થ:- હે સુંદરસાથજી ! હવે આપ લોકો જાગૃત થઈને આ જાગણીના સુખને જુઓ. આ જાગણીના સુખ સુહાગણો માટે ગ્રહણ કરવા યોગ્ય છે. ત્રણેય લીલાઓ- વ્રજ, રાસ તથા જાગણીના વ્રજ અર્થાત્ નવતનપુરીમાં સદ્‌ગુરુ સ્વરૂપ દ્વારા કરેલી ૩૪ સાલની આડીકા લીલા તેમજ ચોથી પરમધામ પચીશ પક્ષની લીલાને આ જાગણીના બ્રહ્માંડમાં જાણીને-સમજીને અનુભવ કરવી જ આત્મ-જાગૃતિનું સુખ પ્રાપ્ત કરવું છે.

અતઃ હે મારા ધામસ્થ એકાત્મરૂપ દોસ્તો ! ઠંડા દિમાગથી વિચાર-વિવેક કરો. પોતાની અંદરની અક્કલના દુશ્મનપનાને તિલાંજલિ આપીને આપ બધા અક્કલના પૂતળા (બહુ બુદ્ધિમાન પુરુષ) સાબિત થવા કેમ ચાહતા નથી? જરા વિચાર-વિવેકશીલ દૃષ્ટિથી નિહાળીને ધર્મ સિદ્ધાંતની તરફ જુઓ તો ખરા કે મહામતિ સ્વરૂપ બ્રહ્મલીલાના વિષયમાં બ્રહ્માત્માઓને ઈશારાથી શું કહી રહ્યા છે જેમ કે - હે બ્રહ્માત્માઓ !

**વ્રજલીલા અતિ મોટી છે, જો જો નરસૈયાં વચન પ્રમાણ।**
**એ પગલાં સરવે આપણાં, તમે જાણી સકો તે જાણ ।।**

-(શ્રી રાસ ગ્રંથ, પ્ર. ૪ / ચો. ૧૧).

અર્થ :- વ્રજલીલા અમારી લીલા છે, જે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. નરસૈયાંના વચન એના સાક્ષી છે. હે બ્રહ્માત્માઓ ! યદિ આપ જાણવા ચાહતી હોય, તો એ અમારો પોતાનો જ માર્ગ છે. જોઈને સાવધાનીપૂર્વક એને શિરોધાર્ય કરો.

અતઃ એ વાત વિચારણીય છે કે જો ભાગવત ગ્રંથાન્તર્ગત વર્ણિત વ્રજલીલા મનન કરવા યોગ્ય હતી, તો શ્રી મુખવાણીમાં **''વ્રજલીલા અતિ મોટી છે, જો જો શુકજીનાં વચન પ્રમાણ''** એવું કેમ ન કહેવામાં આવ્યું ? એના બદલે **''જો જો**

**નરસૈયાં વચન પ્રમાણ**'' કેમ કહેવામાં આવ્યું ? અહો ! વર્તમાન સમાજના ધુરંધર વિદ્વાનો ! ! શું અત્યારે પણ આપ લોકો પર ભાગવતરૂપી સનક (ધૂન) સવાર (બુદ્ધિ ભ્રષ્ટ) થવામાં કંઈક બાકી બચ્યું છે ? ઠંડા દિમાગથી વિવેચન કરી લ્યો, જેનાથી સમાજ પણ પથભ્રષ્ટ થવાથી બચે અને આપ લોકો માટે પણ અંતકાલમાં અંગ-અંગ મુસ્કુરાતાં (અતિ પ્રસન્ન થઈને) શ્રી રાજજીની આગળ મુખ બતાવવાનો રસ્તો સુરક્ષિત રહે. પુનશ્ચઃ-

**રાસ નરસૈએ રે નવ વરણવ્યો, મારે મન ઉતકંઠા એહ ।**
**ચરણ પસાએ રે વાલા તણે, તમે સાંભલો કહું હું તેહ ।।**

-(શ્રી રાસ ગ્રંથ, પ્ર. ૫/ચો. ૨).

અર્થ :- ભક્ત નરસૈયાંએ રાસલીલાનું વર્ણન ન કર્યું. મારા મનમાં એ ઈચ્છા છે કે હું આપણી તે લીલાનું વર્ણન કરું. સદ્‌ગુરુ ધણીના ચરણોના પ્રતાપથી હું રાસલીલાનું વર્ણન કરું છું. હે બ્રહ્માત્માઓ ! આપ આપણી-પોતાની આપવીતી લીલાને ધ્યાનપૂર્વક સાંભળો કેમ કે અમારી પોતાની રાસલીલા રાજા પરીક્ષિતના શંકાપૂર્ણ પ્રશ્નના કારણે શુકદેવજી દ્વારા વર્ણન ન થઈ શકી. જેમ કે -

ક) **''પ્રશ્ન ચૂક્યો ભયો અજાન, રાસલીલા ના બરનવી પરવાન''**
ખ) **''મૈં જોગી તેં રાજા ભયો, રાસકો સુખ ન જાએ કહ્યો.''**
ગ) **''સો કેહેનેવાલા ઉઠકે ગયા, મૈં અકેલા બૈઠા રહ્યા.''**
ઘ) **'' પર એ કેહેવાએ ધની કે જોશ, સો ઉતર ગયા બચન કે રોસ.''**
ચ) **અબ સુકજીકે કેતી કહું બાન, સાર કાઢને ગ્રહ્યો પુરાન ।**
**સબકો સાર કહ્યો એ જો રાસ, એ જો ઈન્દ્રાવતી મુખ હુઓ પ્રકાશ ।।**

-(શ્રી પ્રકાશ હિન્દી, પ્ર. ૩૩/ ચો. ૧૨,૧૩,૧૮,૨૨,૨૫).

અર્થ :- ક) રાજા પરીક્ષિત ભૂલીને પ્રશ્ન કરી દેવાના કારણે રાસલીલાના આનંદથી વંચિત રહી ગયા. આ પ્રકાર રાસલીલાનું વર્ણન ન થઈ શક્યું. ખ) હવે હું પહેલાંની જેમ યોગીનો યોગી રહી ગયો અને તું પણ માત્ર રાજા જ રહી ગયો. આ પ્રકાર રાસલીલાના સુખાનંદનું વર્ણન ન થઈ શક્યું. ગ) હે રાજન ! મારી

અંતરાત્મામાં વિરાજમાન થઈને કોઈ શક્તિ મારાથી એ વચન કહેવડાવી રહી હતી. હવે તે શક્તિ જતી રહી અને હું અહીંયા એકલો જ બેઠેલો રહી ગયો. ઘ) રાસલીલાનું વર્ણન તો પરબ્રહ્મ પરમાત્માના આવેશથી થઈ રહ્યું હતું. તે આવેશ રાજા પરીક્ષિતના શંકાપૂર્ણ પ્રશ્નના કારણે શુકદેવ મુનિના ક્ષુબ્ધ (ભયભીત-વ્યાકુલ) થઈ જવાથી ઉતરી ગયું. ચ) શુકદેવજીની વાણીની હવે હું કેટલી ચર્ચા કરું ? તેનો સાર કાઢવા માટે જ મેં શ્રીમદ્‌ભાગવતની ચર્ચા કરી છે અને પૂરા ભાગવત ગ્રંથનો સાર આ ''રાસલીલા'' છે, જેનો પ્રકાશ (વિસ્તાર) શ્રી ઈન્દ્રાવતીના મુખથી (શ્રી રાસ ગ્રંથના માધ્યમથી) થયો.

અતઃ વર્તમાન યુગના શ્રી નિજાનંદી - શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ પ્રચારકો ! ઉપરોક્ત ચોપાઈઓના આધાર પર કાલ કવલિત (નિગલવું-ખાધેલું-મૃત્યુને પ્રાપ્ત) થવાથી પહેલાં જ શીઘ્રાતિશીઘ્ર સ્વ આત્મ-જાગૃતિના સાધન પર વિચાર-વિવેક કરી લ્યો. આ રીતે સોચ વિચાર કંઈ પણ ન કરવું (ન આવ દેખના ન તાવ) અને ઔંધી (ઊલ્ટી) ખોપડીના (મૂર્ખ) મનુષ્ય જેવું જીવન વ્યતીત કરવું જાગણીના બ્રહ્માંડનું અહોભાગ્યમય જીવન પ્રાપ્ત બુદ્ધિજીવીઓના લક્ષણ નથી. હે મારા મિત્રગણો ! જે ધામસ્થ આત્માઓ ખેલમાં આવીને ધામ, ધણી અને પોતાની જાતને વિસ્મૃત કરી બેઠી છે, તેમની જાગણી પરમધામના અંકુર હોવાને કારણે તેમની આપવીતી લીલાઓ દ્વારા જ થશે. આપ લોકોની અક્કલ પર પત્થર પડવાના (સારા નરસાનું જ્ઞાન ન હોવાના-મતિ ભ્રષ્ટ યા વિવેકરહિત હોવાના) કારણે જ આપ સ્વધર્મ પ્રચારક-અગ્રગણ્ય હોવા છતાં પણ નિજાનંદી શ્રી કૃષ્ણ પ્રણામી સમાજને બીજાની માયાગુણ ગ્રસ્ત (પીડાયેલાં) જેમ શ્રીમદ્‌ભાગવતમાં વર્ણિત સ્વર્ગના દેવતાઓના ૧) ગુરુ બૃહસ્પતિના પોતાના ભાઈ ઉતથ્યની ગર્ભવતી પત્ની મમતા દ્વારા બળપૂર્વક ગર્ભાધાન કરાવીને ભારદ્વાજ નામક પુત્ર ઉત્પન્ન કરાવવો (૨) ચક્રવર્તી સમ્રાટ રાજા યયાતિના એક હજાર વર્ષ સુધી વિષયોને ભોગવવા-કામાસક્ત રહેવાથી પણ વિષય ભોગોથી અતૃપ્ત રહી જવું, (૩) પુનઃ ચિત્રરથના પુત્ર શશબિંદુને પોતાની દસ હજાર પત્નીઓ દ્વારા પ્રત્યેકથી લાખ-લાખ સંતાન ઉત્પન્ન કરી એક અરબ સંતાનનો વિસ્તાર કરવા જેવી કથાઓના મંડાણમાં જબરજસ્તી ઘસેટી રહ્યા છે. ઉક્ત વિષય લંપટ (વ્યભિચારી-વિષયાસક્ત) દેવગુરુઓ, સમ્રાટોની આપવીતી કહાનીના માધ્યમથી આપ પ્રચારકગણ નિજાનંદી

-શ્રી કૃષ્ણ પ્રણામી સમાજને પરમધામ લઈ જઈ રહ્યા છે યા નરક ધામમાં પહોંચાડી રહ્યા છે ? અરે પ્રચારકો ! ઉક્ત પ્રકારના માયાવી વિષયયુક્ત જ્ઞાન સંભળાવતાં આહ્વાન કરવું કે ''શ્રીમદ્ભાગવત શ્રવણથી જ પરમધામ જઈએ છીએ'', અરે બકવાદીઓ ! ! શું આપ ભાગવત શ્રવણથી જ પરમધામ (અક્ષરાતીત ધામ) ગયા કોઈપણ એક-બે વ્યક્તિઓના નામ ગણાવી શકો છો ? અગર નહિ, તો આ રીતે કહેતાં ગધેડાની જેમ ચિલ્લાવું, કોલાહલ કરવો, એ કેવી વિડંબના છે ?

તમોને પોતાની અક્કલ પર પત્થર પડવાના (પોતાને સારા નરસાનું જ્ઞાન ન હોવાના) કારણે જ આપ થોથા જ્ઞાનના આધાર પર **''શ્રીમદ્ભાગવત શ્રવણથી જ પરમધામ જાય છે''** આ પ્રકારનું આહ્વાન કરતાં ફરી રહ્યા છો. પોતાના સૈદ્ધાંતિક જ્ઞાન વિષય અંતડિયા ટટોલવાની (આંતરડા શોધવા - ભેદ યા રહસ્યનો પતો લગાડવાની) શક્તિ ન પહોંચી શકવાથી બીજાની આપવીતી કહાની લઈને ઉક્ત પ્રકારના આહ્વાન કરતાં ફરવામાં શું આપને જરા જેટલી પણ શરમ ન આવી ? તથાપિ (તો પણ) અંતકાલ સામે આવવાથી સિર ફોડી લોહી વહેવડાવું (ખોપડી રંગાવવી) ન પડે,એવા ધર્મ માર્ગ પર ચાલવા માટે સપ્રેમ આગ્રહ કરું છું.

અરે જાગણીના બ્રહ્માંડની જાગૃત આત્માઓ ! આપ બધા ધર્મ પ્રચારકોના દર્જામાં છે. એટલે પૂછું છું કે શ્રીમન્નિજાનંદ સિદ્ધાંતમાં પ્રણામી ધર્મ સમાજની આત્માઓની જાગણી કઈ લીલાઓના માધ્યમથી કરવાનો આહ્વાન કરવામાં આવ્યો છે ? ઉપરોક્ત ચોપાઈમાં વર્ણિત ચારેય લીલાઓમાંથી વ્રજ અને રાસલીલાના વિષયમાં સ્પષ્ટરૂપથી શું ઈશારો કરવામાં આવ્યો છે ? અતઃ અમારા જાગણી કાર્ય વિષયમાં વસિષ્ઠ (એક પ્રસિદ્ધ મંત્રદૃષ્ટા ઋષિ) સાર અને શ્રીમદ્ભાગવત ગ્રંથ દૃષ્ટાંતરૂપમાં છે, જેમાં વર્ણન કરવામાં આવ્યું છે કે ક્રમશઃ કેવી રીતે ભગવાન શ્રી રામચંદ્રજીને ગુરુ વસિષ્ઠજીએ રામચંદ્રજીની જ પૂર્વ આપવીતી લીલાથી અને ભગવાન વિષ્ણુએ બ્રાહ્મણરૂપ ધારણ કરી ભક્ત મારકંડેય ઋષિને ધોબીનીની રૂપમાં તેમની જ પૂર્વ આપવીતી લીલા શ્રવણ કરાવી જાગૃત કર્યા હતા. ઉપરોક્ત બંને તથ્ય (વાસ્તવિકતા) નિજાનંદી - શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માન્તર્ગત આત્માઓના આત્મ-જાગૃત હેતુ દૃષ્ટાંતરૂપ છે. પ્રામાણિક રૂપમાં સિદ્ધાંત અમારા જાગણી ક્ષેત્રની આત્માઓ છે. અતઃ હે પ્રણામી ધર્મ પ્રચારકો ! હવે વિચાર-વિવેક

કરો કે આપ અમારા સમાજની આત્માઓને કોની લીલા દ્વારા, તે પણ ક્યાંની અને કોના દ્વારા વર્ણિત લીલાઓ દ્વારા જાગૃત કરી રહ્યા છો ? નિજાનંદીય ધર્મ પ્રચાર-પ્રસાર ક્ષેત્રના વિદ્વાન મહાનુભાવો ! ઉક્ત પ્રામાણિક વાતો, વિષય-વસ્તુઓને પોતાની નિજધામસ્થ સખીઓને આપવાના વિષયમાં તો હું તમારા બધાથી સતના વણઝારા (સતના વેપારી) બનવાનો જ આગ્રહ કરી રહ્યો છું. યસર્થ તમે બધા મહામતિજી દ્વારા પ્રદત્ત ચારેય લીલાઓના માધ્યમથી ધર્મ પ્રચાર-પ્રસાર કરતાં, તો પોતાના જ પગ પર કુહાડી મારવા (પોતાના હાથથી પોતાની હાની કરવા) જેવું અસોચ્ય અને હાનિકારક પરિસ્થિતિથી ઉગરી જાત અથવા બચી શકત.

અતઃ હે મારા ધામસ્થ એકદિલી જમાતની પ્રિયાત્માઓ ! **''તીન લીલા ચોથી ઘર કી''** માં વ્રજલીલા જોવા માટે ભક્ત નરસૈયાંનો ગ્રંથ ઢૂંઢવાની જરૂરત તેમજ આવશ્યકતા (મહત્ત્વ) નથી. નરસૈયાંથી પણ ઉત્તમ વ્રજલીલાનું જ્ઞાન શ્રી ઇન્દ્રાવતીના મુખારવિંદથી જ પ્રગટ થયું છે. અતઃ તેને જ હૃદયાંગમ કરવું અપેક્ષિત (જરૂરી) છે. કેમ કે એક તો ભક્ત નરસૈયાં સ્વયં વ્રજલીલામાં શામિલ ન હતા, બીજું નરસૈયાંનું વ્રજલીલા વર્ણન તારતમ વગરનું છે. પુનઃ શ્રી ઈન્દ્રાવતી આત્મા સ્વયં વ્રજલીલામાં શામિલ છે તથા તેમના શ્રી મુખથી વર્ણિત વ્રજલીલા તારતમ દ્વારા વર્ણિત હોવાને લીધે સર્વોપરી ઉત્તમ તેમજ ગ્રાહ્ય (લેવા જેવું) છે. શ્રી ઈન્દ્રાવતી આત્મા દ્વારા વર્ણિત વ્રજલીલા દ્વારા અમે લોકો પોતાની આપવીતી લીલાનો પ્રત્યક્ષ અનુભવ કરી શકીએ છીએ.

હે મારા ધામસ્થ પ્યારે સુંદરસાથજી ! શ્રી ઈન્દ્રાવતી આત્માએ વ્રજલીલાનું વર્ણન તારતમના માધ્યમથી શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ- તારતમ સાગર અન્તર્ગત શ્રી રાસ ગ્રંથના ૧) ''પ્રેમ સેવા વાલે પ્રગટ કિધી'' અને ૨) શ્રી રાસગ્રંથના પ્ર. ૫, ''એણે પગલે આપણ ચાલીએ'' ૩) રાસલીલાના દરમિયાન અંતર્ધાનના સમયમાં સ્વયં વ્રજલીલાનું અનુકરણ કરતાં સમયના વર્ણનવાળા પ્રકરણમાં તથા ૪) શ્રી કલશ ગ્રંથના પ્ર. ૧૯ ગોકુલલીલામાં વ્રજલીલાનું સારી રીતે બોધ કરાવ્યું છે. ઉક્ત ચારેય સ્થાનોના વર્ણન દ્વારા સ્પષ્ટ અનુભવ કરી શકીએ છીએ કે તે લીલાના દરમિયાન અમારા લોકોના કોલ (કહેવું), ફૈલ (ચાલવું) અને હાલ

(લક્ષણ-દશા) કેવા હતા! અમારી ચિત્તવૃત્તિ નિરંતર ક્યાં કેન્દ્રિત હતી, જેના કારણે રાસલીલામાં દોડતાં સમયે આ સંસાર સાગર અમારા માટે ગૌપદવચ્છ પણ નામ માત્ર માટે જ રહ્યો. યસર્થ તમે બધા એ જ કોલ, ફૈલ અને હાલની તરફ ઈશારો કરીને અમને સાવચેત કરતાં કહ્યું છે કે ''એ પગલાં સર્વે આપણા, તમે જાણી સકો તે જાણ'' અને ''એણે પગલે ચાલજો, પગલા એહ પ્રમાણ સુંદરસાથજી.''

પ્યારે ધામસ્થ સુન્દરસાથજી! બીજી શ્રી રાસલીલા શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ - તારતમ સાગરના પ્રથમ ગ્રંથ 'શ્રી રાસ'ના વર્ણન દ્વારા અનુભવ કરી લ્યો. ત્રીજી લીલા શ્રી નવતનપુરીમાં સદ્‌ગુરુ સ્વરૂપ દ્વારા ચોત્રીસ સાલ સુધી કરેલી આડીકા ઈત્યાદિ લીલા છે, જેનો અનુભવ - જાણકારી શ્રી લાલદાસ કૃત વીતક સાહેબ અને શ્રી કુલજમ સ્વરૂપ સાહેબના શ્રી પ્રકાશ ગ્રંથ દ્વારા કરી શકાય છે. પુનઃ ચોથી લીલા ઘર - શ્રી પરમધામની લીલા છે, જેને શ્રી પરમધામ પચીસ પક્ષની ચર્ચની તેમજ ખિલવત, પરિક્રમા, સાગર અને સિનગાર - એ ગ્રંથો દ્વારા સ્વયં જાગૃત થઈને નિજધામસ્થ આત્માઓના દિલ-દિમાગમાં ભરાવી તેમને જાગૃત કરીને જાગણીના બ્રહ્માંડમાં જ એનો ભોગ-અનુભવ કરી શકાય છે. એ જ શ્રીમન્નિજાનંદીય - શ્રી કૃષ્ણ પ્રણામી ધર્મ સિદ્ધાંતમાં પ્રચાર-પ્રસાર દ્વારા આત્મા-જાગૃતિની વાસ્તવિક રીત છે.

ઉપરોક્ત ધર્મ સિદ્ધાંત પ્રદત્ત માર્ગથી સ્વયં વંચિત રહીને સમાજને પણ વંચિત કરાવવું, એ તો સ્વયંને આસમાન પર ખેંચવા જેવી વિડંબના છે. નિજાનંદ સ્વામી શ્રી સદ્‌ગુરુ અને મહામતિ શ્રી પ્રાણનાથજીના ધર્મ સિદ્ધાંતની સમક્ષ એવી પ્રદર્શની કરતાં શું તમને બધાને જરા જેટલી પણ શરમ નથી આવતી?

હે કલિકાલ ગુણગ્રસ્ત ધર્મ પ્રચારકો! હે મારા દોસ્તો!! આપ લોકો અત્યારથી આંખ-કાન ખોલીને ચાલવું અને સામાજિક આત્માઓને પણ ચલાવવું શરૂ કરી દો, નહિ તો પાછળ અવશ્યમેવ જ સિદ્ધાંત પ્રદત્ત ઉભય મહાજનો-શ્રી સદ્‌ગુરુ અને શ્રી મહામતિ સ્વરૂપોના દરબારમાં સાચા સર્વત્ર પૂજનીય હોય છે, જૂઠાનો કોઈ વિશ્વાસ કરતું નથી (સચ્ચાઈની બોલબાલા, જૂઠાનું મુખ કાળું) પ્રત્યક્ષ થશે. એવી વિકટ પરિસ્થિતિની સામે આવવાથી સામાજિક આત્માઓ તેમને કેવી રીતે જોઈ અથવા સહન કરી શકશે?

અતઃ ધર્મપ્રેમી ધામસ્થ સુંદરસાથજી અને ધર્મ પ્રચારક મારા દોસ્તો ! હું તો એક તરફ ધર્મ સિદ્ધાંતને જોઉં છું, તો બીજી તરફ ધર્મ પ્રચારકોને !! પુનઃ સિદ્ધાંત પ્રદત્ત બંનેય **''મહાજનો યેન ગતઃ સ પન્થાઃ''** સદ્‌ગુરુ સ્વરૂપ અને મહામતિ શ્રી પ્રાણનાથજીની આગળ તોબા (હવે હદ થઈ) ખેંચતા એ જ કહું છું કે હે ધણી ! આ કહેવત સાકારરૂપમાં પ્રત્યક્ષ થઈ રહી છે. જેમ કે ''કૂતરા ચોરોથી મળી જાય, ત્યારે પહેરા કોને આપે ?'' (રક્ષક જ્યારે ચોરોથી મળી જાય છે ત્યારે રખેવાળી કોની થાય) અર્થાત્ જ્યારે કુતિયા અને ચોરો મળી ગયા, ત્યારે પહેરો કોને આપવો અર્થાત્ કુતિયા-ધર્મ સિદ્ધાંત રક્ષક ગાદીપતિ છે, ચોર–સ્વગુરુજ્ઞાન દ્રોહી, કુપથગામી, નામધારી વિદ્વાન, ધર્મ સિદ્ધાંત ભક્ષક,સલાહકાર મંત્રી જ ચોર છે. એ રાજા અને મંત્રી મળી ગયા, તો ધર્મ સિદ્ધાંતની રક્ષા કોણ કરે ? નિમ્નોક્ત પ્રકારની બકવાદ કરવાવાળા સલાહકાર, મંત્રીની જુબાન મૂળથી ઉખાડીને તેની જ હથેળી પર રાખવા માટે શ્રીમન્નિજાનંદ ધર્મ સિદ્ધાંત હરગિજ (ક્યારેય) પાછળ હટશે નહિ. એટલા માટે હે ધણી ! આપના ચરણોમાં પ્રાર્થના કરું છું કે એ નામધારી ધર્મ પ્રચારકોને થોડી જેવી સદ્‌બુદ્ધિ પ્રદાન કરવાનું કષ્ટ અવશ્ય કરે, જેનાથી કે સામાજિક આત્માઓનો ઉદ્ધાર-કલ્યાણ થઈ શકે.

---

નોંધ : શ્રીમન્નિજાનંદ સિદ્ધાંતાન્તર્ગત વર્તમાન ત્રણેય પુરી ધામ તેમજ દ્વાદશ પરમહંસ પીઠો (મઠો) સહિત પંદર ગાદીપતિ મહારાજ પોત-પોતાના ક્ષેત્રમાં ધર્મ સૈદ્ધાંતિક જ્ઞાનના પ્રચાર-પ્રસાર દ્વારા જાગણી અભિયાનનો વિસ્તાર કરી રહ્યા છે. ઉક્ત ગાદીપતિઓનું મુખ્યતઃ કર્તવ્ય છે કે તે સ્વધર્મ સિદ્ધાંતના રક્ષક બનતાં સિદ્ધાંત ભક્ષકોને પણ ધર્મ સિદ્ધાંતના પ્રતિ શ્રદ્ધા-વિશ્વાસ અપાવે અને સ્વ-ઈષ્ટના પ્રતિ પ્રેમ ઉત્પન્ન કરાવે.

પરંતુ પોત-પોતાના સ્થાનથી ભવિષ્ય માટે નીકળેલાં-નીકળતાં સૈદ્ધાંતિક જ્ઞાનની તાલીમથી સંપન્ન નામધારી વિદ્વાન પ્રચારક જ સૈદ્ધાંતિક ''પ્રાણનાથ સાહિત્ય'' ધર્મના ઉપાસ્ય (ઉપાસના કરવા લાયક) ગ્રંથ શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ-

શ્રી તારતમ સાગર અને શ્રી વીતક સાહેબ, પુનઃ શ્રીમન્નિજાનંદ સ્વામી સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી અને મહામતિ શ્રી પ્રાણનાથજી - એ બંને સ્વરૂપોના પ્રતિ ચર્મચક્ષુ -સૂવર (સૂકર) દૃષ્ટિ લઈને બેઠાં છે. અતઃ તે સ્વયં ઉક્ત બ્રહ્મ લીલામય બ્રહ્મજ્ઞાનના પ્રતિ આંગળી ઉઠાવતાં (બદનામ કરવા-અપકીર્તિ ફેલાવવા) ભોળા-ભલાં, સાધારણ ધર્માનુયાયી સમાજને પણ વીતક, વાણી અને ઉભય સ્વરૂપોના પ્રતિ ચર્મચક્ષુ-સૂવર (સૂકર) દૃષ્ટિવાળા જ બનાવી રહ્યા છે. યસર્થ હું આગ્રહ કરું છું કે એવા માત્ર નામધારી વિદ્વાન પ્રચારક ઉત્પન્ન કરવાથી તો ધર્મસ્થાન છોડીને પોતાના પ્રચારકોને સાથે લઈને પોતાના ગામમાં જ ગૌશાળા-ભેંસશાળા ઊભી કરીને ઘાસ કાપતાં જીવન ગુજારા કરવું અત્યુત્તમ છે. કેમ કે-''જઘન્ય ગુણ વૃત્તિસ્થાઃ'' ઉક્ત પ્રકાર કરતાં, તો સ્વયં પણ બચત અને ધર્મ સમાજ પણ બચી શકતો !!

સુજ્ઞેષુ કિં બહુના-

-લેખક

દીનદયાલ.

---

**સૂચના :** તારીખ ૨૪ જૂન ૨૦૧૧ના દિવસે સાંજે ૭.૩૦ વાગે પોતાના આત્મીય સુંદરસાથની સાથે મોબાઈલ ફોનમાં થયેલાં વાર્તાલાપના દરમિયાન શ્રી પ્રાણનાથ સ્વરૂપ અને તારતમ સાગર શ્રી કુલજમ સ્વરૂપ સાહેબ અંતર્ગત વાણી-જ્ઞાન વિષય પ્રયુક્ત (ઉપયોગ) કરેલાં આક્ષેપ આરોપયુક્ત બિભર્ત્સનાપૂર્ણ શબ્દો સહિત કહેલાં ૧૦ પ્રશ્નોના રેકોર્ડિંગ સહિત સપ્રમાણ જવાબ સમયના માટે સુરક્ષિત છે. જરૂર પડતાં જ (પડશે તો) નામ સ્થાનની સાથે સ્પષ્ટ કરવામાં આવશે. જ્યાં સુધી મારે આગળ વધવું ન પડે, દયા કરજો ! સાવધાન !!!

# ❖ સ્વામી શ્રી લાલદાસ કૃત વીતકના પ્રશ્ન ❖

## ❖ એક ધર્મનું સૂત્રપાત ❖

**પ્ર. ૧- હજરતેં હજ ઈત કરી, લેનેં કો મક્કા ।**
**ફતે કરી દજ્જાલ કી, કૂચ કરે દારૂલ બકા ।।**

આ ચોપાઈનો શું અર્થ છે ? આ ચોપાઈના તાત્પર્ય સહિત વાસ્તવિકતાને પણ સ્પષ્ટ કરો.

ઉ. ૧- **હજરતેં હજ ઈત કરી, લેનેં કો મક્કા ।**
**ફતે કરી દજ્જાલ કી, કૂચ કરે દારૂલ બકા ।।**

હજરતેં અર્થાત્ સ્વામી શ્રી પ્રાણનાથજી સૂરત-મદીના શહેરને તીર્થસ્થાન બનાવીને ત્યાંથી ધર્મની પૂર્ણ સત્તા પોતાના સિર પર લઈને દિલ્લી તરફ દિલ્લીની અત્યાચારી સત્તાને નિસ્તેજ (ખતમ) કરવાનો ધ્યેય (લક્ષ) લઈને આગળ વધ્યા. હજરત મહંમદ સાહેબની મદીના યાત્રાનો પ્રસંગ મહામતિ શ્રી પ્રાણનાથજીની સૂરત (મજલ) માં પ્રતિષ્ઠા (પર પૂરો ઉતરે છે) ની સાથે મળે છે. એટલા માટે ''હજરતેં હજ ઈત કરી'' શબ્દોનો પ્રયોગ કરવામાં →

**પ્ર. ૨- સૂરતને મદીના શહેર કહેવાનો વાસ્તવિક અર્થ શું છે ?**

ઉ. ૨- મુસ્લિમ બાદશાહોના (ઔરંગઝેબ) ના શાસનકાળમાં ભારતમાં હિંદુ ધર્મ પાલન કરવાવાળા જેટલાં પણ હિંદુઓને જબરદસ્તી મુસ્લિમ-ઇસ્લામ →

**પ્ર. ૩- સૂરતથી સ્વામી શ્રી પ્રાણનાથજી ક્યાંનું લક્ષ્ય રાખીને આગળ ચાલ્યા ?**

**પ્ર. ૪- સૂરતથી સ્વામીજીની સાથે કેવા-કેવા લોકો અને શેના માટે ચાલ્યા ?**

# ❖ સ્વામી શ્રી લાલદાસ કૃત વીતકના ઉત્તર ❖

## ❖ એક ધર્મનું સૂત્રપાત ❖

→ આવ્યો છે. દિલ્લીની સત્તાને પરાસ્ત કરવું જ મક્કા પર હક (કબજો) જમાવવો છે. ફતેહ કરવું અર્થાત્ પરાસ્ત કરવું. હજરત સ્વરૂપ શ્રી પ્રાણનાથજીએ દજ્જાલરૂપી કળિયુગ સ્વરૂપ ઔરંગઝેબના અભિમાનને પરાસ્ત ક્યો, જેનું કારણ હતું કે તે ઇમામને જાહેર થવા અને ઈસાની પાતશાહી જેવી વાસ્તવિકતાઓને કબૂલ કરવા ચાહતા ન હતા. તખતને ઊલટાવી દેવું જ ઈસા-રૂહઅલ્લાહની પાતસાહી શરૂ થવી છે. દૈવિક સોટા (ધક્કા) દ્વારા તખતને છોડાવવાનું જ ઔરંગઝેબને પરાસ્ત કરવું છે. તત્પશ્ચાત બ્રહ્માત્માઓને જાગૃત કરતાં-કરતાં હજરત સ્વરૂપ શ્રીજી સાહેબજીએ દારૂલ બકા અર્થાત્ પન્નાની તરફ પ્રસ્થાન કરી અંતમાં ત્યાં જ વિશ્રામ ક્યો. પન્નાને દારૂલ બકા (અખંડ મુક્તિસ્થાન) કહેવામાં આવે છે કેમ કે અખંડ અક્ષરાતીતના દારૂરૂપી તારતમ જ્ઞાનના મુખ્યાતિમુખ્ય અંશ મારફતી જ્ઞાન જેમ કે-ખિલવત, પરિક્રમા, સાગર અને સિનગાર જેવા ગ્રંથ એ જ પન્નામાં અવતરિત થયા. આ સ્થાન નારાયણી સૃષ્ટિમાં જાગણીરાસનું કેન્દ્રરૂપ છે.

→ ધર્મમાં પરિવર્તિત કરવામાં આવ્યા હતા. ઇસ્લામ ધર્મ ધારણ કરવાવાળા તે ગરીબ હિંદુઓને આરબના મક્કા-મદીનાના સેજદાનો પુણ્યાર્થ આ જ સૂરતથી પ્રાપ્ત કરી શકાતું હતું. એ જ કારણથી સૂરત શહેરને મદીના શહેરના નામથી પણ જાણી શકાય છે.

ઉ. ૩- સૂરત-મદીના શહેરથી દિલ્લીના તખત પર બેઠેલાં સુલતાન ઔરંગઝેબને પરાસ્ત કરવાનું લક્ષ્ય રાખીને સ્વામી શ્રી પ્રાણનાથજી બની અસરાઈલ સ્વરૂપ થઈને આગળ વધ્યા.

ઉ. ૪- મદીના શહેર સૂરતથી કુરાન-હદીસોમાં ભવિષ્યવાણીના રૂપમાં કહ્યા પ્રમાણે બની અસરાઈલના સહાયકના રૂપમાં મર્દ જમાત અર્થાત્ ખાસલખાસ - મોમિન બ્રહ્માત્માઓ પોતાના તન, મન, ધન સોંપીને ચાલી.

**પ્ર. ૫- કઈ અથવા કેવી બ્રહ્માત્માઓના મહિમાની વાતો ક્યાં પહોંચી ?**

ઉ. ૫- સ્વામી શ્રી પ્રાણનાથજી-બની અસરાઈલના જાગણી અભિયાનનો અંશ બનીને જે જમાત પોતાના ધણીના સેવાર્થ ધણીની સાથે ચાલી, તે →

**પ્ર. ૬- ''એ બ્રહ્માત્માઓની સિફત-મહિમા બધાથી વધીને વધારે પ્રશંસનીય છે''-એવું ક્યાં લખ્યું છે ?**

ઉ. ૬- ''જાગણી ધર્માભિયાનમાં આખું ય જીવન શ્રી પ્રાણનાથજીના ચરણોમાં →

**પ્ર. ૭- ''બ્રહ્માત્માઓની મહિમાની વાતો તેમના નસીબના મુતાવિક (માફક) હશે''-આ વાતની સાક્ષી ક્યાં છે ?**

ઉ. ૭- ''એ મોમિન રૂહો-બ્રહ્માત્માઓના મહિમાની વાતો કાર્યક્ષેત્રમાં તેમના →

**પ્ર. ૮- શ્રી પ્રાણનાથજીએ પોતાની સાથે ચાલવાવાળા મોમિનોને શું તામ (ખોરાક) આપ્યો ?**

ઉ. ૮- શ્રી પ્રાણનાથજીએ પોતાની સાથે ચાલવાવાળા મોમિનો-બ્રહ્માત્માઓને →

**પ્ર. ૯- શ્રી નિજાનંદ સ્વામીએ ક્યાંના-કયા રહસ્યોને ખોલવાની કૂંચી (કૂંજી) અવતરિત કરી ?**

ઉ. ૯- નિજાનંદ સ્વામી શ્રી શ્યામાજી અવતાર શ્રી સદ્‌ગુરુ સ્વરૂપે વેદ, કુરાન →

**પ્ર. ૧૦- સ્વામી શ્રી પ્રાણનાથજીએ તારતમરૂપી કૂંજી (કૂંચી) દ્વારા ક્યાંના સાંકેતિક શબ્દોને જાહેર કર્યા ?**

ઉ. ૧૦- સ્વામી શ્રી પ્રાણનાથજીએ તારતમરૂપી કૂંજી દ્વારા મારફત અને હકીકત →

→ ખાસલખાસ બ્રહ્માત્માઓ-મોમિનોની જમાતની મહિમાને અવર્ણનીય કહ્યું છે. તેમની સિફત-મહિમાની વાતો નૂર પરે નૂરતજલ્લાહ અથવા અક્ષર પરે અક્ષરાતીત ધામમાં પહોંચી.

→ સોંપીને ચાલવાવાળી મોમિન રૂહો-બ્રહ્માત્માઓની સિફત-મહિમા, નામ, યશ, કીર્તિ, આદિ લોક-પરલોકમાં બધાથી વધીને, પ્રશંસનીય, સ્મરણીય અને અવર્ણનીય છે''-એવું કુરાન અને હદીસોમાં લખવામાં આવ્યું છે.

→ લૌહ મહફૂજ અર્થાત્ નસીબમાં લખ્યા પ્રમાણે થશે, જે તેમના નસીબમાં ખેલમાં આવવાથી પહેલાં ધામમાં જ લખવામાં આવી હતી.''-આ વાતની સાક્ષી કુરાન અને પુરાણ બંનેય પક્ષોમાં ભરમાર લખી છે.

→ આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાનરૂપી તામ (ખોરાક) આપ્યો, જેનાથી તે 'હમ જાગેં અપને ધામમેં, હમકો નહીં ફિકર' અર્થાત્ અમે જ્યાં પણ પહોંચીને મરશું, પોતાના ધામ-મૂલમિલાવામાં ઊઠીશું, એવી હિંમત-તાકાત લઈને કમર બાંધીને નિઃશંક થઈને આગળ ચાલ્યા.

→ અને પુરાણો તેમજ હદીસોના ગુહ્યાતિગુહ્ય તેમજ ગોપ્યાતિગોપ્ય જેવા આત્મા-બ્રહ્મ, રૂહઅલ્લાહના વચ્ચેની દૂરીને નિર્મળ કરવા જેવા વિષયોને ખોલી આપવાની નૂરકૂંજી (કૂંચી) અવતરિત કરી અને તે કૂંજી (કૂંચી) દ્વારા બધા સાંકેતિક રહસ્યોને ખોલીને જાહેર કરી દીધા.

→ અથવા જ્ઞાન અને વિજ્ઞાનદર્જાના તે બધા રહસ્યોને ખોલી દીધા, જે સંસારના વિભિન્ન સદ્ધર્મગ્રંથોમાં છુપાયેલાં હતા, જેને આજસુધી કોઈ ખોલીને જાહેર કરી શક્યા ન હતા. ''ખોલવાવાળા સ્વયં આવીને ખોલશે''-એવું કહેતાં બધા જેના ઈંતેજારમાં બેઠાં હતા, હવે કોઈપણ →

→ વિષયની વાતો ગોપ્ય રહી નથી. સાંકેતિક શબ્દોમાં લખેલાં ક્ષર, અક્ષર અને ઉત્તમ પુરુષ તથા અલિફ, લામ અને મીમમાં ગોથાં ખાતાં આત્મ- →

**પ્ર. ૧૧- શ્રી પ્રાણનાથજીએ બ્રહ્માત્માઓને કયા જ્ઞાનનો આહાર આપ્યો ?**

**પ્ર. ૧૨- મોમિન-બ્રહ્મસૃષ્ટિઓને સુન્નત જમાત કેમ અને ક્યાં કહ્યું છે ?**

ઉ. ૧૨- બ્રહ્મધામની બ્રહ્મસંબંધી આત્માઓની જમાત અર્થાત્ મોમિન જમાતને કુરાન અને હદીસોમાં સુન્નત જમાત કહ્યું છે કેમ કે એ આત્માઓ →

**પ્ર. ૧૩- 'એ આત્માઓના પ્રતિ ખુદા-પરમાત્માના દિલમાં બહુ પ્યાર છે'- એ વાત ક્યાં લખી છે ?**

ઉ. ૧૩- એ સુન્નત જમાત, મોમિન રૂહો અથવા બ્રહ્માત્માઓની બરાબર ખુદાના માટે બીજું કોઈ નથી. એ બ્રહ્માત્માઓ-મોમિન રૂહોના પ્રતિ ખુદા- →

**પ્ર. ૧૪- કેવી આત્માઓ શ્રીજી સાહેબજીની તન, મન, ધન તેમજ પ્રેમથી સેવા કરશે ?**

ઉ. ૧૪- બ્રહ્મ અને ઈશ્વરી-એ બંને આત્માઓ તન, મન, ધન અને આત્મીય લગનની સાથે પ્રેમપૂર્વક શ્રીજી સાહેબજીની સેવા કરશે. બ્રહ્માત્માઓ →

**પ્ર. ૧૫- અક્ષરાતીત પૂર્ણબ્રહ્મએ ખેલમાં આવેલી બ્રહ્મ અને ઈશ્વરી આત્માઓને સંસારથી શોધી-શોધીને એકઠી કરવાની જવાબદારી કોને આપી છે ?**

ઉ. ૧૫- અક્ષરાતીત-નૂરતજલ્લાહના બ્રહ્મ-ખુદાએ ખેલમાં બિખરેલી (છૂટી પડેલી) રૂહ-આત્માઓને એકત્રિત કરવાની જવાબદારી મલકી અને →

→ તત્ત્વના બધા ખોજીઓ અને ભવિષ્ય વક્તાઓની ઊલઝનોને શ્રી પ્રાણનાથજીએ તારતમ જ્ઞાનના દ્વારા સુલઝાવી દીધી.

ઉ. ૧૧- શ્રી પ્રાણનાથજીએ બ્રહ્માત્માઓને પોતાની આત્માના સંબંધી પરમાત્માનો જ્ઞાનરૂપી આહાર આપીને પુષ્ટ (સંતુષ્ટ) કર્યા. બ્રહ્માત્માઓનો આત્માનો ખોરાક છે-બ્રહ્મ, બ્રહ્મધામ અને પોતાના પરાત્મ સ્વરૂપનું જ્ઞાન.

→ પોતાની આત્માના સંબંધી પરાત્મા અથવા પરમાત્માના જ્ઞાનને સાંભળતાં જ સમજીને અપનાવવાવાળી અર્થાત્ 'આ મારા માટે જ કહ્યું છે'-એવું સમજીને પોતાના સિર પર લેવાવાળી આત્માઓ છે.

→ પરમાત્માના દિલમાં બહુ પ્યાર છે. જેમ કે-''**ખુદા ઔર બંદે મેં, જરા નહીં તફાવત**'' પુનઃ ''**બ્રહ્મસૃષ્ટિ કહી વેદને, બ્રહ્મ જૈસી તદોગત**''-એ વાતો વેદ, પુરાણ, કુરાન, હદીસા વગેરે સદ્ગ્રંથોમાં ભરમાર લખેલી પડી છે.

→ પોતાના સંબંધની માફક અને ઈશ્વરી આત્માઓ પોતાનું કર્તવ્ય પાલન કરવા માટે પોતાના ધણીની પ્રેમપૂર્વક સેવા કરશે કેમ કે ઈશ્વરી આત્માઓને બ્રહ્માત્માઓની 'રખોપા રૂહ કારણ' અર્થાત્ રક્ષા કરવા માટે મોકલવામાં આવી છે.

→ હકી સ્વરૂપ અર્થાત્ રૂહો-આત્માઓના જમાતની અગ્રગણ્ય સુંદરબાઈ સખી-રૂહઅલ્લાહ અને ઈંદ્રાવતી સખી-ઇમામ મેહદી અથવા મહામતિ સ્વરૂપને આપી છે. અતઃ તે સ્વરૂપ શોધી-શોધીને ભૂલેલી-ભટકેલી આત્માઓને એકત્રિત કરી રહ્યા છે.

**પ્ર. ૧૬- કેવી આત્માઓ વ્રજ અને રાસના બ્રહ્માંડમાં હતી અને કેવી આત્માઓ અહીંયા જાગણીના બ્રહ્માંડમાં આવેલી છે ?**

**પ્ર. ૧૭- કઈ રૂહો-આત્માઓ માટે શ્રી રાજજીને ત્રીજું બ્રહ્માંડ રચવું પડ્યું ?**

**પ્ર. ૧૮- ''કોણ જાણે છે કે અમે સૂઈને બીજા દિવસે ઉઠ્યા છે ?''-એવું કહેવાનું શું તાત્પર્ય છે ?**

ઉ. ૧૮- સૃષ્ટિના લોકો, વિદ્વાન તેમજ ત્રિકાળદર્શી ભવિષ્યવક્તા એ જ કહે છે તેમજ જાણે છે કે વ્રજગોપીઓને વ્રજથી રાસમાં જતાં સમયે કાલમાયાનું જે બ્રહ્માંડ હતું, તે પૂર્વવત્ જ રહ્યું. પરંતુ તે એ નથી જાણતાં કે તે →

**પ્ર. ૧૯- ક્યાં ખેલમાં ઉતરેલી આત્માઓને બ્રહ્મસૃષ્ટિ કહ્યું છે અને ક્યાં ખાસલખાસ ઉમત કહ્યું છે ?**

**પ્ર. ૨૦- 'તે બ્રહ્મત્માઓને કયામતના વખતે સ્વયં ખુદા આવીને દાવત અથવા સદુપદેશ આપીને જાગૃત કરશે'-એવું કોણે કહ્યું છે ?**

ઉ. ૨૦- **'તે બ્રહ્મત્માઓને અથવા ખાસલખાસ જમાતને કયામતના સમયે સ્વયં** →

**પ્ર. ૨૧- સકુમાર અને સાકુંડલ કોણ-કોણ છે ? તેમને જગાડીને લઈ આવવા માટે કોણે અને કોને કહ્યું છે ?**

ઉ. ૨૧- બાદશાહ ઔરંગઝેબની પરાત્માનું નામ સકુમાર સખી છે અને મહારાજા →

**પ્ર. ૨૨- કળિયુગી બુદ્ધિવાળાઓની સાથે લડાઈ કરીને આત્માઓની શારીરિક બુદ્ધિ છોડાવીને તેમને આત્મીય બુદ્ધિ ધારણ કરાવવાની આજ્ઞા કોણે, કોને આપી છે ?**

ઉ. ૧૬- વ્રજ અને રાસ-એ બંને બ્રહ્માંડોમાં અક્ષરાતીત બ્રહ્મ સંબંધી બ્રહ્માત્માઓ હતી અને તે આત્માઓ જ ધામથી બીજીવાર અહીંયા ત્રીજા જાગણીના બ્રહ્માંડમાં પણ આવેલી છે.

ઉ. ૧૭- અક્ષરાતીત ધામથી ખેલમાં આવેલી બ્રહ્માત્માઓમાંથી તામસ ગુણની પ્રધાનતાયુક્ત આત્માઓની અધૂરી ઈચ્છાને પૂરી કરવા માટે જ શ્રી રાજજીને આ ત્રીજા બ્રહ્માંડની રચના કરવી પડી.

→ સમયનું કાલમાયાનું બ્રહ્માંડ માત્ર જ નહિ, બલ્કે, **'ઉપજ્યો ઔર જાને સોઈ બ્રહ્માંડ'** અર્થાત્ બંસી ધ્વનિની સાથ-સાથ આખી સૃષ્ટિ જ અકાલિક (કાળના પહેલાં) મહાપ્રલયને પ્રાપ્ત થઈ ગઈ હતી, એ વાત કોઈને ખબર પડી શકી નહિ. બધા એ જાણતાં હતા કે અમે સૂઈને બીજા દિવસે ઉઠ્યા છે.

ઉ. ૧૯- વેદોમાં બ્રહ્મધામથી ઉતરેલી આત્માઓને બ્રહ્મસૃષ્ટિ કહ્યું છે અને કુરાનમાં તેમને જ ખાસલખાસ જમાત કહ્યું છે.

→ **ખુદા આવીને દાવત અથવા સદુપદેશ આપીને જાગૃત કરશે.'** આવી ભવિષ્યવાણી તૃતીય સ્યામ સ્વરૂપે કરી હતી. પુનઃ એ વાત કુરાન અને હદીસોમાં લખેલી પણ છે.

→ છત્રસાલની પરાત્માનું નામ સાકુંડલ સખી છે. એ બંનેને જાગૃત કરી શ્રી પરમધામ લઈ આવવાની જવાબદારી સદ્‌ગુરુ સ્વરૂપ શ્રી શ્યામાજી અવતારે ઈન્દ્રાવતી સખી અર્થાત્ શ્રી મેહરાજને આપી છે.

ઉ. ૨૨- આ આજ્ઞા સદ્‌ગુરુ સ્વરૂપે શ્રી મેહરાજ-શ્રી ઈન્દ્રાવતી સખીને આપતાં કહ્યું હતું, ''એ બંને સકુમાર અને સાકુંડલ નામક આત્માઓ કળિયુગી બુદ્ધિથી ગ્રસ્ત (વ્યથિત) થઈને પરસ્પર લડી રહી છે. એમની શારીરિક →

→ બુદ્ધિ છોડાવીને એમને આત્મીય બુદ્ધિનો ઉપદેશ આપીને સુબુદ્ધિ ધારણ →

**પ્ર. ૨૩- કોણ-કોણ ધર્મના નામ લઈને ધર્મ સિદ્ધાંતની વિરુદ્ધ ધરતી પર અધર્મ ફેલાવી રહ્યા છે ?**

ઉ. ૨૩- હિંદુ અને ઇસ્લામ-બંને ધર્મના રક્ષક, ધર્મનો વિસ્તાર પ્રચાર-પ્રસાર કરવાના નામથી એકબીજાથી લોહા બાંધીને લડી રહ્યા છે. એક બધાને →

**પ્ર. ૨૪- કાળા કળિયુગી પ્રવૃત્તિવાળાઓને જ્ઞાનરૂપી શસ્ત્રથી મારીને દૂર કરવાની આજ્ઞા કોણે અને કોને આપી છે ?**

ઉ. ૨૪- કુલી કલિંગા-કળિયુગી વૃત્તિઓથી ગ્રસ્ત લોકો દેહબુદ્ધિ રાખવાના કારણે એકબીજાના કાળરૂપ બન્યા છે. વાસ્તવિક તારતમ જ્ઞાનરૂપી શસ્ત્રો →

**પ્ર. ૨૫- જો એ બંને લડાકુ (લડાયક)-સકુમાર અને સાકુંડલ ક્રોધ-ક્રોધ છોડીને સમજશે, તો ધરતીની વચ્ચે શું હશે ?**

ઉ. ૨૫- અગર જો એ બંને લડાકુ (લડાયક)-સકુમાર અને સાકુંડલ આત્મીય →

**પ્ર. ૨૬- ઉક્ત બંને યોદ્ધાઓ-સાકુંડલ અને સકુમારને કોની-કોની સાક્ષી પ્રમાણ આપીને સમજાવવાનું કહ્યું છે ?**

ઉ. ૨૬- ઉક્ત બંને યોદ્ધાઓ-સાકુંડલ અને સકુમારને કુરાન અને પુરાણ, વેદ અને કતેબના જ્ઞાન દ્વારા આ અવિકલ્પરૂપથી દૃઢ કરાવવાનું કહ્યું છે કે →

**પ્ર. ૨૭- બની અસરાઈલ કોણ છે અને તેમની જમાતની અગ્રગણ્ય કોણ છે ?**

ઉ. ૨૭- બની અસરાઈલ રૂહઅલ્લાહ શ્રી સદ્‌ગુરુ સ્વરૂપ છે. તેમની જમાત બાર →

→ કરાવવું. એમનો પરસ્પર ક્રોધ-બ્રોધ મિટાવીને એમને વાસ્તવિકતાનું જ્ઞાન કરાવવું.''

→ ઇસ્લામ ધર્મવાળા બનાવવા ચાહે છે, તો બીજા અસુર જાતિને જ નિર્મૂળ કરી દેવા ચાહે છે. વાસ્તવમાં એક રાખ છે, બીજું ખાક છે. રાખ અને ખાકનો પરિચય કરાવીને આત્મીય જ્ઞાન દ્વારા આત્મા અને રૂહ-બંનેની વાસ્તવિકતા સમજાવીને જાગૃત કરવી છે.

→ દ્વારા તેમના અંદરની જન્મ-જન્માંતરોની જામેલી પાપરૂપી અજ્ઞાનતાને દૂર કરવા અને તેમને આત્મા અથવા રૂહનું જ્ઞાન કરાવવાની આજ્ઞા શ્રીમન્નિજાનંદાચાર્ય સદ્‌ગુરુ સ્વરૂપ શ્રી દેવચંદ્રજીએ શ્રી મેહરાજ ઠાકુરને આપી છે.

→ જ્ઞાન દ્વારા સમજીને પરસ્પર ક્રોધ-બ્રોધ છોડીને એકાત્મ બનશે, તો શ્રીજી સ્વરૂપનું ''**સુખ શીતલ કરું સંસાર**'' આ મહાવાક્ય સાર્થક થઈ જશે. સર્વસ્વ સંસાર સુખમય જીવન વ્યતીત કરવા લાગશે અને આ ધરતી ''**સ્વર્ગદપિ ગરીયસી**'' સિદ્ધ થશે.

→ ખુદા અને બ્રહ્મ માત્ર બે અલગ-અલગ નામ છે. વસ્તુતઃ તત્ત્વ વિશેષ બંને એક જ છે. ખુદા એક છે અને બ્રહ્મ અલગ છે, એવું નથી. આ વાતને ઉભય પક્ષના સદ્‌ધર્મગ્રંથો દ્વારા સાક્ષી-પ્રમાણ આપીને બંને યોદ્ધાઓમાં એકાત્મતા દૃઢ કરાવવાનું કહ્યું છે.

→ હજાર બ્રહ્માત્માઓ અથવા મોમિન છે તથા એ બ્રહ્માત્માઓની જમાતમાં શ્રી ઈન્દ્રાવતીની આત્મા અર્થાત્ શ્રી મહામતિ સ્વરૂપ (રૂહઅલ્લાહના બીજા જામા) અગ્રગણ્ય છે.

**પ્ર. ૨૮- કોણે અને કોની સાથે હજાર મહિના સુધી નિરંતર યુદ્ધ કર્યું ?**

ઉ. ૨૮- રૂહઅલ્લાહ સદ્‌ગુરુ સ્વરૂપે (અસરાઈલે) માયાવી બુદ્ધિ રાખવાવાળા →

**પ્ર. ૨૯- ઉપરોક્ત લડાઈમાં હજાર મહિનાની અવધિ ક્યાંથી ક્યાં સુધીની માનવામાં આવે છે ?**

ઉ. ૨૯- ઉપરોક્ત લડાઈમાં હજાર મહિનાની અવધિ શ્રી સદ્‌ગુરુ સ્વરૂપના જન્મ →

**પ્ર. ૩૦- હજાર મહિનાઓથી પણ લાંબી અને બહેતર લડાઈ કોની અને કોની સાથે થઈ ?**

**પ્ર. ૩૧- 'બહેતર' વિષયને કેટલું સમજવું જોઈએ ? પુનઃ કોની-કોની વચ્ચે અને કેવી લડાઈ થઈ ?**

ઉ. ૩૧- બીજા જામાની ધર્મવિરોધી દજ્જાલોની સાથે કરેલી લડાઈ વિ.સં. ૧૭૫૧ →

**પ્ર. ૩૨- આ બહેતર લડાઈ કમર કસીને કોણે લડી ?**

**પ્ર. ૩૩- આ લડાઈ સંસારમાં બધાથી ઉપર કરી અને બધાથી મોટી કેવી રીતે સાબિત થઈ ?**

ઉ. ૩૩- આ લડાઈ ધર્મક્ષેત્રની લડાઈ છે. સમાજને ધર્મ સિદ્ધાંત આપવાવાળા સુબુદ્ધિયુક્ત જ્ઞાનીજન આજસુધી સદૈવ કુબુદ્ધિગ્રસ્ત લોકોની વિરુદ્ધ લડતાં-લડતાં જ સમાજને ધર્મ સિદ્ધાંત આપતાં આવ્યા છે. કેટલાય →

→ ધર્મવિરોધી દજ્જાલોની સાથે વિ.સં. ૧૬૩૮ લઈને વિ.સં. ૧૭૧૯ સુધી નિરંતર યુદ્ધ કર્યું. વિ.સં. ૧૭૧૨ પછી ઉક્ત સ્વરૂપ બીજા જામામાં થઈને લડતા રહ્યા.

→ અર્થાત્ વિ.સં. ૧૬૩૮થી લઈને વિ. સં. ૧૭૧૯ અર્થાત્ જૂનાગઢના બ્રાહ્મણ હરજી વ્યાસની સાથે થયેલાં ધર્મયુદ્ધ સુધી માનવામાં આવે છે. અહીંયા સુધી કુલ ૮૩ વર્ષ ૪ મહિના થાય છે.

ઉ. ૩૦- ઉક્ત ૮૩ વર્ષ ૪ મહિના સુધી ચાલેલી લાંબી લડાઈથી પણ બહેતર (વધારે) લડાઈ બીજા જામો અર્થાત્ શ્રી પ્રાણનાથજી સ્વરૂપની ધર્મવિરોધી દજ્જાલોથી ચાલી.

→ સુધી ચાલી. 'બહેતર' વિષયને સમજાવવા માટે જ કહ્યું છે કે પહેલાં અને બીજા જામા પછી દજ્જાલોની લડાઈ મહારાજા છત્રસાલથી થઈ. એના ઉપરાંત મહાપ્રલય સુધી પણ શ્રી સદ્‌ગુરુ સ્વરૂપના તારતમ જ્ઞાનના પ્રચાર-પ્રસારના દરમ્યાન એ દજ્જાલ ધર્મના પ્રચારકોની સાથે લડતાં જ રહેશે.

ઉ. ૩૨- ૮૩ વર્ષ ૪ મહિનાથી પણ લાંબી એ બહેતર લડાઈ શ્રી પ્રાણનાથજીએ ધર્મવિરોધી દજ્જાલોથી કમર બાંધીને જામનગરથી લઈને દીવબંદર થતાં પન્ના સુધી લડી.

→ લોકોને સ્વર્ગ, વૈકુંઠ, કૈલાસ, નિરાકાર આદિનું લક્ષ્ય આપ્યું. એ બધાથી ઉપરનો સિદ્ધાંત આપવાવાળા વલ્લભાચાર્યએ લોકોને ગોલોકનું લક્ષ્ય આપ્યું. કિંતુ આ સિદ્ધાંત પરાત્પર અક્ષરાતીત ધામનું ઉત્તમાતિઉત્તમ અને શ્રેષ્ઠાતિશ્રેષ્ઠ સિદ્ધાંત હોવાને કારણે જ આ સિદ્ધાંતની સ્થાપના માટે થયેલી લડાઈ બધી લડાઈઓથી ઉપર અને મોટી સિદ્ધ થઈ.

**પ્ર. ૩૪- ઉક્ત લડાઈમાં અસરાઈલના બનીની સહાયતા કોણે કરી ?**

**પ્ર. ૩૫- બની અસરાઈલની અને તેમના મદદગારોની સિફત અને તેમના દ્વારા કરવામાં આવેલો પરિશ્રમ અવર્ણનીય છે. અતઃ કેવી રીતે, સ્પષ્ટ કરો ?**

ઉ. ૩૫- બની અસરાઈલની અને તેમના મદદગારોની હિંમત, તેમની સમજ, તેમના વિચાર-વિવેક, તેમની સિફત અને તેમના દ્વારા કરેલો પરિશ્રમ →

**પ્ર. ૩૬- તે હિંમતદાર બ્રહ્માત્માઓ કોણ-કોણ છે, જેને ધર્મયુદ્ધમાં જૂજવાનું સામર્થ્ય પોતાના ધણીથી પ્રાપ્ત થયું ?**

ઉ. ૩૬- તે હિંમતદાર બ્રહ્માત્માઓના નામ આગળ આવવાવાળા પ્રકરણમાં →

**પ્ર. ૩૭- તે કઈ-કઈ આત્માઓ છે, જેઓએ બાર હજાર બ્રહ્માત્માઓની જમાતના સિર ઊંચા કરી દીધાં ?**

ઉ. ૩૭- ત્રણ ગુણોમાંથી તામસગુણ પ્રધાન છ હજાર આત્માઓ પર અક્ષરાતીત શ્રી રાજજીની મહેરપૂર્ણ દૃષ્ટિ સર્વપ્રથમ જ પડી હતી, જેઓએ બાર →

**પ્ર. ૩૮- આ અથાહ સંસાર સાગરની વચ્ચે શ્રી પ્રાણનાથજીની સેવાર્થ કોણ સંસાર ઠુકરાવીને ચાલ્યા ?**

ઉ. ૩૮- આ અથાહ અપાર સંસાર સાગરની વચ્ચે પોતાના પરલોકના ધણી શ્રી →

**પ્ર. ૩૯- ખાસલખાસ જમાતના અગ્રગણ્ય હિંમતદારોમાં કોણ-કોણ છે ?**

ઉ. ૩૪- ઉક્ત લડાઈમાં અસરાઈલ અર્થાત્ શ્રી સદ્‌ગુરુ સ્વરૂપની બની અર્થાત્ પુત્ર (લડકા)-નજરી પુત્ર શ્રી પ્રાણનાથજીને મદદ અક્ષરાતીતની મોમિન રૂહો-બ્રહ્માત્માઓએ તન,મન, ધન અને આત્મ-લગનથી કરી.

→ અવર્ણનીય છે કેમ કે તેઓએ સંસારના જન્મ-મરણરૂપી ચક્કરમાં ધોકા-ગોથાં ખાતાં ફરવાવાળાઓને આ ચક્કરથી હંમેશાં માટે છોડાવવાના વિષયમાં સખત મહેનત અને હિંમતની તથા પોતાનું જીવન જ દાન કરી દીધું. અતઃ જેટલી મોટી વાત, તેટલાં જ બહુ વખાણ પણ થાય છે.

→ કહેવાશે. અત્યારે અહીંયા એટલું જાણવું જરૂરી છે કે તે આત્માઓ જીવ, ઈશ્વરી અને બ્રહ્મસૃષ્ટિઓની જમાતમાંથી ઉત્તમ જમાત અર્થાત્ બ્રહ્મસૃષ્ટિ જમાતમાં છે. એ બ્રહ્મસૃષ્ટિઓમાં પણ ત્રિગુણાત્મક ભેદ છે. અતઃ એ ત્રિગુણાત્મક આત્માઓમાંથી પણ તે તામસગુણયુક્ત જમાતમાં છે.

→ હજાર બ્રહ્માત્માઓની મહિમા, ઈજ્જત, નામ અને યશનું નાક રાખી લીધું. એ આત્માઓ ધન્ય-ધન્ય છે, જેઓએ બધાના બદલે ધર્મયુદ્ધમાં જૂજવાનું સામર્થ્ય અને હિંમત ધણીથી પ્રાપ્ત કર્યું તથા ખેલમાં પણ બ્રહ્માત્માઓની જમાતના સિર ઊંચા કર્યા.

→ પ્રાણનાથજીની હર પ્રકારની સેવા કરવાના ધ્યેયથી સંસારના દુસ્તર સંબંધને ઠુકરાવીને ચાલવાવાળી બ્રહ્માત્માઓના નામ આગળ આવવાવાળા પ્રકરણમાં આવશે.

ઉ. ૩૯- આ વખતે સંસારને ઠુકરાવીને શ્રીજી સ્વરૂપની સાથે ચાલવાવાળી જેટલી →

→ પણ બ્રહ્માત્માઓ થઈ, તે બધા ગૃહસ્થાશ્રમમાં પારિવારિક જીવનયાપન કરવાવાળી છે. અતઃ સાચા જ્ઞાનની સંબંધી આત્માઓ સંબંધીનું જ્ઞાન →

**પ્ર. ૪૦- શું તે શૂરવીરોના દિલ-દિમાગમાં ધામ, ધણી અને પોતાના કર્તવ્ય પાલનના સિવાય બીજું પણ કાંઈ હતું ?**

ઉ. ૪૦- બની અસરાઈલની જમાતમાં અસરાઈલના બીજા જામાના સહાયકોમાં અગ્રગણ્ય થઈને વિતરાગીની જગ્યા પર ચાલવાવાળી એ શૂરવીર →

## ❖ તારતમ અને કલમા ❖

**પ્ર. ૧- હવે તે સાથીઓના નામની સાથે તેમનો પરિચય પણ આપો, જો શ્રીજી સાહેબજીના સંગ ધર્મ અભિયાન માટે ચાલ્યા ?**

ઉ. ૧- હવે અહીં મદીના શહેર-સૂરતથી લગભગ પાંચસો સુંદરસાથની જમાતને સાથે લઈને શ્રી પ્રાણનાથજી ધર્મઝંડાની સાથે જયકારો લગાવતાં નીકળ્યા. આ સમય શ્રીજી સાહેબજીના સહાયક બનીને સેવાર્થ તેમની સાથે →

**પ્ર. ૨- સ્વામી શ્રી પ્રાણનાથજીની સાથે સુંદરસાથજીની તન, મન અને ધનથી સેવા કરીને પોતાનું જીવન ધન્ય-ધન્ય બનાવવાના ધ્યેયથી ચાલવાવાળા કોણ હતા ?**

**પ્ર. ૭૧- તત્પશ્ચાત સંન્યાસ મતવાળાઓએ સંન્યાસ માર્ગની માન્યતાઓના વિષયમાં શું કહ્યું અર્થાત્ તેમના માર્ગમાં સંન્યાસ ભેષ ધારણ કરવાનું પ્રયોજન શું છે ?**

→ અર્થ:-હું તે હંસ છું. તે પદ તું છે. તું બ્રહ્મ પદ છે. તું માયારૂપી પદ છે. જીવ તત્પદ છે. તે જ બ્રહ્મ છે. પરમહંસ આ મંત્રનો દેવતા છે તથા 'સોઽહં બ્રહ્મ' આ મંત્ર છે.

ઉ. ૬૬- સાતમી મન્યા જમ્બૂ દ્વીપમાં ભારત વર્ષના અંતર્ગત છે. બ્રહ્માજીના માનસ પુત્ર સનકાદિક આ મન્યાના શિખા અને સૂત્ર છે.

→ અર્થ:-ૐ હીં નીલ હંસ તથા પરમહંસ હું છું. આ મંત્રના દેવતા સચ્ચિદાનંદ છે અને 'સોઽહં બ્રહ્મ' આ મંત્ર છે.

ઉ. ૬૮- અતઃ સંન્યાસ સંપ્રદાયવાળાઓએ સાતેય મન્યાની દીક્ષા મંત્રનું વિધિવત્ વિસ્તૃત વર્ણન કરી સંભળાવ્યું.

ઉ. ૬૯- એ સંન્યાસ મતવાળાઓના અંતર્ગત અન્ય બાર માત્રાઓવાળા ગાયત્રી મંત્ર-જ્ઞાન પણ છે અને તે મંત્ર તેમને પરમ અવસ્થામાં પહોંચાડવાવાળો છે.

ઉ. ૭૦- ઉક્ત પ્રકારની વિસ્તૃત વ્યાખ્યાવાળી માન્યતા સદ્‌ગુરુ શ્રી પ્રાણનાથજીએ ભલીભાંતિ સાંભળી.

ઉ. ૭૧- તત્પશ્ચાત સંન્યાસ મતવાળાઓએ સંન્યાસમાર્ગની માન્યતાઓના વિષયમાં કહ્યું, ''સંન્યાસ મત માતા-પિતા, પિંડ-શરીર અને પ્રાણ તથા પૂર્વ જન્મ સુધીના નિશ્ચિત રૂપથી ઉદ્ધાર કરવાવાળા છે. એ જ →

→ પ્રયોજનવશ ઉક્ત ફળ પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્યથી અમારા માર્ગમાં સંન્યાસ →

**પ્ર. ૭૨- કોના પ્રતાપથી સંન્યાસ મતવાળાઓએ કોના મતનું વર્ણન કર્યું, એવું તેઓએ કહ્યું ?**

**પ્ર. ૭૩- કોના સંપ્રદાયને માનવાથી શું થાય છે અને કોની પ્રાપ્તિ થાય છે ? પુનઃ તે પ્રાપ્ત થવાવાળા કેવા છે ?**

**પ્ર. ૭૪- પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર મન્યાના આચાર્યોના નામ શું છે ?**

**પ્ર. ૭૫- પુનઃ દક્ષિણની મન્યાના કેટલાં આચાર્ય છે અને કોણ-કોણ ?**

**પ્ર. ૭૬- ઉક્ત પ્રકારથી કેટલાં મઠોના કેટલાં આચાર્યોના નામ કહી ગયા ? પુનઃ સંન્યાસ મત તેમજ સંપ્રદાય ક્યારથી ચાલ્યો આવી રહ્યો છે ? ઉક્ત સંન્યાસ મતની માન્યતા કોને સંભળાવવામાં આવી ?**

**પ્ર. ૭૭- સંન્યાસ મત કેવો છે અને કોના દ્વારા પ્રદત્ત જ્ઞાનથી પ્રકાશિત છે ?**

**પ્ર. ૭૮- બધા પ્રકારના વિષયભોગોનો પરિત્યાગ કરીને ભ્રમણ કરવાવાળા સંપ્રદાય કોના છે ?**

**પ્ર. ૭૯- કોણે સંન્યાસ મતના સ્પષ્ટ રૂપમાં પ્રચાર-પ્રસાર કર્યો ?**

→ ભેષ ધારણ કરવામાં આવે છે.''

ઉ. ૭૨- પોતાના સર્વજ્ઞ કુલગુરુના ચરણોના પ્રતાપથી સંન્યાસ મતવાળાઓએ સંન્યાસ મતનું વર્ણન કર્યુ, એવું તેઓએ કહ્યું.

ઉ. ૭૩- સંન્યાસ સંપ્રદાયને માનવાથી કરોડો ઘોર પાપોનો નાશ થાય છે અને નારાયણ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે, જે સમગ્ર સંસારમાં સમાહિત છે.

ઉ. ૭૪- પૂર્વ મન્યાના આચાર્યોના નામ છે-વન અને અરણ્ય, પશ્ચિમ મન્યાના આચાર્યોના નામ છે-તીર્થ અને આશ્રમ. ઉત્તર મન્યાના આચાર્યોના નામ ગિરિ, પર્વત અને સાગર છે, જે બધાને ભવથી પાર ઉતારવાવાળા છે.

ઉ. ૭૫- પુનઃ દક્ષિણનુ મન્યાના ત્રણ આચાર્ય છે જેમકે-પુરી, ભારતી અને સરસ્વતી.

ઉ. ૭૬- ઉક્ત પ્રકારથી ચારેય મઠોના દસ આચાર્યોના નામ કહી ગયા. પુનઃ સંન્યાસ મત તેમજ સંપ્રદાય યુગો-યુગોથી ચાલ્યો આવી રહ્યો છે. ઉક્ત સંન્યાસ મતની માન્યતા શ્રી સદ્‌ગુરૂ સ્વરૂપ પ્રાણનાથજીને સંભળાવવામાં આવી.

ઉ. ૭૭- સંન્યાસ મત વેદ સંમત છે અને દત્તગુરુ દ્વારા પ્રદત્ત જ્ઞાનથી પ્રકાશિત છે.

ઉ. ૭૮- બધા પ્રકારના વિષયભોગોનો પરિત્યાગ કરીને ભ્રમણ કરવાવાળા સંપ્રદાય સંન્યાસીઓનો છે.

ઉ. ૭૯- આદ્ય શંકરાચાર્યજીએ સંન્યાસ મતનો સ્પષ્ટરૂપમાં પ્રચાર-પ્રસાર કર્યો.

પ્ર. ૮૦- સતયુગમાં સંન્યાસ મતના કોણ-કોણ આચાર્ય થયા અને ત્રેતાયુગમાં કોણ-કોણ ?

પ્ર. ૮૧- ઉક્ત બંનેય યુગોના આચાર્યોને શું કરવું જોઈએ ?

પ્ર. ૮૨- પુનઃ દ્વાપરયુગ અને કળિયુગમાં સંન્યાસ મતના કોણ-કોણ આચાર્ય પ્રસિદ્ધ છે ?

પ્ર. ૮૩- શંકરાચાર્યના કેટલાં શિષ્ય થયા તથા કોણ-કોણ ? પુનઃ તેમાંથી વિશિષ્ટ કોણ છે ?

પ્ર. ૮૪- શંકરાચાર્યના ચોથા શિષ્ય કોણ છે ? ઉક્ત ચારેય શિષ્યોના કેટલાં શિષ્ય થયા ?

પ્ર. ૮૫- એ દસ નામ સંન્યાસીઓએ શું કરીને ખ્યાતિ પ્રાપ્ત કરી ?

પ્ર. ૮૬- બ્રહ્માચાર્યના શિષ્ય કોણ થયા અને તેમના કેટલાં તથા કોણ-કોણ શિષ્ય થયા ?

પ્ર. ૮૭- શું સાથે રાખવાનું કારણ એ સંન્યાસીઓનો સંપ્રદાય દંડીવાન સંપ્રદાય બની ગયો ?

પ્ર. ૮૮- પદ્મઆચાર્યના શિષ્ય કોણ થયા ? એમના પુનઃ કોણ-કોણ બે શિષ્ય થયા ?

ઉ. ૮૦- સતયુગમાં સંન્યાસ મતના બ્રહ્મા, વિષ્ણુ અને શિવ-એ ત્રણ આચાર્ય થયા તથા ત્રેતાયુગમાં વસિષ્ઠ, શક્તિ અને પરાશર એ ત્રણ આચાર્ય થયા.

ઉ. ૮૧- ઉક્ત બંનેય યુગોના આચાર્યોને ભલીભાંતિ સમજવા જોઈએ.

ઉ. ૮૨- પુનઃ દ્વાપરયુગમાં સંન્યાસ મતના વ્યાસ અને શુકદેવ-એ બે આચાર્ય થયા તથા કળિયુગમાં ગૌડ, ગોવિંદ અને શંકરાચાર્ય-એ ત્રણ આચાર્ય થયા.

ઉ. ૮૩- શંકરાચાર્યના ચાર શિષ્ય થયા. પહેલાં બ્રહ્માચાર્ય, બીજા પદ્માચાર્ય, ત્રીજા નરાટોટકાચાર્ય તથા ચોથા શ્રૃંગી ઋષિ. પુનઃ એમાંથી ત્રીજા શિષ્ય નરાટોટકાચાર્ય વિશિષ્ટ કહ્યા.

ઉ. ૮૪- શંકરાચાર્યના ચોથા શિષ્ય શ્રૃંગી ઋષિ કહેવાય છે. ઉક્ત ચારેય શિષ્યોના દસ શિષ્ય થયા.

ઉ. ૮૫- એ દસ નામ સંન્યાસીઓએ સંન્યાસ મત સ્થાપિત કરી ખ્યાતિ પ્રાપ્ત કરી.

ઉ. ૮૬- બ્રહ્માચાર્યના શિષ્ય સરૂપાચાર્ય થયા અને તેમના તીરથ અને આશ્રમ-એ બે શિષ્ય થયા.

ઉ. ૮૭- ડંડા-દંડ સાથે રાખવાનું કારણ એ સંન્યાસીઓનો સંપ્રદાય દંડીવાન સંપ્રદાય બની ગયો.

ઉ. ૮૮- પદ્માચાર્યના શિષ્ય બલભદ્ર થયા. એમના પુનઃ વન અને અરણ્ય-એ બે શિષ્ય થયા.

પ્ર. ૮૯- ક્યા આચાર્યના ત્રણ શિષ્ય કલ્યાણ કરવાવાળા થયા ?

પ્ર. ૯૦- ઊર્ધ્વાચાર્ય કોના શિષ્ય થયા ? પુનઃ તેમના દ્વારા કેટલાં અને કોણ-કોણ શિષ્ય થયા ?

પ્ર. ૯૧- વર્તમાન યુગમાં કેટલાં નામવાળા સંન્યાસી પ્રગટ થયેલાં છે ?

## ❖ ષટ્દર્શન ❖

પ્ર. ૧- તત્પશ્ચાત ષટ્દર્શન-છ શાસ્ત્રોના વિદ્વાનોએ પોતાના મતના વિષયમાં શું બતાવ્યું ?

પ્ર. ૨- ષટ્દર્શીઓના અનુસાર ષટ્દર્શનને કેવી રીતે અથવા કયા પ્રકાર, શું કરવાથી, કોની પ્રાપ્તિ થાય છે ?

પ્ર. ૩- ષટ્દર્શી વિદ્વાન કોના ચારેય મુખથી ઉચ્ચારિત કોનું નિત્ય અધ્યયન કરે છે.

પ્ર. ૪- કોના પૂર્વ મુખથી ક્યો વેદ ઉત્પન્ન થયો ?

પ્ર. ૫- બ્રહ્માજીના કયા મુખથી પ્રગટ, કયા વેદનું ષટ્દર્શી મતવાળા પઠન-પાઠન કરે છે ? પુનઃ બ્રહ્માજીના પશ્ચિમના મુખથી કયો વેદ ઉચ્ચારિત થયો ?

ઉ. ૮૯- આચાર્ય નરટોટકાચાર્યના ત્રણ શિષ્ય-ગિરિ, પર્વત અને સાગર કલ્યાણ કરવાવાળા થયા.

ઉ. ૯૦- ઊર્ધ્વાચાર્ય શ્રૃંગી ઋષિના શિષ્ય થયા. પુનઃ તેમના દ્વારા પુરી, ભારતી અને સરસ્વતી-એ ત્રણ શિષ્ય થયા.

ઉ. ૯૧- વર્તમાન યુગમાં ઉક્ત દસ નામવાળા સંન્યાસી પ્રગટ થયેલાં છે અને તેઓએ કલિયુગમાં સંન્યાસ સંપ્રદાય વૃદ્ધિવત્ પ્રગટ કર્યા છે.

**-(પ્રકરણ-૩૬, પ્રશ્ન-ઉત્તર નં.-૯૧, કુલ સં. ૧૫૭૩+૯૧=૧૬૬૪).**

## ❖ ષટ્દર્શન ❖

ઉ. ૧- હરિદ્વાર કુંભના મેળામાં એકત્રિત ષટ્દર્શન-છ શાસ્ત્રોના વિદ્વાનોએ બતાવ્યું કે તેમનો શાસ્ત્રીય મત બહુ જ પ્રાચીન છે.

ઉ. ૨- ષટ્દર્શીઓના અનુસાર ષટ્દર્શનનો વિચાર-વિવેકપૂર્વક ગ્રહણ કરવાથી માનવાત્માઓનો નિશ્ચય જ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

ઉ. ૩- ષટ્દર્શી વિદ્વાન ચતુર્મુખી બ્રહ્માજીના ચારેય મુખથી ઉચ્ચારિત ચારેય વેદોનું નિત્ય અધ્યયન કરે છે.

ઉ. ૪- ચતુર્મુખી બ્રહ્માજીના પૂર્વ મુખથી ચારેય વેદોમાંથી આદ્યવેદ ઋગ્વેદ પ્રગટ થયો.

ઉ. ૫- ચતુરાનન બ્રહ્માજીના ઉત્તર મુખથી પ્રગટ અથર્વવેદના ષટ્દર્શી મતવાળા પઠન-પાઠન અને અધ્યયન કરે છે. પુનઃ બ્રહ્માજીના પશ્ચિમના મુખથી યજુર્વેદ ઉત્પન્ન થયો.

પ્ર. ૬- બ્રહ્માજીના દક્ષિણ મુખથી ઉચ્ચારિત કયા વેદનું એ ષટ્‌દર્શી નિત્ય ઉચ્ચારણ કરે છે ?

પ્ર. ૭- કયા વેદના કેટલાં પ્રમાણિક ભાગ અર્થાત્ અંગ થયા ?

પ્ર. ૮- નૈયાયિક દર્શન (શાસ્ત્ર) બ્રહ્માજીના કઈ દિશાના મુખથી પ્રગટ થયા ?

પ્ર. ૯- તત્પશ્ચાત બ્રહ્માજીના પશ્ચિમ મુખથી કેટલાં શાસ્ત્ર પ્રગટ થયા ?

પ્ર. ૧૦- બ્રહ્માજીના પશ્ચિમ મુખથી પ્રગટ શાસ્ત્રોના નામ શું-શું છે ?

પ્ર. ૧૧- સૃષ્ટિકર્તા બ્રહ્માજીના દક્ષિણ દિશાના મુખથી કયા દર્શન (શાસ્ત્ર) પ્રગટ થયા ?

પ્ર. ૧૨- બ્રહ્માજીના ઉત્તર દિશાના મુખથી કેવો અને કયો શાસ્ત્ર પ્રગટ થયો ?

પ્ર. ૧૩- ઉક્ત પ્રકારથી કેટલાં દર્શનોના કેટલાં મત થયા ? પુનઃ એમને કેવા મત કહે છે ?

પ્ર. ૧૪- ઉક્ત છ શાસ્ત્રોના કેટલાં આચાર્ય છે ?

પ્ર. ૧૫- બ્રહ્માજીના કયા મુખથી ન્યાયશાસ્ત્ર થયો અને એનો પ્રકાશ કોનાથી થયો ?

ઉ. ૬- બ્રહ્માજીના દક્ષિણ મુખથી ઉચ્ચારિત સામવેદનું એ ષટ્‌દર્શી નિત્ય ઉચ્ચારણ કરે છે.

ઉ. ૭- બ્રહ્માજીના દક્ષિણ મુખારવિંદથી પ્રગટ સામવેદના પ્રમાણિકરૂપમાં છ ભાગ અથવા અંગ થયા. બ્રહ્મતત્ત્વ સિદ્ધ કરવા માટે ઉક્ત છ અંગો-પ્રમાણોની આવશ્યકતા હોય છે.

ઉ. ૮- નૈયાયિક દર્શન (શાસ્ત્ર) બ્રહ્માજીના પૂર્વ મુખથી યજુર્વેદ પર આધારિત ત્રણ શાસ્ત્ર પ્રગટ થયા.

ઉ. ૯- તત્પશ્ચાત બ્રહ્માજીના પશ્ચિમ મુખથી યર્જુવેદ પર આધારિત ત્રણ શાસ્ત્ર પ્રગટ થયા.

ઉ. ૧૦- બ્રહ્માજીના પશ્ચિમના શ્રી મુખથી પ્રગટ થયેલાં શાસ્ત્રોમાં પાતાંજલ, સાંખ્ય તેમજ વૈશેષિક - એ ત્રણ શાસ્ત્ર છે.

ઉ. ૧૧- સતલોક સ્થાયી સૃષ્ટિકર્તા બ્રહ્માજીના ચર્તુથ-દક્ષિણ દિશાના મુખથી મીમાંસા દર્શન (શાસ્ત્ર) પ્રગટ થયા.

ઉ. ૧૨- બ્રહ્માજીના ઉત્તર દિશાના મુખારવિંદથી ઉત્તમ પવિત્ર વેદાંત શાસ્ત્ર પ્રગટ થયો.

ઉ. ૧૩- ઉક્ત પ્રકારથી છ દર્શનોના છ મત પ્રગટ થયા. એમને પ્રમાણિક મત કહે છે.

ઉ. ૧૪- ઉક્ત છ શાસ્ત્રોના આચાર્ય પણ છ છે.

ઉ. ૧૫- બ્રહ્માજીના પૂર્વ મુખથી ઋગ્વેદ પર આધારિત નૈયાયિક દર્શન-ન્યાય શાસ્ત્ર ઉત્પન્ન થયો. એનો પ્રકાશ ગૌતમ ઋષિ દ્વારા થયો.

**પ્ર. ૧૬- ઉત્તર મીમાંસા અને પૂર્વ મીમાંસાની રચના કોણે-કોણે મળીને કરી ?**

ઉ. ૧૬- ઉત્તર મીમાંસા અને પૂર્વ મીમાંસાની રચના જૈમિની તેમજ વ્યાસ ઋષિએ મળીને વિધિવત્ કરી. કર્મ પ્રધાન મીમાંસાના વિવેકમય વિવેચન જૈમિની →

**પ્ર. ૧૭- સાંખ્ય નામક દર્શન-શાસ્ત્રની રચના કરવાવાળા આચાર્ય કોણ છે ?**

**પ્ર. ૧૮- પાતાંજલિ, વૈશેષિક અને વેદાંત-એ ત્રણ દર્શનો-શાસ્ત્રોના આચાર્ય કોણ-કોણ છે ?**

**પ્ર. ૧૯- ઉક્ત છ દર્શનોના આચાર્ય કોણ માનવામાં આવ્યા ? કોઈ જ્ઞાનીજન શું જોઈને શું કરે છે ?**

## ❖ ન્યાય દર્શન ❖

**પ્ર. ૨૦- નૈયાયિક દર્શન કોણ ત્રણેયને ભિન્ન તેમજ અનાદિ સ્વીકાર કરે છે ?**

**પ્ર. ૨૧- ન્યાય દર્શન - શાસ્ત્રના મતાનુસાર કોણ-કોણ એકવીસ સીડીઓ છે અને કેવી છે ?**

ઉ. ૨૧- ન્યાય દર્શન-શાસ્ત્રના મતાનુસાર એકવીસ પ્રકારના દુઃખ (જેમ કે- શ્રવણ, ત્વચા, નેત્ર, રસના, નાસિકા અને મન-એ છ ઈન્દ્રિયો, પુનઃ →

**પ્ર. ૨૨- ન્યાય દર્શનવાળા એકવીસ સીડીઓ પાર કરવાથી કઈ વસ્તુની પ્રાપ્તિ માને છે ?**

**પ્ર. ૨૩- ન્યાય દર્શનની માન્યતા સાંભળીને શ્રીજી સાહેબે શું કહ્યું ?**

→ ઋષિએ કર્યો તેમ જ શારીરિક વેદાંત, ઉત્તર મીમાંસાનું વર્ણન વ્યાસમુનિ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રકાર મીમાંસા દર્શનની બે વિધિઓનું સ્પષ્ટતા વર્ણન કરવામાં આવ્યું.

ઉ. ૧૭- સાંખ્ય નામક દર્શન-શાસ્ત્રની રચના કરવાવાળા આચાર્ય કપિલદેવ છે.

ઉ. ૧૮- પાતાંજલિ મતના આચાર્ય શેષ ઋષિ છે. વૈશેષિક દર્શનના આચાર્ય કણાદ છે તેમ જ વેદાંત દર્શનના આચાર્ય શિવજી છે.

ઉ. ૧૯- ઉક્ત છ ઋષિ છ દર્શનોના આચાર્ય માનવામાં આવ્યા. ક્યારેક જ્ઞાનીજન ચતુરાઈથી એ દર્શનોના મતમાં ભિન્નતા જોઈને વાદવિવાદ કરે છે.

## ❖ ન્યાય દર્શન ❖

ઉ. ૨૦- નૈયાયિક દર્શન સ્થૂલ, સૂક્ષ્મ, કારણ (પ્રકૃતિ) અથવા માયા, જીવ, ઈશ્વર-એ ત્રણેયને જ ભિન્ન તેમજ અનાદિ સ્વીકાર કરે છે.

→ એમના વિષય જેમ કે-શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ તથા સંકલ્પ-વિકલ્પ અને ઉક્ત છ ઈન્દ્રિયોના વિષયોનું જ્ઞાન અર્થાત્ ૬ ઈન્દ્રિય + ૬ વિષય + ૬ જ્ઞાન તથા સુખ, દુઃખ તેમ જ શરીર) જ એકવીસ સીડીઓ છે અને એ દુઃખનો અનુભવ કરાવવાવાળી છે.

ઉ. ૨૨- ન્યાય દર્શનવાળા એકવીસ સીડીઓ પાર કરવાથી અથવા ઉક્ત દુઃખોનો નાશ થવાથી સત સુખની પ્રાપ્તિ માને છે.

ઉ. ૨૩- ન્યાય દર્શનની ઉક્ત પ્રકારની માન્યતાઓ સાંભળીને શ્રીજી સાહેબે તેમને પ્રશ્ન કર્યો, ''એ આપની કેવી સમજ છે ? આપના વચનોના અનુસાર ઈશ્વર તેમજ જીવ બંનેય નાશવાન સિદ્ધ છે.''

**પ્ર. ૨૪- ન્યાય દર્શનની માન્યતાનુસાર માયાવી જીવ ક્યાં પડે છે ?**

**પ્ર. ૨૫- પુનઃ શ્રીજી સાહેબજીએ ન્યાય દર્શન મતવાળાઓથી ઉક્ત એકવીસ સીડીઓના વિષયમાં શું પૂછ્યું ?**

ઉ. ૨૫- પુનઃ શ્રીજી સાહેબજીએ ન્યાય દર્શન મતવાળાઓથી ઉક્ત એકવીસ →

**પ્ર. ૨૬- ન્યાય દર્શનવાળાઓએ સૂક્ષ્મ શરીરને શું કહ્યું અને નાશવાન કોને કહ્યું ?**

## ❖ મીમાંસા દર્શન ❖

**પ્ર. ૨૭- તત્પશ્ચાત જૈમિની ઋષિ દ્વારા પ્રદત્ત કોણ દર્શનવાળા પોતાની માન્યતાના વિષયમાં ઊભા થઈને શું બોલ્યા ?**

**પ્ર. ૨૮- ઉક્ત દર્શનના જ્ઞાતાઓના અનુસાર પ્રમાણિકરૂપથી શું-શું કર્મ જ છે ?**

**પ્ર. ૨૯- ઉક્ત આચાર્યોએ કોને-કોને કર્મનું જ રૂપ બતાવ્યું ? કર્મ ક્યારથી છે અને કેવા છે ?**

**પ્ર. ૩૦- મીમાંસા દર્શનના જ્ઞાતાઓને અનુસાર પ્રમાણિકરૂપથી શું-શું કર્મ જ છે ?**

**પ્ર. ૩૧- કર્મનું શું-શું થાય છે ? પુનઃ તેમાં શું થતું નથી ? મનનો વિકાર શું છે ? જીવ શેનાથી પ્રેરિત થઈને કર્મ કરે છે ?**

ઉ. ૨૪- ન્યાય દર્શનની માન્યતાનુસાર દુઃખની એ એકવીસ મહાન સીડીઓમાં જ માયાના બધા જીવ પડે છે.

→ સીડીઓના વિષયમાં પૂછ્યું, ''ઉક્ત એકવીસ દુઃખમય મહાન સીડીઓ પાર કરી લેવાથી જીવને સુખની પ્રાપ્તિ કરાવવાવાળી સીડી કઈ છે ? પુનઃ તેમને ક્યાં-કેવા લોકના સુખની પ્રાપ્તિ થાય છે ?''

ઉ. ૨૬- ન્યાય દર્શનવાળાઓએ સૂક્ષ્મ શરીર-સ્વરૂપને નિત્ય કહ્યું અને સ્થૂલ શરીરને નાશવંત કહ્યું.

## ❖ મીમાંસા દર્શન ❖

ઉ. ૨૭- તત્પશ્ચાત જૈમિની ઋષિ દ્વારા પ્રદત્ત મીમાંસા દર્શનવાળા આચાર્ય પોતાની માન્યતાના વિષયમાં ઊભા થઈને બોલ્યા, ''સંસારમાં કર્મ જ પ્રધાન છે.''

ઉ. ૨૮- મીમાંસા દર્શનના જ્ઞાતાઓના અનુસાર કારણ, કર્તા તેમજ દૃષ્ટિ બધા કર્મ જ છે.

ઉ. ૨૯- ઉક્ત આચાર્યોએ જીવ, ઈશ્વર અને બ્રહ્મ બધાને કર્મનું જ રૂપ કહ્યું. પુનઃ કર્મ અનાદિ અને અનુપમ છે. કર્મ વગર કશું જ નથી.

ઉ. ૩૦- મીમાંસા દર્શનની ઉપરોક્ત પ્રકારની માન્યતા સાંભળીને મહાપ્રભુ શ્રી પ્રાણનાથજીએ કહ્યું, ''કર્મના જ તો અનેક વિધ તેમ જ રૂપ છે. બ્રહ્મ તો અખંડ સ્વરૂપ સદા એકરસ રહે છે.''

ઉ. ૩૧- કર્મની ઉત્પત્તિ અને લય થાય છે. તેમાં સ્થિરતા નથી થતી. મનનો વિકાર અહંકાર છે તેનાથી પ્રેરિત થઈને જીવ કર્મમાં લીન થાય છે.

પ્ર. ૩૨- કેવા મન જીવને શેમાં પ્રેરિત કરે છે ? મન ક્યાં સુધી પહોંચી શકતું નથી, તો શું કેવી રીતે પહોંચી શકે છે ?

પ્ર. ૩૩- બ્રહ્મ શેનાથી રહિત છે ? બ્રહ્મનું રૂપ કેવું છે, એવું વેદ અને શાસ્ત્ર કહે છે ? પુનઃ ઉક્ત આચાર્યોની સમજ-માન્યતામાં શું છે ?

## ❖ સાંખ્ય દર્શન ❖

પ્ર. ૩૪- તત્પશ્ચાત કપિલદેવ દ્વારા પ્રદત્ત સાંખ્ય દર્શનના આચાર્ય શું બોલ્યા ? તેઓએ પોતાની માન્યતાઓમાં કોને બધાના કર્તા અને બધાથી પરે બતાવ્યા ?

પ્ર. ૩૫- કોના-કોના મિલનથી સંસારની ઉત્પત્તિ અને અલગાવથી જગતનો નાશ કહ્યું છે ?

પ્ર. ૩૬- સાંખ્ય દર્શનવાળાઓની ઉક્ત પ્રકારની માન્યતાઓને શ્રવણ કર્યા પછી શ્રીજી સાહેબજીએ શું જવાબ આપ્યો ?

પ્ર. ૩૭- તત્પશ્ચાત શ્રીજી સ્વરૂપે સાંખ્ય દર્શનવાળાઓની આગળ પ્રકૃતિ અને પુરુષનું વર્ણન કરતાં શું કહ્યું ? પુનઃ સૂર્યની દૃષ્ટિમાં કોણ ટકી શકતું નથી ?

પ્ર. ૩૮- મહાપ્રલયમાં ક્યાંથી ક્યાં સુધીનું નાશ થઈ જવાનું આહ્વાન વેદ-શાસ્ત્રોમાં છે ?

ઉ. ૩૨- અહંકારી મન જ જીવને કર્મમાં પ્રેરિત કરે છે. મન જ બ્રહ્મ સુધી પહોંચી શકતું નથી, તો કર્મ કેવી રીતે પહોંચી શકે છે.

ઉ. ૩૩- બ્રહ્મ માયાથી રહિત છે. બ્રહ્મનું રૂપ સમ છે, એવું વેદ અને શાસ્ત્ર કહે છે. પુનઃ ઉક્ત આચાર્યોની સમજ-માન્યતામાં જ ખેંચાતાણી છે.

## ❖ સાંખ્ય દર્શન ❖

ઉ. ૩૪- તત્પશ્ચાત કપિલદેવ દ્વારા પ્રદત્ત સાંખ્ય દર્શનના જ્ઞાતા સોચ-સમજીને બોલ્યા, ''બધાના કર્તા પ્રકૃતિ અને પુરુષ છે, જે બધાથી પરે-પરાત્પર છે.''

ઉ. ૩૫- સાંખ્ય દર્શનવાળા પોતાના જ્ઞાનાધાર કહે છે, ''જ્યારે પ્રકૃતિ અને પુરુષનું મિલન થાય છે, ત્યારે સમસ્ત સંસારની ઉત્પત્તિ થાય છે. પુનઃ જ્યારે તે અલગ થાય છે, ત્યારે જગત લય થઈ જાય છે.''

ઉ. ૩૬- સાંખ્ય દર્શનવાળાઓની ઉક્ત પ્રકારની માન્યાતાઓને શ્રવણ કર્યા પછી મહાપ્રભુ શ્રી પ્રાણનાથજીએ કહ્યું, ''તમારો મત છે પ્રકૃતિ અને પુરુષથી જગતની રચના થઈ ? વાહ !''

ઉ. ૩૭- તત્પશ્ચાત શ્રીજી સ્વરૂપે સાંખ્ય દર્શનવાળાઓની આગળ પ્રકૃતિ અને પુરુષનું વર્ણન કરતાં કહ્યું, ''અરે સાંખ્ય દર્શનના વિદ્વાનો ! પ્રકૃતિ-જડ અંધકાર રૂપ છે અને પુરુષ-ચેતન પ્રકાશ સ્વરૂપ છે. સૂર્યની દૃષ્ટિમાં અંધકાર ટકી શકતું નથી એ મારો સંદેહ છે.''

ઉ. ૩૮- મહાપ્રલયમાં પ્રકૃતિથી લઈને પુરુષ સુધી બધાનો નાશ થઈ જાય છે. એવું વેદ-શાસ્ત્રોમાં આહ્વાન છે.

પ્ર. ૩૯- પ્રલયકાળમાં કોનું કોઈ સ્વરૂપ રહી જતું નથી, તો પુનઃ બંને કેવી રીતે મળશે ?

પ્ર. ૪૦- પુનઃ શ્રીજી સ્વરૂપે સાંખ્ય દર્શનવાળાઓથી કોના રહસ્યને સમજાવીને કહેવાનું કહ્યું ? પુનઃ પ્રલયના સમયે કોને રહેવાના સ્થાનને પણ સ્પષ્ટ કરી આપવાનું કહ્યું ?

પ્ર. ૪૧- એ સાંખ્ય દર્શી પોતાની સમજથી કોણ બંનેને શું કહે છે ? પુનઃ આકાર વગર કોનું મિલન થતું નથી ? કોણ બંનેમાં અંતર નથી રહ્યું ?

## ❖ વૈશેષિક દર્શન ❖

પ્ર. ૪૨- કર્ણદેવ-કણાદ ઋષિ દ્વારા પ્રકટ કયા દર્શનને માનવાવાળાઓએ કયા સિદ્ધાંતને સ્પષ્ટ કર્યા ?

પ્ર. ૪૩- ઉક્ત વૈશેષિક દર્શનવાળાઓએ કોનું મૂલ શું બતાવ્યું ? તેમના મતાનુસાર કોના દ્વારા બધું ય ઉત્પન્ન થાય છે ?

પ્ર. ૪૪- પુનઃ કોણ સંસારના સંપૂર્ણ જીવોને કયા કાર્યમાં પ્રવૃત્ત કરે છે ?

પ્ર. ૪૫- કાલ કયા રૂપમાં બધાને પોતાને શું બનાવીને નષ્ટ કરી નાંખે છે ? કાલ કયા રૂપમાં વર્તમાનમાં અમારી સામે ઉપસ્થિત છે ?

પ્ર. ૪૬- વૈશેષિક દર્શનવાળાઓની ઉક્ત પ્રકારની માન્યતાઓ સાંભળીને શ્રીજી સાહેબજીએ શું કહ્યું ?

ઉ. ૩૯- પ્રલયકાળમાં પ્રકૃતિનું કોઈ સ્વરૂપ રહી જતું નથી, તો પુનઃ બંને કેવી રીતે મળશે ?

ઉ. ૪૦- પુનઃ શ્રીજી સ્વરૂપે સાંખ્ય દર્શનવાળાઓથી પ્રકૃતિ અને પુરુષના રહસ્યને સમજાવીને કહેવાનું કહ્યું, પુનઃ પ્રલયના સમયે એમનું સ્થાન ક્યાં છે અથવા તે ક્યાં રહે છે ? એ પણ સ્પષ્ટ કરી દેવાનું કહ્યું.

ઉ. ૪૧- એ સાંખ્ય દર્શી પોતાની સમજથી પ્રકૃતિ અને પુરુષને નિરાકાર કહે છે. તો પછી આકાર વગરના પ્રકૃતિ અને પુરુષનું મિલન કેવી રીતે થશે ? પુનઃ ત્યારે પ્રકૃતિ અને પુરુષમાં અંતર જ રહેતું નથી.

## ❖ વૈશેષિક દર્શન ❖

ઉ. ૪૨- કર્ણદેવ-કણાદ ઋષિ દ્વારા પ્રકટ વૈશેષિક દર્શનને માનવાવાળાઓએ વૈશેષિક સિદ્ધાંતને સ્પષ્ટ કર્યો.

ઉ. ૪૩- પોતાની માન્યતાઓનું વર્ણન કરતાં વૈશેષિક દર્શનવાળાઓએ સારી (આખીય) સૃષ્ટિનું મૂલ કાલને જ બતાવ્યું. તેમના મતાનુસાર કાલ સમયથી જ સંસારમાં બધુંય ઉત્પન્ન થાય છે.

ઉ. ૪૪- પુનઃ કાલ જ સંસારના સંપૂર્ણ જીવોને સાંસારિક કાર્યોમાં પ્રવૃત્ત કરે છે.

ઉ. ૪૫- કાલ મૃત્યુરૂપમાં બધાને પોતાનો ગ્રાસ (કોળિયો) બનાવીને નષ્ટ કરી નાંખે છે. કાલ જ બ્રહ્મરૂપ છે. કાલ વર્તમાનમાં અમારી સામે બ્રહ્મરૂપમાં ઉપસ્થિત છે.

ઉ. ૪૬- વૈશેષિક દર્શનવાળાઓની ઉક્ત પ્રકારની માન્યતાઓ સાંભળીને શ્રીજી સાહેબજીએ તેમને પૂછ્યું, ''આપ બધાનું મૂલ કાલને જ કેમ બતાવી રહ્યા છો ?''

પ્ર. ૪૭- વેદોના અંતર્ગત કોને નાશવાન કહ્યું છે ? બ્રહ્મ કેવો પ્રકાશપુંજ છે ? કોના-કોનામાં કોની પહોંચ બ્રહ્મની સમીપ નથી, એવું બતાવવામાં આવ્યું છે ?

પ્ર. ૪૮- કોનાથી ઉત્પન્ન હર ચીજનો શું અવશ્ય થાય છે ?

પ્ર. ૪૯- કોનાથી સંસારમાં બધુંય ઉત્પન્ન પણ થાય છે અને નષ્ટ પણ થાય છે ?

પ્ર. ૫૦- કિંતુ શેમાં ઉત્પત્તિ અને વિનાશ નથી ? કોણ બધામાં વ્યાપક હોવા છતાં પણ બધાથી અલગ છે ?

પ્ર. ૫૧- કોણે કહ્યું કે શાસ્ત્રોમાં બ્રહ્મનું ઉક્ત પ્રકારનું સ્વરૂપ જ વર્ણિત છે ?

પ્ર. ૫૨- કોણ લોકો કોનું સ્વરૂપ કાલથી મળેલું બતાવે છે ?

પ્ર. ૫૩- કાલ, આકાર (પિંડ) આદિ બધા કોના રૂપ છે અને કોણ એ બધામાં નથી ?

પ્ર. ૫૪- શેમાં કાલના અંતર્ગત આવવાવાળાને શું નથી કહ્યું ?

પ્ર. ૫૫- વૈશેષિક દર્શનના જ્ઞાતા કાલને શું કહે છે અને તેવું જ તે કોને સમજે છે ?

## ❖ પાતંજલ દર્શન ❖

પ્ર. ૫૬- વૈશેષિક દર્શનના વિદ્વાનાચાર્યના પશ્ચાત કોણ દર્શનવાળા પોતાનો સિદ્ધાંત રાખવા માટે ઉઠયા ?

ઉ. ૪૭- વેદોના અંતર્ગત કાલને નાશવાન કહ્યું છે. બ્રહ્મ કાલરહિત પ્રકાશપુંજ છે. શ્રુતિ અને સ્મૃતિઓમાં કાલની પહોંચ બ્રહ્મની સમીપ નથી, એવું બતાવવામાં આવ્યું છે.

ઉ. ૪૮- કાલથી ઉત્પન્ન હર ચીજનો વિનાશ અવશ્યમેવ થાય છે. એ તો અવિકલ્પ સત્ય વાત છે.

ઉ. ૪૯- કાલથી જ સંસારમાં બધુંય ઉત્પન્ન પણ થાય છે અને નષ્ટ પણ થાય છે.

ઉ. ૫૦- કિંતુ બ્રહ્મમાં તો ઉત્પત્તિ અને વિનાશ નથી. બ્રહ્મ બધામાં વ્યાપક હોવા છતાં પણ બધાથી અલગ છે.

ઉ. ૫૧- શ્રીજી સાહેબે કહ્યું કે શાસ્ત્રોમાં બ્રહ્મનું ઉક્ત પ્રકારનું સ્વરૂપ જ વર્ણિત છે.

ઉ. ૫૨- વૈશેષિક દર્શનના જ્ઞાતા લોકો બ્રહ્મનું સ્વરૂપ કાલથી મળેલું બતાવે છે.

ઉ. ૫૩- કાલ, આકાર (પિંડ) આદિ બધા માયાનું રૂપ છે અને નિર્વિકાર સ્વરૂપ એ બધામાં નથી.

ઉ. ૫૪- વેદોમાં કાલના અંતર્ગત આવવાવાળાને બ્રહ્મ કહ્યું નથી.

ઉ. ૫૫- વૈશેષિક દર્શનના જ્ઞાતા કાલને નિરાકાર કહે છે અને તેવું જ તે નિરાકાર બ્રહ્મને પણ સમજે છે.

## ❖ પાતંજલ દર્શન ❖

ઉ. ૫૬- વૈશેષિક દર્શનના વિદ્વાનાચાર્યના પશ્ચાત પાતંજલ દર્શનના આચાર્ય પોતાની માન્યતા પેશ કરવા માટે ''બ્રહ્મ ચબૂતરા'' પર ઊભા થયા.

પ્ર. ૫૭- પાતંજલ દર્શનના જ્ઞાનીઓના અનુસાર બ્રહ્મ કેવા છે અને બધામાં કેવી રીતે છે ?

પ્ર. ૫૮- બ્રહ્મ પ્રત્યેક મનુષ્યમાં કઈ રીતે વિદ્યમાન છે અને સંસારમાં ક્યાં - કયા પ્રકાર બ્રહ્મરૂપ જોવા જોઈએ ?

પ્ર. ૫૯- પાતંજલ દર્શનવાળાઓએ બ્રહ્મનું નિવાસસ્થાન અથવા ધામ ક્યાં-ક્યાં માન્યા ?

પ્ર. ૬૦- ઉક્ત આચાર્યોએ પંચભૌતિક શરીરમાં ક્યાં-ક્યાં ચિત્ત દઈને બ્રહ્મને ખોજવા (શોધવા) માટે કહ્યું ?

પ્ર. ૬૧- કયા ચક્રની સાધના કરીને, કોને ખોજવાથી, ક્યાં, કોની અનુભૂતિ થાય છે ?

પ્ર. ૬૨- પાતંજલ દર્શનવાળા યોગાભ્યાસના કેટલા અંગોના નામનો ઉલ્લેખ કોના સમર્થન સહિત કરે છે ?

પ્ર. ૬૩- અષ્ટાંગયોગ સાધનાના કેટલા અંગ છે અને કોણ-કોણ ?

પ્ર. ૬૪- જ્યોતિસ્વરૂપ કોને સમજવું જોઈએ અને કોણ સંસારની ઉત્પત્તિનું કારણરૂપ છે ?

પ્ર. ૬૫- સંસાર કોનાથી પેદા થયો ? કોની કિરણોના સમાન સંસાર શેમાં સમાહિત છે ?

પ્ર. ૬૬- ઉક્ત વિદ્વાન કઈ પ્રકાર વિચાર કરીને પાતંજલ દર્શનના શ્રેષ્ઠ સિદ્ધાંતને કેવી રીતે ગ્રહણ કરવાનું કહે છે ?

ઉ. ૫૭- પાતંજલ દર્શનના આચાર્યોના મતાનુસાર બ્રહ્મ વ્યાપક છે અને બધામાં સમાહિત (સમાવેશ) છે.

ઉ. ૫૮- બ્રહ્મ પ્રત્યેક મનુષ્યના શરીરમાં વિદ્યમાન છે અને એ કારણ સંસારમાં જે કંઈ પણ જોવામાં આવે છે, તેને બ્રહ્મરૂપ જોવા જોઈએ.

ઉ. ૫૯- પાતંજલ દર્શનવાળાઓએ આ પિંડ અને બ્રહ્માંડ-બંનેને જ બ્રહ્મનું નિવાસસ્થાન અથવા ધામ માન્યા.

ઉ. ૬૦- ઉક્ત આચાર્યોએ પંચભૌતિક શરીરમાં ત્રણ સ્થાનો-બોત્તેર હજાર નાડીઓ, ષટ્‌ચક્રો અને આઠ અંગોમાં ચિત્ત આપીને (લગાડીને) બ્રહ્મને શોધવા માટે કહ્યું છે.

ઉ. ૬૧- ઉક્ત પ્રકારથી નાડી, ચક્રની સાધના કરીને મનથી ખોજવાથી પોતાની જ અંદર બ્રહ્મની અનુભૂતિ થવા લાગે છે.

ઉ. ૬૨- પાતંજલ દર્શનવાળા યોગાભ્યાસના આઠ અંગોના નામનો ઉલ્લેખ પાતંજલ શાસ્ત્રના સમર્થન સહિત કરે છે.

ઉ. ૬૩- અષ્ટાંગયોગ સાધનાના આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, નિયમ અને જાપ (યમ)-એ આઠ અંગ છે.

ઉ. ૬૪- જ્યોતિસ્વરૂપ બ્રહ્મને સમજવું જોઈએ. તે જ સંસારની ઉત્પત્તિની બીજ અથવા કારણરૂપ છે.

ઉ. ૬૫- બ્રહ્મથી જ સંસાર પેદા થયો છે. બ્રહ્મરૂપી જ્યોતિની કિરણોની સમાન સંસાર બ્રહ્મમાં જ સમાહિત છે.

ઉ. ૬૬- પાતંજલ દર્શનના વિદ્વાન બધાને આહ્‌વાન કરતાં કહી રહ્યા છે કે તે પોતાની બુદ્ધિ દ્વારા વિચાર કરી પાતંજલ દર્શનના શ્રેષ્ઠ સિદ્ધાંતને ચિત્તમાં નિશ્ચિતરૂપથી ગ્રહણ કરો.

પ્ર. ૬૭- પાતંજલ દર્શનના આચાર્યની વાતો સાંભળીને શ્રીજીએ તેમને શું કહ્યું ?

પ્ર. ૬૮- બ્રહ્મનું સ્વરૂપ કયા ગુણથી સંપન્ન છે ? પરંતુ સંસાર કયા ગુણોથી પરિપૂર્ણ છે.

પ્ર. ૬૯- સત્ય વસ્તુથી ઉત્પન્ન વસ્તુઓ કેવી હોય છે ? પુનઃ અસત્યની પેદાઈશ પણ કેવી હોય છે ?

પ્ર. ૭૦- શ્રુતિઓએ બ્રહ્મને કેવા માન્યા છે ? બ્રહ્મમાં શું-શું હોતું નથી ?

પ્ર. ૭૧- ઉત્પત્તિ અને નાશ ક્યાં થાય છે ? વેદ શાસ્ત્રોમાં શું સ્પષ્ટ લખ્યું છે ?

પ્ર. ૭૨- બ્રહ્મનો આભાસ શેમાં થાય છે, એવું વર્ણન વેદોમાં કરવામાં આવ્યું છે ?

પ્ર. ૭૩- માયામાં કઈ શક્તિનું પ્રગટીકરણ તેમજ પ્રકાશ થાય છે, એવું કહેવામાં આવ્યું છે ?

પ્ર. ૭૪- કોના-કોનામાં અંતર હોતું નથી ? પુનઃ શેમાં અંતર હોય છે ?

પ્ર. ૭૫- કોણ-કોણ પરસ્પર એકબીજાના વિરોધી છે ? કોણ-કોણ એક સાથે એક બરતન અથવા એક સ્થાનમાં રહી શકતા નથી ?

પ્ર. ૭૬- કોની-કોની જાતિ અલગ છે ? એ બંનેમાં શું છે ? બધી વાતોનું પ્રમાણ શું હોય છે ? પુનઃ અહીંયા કોણ, કોના પ્રશ્નોનો સપ્રમાણ ઉત્તર આપવાનું કહી રહ્યા છે ?

ઉ. ૬૭- પાતંજલ દર્શનના આચાર્યની માન્યતાઓને સાંભળીને શ્રીજીએ તેમને કહ્યું, ''આપ વિવેકવત્ ધ્યાનપૂર્વક મારી આશંકાઓનું સમાધાન કરો.''

ઉ. ૬૮- બ્રહ્મનું દિવ્યસ્વરૂપ સચ્ચિદાનંદ ગુણ સંપન્ન છે. પરંતુ સંસાર જૂઠ, અજ્ઞાન અને દુ:ખથી પરિપૂર્ણ દુ:ખનું જ રૂપ છે.

ઉ. ૬૯- સત્ય વસ્તુથી ઉત્પન્ન વસ્તુઓ સત્ય જ હોય છે. અસત્યથી પેદા થવાવાળી સામગ્રી નાશવાન જ હોય છે.

ઉ. ૭૦- શ્રુતિઓએ બ્રહ્મને ઈચ્છારહિત માન્યા છે. બ્રહ્મમાં કંઈ પણ ઉત્પન્ન અને નાશ થતું નથી.

ઉ. ૭૧- વેદોના આહ્વાનના અનુસાર ઉત્પત્તિ અને નાશ માયાના અંતર્ગત છે. વેદ-શાસ્ત્રોમાં એવો સ્પષ્ટ ઉલ્લેખ છે.

ઉ. ૭૨- વેદોમાં એવું વર્ણન કરવામાં આવ્યું કે બ્રહ્મનો આભાસ માયાના અંતર્ગત થાય છે.

ઉ. ૭૩- માયામાં ઉક્ત આભાસ શક્તિનું પ્રગટીકરણ (ખુલસ્ત કરી) તેમજ પ્રકાશ થાય છે, એવું કહેવામાં આવ્યું છે.

ઉ. ૭૪- સૂર્ય અને તેની કિરણોમાં અંતર હોતું નથી. પુનઃ માયા અને બ્રહ્મમાં બહુ જ અંતર હોય છે.

ઉ. ૭૫- માયા અને બ્રહ્મ-એ બંને પરસ્પર એકબીજાના વિરોધી છે. માયા અને બ્રહ્મ, પ્રકાશ અને અંધકારની જ જેમ એક સાથે એક બરતનમાં અથવા એક સ્થાનમાં રહી શકતા નથી.

ઉ. ૭૬- સત અને અસતની જાતિ અલગ-અલગ છે. એ બંનેમાં બહુ જ અંતર પણ છે. બધી વાતોનું પ્રમાણ હોય છે. અતઃ અહીં શ્રીજી સ્વરૂપ પાતંજલ મતના આચાર્યોથી પોતાના પ્રશ્નોનો સપ્રમાણ ઉત્તર આપવાનું કહી રહ્યા છે.

## ❖ વેદાંત દર્શન ❖

પ્ર. ૭૭- પાતંજલ દર્શનના આચાર્યોના પછી કોણ દર્શન-શાસ્ત્રવાળા પોતાનો સિદ્ધાંત પેશ કરવા માટે ઉઠયા ?

પ્ર. ૭૮- વેદાંત દર્શનના જ્ઞાતા સંસારમાં કોના સિવાય કશું પણ માનતા નથી ?

પ્ર. ૭૯- ઉક્ત આચાર્ય કોને અનાદિ માને છે ? તે સદૈવ કોના અંતર્ગત રહે છે ?

પ્ર. ૮૦- માયાવી સંસારમાં શું સમાયો છે ? શું સર્વત્ર રહેવાવાળો અને કેવા છે ?

પ્ર. ૮૧- જે આ સંસારમાં બ્રહ્મના અતિરિક્ત બીજાનો અસ્તિત્વ માને છે, તો વેદાંત દર્શનવાળા તેમને શું માને છે ?

પ્ર. ૮૨- કોનાથી લઈને ક્યાં સુધીમાં બ્રહ્મ વિદ્યમાન છે ? બ્રહ્મ કેવા છે અને કેવું અસ્તિત્વ રાખવાવાળા છે ?

પ્ર. ૮૩- બ્રહ્મતત્ત્વ માટે કોનો-કોનો વિકાર નથી ?

પ્ર. ૮૪- વેદાંતીઓની ઉક્ત પ્રકારની માન્યતાઓને સાંભળીને કોણ બોલ્યા ?

પ્ર. ૮૫- વેદાંતી સર્વત્ર કોને વ્યાપક માને છે ? અગર જો એવું હોય, તો શું બિલકુલ ન હોવું જોઈએ ?

પ્ર. ૮૬- વેદાંતીઓના ઉક્ત કથનાનુસાર શ્રીજી સ્વરૂપે તેમને શું કહ્યું ?

## ❖ વેદાંત દર્શન ❖

ઉ. ૭૭- પાતંજલ દર્શનના વિદ્વાનાચાર્યના પશ્ચાત ''બ્રહ્મ ચબૂતરા'' પર વેદાંત દર્શનના આચાર્ય પોતાનો સિદ્ધાંત પેશ કરવા માટે ઊભા થયા.

ઉ. ૭૮- વેદાંત દર્શનના જ્ઞાતા સંસારમાં બ્રહ્મના અતિરિક્ત કંઈ પણ માનતા નથી.

ઉ. ૭૯- ઉક્ત આચાર્ય માયાને અનાદિ માને છે. તે સદૈવ બ્રહ્મના અંતર્ગત રહે છે.

ઉ. ૮૦- માયાવી સંસારમાં બ્રહ્મ સમાયો છે. બ્રહ્મ સર્વત્ર રહેવાવાળો અને બધાને યોગ્ય છે.

ઉ. ૮૧- જે આ સંસારમાં બ્રહ્મના અતિરિક્ત બીજાનો અસ્તિત્વ માને છે, તેમને વેદાંત દર્શનવાળા અજ્ઞાની સમજે-માને છે.

ઉ. ૮૨- અણુ-બધાથી નાના કણથી લઈને હાથી સુધીમાં એક બ્રહ્મ જ વિદ્યમાન છે. બ્રહ્મ ઈચ્છારહિત અને બધાથી અલગ અસ્તિત્વ રાખવાવાળા છે.

ઉ. ૮૩- બ્રહ્મતત્ત્વ માટે તો કર્તા અને કર્મનો વિકાર જ નથી.

ઉ. ૮૪- વેદાંતીઓની ઉક્ત પ્રકારની ધુરંધર અને વિદ્વતાપૂર્ણ માન્યતાઓને સાંભળીને શ્રીજી સાહેબજી બોલ્યા.

ઉ. ૮૫- વેદાંતી સર્વત્ર બ્રહ્મને વ્યાપક માને છે. અગર જો એવું હોય, તો ક્યાંય પર બિલકુલ અજ્ઞાન ન હોવું જોઈએ.

ઉ. ૮૬- વેદાંતીઓના ઉક્ત કથનાનુસાર શ્રીજી સ્વરૂપે તેમને કહ્યું, ''અમારા મનમાં એ શંકા ઉત્પન્ન થઈ રહી છે કે ફરી છ શાસ્ત્રોની રચના કોના માટે થઈ છે ?''

**પ્ર. ૮૭- બ્રહ્મ કેવા હોવા છતાં પણ બધામાં વિદ્યમાન છે ? પુનઃ બ્રહ્મ ઈચ્છારહિત હોવાથી પણ કોનાથી યુક્ત છે ?**

**પ્ર. ૮૮- વેદાંતીઓના ઉક્ત કથનને સાંભળ્યા પછી શ્રીજીએ પુનઃ તેમને શું પ્રશ્ન કર્યો ?**

**પ્ર. ૮૯- કોની સમીપ માયા કંઈ પણ નથી ? કોણ ત્રણેય કાલથી રહિત છે ?**

**પ્ર. ૯૦- વેદાંતી કોને અનાદિ કહે છે અને કોનામાં શું સર્વત્ર વ્યાપક માને છે ?**

**પ્ર. ૯૧- ત્રણેય કાલોમાં ક્યારે પણ કોણ-કોણ એક થઈ જ શકતું નથી ?**

**પ્ર. ૯૨- પુનઃ વેદાંતી કોનામાં, કોનું અસ્તિત્વ માને છે ?**

**પ્ર. ૯૩- વેદાંતીઓને યત્ર-તત્ર-સર્વત્ર શું જોવામાં આવે છે ?**

**પ્ર. ૯૪- તત્પશ્ચાત શ્રીજી સ્વરૂપે વેદાંતીઓથી માયાના સ્વરૂપના વિષયના કેવા રહસ્યને સ્પષ્ટ કરવાનું કહ્યું છે ?**

ઉ. ૯૪- વેદાંતીઓના અનુસાર માયા અનાદિ છે. અતઃ શ્રીજી સ્વરૂપે તેમને →

**પ્ર. ૯૫- કોણે સ્પષ્ટરૂપથી, કોને સંસારથી અલગ બતાવ્યો છે ? કિંતુ વેદાંતી કોને સર્વત્ર વિદ્યમાન કહે છે ?**

**પ્ર. ૯૬- ક્યાં-કઈ જગ્યાએ વેદાંતીઓથી કોનો બહુ જ વાદ-વિવાદ થયો ?**

ઉ. ૮૭- બ્રહ્મ નિરાકાર હોવા છતાં પણ બધા પ્રાણીઓમાં વિદ્યમાન છે. પુનઃ બ્રહ્મ ઈચ્છારહિત હોવાથી પણ બધી શોભાથી યુક્ત છે.

ઉ. ૮૮- વેદાંતીઓના ઉક્ત કથનને સાંભળ્યા પછી શ્રીજીએ પુનઃ તેમને પ્રશ્ન કર્યો, ''જો આપના કહ્યા પ્રમાણે બ્રહ્મ છે, તો આ સંસારની રચના કોનાથી થાય છે ? મારી આ શંકા આપ દૂર કરી દો.''

ઉ. ૮૯- બ્રહ્મની સમીપ માયા કંઈ પણ નથી. બ્રહ્મ વર્તમાન, ભૂત અને ભવિષ્ય એ ત્રણેય કાલોથી રહિત છે.

ઉ. ૯૦- વેદાંતી માયાને અનાદિ કહે છે અને માયામાં બ્રહ્મને સર્વત્ર વ્યાપક માને છે.

ઉ. ૯૧- ત્રણેય કાલોમાં ક્યારે પણ માયા અને બ્રહ્મ એક થઈ જ શકતા નથી.

ઉ. ૯૨- પુનઃ વેદાંતી બ્રહ્મમાં માયાનું અસ્તિત્વ માને છે.

ઉ. ૯૩- વેદાંતીઓને યત્ર-તત્ર-સર્વત્ર બ્રહ્મ જોવામાં આવે છે.

→ માયાના સ્વરૂપના વિષયમાં કહ્યું, ''આપ માયાને કઈ રીતે અનાદિ કહો છો ? અને માયા નિરાકાર છે યા સાકાર ? એનું પણ રહસ્ય આપ મારી આગળ સ્પષ્ટ કરી દો.''

ઉ. ૯૫- શંકરાચાર્યજીએ સ્પષ્ટરૂપથી આત્માને સંસારથી અલગ બતાવ્યો છે, કિંતુ વેદાંતી આત્માને સર્વત્ર વિદ્યમાન બતાવે છે.

ઉ. ૯૬- હરિદ્વારના કુંભ મેળામાં વેદાંતીઓથી મહાપ્રભુ શ્રી પ્રાણનાથજીનો બહુ જ વાદ-વિવાદ થયો.

પ્ર. ૯૭- વીતકકાર શ્રી લાલદાસજી ઉક્ત વાદ-વિવાદના વિષયમાં અહીં શું કહી રહ્યા છે ?

પ્ર. ૯૮- કયા લોકોએ ઉક્ત વાદ-વિવાદનું અનુભવ જ્ઞાન પ્રાપ્ત કર્યું ?

પ્ર. ૯૯- વેદાંતીઓમાં કોઈ-કોઈ શું કહે છે ? પુનઃ તેમના અનુસાર શું રહી જતું નથી ?

પ્ર. ૧૦૦- યદિ જો ક્યાંક, કંઈ પણ અજ્ઞાન ન રહ્યું, તો પુનઃ કોની રચના થઈ જ કેમ ? પુનઃ વેદાંતીઓનો ઉક્ત મત સાંભળીને કોના મનમાં ઉક્ત સંદેહ ઉત્પન્ન થવા લાગ્યો ?

પ્ર. ૧૦૧- હરિદ્વારના કુંભના મેળામાં કેટલાં દર્શનોના આચાર્ય ઉપસ્થિત હતા ? કોણે શ્રીજી સ્વરૂપથી બહુ જ વાદ-વિવાદ કર્યો ?

પ્ર. ૧૦૨- ઉક્ત બધા દર્શનોની પ્રદ્ધતિને કોણે-કઈ રીતેથી સાંભળ્યું ?

પ્ર. ૧૦૩- કોણ બધાએ મળીને, કોને અને શું કહ્યું ?

પ્ર. ૧૦૪- તદુપરાંત કોણે, કોને પોતાનો ધર્મ સિદ્ધાંત કઈ રીતે રાખવાનું કહ્યું ?

પ્ર. ૧૦૫- બધા આચાર્યોએ મળીને શ્રીજી સ્વરૂપને પોતાનો ધર્મ સિદ્ધાંત પેશ કરતી વખતે શું પ્રમાણિત કરી કહેવાનું કહ્યું ?

ઉ. ૯૭- વીતકકાર શ્રી લાલદાસજી ઉક્ત વાદ-વિવાદના વિષયમાં અહીં કહી રહ્યા છે, ''ત્યાં મેળામાં જે કંઈ પણ જોવા યા સાંભળવામાં આવ્યું, તેનું કયા શબ્દોમાં વર્ણન કરું! ''

ઉ. ૯૮- તે સમય ત્યાં-હરિદ્વાર કુંભના મેળામાં ઉપસ્થિત લોકોએ જ ઉક્ત વાદ-વિવાદનું અનુભવ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

ઉ. ૯૯- વેદાંતીઓમાં કોઈ-કોઈ સર્વત્ર બ્રહ્મ વ્યાપક છે, એવું કહે છે. ત્યારે તો તેમના મતાનુસાર ક્યાંક કંઈ પણ અજ્ઞાન રહી જતું નથી.

ઉ. ૧૦૦- યદિ જો ક્યાંય, કંઈ પણ અજ્ઞાન ન રહ્યું, તો પુનઃ છ શાસ્ત્રોની રચના થઈ જ કેમ? વેદાંતીઓનો ઉક્ત મત સાંભળીને શ્રીજીના મનમાં ઉક્ત સંદેહ ઉત્પન્ન થવા લાગ્યો.

ઉ. ૧૦૧- હરિદ્વારના કુંભના મેળામાં છ દર્શનોના આચાર્ય ઉપસ્થિત હતા ઉક્ત છ શાસ્ત્રોના આચાર્યોએ શ્રીજી સ્વરૂપની સાથે બહુ જ વાદ-વિવાદ કર્યો.

ઉ. ૧૦૨- ઉક્ત બધા દર્શનોના વિભિન્ન સિદ્ધાંત તેમજ ઉપાસના પદ્ધતિને મહાપ્રભુ શ્રી પ્રાણનાથજીએ ધ્યાનપૂર્વક બહુ જ મનોયુગથી સાંભળ્યું.

ઉ. ૧૦૩- હરિદ્વાર કુંભના મેળામાં ઉપસ્થિત બધા સંપ્રદાયના આચાર્યોએ મળીને શ્રીજી સાહેબજીને કહ્યું, ''અમે બધાએ પોત-પોતાના મત સંપ્રદાયના સિદ્ધાંતોનું સ્પષ્ટ કરી દીધું છે.''

ઉ. ૧૦૪- તદુપરાંત શ્રી પ્રાણનાથજીને બધા ધર્મના આચાર્યોએ કહ્યું, ''આપ પોતાના ધર્મના સિદ્ધાંતોને સપ્રમાણ પ્રત્યક્ષરૂપમાં પ્રગટ કરો.''

ઉ. ૧૦૫- બધા આચાર્યોએ મળીને શ્રીજી સ્વરૂપને પોતાનો ધર્મ સિદ્ધાંત પેશ કરતાં સમયે ''કયા શાસ્ત્રમાં ક્યાં પર તમારા ધર્મ સંપ્રદાય વગેરેનું વર્ણન છે?''-એ પ્રમાણિત કરી કહેવાનું કહ્યું.

**પ્ર. ૧૦૬- ઉક્ત વિષયમાં વિભિન્ન મતના આચાર્યોએ શ્રીજી સ્વરૂપને પોતાની સંપ્રદાય પદ્ધતિના વિષયમાં શું આપીને, કઈ રીતે પેશ કરવાનું કહ્યું ?**

## ❖ શ્રીજીનો ઉત્તર ❖

**પ્ર. ૧૦૭- હરિદ્વારના કુંભમેળામાં ઉપસ્થિત વિભિન્ન મતના આચાર્યો દ્વારા ઉક્ત પ્રકારથી પૂછવાથી શ્રીજી સાહેબજીએ તેમને શું કહ્યું ?**

ઉ. ૧૦૭- હરિદ્વારના કુંભમેળામાં ઉપસ્થિત વિભિન્ન મતના આચાર્યો દ્વારા →

**પ્ર. ૧૦૮- મહાપ્રભુ શ્રી પ્રાણનાથજીએ સર્વપ્રથમ તેમની સામે કયા પુરાણનું પ્રમાણ આપ્યું ?**

**પ્ર. ૧૦૯- તે પુરાણમાં કયા વિષયમાં, કોની-કોની વચ્ચે થયેલી, કેવી વાતો કહી છે ?**

**પ્ર. ૧૧૦- તે વિચિત્ર અને આશ્ચર્યવત્ વાતો સાંભળીને કોણે, કોને પ્રશ્ન કર્યો ?**

**પ્ર. ૧૧૧- રાજા જન્મેજયને ઉક્ત વિષયમાં સમજાવતાં કોને અને શું કહ્યું ?**

ઉ. ૧૧૧- રાજા જન્મેજયને ઉક્ત વિષયમાં સમજાવતાં વ્યાસજીએ કહ્યું, →

**પ્ર. ૧૧૨- પુનઃ રાજા જન્મેજયે વ્યાસજીને શું પૂછ્યું ?**

ઉ. ૧૦૬- ઉક્ત વિષયમાં વિભિન્ન મતના આચાર્યોએ શ્રીજી સ્વરૂપને કહ્યું, ''વેદ-શાસ્ત્રોની સાક્ષી આપીને આપ પોતાના સિદ્ધાંતોનું વિધિવત્ વિસ્તૃત વર્ણન કરો. પોતાની પદ્ધતિના માધ્યમથી પોતાની માન્યતાઓને પેશ કરી અમને સંતોષ અપાવો.''

## ❖ શ્રીજીનો ઉત્તર ❖

→ ઉક્ત પ્રકારથી પૂછવાથી મહાપ્રભુ શ્રી પ્રાણનાથજીએ તેમને એ ઉત્તર આપ્યો, ''હે સંતો ! હરિવંશ પુરાણમાં વ્યાસજીએ જે વિચાર રાજા જન્મેજયના પ્રતિ કહ્યું છે, તે વાતોનો વિરોધ ભાવના છોડીને ધ્યાનથી સાંભળો અને તે પર વિચાર કરો.''

ઉ. ૧૦૮- મહાપ્રભુ શ્રી પ્રાણનાથજીએ સર્વપ્રથમ તેમની સામે હરિવંશ પુરાણની સાક્ષી રજુ કરી તેઓને સમજાવ્યા અને બતાવ્યું.

ઉ. ૧૦૯- તે પુરાણમાં વ્યાસજી અને રાજા જન્મેજયની વચ્ચે થયેલી બ્રહ્મ-મુનિઓના પ્રગટીકરણની અનહોની વાતોના વિષયમાં અલૌકિક વાતો કહી છે.

ઉ. ૧૧૦- તે વિચિત્ર તેમજ આશ્ચર્યવત્ વાતો સાંભળી રાજા જન્મેજયે વ્યાસજીને પ્રશ્ન કર્યો.

→ ''કળિયુગમાં બ્રહ્મમુનિ પ્રગટ થશે. એમનું પ્રગટ થવું સહજ વાત નથી. હે જન્મેજય ! તેમના અવતરણથી એક અઘટિત ઘટના ઘટિત થશે અર્થાત્ ક્યારેક ન થયેલાં બ્રહ્મમુનિ આ ધરતી પર પ્રગટ થશે.''

ઉ. ૧૧૨- પુનઃ રાજા જન્મેજયે વ્યાસજીને પૂછ્યું, ''સનકાદિકોથી લઈને આજ સુધી અનેક ઋષિ-મુનિ પ્રગટ થયા છે. શું તે બ્રહ્મમુનિ ન હતા ? શું આપ બ્રહ્મના અંશરૂપ બ્રહ્મમુનિઓમાંથી નથી ?''

**પ્ર. ૧૧૩- ઉક્ત પ્રકારનો પ્રશ્ન સાંભળીને વ્યાસજીએ રાજા જન્મેજયને શું કહ્યું ?**

**પ્ર. ૧૧૪- તે બ્રહ્મમુનિ કોના સિવાય અન્ય કોઈની આરાધના નહિ કરશે ?**

**પ્ર. ૧૧૫- તે બ્રહ્માત્માઓ કેવી ચર્ચા કથા કરશે ? પુનઃ તેમની ચર્ચા સાંભળીને લોકો શું કરશે ?**

**પ્ર. ૧૧૬- કયા ધામના બ્રહ્મમુનિઓના પ્રગટીકરણનું વર્ણન કોણે, કોને અને કેવી રીતે સંભળાવ્યું ?**

**પ્ર. ૧૧૭- ઉક્ત વાતોની પુરાણો દ્વારા સાક્ષી આપીને કોણે, કોને અને શું કરવાનું કહ્યું ?**

**પ્ર. ૧૧૮- મહાપ્રભુ શ્રી પ્રાણનાથજીએ હરિવંશ પુરાણ દ્વારા કેવી સાક્ષી આપી ? તે સાક્ષીમાં કોને પ્રધાન પુરુષના આશ્રયમાં રહેવાવાળા કહેવામાં આવ્યા અને કયા યુગમાં, ક્યાં, શું થવાનું કહ્યું છે ?**

ઉ. ૧૧૮- મહાપ્રભુ શ્રી પ્રાણનાથજીએ હરિવંશ પુરાણ દ્વારા નિમ્નલિખિત સાક્ષી આપી. અતઃ-

**અભાવિનો ભવિષ્યન્તિ મુનયો બ્રહ્મરૂપિણઃ ।**
**ઉત્પન્ના યે કૃતયુગે પ્રધાન પુરુષાશ્રયાઃ ।।**
**કથાયોગેન તાન્સર્વાન પૂજયિષ્યન્તિ માનવાઃ।**
**યસ્ય પૂજા પ્રભાવેન જીવસૃષ્ટિ (ઉદ્ધારણમ્) સમુદ્ધારઃ।।**

- (હરિવંશ પુરાણ, ભવિષ્ય પર્વ, અધ્યાય - ૪).

ઉ. ૧૧૩- ઉક્ત પ્રકારનો પ્રશ્ન સાંભળતાં જ વ્યાસજીએ રાજા જન્મેજયને કહ્યું, ''હે રાજન ! તે બ્રહ્મમુનિ કોઈપણ યુગમાં પહેલાં ક્યારેય પ્રગટ થયા નથી. કિંતુ કળિયુગમાં તે પ્રત્યક્ષરૂપમાં પ્રગટ થશે.''

ઉ. ૧૧૪- તે બ્રહ્મમુનિ ઉત્તમ પુરુષ પૂર્ણબ્રહ્મ પરમાત્માના અતિરિક્ત અન્ય કોઈ દેવી-દેવતાની આરાધના કરશે નહિ.

ઉ. ૧૧૫- તે બ્રહ્માત્માઓ એવી નવી ચર્ચા કરશે, જેને પહેલાં ક્યારે કહી અને સાંભળી ન હોય. તેમની તે કથા સાંભળીને લોકો તેમની પૂજા કરવા લાગશે.

ઉ. ૧૧૬- **''अक्षरात्परतः परः''**-અક્ષરાતીત બ્રહ્મધામથી બ્રહ્મમુનિઓના સંસારમાં પ્રગટ થવાની ચર્ચા વ્યાસજીએ અનેક પ્રકારથી સવિસ્તાર રાજા જન્મેજયને સંભળાવી.

ઉ. ૧૧૭- ઉક્ત વાતોની સાક્ષી પુરાણો દ્વારા આપીને મહાપ્રભુ શ્રી પ્રાણનાથજીએ કહ્યું, ''અમે તેમની સાક્ષી આપીને ચર્ચા કરીએ છીએ. અતઃ હે ધર્મજ્ઞ સાધુ સંતો ! આપ બધા તે પર વિચાર-વિવેક કરો.''

→ અર્થઃ- પ્રધાન પુરુષ (અક્ષરાતીત બ્રહ્મધામ) ના આશ્રયભૂત જે બ્રહ્મરૂપી મુનિ કૃતયુગ (કળિયુગ) ઉત્પન્ન થશે (થયા છે), તે અભૂતપૂર્વ હશે. કથા યોગના દ્વારા બધા મનુષ્ય તેમની પૂજા કરશે. તે પૂજાના પ્રભાવથી માયાવી જીવ સૃષ્ટિનો ઉદ્ધાર થશે.

ઉક્ત સાક્ષીમાં બ્રહ્મસૃષ્ટિઓને પ્રધાન પુરુષ અક્ષરાતીત પરમાત્મા શ્રી કૃષ્ણ-અદ્વૈત બ્રહ્મના આશ્રયમાં રહેવાવાળી કહ્યું છે. તે કળિયુગમાં ભારતવર્ષના યત્ર-તત્ર-સર્વત્ર પ્રગટ થશે, એવું કહ્યું છે.

**પ્ર. ૧૧૯- ''તેમની ચર્ચા-કથા સાંભળીને બધીય સૃષ્ટિના લોકો તેમને પૂજ્ય ભાવથી માનશે.''-એમનું પ્રમાણ શું છે ? પેશ કરો.**

**પ્ર. ૧૨૦- કોણ અથવા કયા સ્વરૂપની પૂજાના પ્રતાપથી જીવસૃષ્ટિનો ઉદ્ધાર થશે ? પુનઃ આ વાતની સાક્ષીરૂપ કેવું (શું) પ્રમાણ છે ? પેશ કરો.**

ઉ. ૧૨૦- અગ્રગણ્ય સખી ઈન્દ્રાવતી સ્વરૂપ (શ્રી પ્રાણનાથજી) ની પૂજાના →

**પ્ર. ૧૨૧- ઉક્ત વાતોની સાક્ષીઓ અન્ય કયા-કયા ગ્રંથોમાં પ્રાપ્ત કરી શકાય છે ?**

**પ્ર. ૧૨૨- બ્રહ્મમુનિઓના પ્રગટીકરણની સાક્ષી કોણે-કોણે, ક્યાં સ્પષ્ટરૂપથી કહી છે ?**

**પ્ર. ૧૨૩- શ્રી પ્રાણનાથજી સ્વરૂપે કયા વિષયના જિજ્ઞાસુઓને કેવી રીતે શ્રવણ કરવાનું કહ્યું ?**

**પ્ર. ૧૨૪- મહાપ્રભુ શ્રી પ્રાણનાથજી બ્રહ્મજિજ્ઞાસુઓને કેવી રીતે સમજાવવાનું કહી રહ્યા છે ?**

**પ્ર. ૧૨૫- શ્રીજી સાહેબની ઉક્ત પ્રકારની વાતો સાંભળીને બધા સંપ્રદાયવાળા શું સોચવા લાગ્યા ?**

**પ્ર. ૧૨૬- પુનઃ તેઓએ શ્રીજી સાહેબજીને કયા ધ્યેયથી શું પૂછવાનું સંગઠન કર્યું ?**

ઉ. ૧૧૯- બ્રહ્મસૃષ્ટિઓમાં અગ્રગણ્ય ઈન્દ્રાવતી સ્વરૂપ (શ્રી પ્રાણનાથજી) ની ચર્ચા-કથા યોગના કારણ માનવમાત્ર તેમની પૂજ્યભાવથી પૂજા કરશે. એનું પ્રમાણ નિમ્નલિખિત છે. જેમ કે-

**'કથા યોગેન તાન્સર્વાન પૂજયિષ્યન્તિ માનવાઃ'।**

→ પ્રભાવથી (સેવા-પૂજાના પુણ્યથી) માયાવી જીવસૃષ્ટિનો ઉદ્ધાર થશે અર્થાત્ તે જન્મ-મરણથી મુક્ત થશે. પુનઃ આ વાતની સાક્ષીરૂપ પ્રમાણ નિમ્નલિખિત છે. જેમ કે-

**'યસ્ય પૂજા પ્રભાવેન જીવસૃષ્ટિ (ઉદ્ધારણમ્) સમુદ્ધારઃ'**

ઉ. ૧૨૧- ઉક્ત વાતો અર્થાત્ બ્રહ્મમુનિઓના પ્રગટીકરણ વિષયક ભવિષ્યવાણીની વિભિન્ન સાક્ષીઓ ઉપનિષદ તેમજ અઢાર પુરાણોમાં પણ પ્રાપ્ત કરી શકાય છે.

ઉ. ૧૨૨- બ્રહ્મમુનિઓના પ્રગટીકરણની સાક્ષી આગમભાષીઓએ (ભવિષ્યવક્તાઓએ) પોત-પોતાના ગ્રંથોમાં સ્પષ્ટરૂપથી કહી છે.

ઉ. ૧૨૩- શ્રી પ્રાણનાથજી સ્વરૂપે બ્રહ્મલીલાના જિજ્ઞાસુઓ-ગ્રહણકર્તા અથવા ગ્રાહકોને ભલીભાંતિ ધ્યાનથી ચર્ચા શ્રવણ કરવાનું કહ્યું.

ઉ. ૧૨૪- મહાપ્રભુ શ્રી પ્રાણનાથજી બ્રહ્માત્મા અને બ્રહ્મલીલાના જિજ્ઞાસુઓને વેદ, ઉપનિષદ વગેરેની સાક્ષી આપીને સમજાવવાનું કહી રહ્યા છે.

ઉ. ૧૨૫- શ્રીજીના મુખથી ઉક્ત પ્રકારનું આહ્વાન સાંભળીને બધા સંપ્રદાયવાળાઓએ વિચાર કર્યો, ''એ ક્યાંય-કોઈપણ સિદ્ધાંતમાં નિરુત્તર થવાવાળા નથી.''

ઉ. ૧૨૬- પુનઃ તેઓએ શ્રીજી સાહેબજીને હરાવવા અથવા નિરુત્તર સાબિત કરવાના ધ્યેયથી તેમને તેમના ધર્મ સિદ્ધાંતની પદ્ધતિ પૂછવાનું સંગઠન કર્યું.

**પ્ર. ૧૨૭- સંગઠન કર્યા પછી બધા મત-મતાંતરોના આચાર્યોએ મળીને શ્રીજીને શું કહ્યું ?**

**પ્ર. ૧૨૮- બધા મતના આચાર્યોએ શ્રીજી સાહેબજીની આગળ તેમની માન્યતાઓને કેવી રીતે જાણવા-સમજવાની ચાહના કરી ?**

ઉ. ૧૨૮- બધા મતના આચાર્યોએ શ્રીજી સ્વરૂપની સામે આવીને શ્રીજીના →

**પ્ર. ૧૨૯- કોના અભિમાનમાં ચૂર થઈને આ સમયે કોણે શ્રીજી સ્વરૂપને વિભિન્ન પ્રકારના પ્રશ્ન પૂછ્યા ?**

**પ્ર. ૧૩૦- પુનઃ બધાએ મળીને શ્રીજી સ્વરૂપને વિશેષરૂપથી કંઈ વાતની માગણી કરી અને કેમ ?**

**પ્ર. ૧૩૧- તેઓએ શ્રીજી સ્વરૂપને ગોત્ર, ઈષ્ટની સાથે-સાથે બીજું શું-શું પૂછ્યું ?**

**પ્ર. ૧૩૨- પુનઃ તેઓએ સંપ્રદાયની શાલાથી લઈને તીર્થ સુધીમાં શું-શું પૂછ્યું ?**

**પ્ર. ૧૩૩- તેઓએ સૈદ્ધાંતિક જ્ઞાનથી લઈને અંતિમ ક્યાં સુધી પૂછ્યું ?**

**પ્ર. ૧૩૪- ઉક્ત પ્રકારથી પૂછવાથી શ્રીજી સાહેબજીએ તેમને કઈ રીતે અને શું કહ્યું ?**

ઉ. ૧૩૪- ઉક્ત પ્રકારથી પૂછી લેવાથી પરમ કૃપાળુ સ્વામી શ્રી પ્રાણનાથજીએ →

ઉ. ૧૨૭- સંગઠન કર્યા પછી બધા મત-મતાંતરોના આચાર્યોએ મળીને સલાહ કરતાં શ્રીજીને કહ્યું, ''આપ આપના સંપ્રદાયનો પરિચય, ધામ, ક્ષેત્ર વગેરે પ્રમાણ સહિત અમારી આગળ રાખો.''

→ સંપ્રદાયની માન્યતાના વિષયમાં કહ્યું, ''હે સ્વામીજી ! આપ અમારી આગળ આપના સંપ્રદાયનો પરિચય સાક્ષી આપીને કહો, જે રીતે અમે બધાએ પોત-પોતાના સંપ્રદાયનો પરિચય આપ્યો, આપ પણ તે રીતે પ્રસન્ન ચિત્ત થઈને આપના સંપ્રદાયનો પરિચય આપો.''

ઉ. ૧૨૯- જ્ઞાનના અભિમાનમાં ચૂર થઈને આ સમય બધા જ્ઞાનીઓએ શ્રીજી સ્વરૂપને વિભિન્ન પ્રકારના પ્રશ્ન સવિસ્તાર પૂછ્યા.

ઉ. ૧૩૦- પુનઃ બધાએ મળીને શ્રીજી સ્વરૂપને નિરુત્તર કરવાના ધ્યેયથી વિશેષરૂપથી એ માગણી કરી, ''હે સ્વામીજી ! આપ પણ આપના સંપ્રદાયની શાખા, શિખા અને સૂત્રને સ્પષ્ટ કરી કહો.''

ઉ. ૧૩૧- તેઓએ હાથ જોડીને આગ્રહપૂર્વક શ્રીજી સ્વરૂપને ગોત્ર, ઈષ્ટની સાથે-સાથે તેમના સેવન, જાપ, સાધન, મંત્ર, પુરી તથા દેવીના પ્રતાપ વગેરેના વિષયમાં પણ પ્રમાણ સહિત સ્પષ્ટતઃ પૂછ્યું.

ઉ. ૧૩૨- પુનઃ તેઓએ સંપ્રદાયની શાલાથી લઈને સુખ વિલાસનું સ્થાન, ઋષિ, દેવતા, તીર્થ અને શાસ્ત્ર વગેરેના વિષયમાં પૂછ્યું.

ઉ. ૧૩૩- તેઓએ સૈદ્ધાંતિક જ્ઞાનથી લઈને કુળ, ફલ, દ્વાર, નિવાસ અને સંપ્રદાય વગેરેના નામ સુધી બધું જ વિસ્તારથી પૂછ્યું.

→ તેમને ઉદાર ભાવથી કહ્યું, ''હે સંતો ! આપ બધા ધ્યાનથી સાંભળો ! ! અમે આપને એક-એક પ્રશ્નનો ઉત્તર આપીને આપને સંતુષ્ટ કરીએ છીએ.''

**પ્ર. ૧૩૫- શ્રીજી સ્વરૂપ હવે અહીંયા કોનો પરિચય આપવા જઈ રહ્યા છે ? તે રહસ્ય કેવું છે ?**

**પ્ર. ૧૩૬- કેવી ચર્ચાને કેવી રીતે, કયા પ્રકારથી સાંભળવાનું કહ્યું છે ? પુનઃ સાંભળીને શું કરવું છે ?**

**પ્ર. ૧૩૭- શ્રીજી સ્વરૂપે શું નહીં કરવાનું કહ્યું છે ? અન્યથા શું થવાનું સૂચિત કર્યું ?**

**પ્ર. ૧૩૮-તત્પશ્ચાત શ્રીજી સ્વરૂપે તેમને શું સ્પષ્ટ કરી કહ્યું ?**

**પ્ર. ૧૩૯- કેવા થઈને સાંભળવાથી, કોના ઉત્પન્ન ભ્રામક વિચાર દૂર થઈ જશે, એવું શ્રીજી સ્વરૂપે તેમને કહ્યું ?**

## ❖ નિજાનંદ સંપ્રદાયની પદ્ધતિ ❖

**પ્ર. ૧૪૦- અમને આત્મીય જ્ઞાન આપીને પરમાત્મા તત્ત્વનો બોધ કરાવવાવાળા સદ્‌ગુરુ કોણ છે ?**

**પ્ર. ૧૪૧- અમારા સંપ્રદાયના સૂત્રપાત (શરૂઆત) ક્યાંથી અથવા કોનાથી થયો છે ?**

**પ્ર. ૧૪૨- સૂત્ર-કૂટસ્થ અક્ષરથી પરે કોણ તત્ત્વ છે અને તે કેવું છે.**

**પ્ર. ૧૪૩- ઉક્ત પ્રકારનું જ્ઞાન પ્રદત્ત કરવાવાળા ગુરુના વિષયની સાક્ષી ક્યાં છે અને કઈ છે ?**

ઉ. ૧૪૩- ઉક્ત જ્ઞાનવાન્ સદ્‌ગુરુના વિષયમાં સાક્ષીરૂપી પ્રમાણ સ્કંધ પુરાણે, ગુરુગીતાયામમાં નિમ્ન પ્રકાર લખ્યું છે. જેમ કે- →

ઉ. ૧૩૫- શ્રીજી સ્વરૂપ હવે અહીંયા પોતાના સંપ્રદાયનો પરિચય આપવા જઈ રહ્યા છે, જેનું રહસ્ય હજી સુધી કહેવામાં આવ્યું નથી.

ઉ. ૧૩૬- ઉક્ત અલૌકિક ચર્ચાને ધ્યાનથી સાંભળવાનું કહેવામાં આવ્યું છે, પુનઃ સાંભળીને તે પર વિચાર કરવાનું કહેવામાં આવ્યું છે.

ઉ. ૧૩૭- શ્રીજી સ્વરૂપે દોષોને ગ્રહણ ન કરવાનું કહ્યું છે. અન્યથા તત્ત્વની વાત સમજમાં ન આવી શકશે.

ઉ. ૧૩૮- તત્પશ્ચાત શ્રીજી સ્વરૂપે તેમને સ્પષ્ટતઃ કહ્યું, ''અમે આપને શ્રુતિ તેમજ સ્મૃતિઓની સાક્ષી-પ્રમાણ આપીને સમજાવીશું.''

ઉ. ૧૩૯- જિજ્ઞાસુ થઈને સાંભળવાથી કળિયુગના પ્રભાવથી ઉત્પન્ન આપના ભ્રામક (ભ્રમિત) વિચાર દૂર થઈ જશે, એવું શ્રીજી સ્વરૂપે તેમને કહ્યું.

## ❖ નિજાનંદ સંપ્રદાયની પદ્ધતિ ❖

ઉ. ૧૪૦- અમને આત્મીય જ્ઞાન આપીને પરમાત્મા તત્ત્વનો બોધ કરાવવાવાળા પરબ્રહ્મ પરમાત્માના આનંદ અંગ શ્રી દેવચંદ્રજી, જેમને શાસ્ત્રાદિમાં શ્રી શ્યામની જોડી શ્યામાજી સ્વરૂપ કહ્યું છે, તે જ અમારા સદ્‌ગુરુ છે.

ઉ. ૧૪૧- અમારા સંપ્રદાયના સૂત્રપાત કૂટસ્થ અક્ષર બ્રહ્મથી થયો છે. તેમનું ધામ અક્ષર ધામ છે.

ઉ. ૧૪૨- સૂત્ર-કૂટસ્થ અક્ષરથી પરે શિખારૂપમાં અક્ષરાતીત બ્રહ્મ છે, જે ચિન્મય, ચિદ્‌ઘન અને અનુપમ સ્વરૂપવાલા છે તથા આદ-અનાદથી વિરાજમાન છે.

→ **બ્રહ્માનંદં પરમ સુખદં કેવલં જ્ઞાન મૂર્તિં,**
**દ્વન્દ્વાતીતં ગગન સદશં, તત્વમસ્યાદિ લક્ષ્યમ્।**
**એકં નિત્યં વિમલમચલં સર્વદા સાક્ષિ રૂપં,**
**ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરુ તન્નમામિ।।**

- (સ્કંધ પુરાણે, ગુરુગીતાયામ) →

→ અર્થ :- બ્રહ્માનંદ, પરમ સુખ આપવાવાળા જ્ઞાનના મૂર્તિવંત સ્વરૂપ, સુખ-દુઃખાદિ દ્વંદ્વોથી રહિત, આકાશના સમાન સ્વચ્છ, 'તત્ત્વમસિ' →

**પ્ર. ૧૪૪- ઉક્ત સાક્ષી-પ્રમાણનો ભાવાર્થ અથવા લક્ષ્યાર્થ શું છે ?**

ઉ. ૧૪૪- ઉક્ત પ્રમાણના અનુસાર સત + ચિત + આનંદ = સચ્ચિદાનંદ ગુણયુક્ત પરમાત્માના આનંદાંશનો અવતાર સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી →

**પ્ર. ૧૪૫- સમસ્ત સૃષ્ટિના સૂત્રધાર કોણ છે ? તેનાથી પરે પરાત્પર રૂપમાં કોણ છે ? ઉક્ત વાતોનું સાક્ષીરૂપી પ્રમાણ જો છે, તો અર્થ સહિત પેશ કરો.**

ઉ. ૧૪૫- સમસ્ત સૃષ્ટિના સૂત્રધાર અક્ષર બ્રહ્મ જ છે. આ સૂત્રધારથી પરે પરાત્પર અક્ષરાતીત ધામના અદ્વૈત બ્રહ્મ ઉત્તમ પુરુષ પરમાત્મા શિખા રૂપમાં બિરાજમાન છે. આ મૂલ સૂત્ર અને શિખાથી પરિચિત જ યથાર્થ વેદજ્ઞ, બ્રહ્મજ્ઞાની અથવા પરમહંસ છે. ઉક્ત વાતોનું સાક્ષીરૂપી પ્રમાણ નિમ્નલિખિત છે, જેમ કે- →

**પ્ર. ૧૪૬- યથાર્થમાં બ્રહ્મજ્ઞાની કોણ છે ? પરમહંસ કોણ સૂત્રને ધારણ કરે છે ?**

**પ્ર. ૧૪૭- બ્રાહ્મણત્વના વિષયમાં બ્રહ્મજ્ઞાનીઓએ શું કહ્યું છે ? પુનઃ આ વાતનું શું પ્રમાણ છે ?**

ઉ. ૧૪૭- બ્રાહ્મણત્વના વિષયમાં બ્રહ્મજ્ઞાનીઓએ કહ્યું છે કે જેની જ્ઞાનમયી શિખા છે અને જેને જ્ઞાનમય યજ્ઞોપવીત ધારણ કર્યા છે, તેમાં જ સંપૂર્ણ બ્રાહ્મણત્વ છે. પુનઃ આ વાતનું પ્રમાણ નિમ્ન પ્રકારથી છે. →

→ વગેરે પદોનું લક્ષ્ય, એક, નિત્ય, નિર્મલ, અચલ, સદા સાક્ષીરૂપ, ભાવાતીત, સત, રજ, તમ - એ ત્રણેય ગુણોથી રહિત સદ્‌ગુરુને હું પ્રણામ કરું છું.

→ છે. તેમનું મૂલ સ્થાન અક્ષર પરે અક્ષરાતીત બ્રહ્મધામ છે. તે ધામના અદ્વૈત બ્રહ્મ શ્રી કૃષ્ણ-શ્યામની જોડી શ્રી શ્યામા સ્વરૂપ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી છે.

→ **यदक्षरं परं ब्रह्म तत्सूत्रमिति धारयेत् ।**
**सूचनात्सूत्र मित्याहुः सूत्रं नाम परं पदम् ।।**
**तत्सूत्रं विदितं येन स विप्रो वेदपारगः ।।**

- (બ્રહ્મોપનિષદ).

અર્થ:- અક્ષર બ્રહ્મ (સતબ્રહ્મ), જેનાથી પરે અક્ષરાતીત ઉત્તમ પુરુષ છે, તે જ સમસ્ત સૃષ્ટિના સૂત્રધાર છે. આ મૂલ સૂત્રથી પરિચિત જ યથાર્થમાં વેદજ્ઞ, બ્રહ્મજ્ઞાની છે. પરમહંસ તે જ અવિનાશી સૂત્રને ધારણ કરે છે.

ઉ. ૧૪૬- યથાર્થમાં જે ઉપરોક્ત સૂત્ર-શિખારૂપી અવિનાશી તત્ત્વને ધારણ કરે છે, તેનાથી પૂર્ણરૂપેણ પરિચિત છે, તે જ પરમહંસ, બ્રહ્મજ્ઞાની છે. પરમહંસ અવિનાશી તત્ત્વરૂપી સૂત્ર (શિખા) ને ધારણ કરે છે.

→ જેમ કે-

**शिखा ज्ञानमयी यस्य उपवीतं च तन्मयम् ।**
**ब्राह्मणयं सकलं तस्य ईति ब्रह्मविदो विदुः ।।**
**चिदेवपञ्च भूतानि चिदेव भुवनत्रयम् ।**

- (બ્રહ્મોપનિષદ).

→

→ અર્થ :- જેની જ્ઞાનમયી શિખા છે અને જ્ઞાનમય યજ્ઞોપવીત છે, તેમાં →

**પ્ર. ૧૪૮- ચિદ્ બ્રહ્મ જ કોણ રૂપ છે તથા ત્રણેય ભુવનોમાં કોણ વ્યાપ્ત છે ?**

**પ્ર. ૧૪૯- ઉપરોક્ત વિષય-વસ્તુનું પ્રમાણ શું છે અને ક્યાં છે ?**

**પ્ર. ૧૫૦- અમારા સંપ્રદાયમાં સેવન (સેવા) કયા પુરુષનું કરે છે ? પુનઃ બ્રહ્માત્માઓનું ગોત્ર શું છે ?**

ઉ. ૧૫૦- બ્રહ્માત્માઓ અક્ષરાતીત પુરુષોત્તમ પૂર્ણબ્રહ્મ પરમાત્માનું સેવન કરે છે. પુનઃ તે ચિદ્ઘન બ્રહ્મના આનંદ અંગથી તેમનું અવતરણ થયું છે. એટલા માટે ચિદાનંદ જ તેમનું ગોત્ર છે. આ વાતનું પ્રમાણ નિમ્ન પ્રકારથી છે. જેમ કે-

**દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચ ।**
**ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે।।**
**ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ।**

- (ગીતા-અ.૧૫/૧૬,૧૭).

અર્થ:-જગતમાં ક્ષર અને અક્ષર બે જ પુરુષ પ્રસિદ્ધ છે. સંપૂર્ણ સૃષ્ટિ- →

**પ્ર. ૧૫૧- અમે ઈષ્ટ કોને માનીએ છીએ અને માનવાની સાધના કઈ અથવા કેવી છે ? આ વાતને પ્રમાણિત કરવાવાળા શું કોઈ પ્રમાણ છે ? અગર જો છે, તો પેશ કરો.**

→ જ સંપૂર્ણ બ્રાહ્મણત્વ છે, એવું બ્રહ્મજ્ઞાનીઓએ કહ્યું છે. ચિત બ્રહ્મ જ પંચભૂત રૂપ છે તથા ચિત બ્રહ્મ જ ત્રણેય ભુવનોમાં વ્યાપ્ત છે.

ઉ. ૧૪૮- ચિદ્-ચિદ્ઘન બ્રહ્મ જ ઉત્તમ પુરુષ પરમાત્મા અદ્વૈત બ્રહ્મ છે. ત્રણેય ભુવનોમાં તે બ્રહ્મની બ્રહ્મ સત્તા વ્યાપ્ત છે.

ઉ. ૧૪૯- ઉપરોક્ત વિષય-વસ્તુનું પ્રમાણ ઉત્તર નં. ૧૪૩, ૧૪૫ અને ૧૪૭માં અંકિત કરેલાં શ્લોક છે. ઉક્ત સાક્ષીઓ સ્કંધ પુરાણ, ગુરુગીતાયામ અને બ્રહ્મોપનિષદમાં છે.

→ જગતના પ્રાણીઓને 'ક્ષર' કહે છે અને કૂટસ્થ અવિનાશી બ્રહ્મને 'અક્ષર' કહે છે. એ બંનેથી ઉત્તમ, એનાથી ન્યારા એક પુરુષ છે, જે એ બંનેનું નિયત્રંણ કરે છે અને પરમાત્મા કહેવાય છે.

પુનશ્ચ -

**अनादिमादि चिद् रूपं चिदानन्दं परं विभुः ।**
**वृन्दावनेश्वरं ध्यायेत त्रिगुणस्यैक कारणम् ।।**

- (વરાહ સંહિતા).

અર્થ :- જે અનાદિ છે, ચિદ્ઘન-ચિદાનંદ સ્વરૂપ છે. પરમ વિભુ અર્થાત બધાના સ્વામી છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે બધાના કારણરૂપ છે. તે વૃન્દાવનનાથ શ્રી કૃષ્ણનું હું ધ્યાન કરું છું.

ઉ. ૧૫૧- પરમકિશોરી શ્યામાજીને જ અમે અમારી ઈષ્ટ-આરાધ્યા માનીએ છીએ. અમે પરમાત્માને પતિરૂપમાં અનન્યભાવથી પ્રેમ લક્ષણા ભક્તિ દ્વારા પ્રાપ્ત કરવાનું એક માત્ર સાધન માનીએ છીએ. આ વાતને પ્રમાણિત કરવાવાળા સાક્ષી નિમ્નલિખિત છે. જેમ કે-

→

**સિદ્ધ રૂપાઽસિચારાધ્યા સાશ્યામા જીવનં મમ્ ।**
**યઃ સ્મૃત્વા ભાવયન્તિ ત્વાં તેરહં ભાવિતઃ સદા ।।**
**તત્ર મે વાસ્તવં રૂપં યત્ર યત્ર ભવાદૃશી ।**
**મમેષ્ટં ચ મમાત્મા ત્વં રાધૈવ રાધ્યતે મયા ।।**

- (પુરાણ સંહિતા).

અર્થઃ-સ્વયંસિદ્ધ સ્વરૂપા રાધા દેવી આપ મારી આરાધ્યા છે. આપ જ મારા જીવના જીવન છે. જે લોકો ભક્તિ-ભાવનાથી આપની આરાધના કરે છે, તેમનું હું અનુગૃહિત (આભારી) છું. હું આપમાં (તમારામાં) જ પોતાના વાસ્તવિક સ્વરૂપના દર્શન કરું છું. મારી ઈષ્ટ રૂપ તથા આત્મ-સ્વરૂપ આપ રાધિકાજી છે. એટલા માટે હું સદાય આપની આરાધના કરું છું. પુનઃ-

**પ્ર. ૧૫૨- ઉત્તમ પુરુષ કોણ છે અને ક્યાં છે ? આ વાતનું શું પ્રમાણ છે ?**

**પ્ર. ૧૫૩- ઉક્ત વાતની સાક્ષી-પ્રમાણના અર્થ સહિત સ્પષ્ટરૂપેણ ખુલસ્ત કરો ?**

**પ્ર. ૧૫૪- અમારો ગોત્ર શું છે, ઈષ્ટ કોણ છે અને અમે ઈષ્ટની સાધના કેવી રીતે કરીએ છીએ ?**

**પ્ર. ૧૫૫- નિજાનંદ સિદ્ધાંતમાં પરમાત્માને કયા રૂપમાં, કયા ભાવથી અને કેવી ભક્તિ દ્વારા માનવામાં આવે છે ?**

ઉ. ૧૫૫- નિજાનંદ સિદ્ધાંતમાં પોતાના ઈષ્ટ પરમાત્માને આત્માના પતિના

→ **''નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજ્યયા''**
**''ભક્ત્યા ત્વનન્યયા તક્ય અહમેવંવિધોઽર્જુન''**

- (ગીતા, અ. ૧૧/૫૩, ૫૪).

અર્થ:-શ્રી કૃષ્ણજી કહે છે, ''હે અર્જુન ! હું ન તો વેદપાઠના દ્વારા, ન તપસ્યાથી, ન દાન આપવાથી અને ન જ યજ્ઞ કરવાથી પ્રાપ્ત થાઉં છું. હું તો કેવલ અનન્ય ભક્તિથી જ પ્રાપ્ત થઈ શકું છું.''

અતઃ અક્ષરાતીત અદ્વૈત ઉત્તમ પુરુષ સહિત શ્રી શ્યામાજી અમારા ઈષ્ટ છે અને અમે પતિવ્રતા સ્ત્રી જેમ પોતાના પતિને માનીએ છીએ, તે રીતે અનન્ય સતીભાવથી પતિવ્રતા સાધન દ્વારા ઈષ્ટની આરાધના કરીએ છીએ.

ઉ. ૧૫૨- ઉત્તમ પુરુષ અક્ષરાતીત અદ્વૈત બ્રહ્મ પરમાત્મા છે. તે અક્ષરાતીત બ્રહ્મધામમાં વિરાજમાન છે. એ વાતોનું પ્રમાણ ગીતા, પુરાણ સંહિતા વગેરે ગ્રંથોમાં ઉપલબ્ધ છે.

ઉ. ૧૫૩- ઉક્ત વાતની સાક્ષી-પ્રમાણના અર્થ સહિત સ્પષ્ટતઃ ખુલાસા ઉત્તર નં. ૧૫૦ અને ૧૫૧ માં કરવામાં આવ્યા છે.

ઉ. ૧૫૪- અમારો ગોત્ર ચિદાનંદ છે. પુનઃ અમારી ઈષ્ટ પરમકિશોરી શ્રી શ્યામાજી છે અને અમે સતી સ્ત્રીની જેમ પતિવ્રતા ભાવથી પોતાના ઈષ્ટની સાધના કરીએ છીએ.

→ રૂપમાં સતી ભાવથી માનવામાં આવે છે. પુનઃ અમે પોતાના ઈષ્ટને અનન્ય પરા દશધા પ્રેમલક્ષણા ભક્તિમાર્ગરૂપી સાધન દ્વારા માનીએ છીએ.

**પ્ર. ૧૫૬- જગત-સંસારમાં કેટલાં પુરુષ પ્રસિદ્ધ છે ? કોણ-કોણ પુરુષ કેવા-કેવા છે ?**

ઉ. ૧૫૬- જગત-સંસારમાં બે પુરુષ પ્રસિદ્ધ છે. જેમ કે-એક છે ક્ષર પુરુષ-→

**પ્ર. ૧૫૭- તે બંને પુરુષોથી ન્યારા કોણ પુરુષ છે ? તે પુરુષ કેવા છે અને ઉક્ત બંને પુરુષોને શું કરે છે ?**

**પ્ર. ૧૫૮- અક્ષરાતીત ઉત્તમ પુરુષ કેવા છે ? કયા સ્વરૂપમાં છે ?**

**પ્ર. ૧૫૯- કોણ કોના કારણરૂપ છે ? તે વૃંદાવનનાથનું શું કરવું જોઈએ ?**

**પ્ર. ૧૬૦- ઉક્ત પુરુષોના વિષય-વસ્તુને સિદ્ધ કરવા માટે શું કોઈ પ્રમાણ છે ? અગર જો છે, તે પેશ કરો.**

**પ્ર. ૧૬૧- અમારી આરાધ્યા કોણ છે ? તે અમારા જીવની શું છે ?**

**પ્ર. ૧૬૨- જે લોકો શ્રી રાધા દેવીની આરાધના કઈ રીતે કરે છે, તેમનો હું શું છું ?**

**પ્ર. ૧૬૩- હું તમારામાં જ પોતાના કયા સ્વરૂપના દર્શન કરું છું ?**

**પ્ર. ૧૬૪- શ્રી કૃષ્ણજી કોને કહે છે કે તે વેદ-પાઠ વગેરે સાધનો દ્વારા પ્રાપ્ત થતાં નથી ?**

→ આદિનારાયણ અને બીજા અક્ષર પુરુષ કૂટસ્થ-સૃષ્ટિકર્તા. નાશવંત પુરુષનું નામ છે-ક્ષર અને અવિનાશી સૃષ્ટિકર્તા પુરુષનું નામ છે - અક્ષર.

ઉ. ૧૫૭- તે બંને પુરુષોથી ન્યારા-અલગ છે-ઉત્તમ પુરુષ. તેમને પરમાત્મા કહેવામાં આવે છે. તે બંને પુરુષો પર નિયંત્રણ કરે છે.

ઉ. ૧૫૮- અક્ષરાતીત ઉત્તમ પુરુષ આત્મા સ્વરૂપ છે અને આત્મીયલીલા કરે છે. અક્ષરાતીત ઉત્તમ પુરુષ ચિદ્‌ઘન ચિદાનંદ સ્વરૂપમાં છે તથા તે જ પરમ વિભુ (સર્વવ્યાપી, અનંત, અવિનાશી) બધાના સ્વામી છે.

ઉ. ૧૫૯- તે અક્ષરાતીત ઉત્તમ પુરુષ શ્રીકૃષ્ણ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે બધાના કારણરૂપ છે. તે વૃંદાવનનાથ શ્રી કૃષ્ણનું ધ્યાન કરવું જોઈએ.

ઉ. ૧૬૦- ઉક્ત પુરુષોના વિષય-વસ્તુને સિદ્ધ-પ્રમાણિત કરવાવાળા પ્રમાણ ઉત્તર નં. ૧૫૦માં જુઓ.

ઉ. ૧૬૧- સ્વયંસિદ્ધરૂપા રાધા દેવી અમારી આરાધ્યા છે. તે જ અમારા જીવની જીવન છે.

ઉ. ૧૬૨- જે લોકો શ્રી રાધા દેવીની આરાધના ભક્તિ-ભાવનાથી કરે છે, હું તેમનો અનુગૃહિત (આદરસત્કાર કરું) છું.

ઉ. ૧૬૩- હું આપમાં (તમારામાં) જ પોતાના વાસ્તવિક સ્વરૂપના દર્શન કરું છું. મારી ઈષ્ટરૂપ તથા આત્મસ્વરૂપ આપ રાધિકાજી છે. એટલા માટે હું સદાય આપની આરાધના કરું છું.

ઉ. ૧૬૪- શ્રી કૃષ્ણજી અર્જુનને માધ્યમ બનાવીને સૃષ્ટિની સર્વાત્માઓને કહે છે, ''હે અર્જુન! હું ન તો વેદ-પાઠ દ્વારા, ન તપસ્યાથી, ન દાન આપવાથી અને ન યજ્ઞ કરવાથી પ્રાપ્ત થઉં છું.''

**પ્ર. ૧૬૫- હું તો કઈ ભક્તિ માત્રથી જ પ્રાપ્ત થઈ શકું છું, એવું શ્રી કૃષ્ણજીએ અર્જુનને કહ્યું ?**

**પ્ર. ૧૬૬- ઉક્ત વાતો ક્યાં-કયા ધર્મગ્રંથમાં છે ? ઉક્ત વાતોને પ્રમાણિત કરવાવાળા શ્લોક પેશ કરો ?**

**પ્ર. ૧૬૭- અમે કેવા સ્વરૂપનો જાપ કરીએ છીએ ? પુનઃ અમારા સંપ્રદાયનો દીક્ષા-મંત્ર શું છે અને કેવા ગુણથી યુક્ત તેમજ શક્તિથી સંપન્ન છે ?**

**પ્ર. ૧૬૮- અમે કઈ દેવીને માનીએ છીએ ? પુનઃ પુરી અથવા ધામ કયા સ્થાનને માનીએ છીએ ?**

**પ્ર. ૧૬૯- કેવું રૂપ-લાવણ્યથી યુક્ત છે ?**

**પ્ર. ૧૭૦- ઉક્ત સ્વરૂપ શેની પર વિરાજમાન છે ? અમે કઈ જોડીનું સ્મરણ કરીએ છીએ ?**

**પ્ર. ૧૭૧- ઉક્ત વિષય-વસ્તુઓને પ્રમાણિત કરવાવાળા શું કોઈ પ્રમાણ છે ? અગર છે, તો અર્થસહિત પેશ કરો.**

ઉ. ૧૭૧- ઉક્ત વિષય-વસ્તુઓને પ્રમાણિત કરવાવાળા પ્રમાણ નિમ્ન પ્રકાર છે. જેમકે-

**રાધયા સહ શ્રી કૃષ્ણં યુગલં સિંહાસને સ્થિતમ્ ।**
**પૂર્વોકતં રૂપ લાવણ્યં દિવ્યભૂષા શ્રૃગમ્બરમ્ ।।**

- (વરાહ સંહિતા).

ઉ. ૧૬૫- હું તો કેવલ અનન્ય ભક્તિ દ્વારા જ પ્રાપ્ત થઈ શકું છું, એવું શ્રી કૃષ્ણજીએ અર્જુનને કહ્યું.

ઉ. ૧૬૬- ઉક્ત વાતો શ્રીમદ્‌ભાગવત ગીતામાં છે. ઉક્ત વાતોને પ્રમાણિત કરવાવાળા શ્લોક ઉત્તર નં. ૧૫૧ માં છે.

ઉ. ૧૬૭- અમે યુગલકિશોર શ્રી રાજશ્યામાજીનો જાપ કરીએ છીએ. પુનઃ અમારા સંપ્રદાયનો દીક્ષા મંત્ર તારતમ મંત્ર છે, જે સર્વપાપનાશક અને મોક્ષપ્રદ છે.

ઉ. ૧૬૮- અમે તો બ્રહ્મજ્ઞાન કરાવવાવાળી બ્રહ્મવિધાને જ દેવી માનીએ છીએ. પુનઃ શ્રી ૫ નવતનપુરી ધામને જ અમે પોતાની પુરી અથવા ધામ માનીએ છીએ.

ઉ. ૧૬૯- શ્રી રાધિકા મહારાણીરૂપ અને લાવણ્યથી યુક્ત દિવ્ય વેશભૂષાથી સંપન્ન છે.

ઉ. ૧૭૦- ઉક્ત સ્વરૂપ સુંદર સિંહાસન પર વિરાજમાન છે. શ્રી રાધાસહિત શ્રી કૃષ્ણની કિશોર યુગલજોડીનું અમે સ્મરણ કરીએ છીએ.

→ અર્થ :- રૂપ અને લાવણ્યથી સંપન્ન દિવ્ય વેશભૂષાથી યુક્ત તથા સિંહાસન પર બિરાજમાન શ્રી રાધા સહિત શ્રી કૃષ્ણની કિશોર યુગલજોડીનું સ્મરણ કરું છું.

પુનશ્ચઃ

**સ્વકૃત વિચિત્રયોનિષુ વિશન્નિવ હેતુતયા ।**
**તરતમતશ્ચકાસ્સ્યનલવત્ સ્વકૃતાનુકૃતિઃ ।।**
**અથ વિતથા સ્વમૂષ્વવિતથં તવ ધામ સમં ।**
**વિરજધિયોઽન્વયન્ત્યભિવિપણ્યવ એકરસમ્ ।।**

- (ભાગવત,૧૦ -૮૭-૧૯). →

→ અર્થ:-હે પરમાત્મન્ ! કાર્ય-કારણ, સ્વકૃત-વિકૃત યોનીઓમાં જડ-ચેતન નાનારૂપ પ્રાણીઓમાં પ્રવિષ્ટ આપ અગ્નિની ભાંતિ અર્થાત્ જેમ એક જ અગ્નિ કાષ્ઠનો આકાર ભેદીને અનેક રૂપોમાં ક્યાંય ઉત્તમ, તો ક્યાંય અધમ, તો ક્યાંય વિચિત્રરૂપથી દૃષ્ટિગોચર થાય છે. તેવી રીતે સ્વનિર્મિત અનેક આકૃતિઓમાં અંતર્યામીરૂપથી નાના ભાંતિ બધા પ્રકારથી આપ જ ભાસ (દેખાઈ) રહ્યા છો. પરંતુ આ તત્ત્વને તારતમ મંત્રથી જ જાણી શકીએ છીએ. હે પ્રભુ ! મિથ્યાભૂત નશ્વર એ નાના સ્વરૂપોને સમાઈ જવાથી પણ અતિ અવિનાશી એકરસ રહેવાવાળા તમારા ધામને કોઈ નિર્મલ બૃદ્ધિવાળા જ જાણે છે અને સ્તુતિ કરી પ્રાપ્ત થાય છે. →

**પ્ર. ૧૭૨- કાર્ય-કારણવશ કઈ યોનીઓમાં અને કેવા-કેવા રૂપમાં કોણ, કયા પ્રકારે પ્રવિષ્ટ છે ?**

**પ્ર. ૧૭૩- એક જ કાષ્ઠનો આકાર ભેદની જેમ કોણ અનેક રૂપમાં દૃષ્ટિગોચર થાય છે ?**

ઉ. ૧૭૩- તે પ્રભુ-દિવ્ય પરમાત્મા તો જેમ એક જ અગ્નિ કાષ્ઠનો આકાર →

**પ્ર. ૧૭૪- શેમાં, કયા-કયા રૂપમાં, કઈ રીતે, કોણ ભાસે છે ?**

**પ્ર. ૧૭૫- ઉક્ત પ્રકારની વાતો કયા મંત્રાધાર જ્ઞાનથી જ સમજી શકાય છે ?**

**પ્ર. ૧૭૬- મિથ્યાભૂત નશ્વર કોને સમાઈ જવાથી પણ કોણ રહે છે ?**

**પ્ર. ૧૭૭- કોના, કેવા ધામને, કેવી બુદ્ધિવાળા જ જાણે છે અને કેવી રીતે પ્રાપ્ત કરે છે ?**

પુનઃ

**બ્રહ્મવિદ્યાં પ્રવક્ષ્યામિ સર્વજ્ઞાનમનુત્તમમ્ ।**
**યત્રોત્પત્તિલયં ચૈવ બ્રહ્માવિષ્ણુમહેશ્વરાઃ ।।**

- (બ્રહ્મવિદ્યોપનિષદ).

અર્થઃ-સર્વ જ્ઞાનોથી ઉત્તમ જ્ઞાન બ્રહ્મજ્ઞાન હું કહું છું. જે બ્રહ્મવિદ્યામાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરેનો ઉત્પત્તિ-લય થાય છે, જે સર્વોત્તમ બ્રહ્મવિદ્યાથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરેનો આવિર્ભાવ તેમજ તિરોભાવ થાય છે.

ઉ. ૧૭૨- કાર્ય-કારણવશ સ્વકૃત-વિકૃત યોનીઓમાં જડ-ચેતન નાનારૂપ પ્રાણીઓમાં તે પરમાત્મા-પ્રભુ અગ્નિની ભાંતિ પ્રવિષ્ટ છે.

→ ભેદથી અનેક રૂપમાં ક્યાંક ઉત્તમ, તો ક્યાંક અધમ, તો ક્યાંય વિચિત્ર રૂપમાં દૃષ્ટિગોચર થાય છે. તે જ પ્રકાર તો બ્રહ્મ અનેકરૂપમાં દૃષ્ટિગોચર થાય છે.

ઉ. ૧૭૪- સ્વનિર્મિત અનેક આકૃતિઓમાં અંતર્યામીરૂપથી નાના-ભાંતિ, બધા પ્રકારથી તે પરમાત્મા જ ભાસે છે.

ઉ. ૧૭૫- પૂર્વોક્ત તત્ત્વોને તારતમ મંત્રાધાર જ્ઞાનથી જ જાણી-સમજી શકીએ છીએ, અન્યથા સમજ આવતી નથી.

ઉ. ૧૭૬- મિથ્યાભૂત નશ્વર ઉક્ત નાના સ્વરૂપોને સમાઈ જવાથી પણ અવિનાશી એકરસ સ્વરૂપ પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી કૃષ્ણ જ રહે છે.

ઉ. ૧૭૭- ઉક્ત વર્ણિત સ્વરૂપના અવિનાશી ધામને કોઈ નિર્મલ બુદ્ધિવાળા જ જાણે છે અને સ્તુતિ કરી પ્રાપ્ત કરે છે.

પ્ર. ૧૭૮- ઉક્ત કથિત ગૂઢાતિગૂઢ રહસ્યમય તત્ત્વ વિષયક પ્રમાણ કયું છે અને ક્યાં છે ?

પ્ર. ૧૭૯- સર્વ જ્ઞાનથી કેવા જ્ઞાનનું વર્ણન કર્યું છે. તે જ્ઞાનમાં કોનું-કોનું શું થાય છે ? પુનઃ કોનો-કોનો આવિર્ભાવ તેમજ તિરોભાવ થાય છે ?

પ્ર. ૧૮૦- અમારા પક્ષ કેટલાં છે અને તે કયા રૂપમાં છે ? અમારા ધર્મ સિદ્ધાંતની શાલા કઈ છે ?

પ્ર. ૧૮૧- અમારા સિદ્ધાંતના ભક્તજનોના ક્ષેત્ર કયા છે, જેના પ્રતાપથી મહાપાપોનો પણ નાશ થઈ જાય છે ?

પ્ર. ૧૮૨- અમારા નિજાનંદ સિદ્ધાંતમાં સુખવિલાસનું સ્થાન કોને માનવામાં આવે છે ?

પ્ર. ૧૮૩- પુનઃ ઉક્ત સિદ્ધાંતની માન્યતાઓમાં ઋષિના રૂપમાં કોને માન્યતા આપી છે ? કેમ ?

પ્ર. ૧૮૪- અમારા નિજાનંદ ધર્મ સિદ્ધાંતમાં કયા વેદ અને તીર્થની માન્યતા છે ?

પ્ર. ૧૮૫- અમે કયા શાસ્ત્રનું જ્ઞાન શ્રવણ કરીએ છીએ ? પુનઃ કેમ ?

ઉ. ૧૭૮- ઉક્ત કથિત ગૂઢાતિગૂઢ રહસ્યમય તત્ત્વ વિષયક પ્રમાણ ઉત્તર૨ નં. ૧૭૧ માં છે અને શ્રીમદ્‌ભાગવતના દશમ સ્કંધના ૮૭મા અધ્યાયના ૧૯મા શ્લોકમાં છે.

ઉ. ૧૭૯- સર્વ જ્ઞાનથી ઉત્તમ બ્રહ્મજ્ઞાનનું વર્ણન કર્યું છે, જે બ્રહ્મવિદ્યામાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરનો ઉત્પત્તિ-લય થાય છે. પુનઃ જે સર્વોત્તમ બ્રહ્મવિદ્યાથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરેનો આવિર્ભાવ (ઉત્પન્ન) તેમજ તિરોભાવ (લય) થાય છે.

ઉ. ૧૮૦- અમારા પક્ષ ૧૦૮ છે અને તે આત્માને પરમાત્મા (ઈષ્ટ) ના ચરણો સુધી પહોંચાડવાની જ્ઞાનરૂપી સીડીઓ છે. અમારા ધર્મ સિદ્ધાંતની શાલા ગોલોક છે.

ઉ. ૧૮૧- અમારા ધર્મ સિદ્ધાંતના ભક્તજનોની આત્માનું ક્ષેત્ર અમારા શ્રી સદ્‌ગુરુના ચરણ છે, જેના પ્રતાપથી મહાપાપોનો પણ નાશ થઈ જાય છે.

ઉ. ૧૮૨- અમારા શ્રીમન્નિજાનંદ સિદ્ધાંતમાં અખંડ નિત્ય વૃંદાવનને સુખ વિલાસનું સ્થાન માનવામાં આવે છે.

ઉ. ૧૮૩- અમારા ધર્મ સિદ્ધાંતની માન્યતાઓમાં મહાવિષ્ણુને ઋષિના રૂપમાં માન્યતા આપી છે કેમ કે અમે મહાવિષ્ણુ-આદિનારાયણની સૃષ્ટિ અથવા બ્રહ્માંડરૂપી રાજ્યમાં ખેલ જોવા આવ્યા છે.

ઉ. ૧૮૪- અમારા નિજાનંદ ધર્મ સિદ્ધાંતમાં સ્વસંવેદની માન્યતા છે અને અમે શ્રી યમુનાજીને તીર્થ માનીએ છીએ.

ઉ. ૧૮૫- અમે પોતાના ઈષ્ટની લીલાનું વર્ણન કરવાવાળો ગ્રંથ શ્રીમદ્‌ભાગવત દ્વારા જ્ઞાન શ્રવણ કરીએ છીએ કેમ કે તેમાં બ્રહ્મલીલા-વ્રજ અને રાસનું વર્ણન છે, જે લીલાજ્ઞાનથી અમારી બુદ્ધિ જાગૃત થાય છે.

**પ્ર. ૧૮૬- અમારા ધર્મ સિદ્ધાંતના ભક્તજનોના કુળનું મૂલ શું છે અને ધર્મ સિદ્ધાંતની ઉક્ત માન્યતાઓ દ્વારા અમને કયા ફળની પ્રાપ્તિ થાય છે ?**

ઉ. ૧૮૬- અમારા ધર્મ સિદ્ધાંતના ભક્તજનોની આત્માઓના કુળનું મૂલ આનંદ →

**પ્ર. ૧૮૭- અમારા સિદ્ધાંતની આત્માઓનું મુક્તિધામ ક્યાં છે અને નિવાસસ્થાન ક્યાં છે ?**

**પ્ર. ૧૮૮- અમારા સંપ્રદાયનું નામ શું છે ? પુનઃ આ સંપ્રદાયનું પ્રકટીકરણ કોના દ્વારા થયું છે ?**

**પ્ર. ૧૮૯- કોની કૃપા-દયાથી અમને આ સંપ્રદાયનું પરમતત્ત્વ જ્ઞાન પ્રાપ્ત થયું છે ?**

**પ્ર. ૧૯૦- કોના ચરણ-પ્રતાપથી અમે તે અક્ષરાતીત ધામ-દ્વાર (ધામ દરવાજા) માં પ્રવેશ કરીએ છીએ ?**

**પ્ર. ૧૯૧- ઉક્ત પદ્ધતિની માન્યતાઓને પ્રગટ થવાની સાક્ષી કયા શાસ્ત્રમાં છે ?**

ઉ. ૧૯૧- ઉક્ત પદ્ધતિના માન્યતાઓને પ્રગટ થવાની સાક્ષી કૈલાશવાસી →

**પ્ર. ૧૯૨- હરિદ્વાર સ્થિત કુંભના મેળામાં કોણે, કોના-કોનાથી કેવી ચર્ચા કરી ?**

**પ્ર. ૧૯૩- આપણી લૌકિક અને પારલૌકિક બધા ઘોષણાઓને સિદ્ધ કરવા હેતુ કોને, કોનાથી સંમત સાક્ષીઓ આપી ?**

→ છે કેમ કે નિજાનંદ સંપ્રદાયનું ઉદ્‌ગમ નિત્યાનંદ સ્વરૂપ શ્રી શ્યામાજીથી થયું છે. પુનઃ ધર્મ સિદ્ધાંતની ઉક્ત માન્યતાઓ દ્વારા આત્માનું કલ્યાણ થાય છે અને અખંડ આનંદ વિહારરૂપી ફલની પ્રાપ્તિ થાય છે.

ઉ. ૧૮૭- અમારા સિદ્ધાંતની આત્માઓનું મુક્તિધામ દિવ્ય બ્રહ્મપુર છે તથા પૂર્ણબ્રહ્મ અક્ષરાતીતનું ઘર-પરમધામ જ અમારું નિવાસસ્થાન છે.

ઉ. ૧૮૮- અમારા સંપ્રદાયનું નામ **''નિજાનંદ સંપ્રદાય''** છે. પુનઃ આ સંપ્રદાયનું પ્રગટીકરણ (ઉત્પત્તિ) સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજી દ્વારા થયું છે.

ઉ. ૧૮૯- નિજાનંદ સ્વરૂપ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીની દયા-કૃપા દ્વારા જ અમને આ સંપ્રદાયનું પરમતત્ત્વ-જ્ઞાન પ્રાપ્ત થયું છે.

ઉ. ૧૯૦- નિજાનંદ સ્વરૂપ સદ્‌ગુરુના ચરણ-પ્રતાપથી અમે તે અક્ષરાતીત બ્રહ્મ-ધામના દ્વારમાં પ્રવેશ કરીએ છીએ.

→ મહાદેવજીના ''માહેશ્વર તંત્ર'' નામક ગ્રંથમાં સ્પષ્ટરૂપથી વર્ણિત છે. અમારા સદ્‌ગુરુને પ્રાપ્ત 'નિજાનંદ' પદવી પણ મહાદેવજી દ્વારા રચિત માહેશ્વર તંત્ર દ્વારા જ પ્રમાણિત છે. તેમના દ્વારા કહેલું ભવિષ્ય વચન અત્યારે અહીં જાહેર થયું છે.

ઉ. ૧૯૨- ઉપરોક્ત પ્રકારથી હરિદ્વાર સ્થિત કુંભના મેળામાં વિભિન્ન સંપ્રદાયના આચાર્યોથી શ્રીજી સાહેબ સ્વરૂપે મહતી (વિશાલ) ચર્ચા કરી.

ઉ. ૧૯૩- હરિદ્વાર કુંભના મેળામાં શ્રી પ્રાણનાથજી સ્વરૂપે પોતાની/આપણી લૌકિક અને પારલૌકિક બધી ઘોષણાઓને સિદ્ધ કરવા માટે વેદ, પુરાણ, શાસ્ત્ર, ઉપનિષદ આદિથી સંમત સાક્ષીઓ આપી.

પ્ર. ૧૯૪- કોના સમયમાં ધૂમકેતુ-પૂંછડિયો તારો જોવામાં આવ્યો. પુનઃ તે વર્ષ કેટલાં મહિનાનો હતો ?

પ્ર. ૧૯૫- તે સમય સંસારના પ્રાયઃ બધા લોકો કેવી અવસ્થામાં હતા ?

પ્ર. ૧૯૬- સંસારના સમસ્ત ધર્મગ્રંથોમાં શું ઘોષણા છે ? કયા સમયમાં, કેવા અવતાર પ્રગટ થઈને શું ચલાવશે ?

પ્ર. ૧૯૭- કઈ વાણીને બધા લોકો વાંચતાં રહ્યા, કિંતુ કઈ બુદ્ધિના કારણે શું થયું ?

પ્ર. ૧૯૮- એ જ વર્ષે કેટલાં વિ.સં. થી કઈ શાકા પ્રારંભ થવાનું કહ્યું હતું ?

પ્ર. ૧૯૯- સંસારનાં કયા-કયા સંપ્રદાયોના આચાર્યોથી શાસ્ત્રાર્થ કરી કોણે, શું પ્રાપ્ત કરી ?

પ્ર. ૨૦૦- કોની આજ્ઞાથી ઉપસ્થિત જનસમૂહથી વચ્ચે કાર્ય-કારણવશ કોનો વિસ્તાર કર્યો ?

પ્ર. ૨૦૧- ઉક્ત પ્રકાર હરિદ્વારના મેળામાં શું જોયા પછી શ્રીજી સ્વરૂપે ક્યાં જવાનો વિચાર કર્યો ?

પ્ર. ૨૦૨- ક્યાં સ્થિત, કોની હવેલીમાં સુંદરસાથને છોડીને કોણ, ક્યાં આવ્યા હતા ?

ઉ. ૧૯૪- વિ.સં. ૧૭૩૫ માં ધૂમકેતુ-પૂંછડિયો તારો દેખાયો (જોવામાં આવ્યો). પુનઃ તે વર્ષમાં એક માસ ઓછો હતો અર્થાત્ તે વર્ષ અગિયાર મહિનાનો હતો.

ઉ. ૧૯૫- તે સમય સંસારના બુદ્ધિજીવી લોકો સહિત પ્રાયઃ સંપૂર્ણ લોકો અજ્ઞાનપૂર્ણ અવસ્થામાં અચેત જેવા હતા.

ઉ. ૧૯૬- સંસારના સમસ્ત ધર્મગ્રંથોમાં ભવિષ્યવાણીના રૂપમાં એ ઘોષણા કરી કે ઉક્ત વર્ણિત સમયમાં જ વિજયાભિનંદ બુદ્ધ નિષ્કલંક અવતાર પ્રગટ થઈને શાકા ચલાવશે.

ઉ. ૧૯૭- ઉક્ત પ્રકારની ઘોષણાયુક્ત ભવિષ્યવાણીને બધા લોકો વાંચતાં રહ્યા, કિંતુ ભ્રમિત બુદ્ધિના કારણે ભૂલતાં રહ્યા.

ઉ. ૧૯૮- એ જ વર્ષે વિ.સં. ૧૭૩૫ અને શાલીવાહન શાકા ૧૬૦૦ પૂર્ણથી વિજયાભિનંદ બુદ્ધજીની શાકા પ્રારંભ થવાનું કહ્યું હતું.

ઉ. ૧૯૯- સંસારના પ્રમુખ પ્રચલિત સંપ્રદાયોના આચાર્યોથી શાસ્ત્રાર્થ કરી શ્રીજીએ વિજય પ્રાપ્ત કરી.

ઉ. ૨૦૦- અક્ષરાતીત અદ્વૈત બ્રહ્મ શ્રી રાજજીની આજ્ઞાથી ઉપસ્થિત જનસમૂહના વચ્ચે વિજય પ્રાપ્ત કરી કાર્ય-કારણવશ સત્ય ધર્મનો વિસ્તાર કર્યો.

ઉ. ૨૦૧- ઉક્ત પ્રકાર હરિદ્વારના કુંભમેળામાં વિભિન્ન ધર્મ સંપ્રદાયોનો ખેલ-તમાશો જોયા પછી શ્રીજી સ્વરૂપે દિલ્હી જવાનો વિચાર કર્યો.

ઉ. ૨૦૨- દિલ્હી સ્થિત દાઉદ પાંડેની હવેલીમાં સુંદરસાથને છોડીને શ્રીજી સાહેબજી હરિદ્વારના કુંભમેળામાં આવ્યા હતા.

**પ્ર. ૨૦૩- પુનઃ ક્યાંથી ચાલીને શ્રીજી સ્વરૂપ ફરી દિલ્હી પહોંચ્યા અને કોને મળ્યા ?**

**પ્ર. ૨૦૪- આ સમય શ્રી પ્રાણનાથજીની સેવામાં હંમેશા કોણ રહેતાં હતા ?**

**પ્ર. ૨૦૫- કોણે, કોને અને કેવી જવાબદારી પ્રદાન કરી હતી ? તેમને શ્રીજી પોતાના શ્રી મુખથી અને શું કહેતાં હતા ?**

**પ્ર. ૨૦૬- કોની પાસે સંદેશ પહોંચાડવાની આજ્ઞા શ્રીજીએ કોને અને ક્યારે આપી હતી ?**

ઉ. ૨૦૬- હરિદ્વાર જવાના પહેલાં શ્રી પ્રાણનાથજી મોમિનોની સાથે જે →

**પ્ર. ૨૦૭- પુનઃ ઉક્ત કાર્યને થોડા સમય માટે શું કરવામાં આવ્યું હતું ? હવે પુનઃ શું કાર્ય કરવાની આજ્ઞા થઈ ?**

**પ્ર. ૨૦૮- ઉક્ત કાર્ય માટે ઉત્સુકતાપૂર્વક કોણ કદમ વધારતા હતા ?**

ઉ. ૨૦૮- જ્યારે શ્રીજી સાહેબ દ્વારા ઉપરોક્ત કાર્યને ફરીથી શરૂઆત કરવાની આજ્ઞા પ્રાપ્ત થઈ, ત્યારે શ્રીજીની આજ્ઞા પામીને આ કાર્યના પ્રતિ →

## ❖ ઔરંગઝેબને પેગામ ❖

**પ્ર. ૧- હરિદ્વારથી નિષ્કલંક બુદ્ધાવતાર, મહાપ્રભુ શ્રી પ્રાણનાથજી દિલ્હી આવીને કોની હવેલીમાં સ્થિત સાથીઓને મળ્યા ?**

**પ્ર. ૨- શ્રી પ્રાણનાથજીએ હરિદ્વારમાં કેટલાં સમય સુધી રહ્યા પછી પુનઃ દિલ્હી આવીને સુંદરસાથને સહારો આપ્યો ?**

ઉ. ૨૦૩- હરિદ્વારમાં ધર્મવિજય પ્રાપ્ત કરી શ્રીજી સ્વરૂપ પુનઃ હરિદ્વારથી દિલ્હી આવ્યા અને સાથીઓને મળ્યા.

ઉ. ૨૦૪- આ સમય શ્રી પ્રાણનાથજીની સેવામાં હંમેશા ગરીબદાસજી રહેતાં હતા.

ઉ. ૨૦૫- ગરીબદાસભાઈને શ્રીજીએ ખાનસામાની જવાબદારી પ્રદાન કરી હતી. શ્રીજી તેમને પોતાના શ્રી મુખથી દીવાન પણ કહેતાં હતા.

→ ઔરંગઝેબ બાદશાહને સંદેશ પહોંચાડવાના કાર્યની તૈયારી કરી રહ્યા હતા, તે જ બાદશાહની પાસે સંદેશ પહોંચાડવાની આજ્ઞા લાલદાસજીને શ્રીજીએ હરિદ્વાર જવાના પહેલાં આપી હતી.

ઉ. ૨૦૭- પુનઃ ઉક્ત કાર્યને થોડા સમય માટે સ્થગિત કરી દેવામાં આવ્યું હતું. હવે પુનઃ ઉક્ત બાકી રહેલ કાર્યને આગળ વધારવાની આજ્ઞા થઈ.

→ કદમ આગળ વધારવા માટે શ્રી લાલદાસજી સદાય / સદૈવ જ ઉત્સુક રહેતાં હતા.

**-(પ્રકરણ-૩૭, પ્રશ્ન-ઉત્તર નં.-૨૦૮, કુલ સં. ૧૬૬૪+૨૦૮=૧૮૭૨).**

## ❖ ઔરંગઝેબને પેગામ ❖

ઉ. ૧- મહામતિ શ્રી પ્રાણનાથજી હરિદ્વારથી નિષ્કલંક બુદ્ધાવતાર સાબિત થઈને ધર્મ વિજય પ્રાપ્ત કરી દિલ્હી આવ્યા અને દાઉદ પાંડેની હવેલીમાં રહેતાં સાથીઓને મળ્યા.

ઉ. ૨- મહામતિ શ્રી પ્રાણનાથજીએ હરિદ્વારમાં ચાર મહિના રહીને પુનઃ દિલ્હી આવીને મહાન ધર્મ અભિયાનમાં સુંદરસાથને સહારો આપ્યો.

**પ્ર. ૩- ક્યાં બેસીને શ્રી પ્રાણનાથજીએ મહિલાઓ તથા અન્ય સીધા-સાદા બાલ-વૃદ્ધોને સુરક્ષિત સ્થાનમાં રાખીને કાર્ય કરવાનો પરામર્શ કર્યો ?**

ઉ. ૩- દિલ્હી સ્થિત દાઉદ પાંડેની હવેલીમાં બેસીને શ્રી પ્રાણનાથજીએ →

**પ્ર. ૪- હવે આની આગળ કોણ અને કેવું અભિયાન ચલાવવાની તૈયારીઓ કરી રહ્યા છે ?**

ઉ. ૪- હવે આની આગળ શ્રીજી સ્વરૂપ મહિલાઓ તેમજ અશક્તજનોને સુરક્ષિત →

**પ્ર. ૫- ઉપરોક્ત સમસ્ત લોકોને લઈને શ્રીજી સ્વરૂપ દિલ્હીથી ક્યાં ચાલ્યા અને ત્યાં તેમને કઈ રીતે રાખ્યા ?**

**પ્ર. ૬- અનુપ શહેરના ચૌધરી કોણ હતા ? તે શ્રીજીને દર્શનાર્થ કેટલી વાર આવ્યા ?**

**પ્ર. ૭- તેમને શ્રીજીને શું ભેટ કર્યુ ? તેમને શ્રીજી સ્વરૂપની કઈ રીતે ઓળખ કરી ? શું તે શ્રીજી સ્વરૂપના વાસ્તવિક સ્વરૂપને ઓળખી શક્યા ?**

**પ્ર. ૮- શ્રીજી સ્વરૂપ અનુપ શહેરથી પુનઃ દિલ્હી આવીને ક્યાં રોકાયા અને ત્યાંના સુંદરસાથથી કેવી સલાહ-મશવિરા કર્યા ?**

ઉ, ૮- ઉક્ત પ્રકારથી સુંદરસાથને અનુપ શહેરમાં રોકાવી (રાખી) ને મહાપ્રભુ →

**પ્ર. ૯- શ્રીજી સ્વરૂપના અનુપ શહેરથી પાછાં આવવાના સમાચાર સાંભળતાં જ દિલ્હીના સુંદરસાથ કઈ રીતે શ્રીજી સ્વરૂપને મળવા આવ્યા ?**

→ સુંદરસાથને મહિલાઓ સહિત સીધા સાદા અને બાલ-વૃદ્ધોને રહેવા માટે એક સુરક્ષિત સ્થાનની વ્યવસ્થા કરવાનું તેમજ એકલાં પુરુષ વર્ગ સહિત સ્વતંત્ર થઈને ઔરંગઝેબથી ધર્મયુદ્ધ કરવાનો પરામર્શ (વિચાર) કર્યો.

→ સ્થાનમાં રાખીને પુરુષ વર્ગને સાથે લઈને ઔરંગઝેબ સુધી સંદેશ (પેગામ) પહોંચાડવા માટે શું-શું રસ્તો કાઢવો પડશે, કોઈપણ રીતથી ધર્મ અભિયાનની યોજના તય (નક્કી) કરવાની તૈયારીઓ કરી રહ્યા છે.

ઉ. ૫- ઉક્ત પ્રકારથી વિચાર-વિમર્શ કરી સમસ્ત મહિલા વર્ગને સાથે લઈને શ્રીજી સ્વરૂપ દિલ્હીથી અનુપ શહેર ચાલ્યા અને ત્યાં એક હવેલી લઈને મહિલા સુંદરસાથને રહેવાનો પ્રબંધ કરી દીધો.

ઉ. ૬- અનુપ શહેરના ચૌધરી એક પાઠક હતા. તે બે વાર શ્રીજીના દર્શનાર્થ આવ્યા અને તેનાથી શ્રીજીએ ચર્ચા પણ કરી.

ઉ. ૭- તેમને શ્રીજી સ્વરૂપને ગુલાબના અત્તરની શીશી ભેટ કરી. તેમને સ્વામીજીના સ્વરૂપની ઉપરી ઓળખ (પહેચાન) હતી. શ્રીજીની અંતરાત્માને તે પારખી શક્યા નહિ.

→ શ્રી પ્રાણનાથજી પુનઃ દિલ્હી આવ્યા. દિલ્હીના શાહગંજમાં રોકાઈને તેઓએ ત્યાંના સુંદરસાથથી સલાહ-મશવિરા કર્યા કે હવે આગળનો કાર્યક્રમ કઈ રીતે આગળ વધારવો છે.

ઉ. ૯- શ્રીજી સાહેબના અનુપ શહેરથી દિલ્હી પાછાં આવવાના સમાચાર સાંભળતાં જ દિલ્હીના સુંદરસાથ શ્રીજીના દર્શનાર્થ ભાગી-ભાગીને આવવા લાગ્યા.

પ્ર. ૧૦- અહીંયા દિલ્હીમાં એકત્રિત સુંદરસાથની વચ્ચે બેસીને શ્રીજીએ કોને સંદેશ પહોંચાડવાની યોજના બનાવી ?

પ્ર. ૧૧- શાહગંજની હવેલીથી શ્રી પ્રાણનાથજીએ કોને-ક્યાં પત્ર લખીને તે પત્ર પહોંચાડવા માટે આદમી મોકલ્યો ?

પ્ર. ૧૨- તે પત્રમાં શ્રીજી સ્વરૂપે ક્યાંથી ક્યાં સુધીનો અથવા કયા વિષયના સમાચાર લખ્યા હતા ?

પ્ર. ૧૩- પુનઃ શ્રી પ્રાણનાથજી શાહગંજ છોડીને ક્યાં આવ્યા ? ત્યાં સુંદરસાથને મળીને કોને લખેલાં પત્ર પર વિચાર-વિમર્શ કર્યો ?

પ્ર. ૧૪- કોને બોલાવીને સનંધ વાણી સંભળાવવામાં આવી ? તેમાં કોની અત્યાધિક પ્રશંસા કરી હતી ?

પ્ર. ૧૫- નબી અને નારાયણની તુલના કરેલાં પ્રકરણને સાંભળતાં જ આશાજીતભાઈને શું થયું ?

પ્ર. ૧૬- તે પ્રકરણ સાંભળીને આશાજીતભાઈએ શ્રીજી સ્વરૂપની આગળ શું વિચાર પ્રકટ કર્યો ?

પ્ર. ૧૭- આશાજીતભાઈએ શ્રી પ્રાણનાથજીને 'બિના સિરકા આદમી' કેમ કહ્યું અથવા એનું શું કારણ છે ?

ઉ. ૧૦- દિલ્હીમાં એકત્રિત ત્યાંના સ્થાયી સુંદરસાથની વચ્ચે બેસીને શ્રીજીએ (સ્વામી શ્રી પ્રાણનાથજીએ) બાદશાહ ઔરંગઝેબ સુધી સંદેશ પહોંચાડવાની યોજના બનાવી.

ઉ. ૧૧- દિલ્હી સ્થિત શાહગંજની હવેલીથી મહાપ્રભુ શ્રી પ્રાણનાથજીએ એક પત્ર નવતનપુરી ગાદીપતિ શ્રી બિહારીજીને લખ્યો અને તે પત્ર પહોંચાડવા માટે એક સાથીને મોકલી દીધા.

ઉ. ૧૨- તે પત્રમાં શ્રીજી સાહેબે સૂરતથી લઈને આજસુધીના ધર્મ અભિયાન વિષયક સમસ્ત સમાચાર સવિસ્તાર લખ્યા હતા.

ઉ. ૧૩- પુનઃ શાહગંજની હવેલી છોડીને શ્રી પ્રાણનાથજી લાલ દરવાજાની હવેલીમાં આવી ગયા અને ત્યાં સમસ્ત સુંદરસાથને મળીને ઔરંગઝેબને લખેલાં પત્ર પર વિચાર-વિમર્શ કર્યો.

ઉ. ૧૪- આશાજીતભાઈને બોલાવીને સનંધ વાણી સંભળાવવામાં આવી. તે વાણીમાં પરમાત્માની કૃપા પાત્ર મહંમદ સાહેબની અતિ બહુ જ (ભૂરી-ભૂરી) પ્રશંસા કરવામાં આવી હતી.

ઉ. ૧૫- સનંધ વાણીમાં આવેલાં નબી અને નારાયણની તુલના કરેલાં પ્રકરણને સાંભળતાં જ આશાજીતભાઈનો વિશ્વાસ ડોલી ગયો (ઉઠી ગયો).

ઉ. ૧૬- તે પ્રકરણ સાંભળ્યા પછી આશાજીતભાઈએ શ્રીજીની આગળ કહ્યું, ''આપની ત્યાં હવે હિંદુપક્ષની કોઈ વિશેષતા ન રહી. અહીંયા તો ઇસ્લામ પક્ષને જ અધિક મહત્ત્વ આપવા જઈ રહ્યું છે.''

ઉ. ૧૭- ઔરંગઝેબ જેવા ક્રૂર મોગલ શાસકના રાજ્યમાં શ્રી પ્રાણનાથજીને બેધડક થઈને કમર બાંધીને ધર્મયુદ્ધ કરતાં જોઈને આશાજીતભાઈએ શ્રી પ્રાણનાથજીને 'બિના સિરના આદમી' કહ્યું.

**પ્ર. ૧૮- આશાજીતભાઈ શ્રી પ્રાણનાથજીની તૈયારીઓ જોઈને ડરતાં-ડરતાં શું કહેતાં ભાગી ગયા ?**

ઉ. ૧૮- આશાજીતભાઈ શ્રી પ્રાણનાથજીની તૈયારીઓ જોઈને કહેવા લાગ્યા, →

**પ્ર. ૧૯- શ્રીજી સાહેબ આશાજીતભાઈને છોડીને પુનઃ શું વિચાર કરવા લાગ્યા ?**

**પ્ર. ૨૦- ત્યાંના સુંદરસાથને શ્રીજીએ શું પૂછ્યું ? તે વ્યક્તિ દ્વારા શ્રીજી શું કરાવવા ચાહતા હતા ?**

**પ્ર. ૨૧- કોણ અમારો સંદેશો ક્યાં સુધી પહોંચાડી આપે, તો કોના મનના બધા દોષ દૂર થઈ જશે, એવું શ્રીજીએ કહ્યું ?**

**પ્ર. ૨૨- ઉક્ત પ્રકારથી નક્કી કરીને આપસમાં નિર્ભય થઈને કોણ, કોને મળવા માટે ગયા ?**

**પ્ર. ૨૩- કાજી શેખ સલેમાનને મળીને મોમિનોએ શું અરજ-પ્રાર્થના કરી ?**

**પ્ર. ૨૪- કાજી શેખ સલેમાન શ્રીજી સ્વરૂપને કેટલી વાર મળ્યા હતા ? તે કેવા આદમી હતા અને શ્રીજીથી શું ચાહતા હતા ?**

**પ્ર. ૨૫- કાજી શેખ સલેમાનને મળીને બ્રહ્મમુનિઓએ તેમને શું કહ્યું કે તેમણે તેમની પાસે કોને મોકલ્યા છે ?**

→ ''અરે ! એક તો ઔરંગઝેબનું નિરંકુશ રાજ્ય ! ! તેની પર પણ આપ શરાઅના કટ્ટર રાજ્યાધિકારીઓથી લડવા માટે તૈયાર થયા ? એ જોઈને મને તો ચેન જ પડી રહ્યું નથી.'' એવું કહેતાં ડરના માર્યા ભાગી ગયા.

ઉ. ૧૯- આશાજીતભાઈના ઉક્ત હાલ જોઈને શ્રીજી સ્વરૂપ આશાજીતભાઈને છોડીને હવે અન્ય સુંદરસાથની વચ્ચે બેસીને આ સંબંધમાં તેમનાથી વિચાર-વિમર્શ કરવા લાગ્યા કે હવે આગળ શું કરી શકાય ?

ઉ. ૨૦- દિલ્હીના સુંદરસાથને શ્રીજી સાહેબે પૂછ્યું, ''બાદશાહના બધાથી નિકટતમ રાજ્યાધિકારી-કાજી કોણ છે ? અમે તે વ્યક્તિના માધ્યમથી બાદશાહને સંદેશ પહોંચાડવા ચાહીએ છીએ''.

ઉ. ૨૧- બાદશાહના નિકટતમ કાજીને મળીને પોતાની વાસ્તવિકતા તેની આગળ પ્રગટ કરી શકાય. ફરી જો તે અમારો સંદેશો ઔરંગઝેબ સુધી પહોંચાડી આપે, તો તેના મનના બધા દોષ દૂર થઈ જશે.

ઉ. ૨૨- ઉક્ત પ્રકારથી નક્કી કરીને આપસમાં નિર્ભય થઈને મોમિન સાથી કાજી શેખ સલેમાનને મળવા માટે ગયા.

ઉ. ૨૩- કાજી શેખ સલેમાનને મળીને મોમિનોએ અરજ-પ્રાર્થના કરી, ''આપ અમને કોઈપણ પ્રકારથી બાદશાહને મિલાવી દો (ભેટ કરાવી દો).''

ઉ. ૨૪- કાજી શેખ સલેમાન એનાથી પહેલાં મહાપ્રભુ શ્રી પ્રાણનાથજીને બે વાર મળી ચૂક્યા હતા. તે છલ-કપટપૂર્ણ આદમી હતા. તે ચાહતા હતા કે સ્વામીજી કંઈક ચમત્કાર બતાવે, તો તેની પર વિશ્વાસ કરી શકાય.

ઉ. ૨૫- કાજી શેખ સલેમાનને મળીને બ્રહ્મમુનિઓએ તેમને કહ્યું કે તેમણે તેમની પાસે એક ફકીરે મોકલ્યા છે.

**પ્ર. ૨૬- મોકલવાવાળા વ્યક્તિ ક્યાં છે, આ વિષયમાં મોમિનોએ શું કહીને કાજી શેખ સલેમાનને વિશ્વાસ અપાવ્યો ?**

**પ્ર. ૨૭- તે કાજીને બ્રહ્માત્માઓએ કયા પ્રકારનું પ્રલોભન બતાવ્યું ?**

ઉ. ૨૭- કાજીને પ્રલોભન બતાવતાં બ્રહ્માત્માઓએ કહ્યું, ''જો આપ તે ફકીરનું →

**પ્ર. ૨૮- ઉક્ત વાતોના સિવાય ફકીરનું કાર્ય કરવાથી અન્ય શું-શું થશે, એવું મોમિનોએ કાજીને કહ્યું ?**

ઉ. ૨૮- મોમિનોએ કાજીને કહ્યું, ''આપની ઉક્ત વાતો તો સિદ્ધ થશે જ, પરંતુ →

**પ્ર. ૨૯- ઉક્ત વાતોના સિવાય શેખ સલેમાન કાજીને મોમિનોએ તેમના ગૌરવ-મહિમાના વિષયમાં શું કહ્યું ?**

ઉ. ૨૯- ઉક્ત વાતોના સિવાય શેખ સલેમાન કાજીને મોમિનોએ તેમના ગૌરવ-મહિમાના વિષયમાં કહ્યું, ''પુનઃ જો આપ તે ફકીરનું કામ કરીને →

**પ્ર. ૩૦- પુનઃ ફકીરનું કાર્ય કરી દેવાથી કોણ તમારા ચરણોમાં આધીન થશે, એવું મોમિનોએ કાજીને કહ્યું ?**

ઉ. ૩૦- ''ફકીરનું કાર્ય કરી દેવાથી તેમની મહેરબાનીથી સંસારમાં જેટલાં પણ →

**પ્ર. ૩૧- ફકીરના આશીર્વાદથી કાજીને સુલતાન અને ખુદાના દ્વારા શું થવાનું કહ્યું ?**

**પ્ર. ૩૨- લાલદાસ આદિ બ્રહ્મમુનિઓ દ્વારા શું લખીને આપવાથી કાજી શેખ સલેમાન ભયભીત થઈ ઉઠયા ?**

ઉ. ૨૯- ''અમને આપની પાસે મોકલવાવાળા ફકીર અત્યારે આ સમય પહાડ પર બિરાજમાન છે.''-એવું કહીને મોમિનોએ કાજી શેખ સલેમાનને વિશ્વાસ અપાવ્યો.

→ કહેવું માનીને અમને બાદશાહથી મિલાવી દેશો, તો આપ પર તે ફકીર બહુ જ ખુશ થશે. પુનઃ આપના મનમાં જેટલી પણ અભિલાષાઓ છે, તે બધી ફળીભૂત થઈ જશે.''

→ એના સિવાય સારા (આખા ય) સંસારમાં એક માત્ર ધર્મની સ્થાપના થઈ જશે. આપસમાં વેર-વિરોધ સમાપ્ત થઈ જશે. જે ક્રોધ-બ્રોધને વશીભૂત થઈને લોકો આપસમાં ઝઘડી રહ્યા છે, તે બધા મટી જશે.''

→ તેમના આશીર્વાદ પ્રાપ્ત કરશો, તો આપ માલામાલ થઈ જશો. આપના બધા શત્રુ સ્વતઃ જ પરાસ્ત થઈ જશે. આપનું સિર સ્વાભિમાનથી સદાય ઊંચું રહેશે અને આપ સર્વત્ર ગૌરવ પ્રાપ્ત કરશો. આપની મહિમા પર્વત સદૃશ ઊંચી થઈ જશે.''

→ કીમિયાગર (જાદુગર)-ધાતુ અથવા લોખંડ (લોહા) ને સોનામાં બદલવાવાળા ચમત્કારી પુરુષ છે, તે આપના ચરણોમાં પડીને આપના આધીન (તાબે-વશ) થઈને રહેશે.'' એવું મોમિનોએ કાજીને કહ્યું.

ઉ. ૩૧- ''ફકીરના આશીર્વાદથી એક તો આપને સુલતાનનો તનિક પણ ભય રહેશે નહિ અને બીજું પરમાત્મા-ખુદાની કૃપાથી રસૂલ સાહેબના અહીં જ દર્શન થઈ જશે.''-એવું મોમિનોએ કાજી શેખ સલેમાનને કહ્યું.

ઉ. ૩૨- જ્યારે લાલદાસ વગેરે બ્રહ્મમુનિઓએ, ''સુલતાન ઔરંગઝેબનો તમને કોઈ ભય રહેશે નહિ.'' આ પ્રકાર લખીને આપ્યું, ત્યારે કાજી શેખ સલેમાન ભયભીત થઈ ઉઠયા.

**પ્ર. ૩૩- કાજી શેખ સલેમાને અત્યંત ભયભીત થઈને મોમિનોને શું કહ્યું ?**

**પ્ર. ૩૪- ભયભીત કાજી શેખ સલેમાન દ્વારા પૂછેલાં પ્રશ્નોનો જવાબ લાલદાસજીએ શું આપ્યો ?**

ઉ. ૩૪- ભયભીત કાજી શેખ સલેમાન દ્વારા પૂછેલાં પ્રશ્નોનો જવાબ આપતાં →

**પ્ર. ૩૫- સાચા પરમાત્માની તરફ ઝૂકવા (નમવા) વાળા ફકીર સાંસારિક રાજ્યોને શું-કેવા સમજે છે ?**

ઉ. ૩૫- જે સાચા-ત્યાગી ફકીર હોય છે, તે પરમાત્મા-ખુદાના જ ચિંતનમાં →

**પ્ર. ૩૬- ઉક્ત પ્રકારની વાતો સાંભળીને કાજી શેખ સલેમાનના મનમાં શું આવ્યું અથવા તે શું સોચવા લાગ્યો ?**

**પ્ર. ૩૭- વીતકકાર શ્રી લાલદાસજી અહીંયા સુંદરસાથને કોનું સ્મરણ કરવાનું કહે છે ?**

**પ્ર. ૩૮- કોની કૃપા-દયાથી અહીંયા કઈ ઘડી-સમયને સિદ્ધ કરવાનું યુદ્ધ છે ?**

ઉ. ૩૩- ઉપરોક્ત વાતોથી અત્યંત ભયભીત થઈને કાંપતાં કાજી શેખ સલેમાને મોમિનોને કહ્યું, ''ત્યારે તો સુલતાન વગર અહીં બીજું કોણ શાસન કરશે ?''

→ લાલદાસજીએ કહ્યું, ''તે ફકીરને પરમાત્મા-ખુદાએ ધર્મની વ્યવસ્થાનો સંપૂર્ણ ભાર અને શોભા આપીને બાદશાહ બનાવ્યો છે. તેમને સાંસારિક રાજ્યોથી તો કોઈ મતલબ જ નથી.''

→ લીન રહે છે, તેમને આ મૃતતુલ્ય સંસારની કોઈપણ વસ્તુની ચાહના રહેતી નથી. તેમને પોતાની પ્રશંસામાં કહેલાં શબ્દ પણ થૂંકીને ચાટવાના સમાન પ્રતીત થાય છે.

ઉ. ૩૬- ઉક્ત પ્રકારની વાતો સાંભળીને કાજી શેખ સલેમાનના મનમાં બહુ ભારી ભય ઉત્પન્ન થયો. તે સોચવા લાગ્યો, ''એ વાતો તો બહુ મહત્ત્વપૂર્ણ છે, પરંતુ મારાથી આ કાર્ય કેવી રીતે થઈ શકશે ?''

ઉ. ૩૭- વીતકકાર શ્રી લાલદાસજી મહારાજ અહીંયા ધામસ્થ સુંદરસાથને કહે છે, ''હે મારા સુંદરસાથજી ! આપ બધા હજરત ઇમામ મેહદી અર્થાત્ પરમ પૂજનીય શ્રી પ્રાણનાથજીનું સ્મરણ કરો.''

ઉ. ૩૮- પરમકૃપાળુ ધણીની કૃપા-દયાથી ધર્મ અભિયાનરૂપી આ ધર્મયુદ્ધ કયામતના સમયે, આત્મ-જાગૃતિની શુભ ઘડીને સિદ્ધ કરવા માટે છેડવામાં આવ્યું છે.

**-(પ્રકરણ-૩૮, પ્રશ્ન-ઉત્તર નં.-૩૮, કુલ સં. ૧૮૭૨+૩૮=૧૯૧૦).**

## ❖ કુરાનની હકીકત - સનંધ દ્વારા બોધ ❖

**પ્ર. ૧- લાલદરવાજાની હવેલીથી શ્રી પ્રાણનાથજીએ લાલદાસ અને ગોવર્ધનભાઈને શું આજ્ઞા આપીને ક્યાં અને શેના માટે મોકલ્યા ?**

**પ્ર. ૨- શ્રીજીએ તેમને મૌલવી પાસે જઈને કુરાનના અંદરની કઈ-કઈ વાતો પૂછીને આવવાનું કહ્યું ?**

ઉ. ૨- મહામતિ સ્વરૂપે ઉક્ત ભાઈઓને મુલ્લાને એ પૂછવાનું કહ્યું, ''આપના ધર્મગ્રંથ કુરાનમાં શું લખ્યું છે ? કુરાનના અંદરની વાતો અમને બતાવો- →

**પ્ર. ૩- કયા વિષયનું કાર્ય હજી ઉલઝાયેલું છે, એવું શ્રીજી સ્વરૂપ કહે છે ?**

**પ્ર. ૪- ઔરંગઝેબ બાદશાહના વિષયમાં શ્રીજી સ્વરૂપ ચિંતા કરતાં શું કહે છે ?**

**પ્ર. ૫- કોણ-કોણ ભાઈ મૌલવીની પાસે મસ્જિદમાં ગયા અને ત્યાં બંને શું કરવા લાગ્યા ?**

**પ્ર. ૬- મુલ્લાએ કુરાનની અંદરની વાતો જે પણ કહી, તેમની સમજ કોને થઈ ?**

**પ્ર. ૭- તે વાતો સાંભળીને કોને તે બધી વાતો પર આ પ્રકાર પૂર્ણ વિશ્વાસ થઈ ગયો કે કુરાનની અંદર પણ અમારા ધામની વાતો છે ?**

## ❖ કુરાનની હકીકત - સનંધ દ્વારા બોધ ❖

ઉ. ૧- મહામતિ શ્રી પ્રાણનાથજીએ લાલ દરવાજાની હવેલીથી લાલદાસ અને ગોવર્ધનભાઈને આદેશ આપ્યો, ''તમે બંને કોઈ મૌલવી-મસ્જિદના મુલ્લાની પાસે જઈને કુરાનના વાતોની ચર્ચા સાંભળો.''

→ સંભળાવો. આપ લોકો કોને પૂજ્ય માનો છો ? એ બધી વાતો અમને આપ સ્પષ્ટ કરીને બતાવો.'' ઉક્ત પ્રકારથી પૂછવાથી મુલ્લા ઉક્ત પ્રશ્નોનો જે જવાબ આપશે, તે વાતો લાવીને અમને (શ્રીજી સ્વરૂપને) સંભળાવો.

ઉ. ૩- શ્રીજી સાહેબજી કહે છે કે બાદશાહ ઔરંગઝેબને સંદેશ પહોંચાડવાનું કાર્ય હજી ઉલઝાયેલું છે.

ઉ. ૪- શ્રીજી સાહેબજી બાદશાહ ઔરંગઝેબના વિષયમાં ચિંતા કરતાં કહે છે, ''ઔરંગઝેબને સંદેશ પહોંચાડવાનું કાર્ય હજી ઉલઝાયેલું છે, તે કેવી રીતે પોતાની અસલ જાત-મોમિન બ્રહ્માત્માઓ (કબીલા) ને ઓળખશે ?''

ઉ. ૫- મૌલાનાની પાસે મસ્જિદમાં લાલદાસજી અને ગોવર્ધનભાઈ ગયા અને ત્યાં બેસીને મૌલાનાની વાતો સાંભળવા લાગ્યા. મૌલાનાની વાતો સાંભળીને બંને સાથીઓમાં પરસ્પર વિવાદ થવા લાગ્યો.

ઉ. ૬- મસ્જિદમાં મુલ્લાએ (વિદ્વાને) કુરાનની અંદરની જે પણ વાતો કહી, તેના વાસ્તવિક અર્થની સમજ સ્વામી લાલદાસજીને થઈ.

ઉ. ૭- મુલ્લાની વાતો સાંભળીને સ્વામી લાલદાસજીને એ પાકો-પૂર્ણ વિશ્વાસ થઈ ગયો કે કુરાનમાં પણ અમારા પરમધામની જ વાતો લખવામાં આવી છે.

**પ્ર. ૮- મુલ્લા દ્વારા કુરાનની વાતો સંભળાવતી વખતે ગોવર્ધનભાઈ ભયભીત કેમ થયા ?**

**પ્ર. ૯- મૌલાનાની આગળ બેસીને કુરાનની વાતો સાંભળતી વખતે બંને-લાલદાસ અને ગોવર્ધનભાઈમાં મતભેદ કેમ થયો ?**

ઉ. ૯- મૌલાનાની આગળ બેસીને કુરાનની ચર્ચા સાંભળતી વખતે બંને-લાલદાસ અને ગોવર્ધનભાઈમાં મતભેદ એટલા માટે થયો કેમ કે →

**પ્ર. ૧૦- કુરાનની વાતો સાંભળીને લાલદાસજીને શું થયું ? પુનઃ ગોવર્ધનભાઈને શું લાગ્યું ?**

ઉ. ૧૦- મસ્જિદમાં મુલ્લા જેટલી ચર્ચા આગળ કરતાં જતાં, ધામની વાતો →

**પ્ર. ૧૧- ઉક્ત બંને ભાઈ લાલ દરવાજા પાછાં ફરતાં સમયે કેવી રીતે આવ્યા ? તે સમય શ્રીજી શું કરવા જઈ રહ્યા હતા ?**

**પ્ર. ૧૨- જ્યારે ગોવર્ધનભાઈ શ્રીજીની પાસે પહોંચ્યા, ત્યારે શ્રીજી ક્યાં બિરાજમાન હતા ?**

**પ્ર. ૧૩- પાછાં આવીને ગોવર્ધન ભટ્ટે શ્રી પ્રાણનાથજીને કંઈ ચર્ચા કહી સંભળાવી ?**

**પ્ર. ૧૪- લાલદાસજી શ્રીજી સ્વરૂપની પાસે કયા સમયે આવી પહોંચ્યા ? તેઓએ ગોવર્ધનભાઈની કઈ વાતો સાંભળી ?**

ઉ. ૧૪- જે સમય ગોવર્ધનભાઈ શ્રીજી સ્વરૂપને મૌલવીથી સાંભળેલી વાતો →

ઉ. ૮- મુલ્લા દ્વારા કુરાનની વાતો સંભળાવતી વખતે ગોવર્ધનભાઈ ભયભીત થઈ ઉઠ્યા કેમ કે હિંદુઓને કુરાન વાંચવા અથવા સાંભળવાનો અધિકાર નથી.

→ લાલદાસજીને ધામની વાતો પર વિશ્વાસ હોવાથી કુરાનની વાતો સાંભળતાં જ જોશ આવવા લાગ્યો. પુનઃ તે જ વાતો સાંભળીને ગોવર્ધનભાઈને પોતાના હિંદુત્વની શરમ આવી ગઈ અને બાદશાહના ડરથી તે ભયભીત થઈ ઉઠ્યા કે ક્યાંક કોઈ અમને કુરાન વાંચતાં જોઈને બાદશાહને સંભળાવી ન દે.

→ સાંભળતાં જ લાલદાસજીનો જોશ વધતો જતો. પુનઃ તે જ ચર્ચા સાંભળીને ગોવર્ધન ભટ્ટના મનમાં બાદશાહના પ્રતિ ડર વધતો જતો હતો.

ઉ. ૧૧- ઉક્ત બંને ભાઈ મસ્જિદથી કુરાનની ચર્ચા સાંભળીને માર્ગમાં ઝઘડતાં-ઝઘડતાં લાલ દરવાજાની હવેલીમાં આવ્યા. મહાપ્રભુ શ્રી પ્રાણનાથજી તે સમય ભોજન કરવા જઈ રહ્યા હતા. બે ઘડી દિવસની બાકી હતી.

ઉ. ૧૨- જ્યારે ગોવર્ધનભાઈ શ્રી પ્રાણનાથજીની પાસે પહોંચ્યા, તે સમયે શ્રીજી અટારી પર સુંદરસાથની મધ્યમાં બિરાજમાન હતા.

ઉ. ૧૩- પાછાં આવીને ગોવર્ધનભાઈએ આજ મૌલવીથી સાંભળેલી વાતો સ્વામી શ્રી પ્રાણનાથજીને કહી સંભળાવી.

→ સંભળાવી રહ્યા હતા, તે જ સમયે થોડી વાર પછી લાલદાસજી પણ ત્યાં આવી પહોંચ્યા. ગોવર્ધનભાઈ દ્વારા શ્રીજીને સંભળાવેલી બધી વાતો તેઓએ સાંભળી લીધી.

**પ્ર. ૧૫- જ્યારે ગોવર્ધનભાઈ મુલ્લા દ્વારા સાંભળેલી વાતો શ્રીજીની આગળ બતાવી જ રહ્યા હતા કે શું થયું ?**

**પ્ર. ૧૬- ઉક્ત વાતોને સાંભળીને લાલદાસજીએ વિનયપૂર્વક રાહમાં બનેલી વાતો કહેતાં શું કહ્યું ?**

ઉ. ૧૬- શ્રીજીની આગળ ગોવર્ધનભાઈ દ્વારા કહેલી વાતો સાંભળીને →

**પ્ર. ૧૭- લાલદાસજીએ એવું શું કહ્યું, જેને સાંભળીને ગોવર્ધનભાઈ ક્રોધિત થઈ ગયા ?**

ઉ. ૧૭- સ્વામી લાલદાસજીએ જ્યારે ચંચલ મનના વિષયમાં એવું કહ્યું, ''ચટાઈ →

**પ્ર. ૧૮- ગોવર્ધનભાઈએ બહુ જ નારાજગી જતાવતાં શ્રીજી સાહેબજીને શું કહ્યું ?**

**પ્ર. ૧૯- બંને ભાઈઓની ઉક્ત પ્રકારની વાતો સાંભળીને શ્રીજી સ્વરૂપ કયા વિચારમાં પડી ગયા ?**

ઉ. ૧૯- શ્રી લાલદાસ અને ગોવર્ધન ભટ્ટની ઉક્ત પ્રકારની વાતો સાંભળીને →

**પ્ર. ૨૦- આ સમય શ્રીજી સાહેબજીની અંદરથી શું પ્રગટ થયું ? અહીંયા કોણે-કોણે પોતાનો પ્રભાવ પ્રત્યક્ષ પ્રગટ કર્યો ?**

**પ્ર. ૨૧- ઉક્ત વાતોના કારણે શ્રીજી સાહેબજીનું મુખમંડલ કેવું થઈ ગયું ?**

ઉ. ૧૫- ગોવર્ધનભાઈએ જેવી જ મુલ્લા દ્વારા સાંભળેલી કુરાનની વાતો શ્રીજીને સંભળાવી જ રહ્યા હતા, તરત જ લાલદાસજી ત્યાં આવી પહોંચ્યા.

→ લાલદાસજીએ વિનયપૂર્વક રસ્તામાં થયેલાં વિવાદની ચર્ચા કરતાં કહ્યું, ''હે સ્વામીજી! અમારા આ ચટાઈ પર આપની સન્મુખ કંઈ બીજું (અલગ) જ મન રહે છે, કિંતુ અહીંથી ચાલી ગયા પછી અમારું મન એકદમ જ બદલાઈ જાય છે. ઠેકાણા પર જ રહેતું નથી.''

→ પર અમારું મન જેવી રીતે સ્થિર રહે છે, ચટાઈ છોડતાં જ આ મન તેટલું જ વિચલિત થઈ જાય છે.'' એ વાતો સાંભળતાં જ ગોવર્ધનભાઈએ એ વાતો પોતાના સિર પર લઈ લીધી અને લાલદાસજીના પ્રતિ અત્યંત ક્રોધિત થઈ ઉઠ્યા.

ઉ. ૧૮- લાલદાસજીની ઉક્ત વાતો પર ગોવર્ધનભાઈ અત્યંત ક્રોધિત થઈને શ્રીજીને કહેવા લાગ્યા, ''લાલદાસજીએ બધુંય મારા પ્રત્યે કહ્યું છે, આપ એ રહસ્યને જાણતાં નથી.''

→ મહાપ્રભુ શ્રી પ્રાણનાથજી વિચાર કરવા લાગ્યા, ''એ લોકોની બુદ્ધિ પર હું પૂરો વિશ્વાસ કેવી રીતે કરું ? મારા આ અભિયાનમાં પૂર્ણનિષ્ઠા હોવી અત્યંત આવશ્યક છે.''

ઉ. ૨૦- આ સમય શ્રી પ્રાણનાથજીના અંતઃકરણમાં વિદ્યમાન નૂરમય તેજ તેમજ જોશ પ્રગટ થયો. અહીંયા જબરાઈલ-ઈશ્વરીયશક્તિ તેમજ અસરાફીલ-ઈશ્વરીય બુદ્ધિએ પોતાનો પ્રભાવ બતાવ્યો.

ઉ. ૨૧- ઉક્ત વાતોના કાર્ય-કારણવશ/કારણના કારણે શ્રીજી સ્વરૂપનું મુખમંડલ દેદીપ્યમાન થઈ ગયું. માનો મુખમંડલ પર વીજળી ચમકી (કૌંધ) ગઈ હોય.

**પ્ર. ૨૨- તત્પશ્ચાત શ્રીજી સ્વરૂપના શ્રી મુખથી કેવા શબ્દ પ્રગટીકરણ થયા ?**

**પ્ર. ૨૩- આવેશમાં આવીને શ્રી પ્રાણનાથજીએ પોતાના અભિયાનને બંધ કરવા માટે શું કર્યું ?**

**પ્ર. ૨૪- શ્રીજી સ્વરૂપે આવેશમાં કોને-કોને, કયું-કયું (કોણ-કોણ) કાર્યક્ષેત્ર સોંપી દીધું ?**

ઉ. ૨૪- શ્રીજી સ્વરૂપે આવેશમાં બધાની સામે કુરાન તેમજ કતેબ ગ્રંથોના →

**પ્ર. ૨૫- શ્રીજી સ્વરૂપે આવેશમાં કોને-કોને શું વહેંચી દીધું ?**

ઉ. ૨૫- મહાપ્રભુ શ્રી પ્રાણનાથજીએ આવેશમાં આપસ્તમાં વિરોધ સમાપ્ત કરવા માટે પરબ્રહ્મથી પ્રાપ્ત સંપદા (શક્તિ) ઓને સાથીઓમાં વહેંચી દીધી અને તેમના કાર્યક્ષેત્ર અલગ કરી દીધા. શેખબદલભાઈને દિલ્હીના સુંદરસાથને સંભાળવાની આજ્ઞા આપી. લાલદાસજીને કુરાનના સિદ્ધાંતના ગ્રંથાદિ સંભાળવાની આજ્ઞા થઈ અને મુકુંદદાસજીને →

**પ્ર. ૨૬- આ પ્રકાર તત્કાલીન ઝંઝટ અને કાર્યક્રમની ચિંતાનું શું થયું ?**

**પ્ર. ૨૭- બીજા દિવસે પ્રાતઃકાળ ઊઠીને મહામતિશ્રી પ્રાણનાથજી ક્યાં જવા માટે તૈયાર થયા ?**

**પ્ર. ૨૮- આ શુભ ઘડીના સમયે વાતાવરણ કેવું હતું અને શ્રીજીની પાસે યાત્રા માટે શું સાધન હતું ?**

ઉ. ૨૮- આ શુભ ઘડીનો સમય અષાઢ મહિનો હતો. આસમાનથી મુશળધાર →

ઉ. ૨૨- તત્પશ્ચાત શ્રીજી સ્વરૂપના મુખથી બહુ જ જોશપૂર્ણ શબ્દ પ્રગટ થયા.

ઉ. ૨૩- આવેશમાં આવીને પોતાના અભિયાનને સ્થગિત કરવા માટે શ્રી પ્રાણનાથજીએ બધાના વિચારાનુકૂળ કાર્યક્ષેત્ર વહેંચી દીધા.

→ સૈદ્ધાંતિક અનુસંધાનનું કાર્ય લાલદાસજીને સોંપ્યું. ભીમ અને મુકુંદદાસ-એ બંનેને ઉદયપુર જઈને જન-જાગરણનું કાર્ય કરવાનો આદેશ થયો. ગોવર્ધન ભટ્ટને મહાપ્રભુએ સૂરત ચાલ્યા જવાનું કહ્યું અને સ્વયં અનુપ શહેર જવાની ઘોષણા કરી દીધી.

→ બ્રહ્મમુનિઓના જાગરણના માટે તારતમ જ્ઞાન સોંપવામાં આવ્યું. ભીમભાઈને સુંદરસાથને બોધ (ઉપદેશ) આપવા માટે બુદ્ધિ પ્રદાન કરી અને ગોવર્ધનભાઈને સૂરત જઈને ગુજરાતનું જાગણી કાર્ય આગળ વધારવા આદેશ આપ્યો. જાગણી કાર્યાર્થ વિશેષરૂપથી ભીમભાઈ અને મુકુંદદાસજીને ઉદયપુર મોકલવામાં આવ્યા અને સ્વયં ત્યાંથી અનુપ શહેર જવાની ઘોષણા કરી દીધી.

ઉ. ૨૬- ઉક્ત પ્રકાર ધર્મકાર્યમાં ઉપસ્થિત તત્કાલીન ઝંઝટ અથવા સમસ્યાઓ બધી સમાપ્ત થઈ. એવું લાગવા લાગ્યું કે જેમ કોઈની પાસે કોઈ કાર્ય જ ન રહ્યું

ઉ. ૨૭- બીજા દિવસે પ્રાતઃકાળ ઊઠીને શ્રી પ્રાણનાથજી અનુપ શહેર જવા તૈયાર થયા.

→ વરસાદ પડી રહ્યો હતો. શ્રીજીની પાસે યાત્રા માટે એક બેલવાળી (બળદગાડી) (પોઠી) હતી. તે એક બેલવાળી ગાડી (પોઠી) પર સવાર થઈને મહામતિ શ્રી પ્રાણનાથજી અનુપ શહેર માટે નીકળી પડ્યા.

**પ્ર. ૨૯- અનુપ શહેર જતાં સમયે રસ્તામાં મહામતિ સ્વરૂપની ઉપર કેવી કસોટી થઈ ?**

ઉ. ૨૯- અનુપ શહેર જતાં સમયે રસ્તામાં શ્રીજી સ્વરૂપના પેટમાં થોડી ગડબડ →

**પ્ર. ૩૦- આવી મુસીબતના સમયમાં શ્રીજીને દવા આપવાવાળા કોણ હતા અને પ્રાર્થના કરવાવાળી કોણ હતી ?**

ઉ. ૩૦- શારીરિક કસોટીના કારણે મહામતિ શ્રી પ્રાણનાથજીને દુર્બળતા આવી →

**પ્ર. ૩૧- કયામતની આ શુભ ઘડીમાં લાલબાઈને સાંત્વનાં આપતાં શ્રીજીએ શું કહ્યું ?**

ઉ. ૩૧- કયામત-જાગણીની આ શુભ ઘડીમાં લાલબાઈને સાંત્વના આપતાં →

**પ્ર. ૩૨- અનુપ શહેર પહોંચ્યા પછી જબરાઈલે શું પ્રદર્શિત કર્યુ ?**

**પ્ર. ૩૩- આ શુભ મુહૂર્તમાં કઈ અથવા કેવી વાણીના અવતરણનું કાર્ય થયું ?**

**પ્ર. ૩૪- તે વાણી કઈ વાણીના અનુરૂપ અવતરિત થઈ તથા તે વાણીમાં ક્યાંના સાંકેતિક રહસ્યમય પ્રસંગોનું સ્પષ્ટીકરણ થયું ?**

ઉ. ૩૪- તે વાણી તૌરેત ગ્રંથ-કલશ વાણીનો ભાવ લઈને સનંધના ત્રીસ (૧૧ →

**પ્ર. ૩૫- પ્રિયતમ શ્રી રાજજી મહારાજે આ સમયે મહામતિ સ્વરૂપને શું ભેટ આપ્યું ?**

→ થવાના કારણો જુલાબ થવા લાગ્યા. શ્રીજીનું પેટ એટલું ખૂલી ગયું હતું કે જેની કોઈ સીમા જ ન રહી. વારે-વારે જુલાબ થવાથી તેમના હોશ-હવાશ જ ઉડી ગયા હતા.

→ ગઈ. એવા સમયમાં માનિકભાઈએ શ્રીજી સ્વરૂપને ઔષધી આપી. શ્રીજીની આવી અશક્ત દશા જોઈને લાલબાઈ તો રડવા લાગી. સ્વામીજીની સુરક્ષા હેતુ તેઓએ પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીને પ્રાર્થના કરી.

→ મહાપ્રભુએ કહ્યું, ''આપ લોકો ચિંતા ન કરો. મારી સુરતા હમણાં પરમધામ ફરવાવાળી / પાછી જવાની નથી. મારે પરમધામ પ્રસ્થાનનો જ્યારે સમય આવશે, ત્યારે હું આપને અવશ્ય સૂચિત કરી દઈશ.''

ઉ. ૩૨- યેન કેન પ્રકારેણ શ્રીજી સ્વરૂપ અનુપ શહેર તો પહોંચી ગયા. જ્યારે તે અનુપ શહેર પહોંચ્યા, ત્યારે જબરાઈલ-પરબ્રહ્મના આવેશે પોતાનું સંપૂર્ણ બળ પ્રદર્શિત કર્યું.

ઉ. ૩૩- આ શુભ મુહૂર્તમાં અનુપ શહેરમાં આવેશ દ્વારા એવી વાણીનું અવતરણ થયું, જેનાથી સંસારમાં તહલકા (શોર) મચી જાય.

→ થી ૪૦) પ્રકરણોના રૂપમાં અવતરિત થઈ. તે વાણીમાં મહંમદ સાહેબ દ્વારા લાવેલાં કતેબ-કુરાનના સાંકેતિક રહસ્યમય પ્રસંગોનું સ્પષ્ટીકરણ થયું.

ઉ. ૩૫- કાર્ય-કારણવશ જોશમાં વસ્તુ વહેંચવાના પ્રતિફળ પ્રિયતમ પરમાત્મા શ્રી રાજજીએ મહામતિ શ્રી પ્રાણનાથજીને સનંધના ૩૦ પ્રકરણરૂપી અપૂર્વ દેન (શક્તિ-હિંમત) ભેટ કરી.

**પ્ર. ૩૬- ઉક્ત અવતરિત વાણીનું શું કરી શકાય ? આ વાણીને વાંચીને કોણ પાછળ નહિ હટી શકશે ?**

ઉ. ૩૬- ઉક્ત અવતરિત સનંધ વાણીને લિપિબદ્ધ કરવામાં આવી. આ વાણીને →

**પ્ર. ૩૭- આ મંજિલ પર આવીને કેવી રીતે બધા પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ ?**

**પ્ર. ૩૮- ધર્મવીર સાથને આ વાણીથી કયા વિષયોમાં પૂર્ણ વિશ્વાસ પ્રાપ્ત થયો ?**

**પ્ર. ૩૯- આ વાણીને ક્યાં-કોની પાસે પહોંચવાથી, કઈ આત્માઓ પોતાની આત્મા બલિદાન કરશે ?**

**પ્ર. ૪૦- એ બધી વાતો સાંભળીને કોના મનમાં સંદેહ ઉત્પન્ન થયો ?**

**પ્ર. ૪૧- પાઠક ચૌધરીએ મનોમન શું વિચાર કર્યો ?**

**પ્ર. ૪૨- તત્પશ્ચાત પાઠક ચૌધરીએ કઈ પ્રકાર શ્રી પ્રાણનાથજીની આવ-ભગત (મહેમાનગીરી) કરી ?**

ઉ. ૪૨- તત્પશ્ચાત પાઠક ચૌધરી શ્રી પ્રાણનાથજીને પોતાની ઘેર લઈ આવ્યા. →

**પ્ર. ૪૩- શ્રીજી સ્વરૂપની વાતો સાંભળીને તેને શું થયું ? તેમને કોની માટે શ્રીજીને પ્રાર્થના કરી ?**

→ વાંચીને મોમિનો-બ્રહ્મમુનિઓએ વિચાર કર્યો કે એને સાંભળીને કોઈપણ મોમિન પાછળ નહીં હટી શકશે. ઇસ્લામ ધર્મની બધી (તમામ) હકીકત એ સનંધો દ્વારા સ્પષ્ટરૂપથી સામે આવી ગઈ.

ઉ. ૩૭- આ મંજિલ પર આવીને ધામસ્થ આત્માઓની જાગણીના માટે ધામની જાગૃત બુદ્ધિ-તારતમ જ્ઞાનનો પ્રકાશ થયો, જેના દ્વારા બધા કાર્યોમાં સિદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ.

ઉ. ૩૮- ધર્મવીર સુંદરસાથને સનંધ વાણી સાંભળીને આ વાત પર પૂર્ણ વિશ્વાસ થઈ ગયો કે હવે કોઈપણ મુસલમાન પોતાના એ સિદ્ધાંતો પર વિશ્વાસ લાવવાથી પાછળ હટશે નહિ.

ઉ. ૩૯- સનંધની આ વાણી જ્યારે સકુમારબાઈની રૂહ અથવા ઔરંગઝેબની પાસે પહોંચશે, તો તે અવશ્ય જ પોતાની આત્મા બલિદાન કરશે.

ઉ. ૪૦- ઉક્ત પ્રકારની તૈયારીની વાતો સાંભળીને અનુપ શહેરના ચૌધરી પાઠકના મનમાં શ્રીજીના પ્રતિ સંદેહ ઉત્પન્ન થયો.

ઉ. ૪૧- પાઠક ચૌધરીના મન-મનમાં વિચાર કર્યો કે એમની વાતને ક્યાં સુધી સત્ય તેમજ ઉચિત માની શકાય.

→ સરસ-સુંદર ગાદી અને તકિયા લગાવીને તેની પર શ્રીજીને આસીન કર્યા. સ્વામીજીએ પણ તેમને અહીં સુધીનું પોતાનું સંપૂર્ણ વૃત્તાંત કહી સંભળાવ્યું. તેમને પોતાના આત્મ-કલ્યાણ માટે શ્રીજીને પ્રાર્થના કરી.

ઉ. ૪૩- શ્રીજી સ્વરૂપની વાતો સાંભળીને પાઠક ચૌધરી બહુ જ પ્રસન્ન થયા. તેમનો બધો સંદેહ દૂર થયો. તેમને પોતાના આત્મ-કલ્યાણ માટે શ્રીજીને પ્રાર્થના કરી.

**પ્ર. ૪૪- પાઠકના ઘેરથી આવીને શ્રીજીએ સુંદરસાથનું મનોબળ વધારતાં શું કહ્યું ?**

ઉ. ૪૪- પાઠકના ઘેરથી શ્રીજી સ્વરૂપ જ્યારે પાછાં પોતાના ડેરામાં આવ્યા, →

**પ્ર. ૪૫- શ્રી પ્રાણનાથજીએ કોની પાસે જઈને ઇમામ મેહદીના પ્રકટ થવાની સૂચના આપવાની આજ્ઞા આપી ?**

**પ્ર. ૪૬- કોણ ભાઈ, કોની આજ્ઞા લઈને, કોના માટે, ક્યાં ચાલી નીકળ્યા ?**

**પ્ર. ૪૭- કોણ ભાઈ પૂર્ણ વિશ્વાસની સાથે સિર પર શું ઉઠાવી કાર્ય પથની તરફ અગ્રેસર થયા ?**

**પ્ર. ૪૮- શેખબદલભાઈ જે દિવસે દિલ્હી પહોંચ્યા, તે દિવસ કયો દિવસ હતો ? તે દિવસ લોકો ક્યાં જઈ રહ્યા હતા ?**

**પ્ર. ૪૯- શેખબદલભાઈ કોનો સંદેશ પહોંચાડવા માટે ક્યાં ચાલ્યા ?**

**પ્ર. ૫૦- ત્યાં કોના માટે બહુ સંખ્યામાં મુસલમાન ઊભા હતા ? બધાનું મન કેવું હતું ?**

**પ્ર. ૫૧- જમાતની વચ્ચે શેખબદલભાઈએ શું કર્યું ? જમાતના લોકોએ શેખબદલભાઈની વાતો કેમ ન સાંભળી ?**

→ ત્યારે તેઓએ પુનઃ સાથીઓને દર્શન આપ્યા અને તેમનું મનોબળ વધારતાં તેઓએ કહ્યું, ''હે બ્રહ્માત્માઓ ! પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીએ તમને એક વિશેષ કાર્ય કરવાનો આદેશ આપ્યો છે.''

ઉ. ૪૫- શ્રી પ્રાણનાથજીએ દિલ્હીના સમ્રાટ ઔરંગઝેબ બાદશાહની પાસે જઈને તેને ઇમામ મેહદીના પ્રગટ થવાની સૂચના આપવાની આજ્ઞા શેખબદલભાઈને આપી.

ઉ. ૪૬- શેખબદલભાઈ શ્રી પ્રાણનાથજીની આજ્ઞા પામીને પેગામ પહોંચાડવા માટે સુલતાન ઔરંગઝેબની પાસે ચાલી નીકળ્યા.

ઉ. ૪૭- શેખબદલભાઈ પૂર્ણ વિશ્વાસની સાથે સનંધ ગ્રંથ સિર પર ઉઠાવીને કાર્ય પથની તરફ અગ્રેસર થયા.

ઉ. ૪૮- શેખબદલભાઈ જે દિવસે રાજધાની-દિલ્હી પહોંચ્યા, તે દિવસ શુક્રવાર હતો અને લોકો શુક્રવારની નમાજ વાંચવા/પઢવા માટે ઈદગાહ જઈ રહ્યા હતા.

ઉ. ૪૯- શેખબદલભાઈ પણ ઇમામ મેહદીનો સંદેશ સુલતાન સુધી પહોંચાડવા માટે તે જ ઈદગાહની સાથે તે બાજુ ચાલી નીકળ્યા.

ઉ. ૫૦- ત્યાં નમાજ પઢવા માટે બહુ સંખ્યામાં મુસલમાન લોકો ઊભા હતા, કિંતુ ત્યાં કોઈનું ય મન એકાગ્ર ન હતું. બધા ચંચલ મનથી જ ઊભા હતા.

ઉ. ૫૧- જમાતની વચ્ચે શેખબદલભાઈએ પોતાની વાત કહેવા માટે બહુ જ ઊંચા સ્વરમાં સનંધ વાણીનું ગાયન કર્યું, કિંતુ દજ્જલના વશીભૂત હોવાને લીધે લોકોએ તેમની વાતો સાંભળી જ નહિ.

**પ્ર. ૫૨- સનંધ વાણી જોઈને ઉપસ્થિત લોકોમાંથી કેટલાં લોકોએ શું કહ્યું ?**

**પ્ર. ૫૩- પુનઃ સનંધ વાણી જોઈને કેટલાય લોકોએ પોતાની શું મજબૂરી આગળ રાખી ?**

**પ્ર. ૫૪- તે લોકોની ઉક્ત પ્રકારની વાતો લઈને શેખબદલભાઈ ક્યાં આવ્યા ?**

**પ્ર. ૫૫- ત્યાંથી નીકળીને શેખબદલભાઈ પુનઃ કઈ હવેલીમાં બેસીને ઉચ્ચ સ્વરથી સનંધ વાણી પઢવા (વાંચવા) લાગ્યા ?**

**પ્ર. ૫૬- 'બિના એક મહંમદ' નામક પ્રકરણ સાંભળીને એક સૈયદે શું જીદ પકડી ?**

**પ્ર. ૫૭- તે સૈયદે શેખબદલભાઈ પર કેમ અથવા કોના માટે જૂઠું બોલવાનો આરોપ લગાવ્યો ? પુનઃ શેખબદલભાઈ ક્યાંથી ક્યાં ચાલી આવ્યા ?**

ઉ. ૫૭- તે સૈયદે શેખબદલભાઈ પર જૂઠું બોલવાનો આરોપ એટલા માટે લગાવ્યો કેમ કે તેમના અનુસાર પરમાત્માના સંદેશવાહક એક મહંમદ →

**પ્ર. ૫૮- અનુપ શહેરથી શ્રી પ્રાણનાથજી દિલ્હી ક્યારે આવ્યા અને દિલ્હી આવીને તેઓએ શું કર્યું ?**

ઉ. ૫૮- ઉક્ત વાદ-વિવાદ થયાના બે-ચાર દિવસ પછી જ શ્રી પ્રાણનાથજી →

ઉ. ૫૨- ઈદગાહમાં ઉપસ્થિત મુસલમાન લોકો સનંધ વાણી જોઈને તરેહ-તરેહની વાતો કરવા લાગ્યા. કોઈ કહેતાં કે પરમાત્માના એ વચન હિન્દવી-હિન્દીમાં કેવા લખ્યા છે ?

ઉ. ૫૩- પુનઃ સનંધ વાણી સાંભળીને કેટલાય લોકોએ પોતાની મજબૂરી આગળ રાખતાં કહ્યું, ''આપ જે કહો છો તે સત્ય પ્રતીત થાય છે, કિંતુ મને એ વાતો હિન્દીમાં પઢવા-વાંચવા સ્વીકાર નથી.''

ઉ. ૫૪- તે લોકોની ઉક્ત પ્રકારની વાતો લઈને શેખબદલભાઈ પોતાની ઘેર પાછાં આવ્યા. પુનઃ ત્યાંથી ગનીબેગની હવેલીમાં જઈ પહોંચ્યા.

ઉ. ૫૫- ત્યાંથી ચાલીને શેખબદલભાઈ ગનીબેગની હવેલીમાં બેસીને ઉચ્ચ સ્વરથી સનંધ વાણીમાં આવેલી મહંમદ સાહેબની મહિમાથી ભરપૂર 'બિના એક મહંમદ' ની સનંધ પઢવા/વાંચવા લાગ્યા.

ઉ. ૫૬- **'બિના એક મહંમદ'** નામક પ્રકરણ સાંભળી એક સૈયદે જીદ પકડી લીધી કે આ અજ્ઞાનીઓની હઠપૂર્ણ વાતો છે.

→ સાહેબ જ નથી. અત્યાર સુધી પરમાત્માના સંદેશવાહક કેટલાય પયગંબર થઈ ચૂક્યા છે. અતઃ શેખબદલભાઈ તેમાંથી કોઈનું નામ કેમ લેતાં નથી ? તે સૈયદથી શેખબદલભાઈનો બહુ જ વાદવિવાદ થયો. ત્યારે શેખબદલભાઈ ગનીબેગની હવેલીથી નીકળીને પાછાં પોતાની ઘેર આવી ગયા.

→ અનુપ શહેરથી દિલ્હી આવી ગયા. પુનઃ શેખબદલભાઈને બોલાવીને બાદશાહને સંદેશ આપવાના કાર્ય વિષય કોઈ પ્રગતિ થઈ યા નહિ, આ વાતની પૂછતાછ કરી.

**પ્ર. ૫૯- શેખબદલભાઈએ પેગામના વિષયમાં શ્રીજીની સામે શું વિચાર પ્રકટ કર્યો ?**

ઉ. ૫૯- શેખબદલભાઈએ શ્રીજીના આવવાથી સંપૂર્ણ વૃત્તાંત કહી સંભળાવી. તેઓએ કહ્યું, ''મેં લોકોને બહુ જ સમજાવ્યા, કિંતુ મુસલમાનભાઈ જ ખુદાનો સંદેશ સાંભળવા ચાહતા જ નથી. તે બધા પરમાત્માથી વિમુખ →

**પ્ર. ૬૦- શેખબદલભાઈની ઉક્ત વાતો સાંભળીને શ્રીજી સુંદરસાથની વચ્ચે બેસીને શું વિચાર કરવા લાગ્યા ?**

**પ્ર. ૬૧- અહીંયા પુનઃ લાલદાસ અને ગોવર્ધનભાઈ પર કયા વિષયમાં શ્રીજીની આજ્ઞા થઈ ?**

**પ્ર. ૬૨- શ્રીજીની આજ્ઞાથી શેખ સલેમાનની પાસે જઈને લાલદાસ અને ગોવર્ધનભાઈએ કેવા વચન કહ્યા ?**

**પ્ર. ૬૩- શેખ સલેમાન શું કહેતાં રહ્યા ? કયા વિષયનું કાર્ય કરવાનું બહાના કરતાં રહ્યા ?**

ઉ. ૬૩- શેખ સલેમાન વારે-વારે કહેતાં રહ્યા, ''આજે યા કાલે બાદશાહથી →

**પ્ર. ૬૪- કેટલાં દિન ભટકાવ્યા પછી શેખ સલેમાને એક દિન મોમિનોને શું કહી દીધું ?**

ઉ. ૬૪- લગભગ બે મહિના સુધી ભટકાવ્યા પછી શેખ સલેમાને એક દિન →

**પ્ર. ૬૫- શેખ સલેમાનની વાતો સાંભળીને લાલદાસ અને ગોવર્ધનભાઈનો તેના પરથી વિશ્વાસ કેમ હટી ગયો ?**

→ થઈ ચૂક્યા છે. અતઃ એ વાણી જોઈને કેટલાં લોકો કહે છે, ''એ તો હિંદીમાં લખેલાં વચન છે. એ ખુદાના વચન કેવી રીતે હોઈ શકે છે ?'' કોઈ-કોઈના મનમાં અવિશ્વાસ છે. પુનઃ કેટલાં લોકો એવા પણ છે, જે એ વાતોને સત્ય અને શ્રેષ્ઠ કહે છે, પરંતુ હિન્દીમાં લખેલું વાંચવાનું અમને રવા (નિયમ) નથી. તેમને કયામત અને ઇમામ મેહદી વિષયક વાતો મહત્ત્વપૂર્ણ લાગે છે.''

ઉ. ૬૦- શેખબદલભાઈની ઉક્ત વાતો સાંભળ્યા પછી સુંદરસાથની વચ્ચે બેસીને ઇમામ મેહદી શ્રી પ્રાણનાથજી વિચાર-વિમર્શ કરવા લાગ્યા, ''એ લોકોએ પોતાની જ વાતોને સાંભળી જ નહિ ?''

ઉ. ૬૧- અહીંયા પુનઃ શ્રીજી સાહેબજીએ લાલદાસ અને ગોવર્ધનભાઈને કાજી શેખ સલેમાનની પાસે સંદેશ લઈ જવાની આજ્ઞા આપી.

ઉ. ૬૨- શ્રી પ્રાણનાથજીની આજ્ઞાથી લાલદાસ અને ગોવર્ધનભાઈએ શેખ સલેમાનની પાસે જઈને કુરાનના યથાર્થ જ્ઞાનપૂર્ણ એવા સત્ય વચન કહ્યા, જેને સાંભળવાથી બધા કષ્ટ સંતાપ મટી જાય છે.

→ આપની ભેટ (મુલાકાત) અવશ્ય કરાવી દઈશ.'' આજકાલ, આજકાલ કરતાં-કરતાં બે મહિના વીતી ગયા. બાદશાહથી ભેટ કરાવવાના વિષયમાં તે સદૈવ કોઈને કોઈ નવું બહાનું જ શોધતાં રહ્યા.

→ મોમિનોને કહી જ દીધું, ''પહેલાં તો આ હિંદુ વેશમાં બાદશાહ આપને મળશે નહિ. જો આપ આપણો ભેષ બદલીને મુસ્લિમ ભેષમાં આવો, તો હું બાદશાહને આપની વાત કહું.''

ઉ. ૬૫- શેખ સલેમાન કાજી દ્વારા બે મહિના સુધી ભટકાવ્યા પછી ઉક્ત પ્રકારથી કહેવાથી લાલદાસ અને ગોવર્ધનભાઈનો તેના પરથી વિશ્વાસ હટી →

→ ગયો અને તે વિચાર કરવા લાગ્યા, ''શેખ સલેમાન દ્વારા બાદશાહથી

**પ્ર. ૬૬- હવે શ્રીજી સાહેબજી લાલ દરવાજાની હવેલી છોડીને સાથને લઈને ક્યાં ગયા ?**

**પ્ર. ૬૭- રોહિલ્લાખાનની હવેલીમાં આવીને શ્રીજીએ શું વિચાર કર્યો ?**

**પ્ર. ૬૮- ઉક્ત પ્રકારથી વિચાર કર્યા પછી શ્રી પ્રાણનાથજીએ કોને અને કેવા આદમીને શોધીને લાવવાનું કહ્યું ?**

**પ્ર. ૬૯- દયારામભાઈ દ્વારા લાવેલાં ભાઈનું નામ શું હતું ? તેને કઈ રીતે રાખવામાં આવ્યા ?**

**પ્ર. ૭૦- ઉક્ત ભાઈને શું-કેવું કામ કરવા માટે રાખવામાં આવ્યા ?**

**પ્ર. ૭૧- કાયમ મુલ્લા દ્વારા ચિઠ્ઠીમાં કોના-કોના સંવાદની સાથે અન્ય શું-શું લખવામાં આવ્યું ?**

ઉ. ૭૧- કાયમ મુલ્લા દ્વારા શેખજી મીરાજયના કથાનક-પરિસંવાદને સુંદર →

**પ્ર. ૭૨- તે ચિઠ્ઠી કેવી બનાવવામાં આવી ? પુનઃ તેને ક્યાં-ક્યાં, કેટલાં જણની પાસે મોકલવામાં આવી ?**

ઉ. ૭૨- તે ચિઠ્ઠીની જિલ્દ (પુસ્તકનું પૂઠું) બાંધીને તેને નલુઆ (વાંસની નળી) →

→ ભેટ (મુલાકાત) થવાની વાત પર વિશ્વાસ ન હોત.'' ત્યારે આપસ્તમાં કહેવા લાગ્યા, ''હવે આપણે પાછાં જવું જોઈએ.''

ઉ. ૬૬- હવે શ્રીજી સાહેબજી લાલ દરવાજાની હવેલી છોડીને જમાત સહિત રોહિલ્લાખાનની સરાયમાં આવી ગયા.

ઉ. ૬૭- રોહિલ્લાખાનની હવેલીમાં આવીને શ્રીજી સ્વરૂપે વિચાર કર્યો, ''અગર જો હિંદીમાં લખેલાં પત્રને ફારસી લિપિમાં બદલી શકાય, તો કદાચ બાદશાહને વસ્તુસ્થિતિ (પરિસ્થિતિ) ની ઓળખ (પહેચાન) થઈ જાય.''

ઉ. ૬૮- ઉપરોક્ત પ્રકારથી વિચાર-વિમર્શ કર્યા પછી શ્રીજી સ્વરૂપે દયારામભાઈને ફારસી ભાષા જાણવાવાળા એક એવા મુલ્લાને શોધીને લાવવાનું કહ્યું, જે હિંદીમાં લખેલાં શબ્દોને ફારસી લિપિમાં લખી દે.

ઉ. ૬૯- દયારામભાઈ દ્વારા લાવેલાં ભાઈનું નામ કાયમ હતું. તે કોઈ મુલ્લાના પુત્ર હતા. તેને માસિક વેતન પર રાખવામાં આવ્યા.

ઉ. ૭૦- ઉક્ત ભાઈને હિંદી લિપિમાં લખેલાં શબ્દોને ફારસી લિપિબદ્ધ કરીને પત્ર તૈયાર કરવા માટે રાખવામાં આવ્યા.

→ શૈલીમાં ફારસી લિપિબદ્ધ કરવામાં આવ્યું. તે જ પત્રમાં તેને મહંમદ સાહેબના મ્યારાજ (સાક્ષાત્કાર-દર્શન) અને કયામતની વાતો સહિત મહાકારણ અર્થાત્ બ્રહ્માત્માઓ-મોમિનોના સંસારમાં આવવાથી લઈને અત્યાર સુધીની મૂલ વાતો પણ લખાવી લેવામાં આવી.

→ માં નાંખીને રુક્કા-પત્ર તૈયાર કરવામાં આવ્યો. પુનઃ તે રુક્કા બાદશાહ ઔરંગઝેબના મિત્રો અને સેવકોની પાસે જગા-જગા પહોંચાડવામાં આવ્યા.

**પ્ર. ૭૩- ઉક્ત ચિઠ્ઠીની પ્રતિઓ કોના કર્મચારીઓના ઘર-ઘરમાં આપવામાં આવી ? તેમના પ્રતિફલ શું થયું ? તે કર્મચારી કેવા હતા ?**

ઉ. ૭૩- ઉક્ત ચિઠ્ઠીની પ્રતિઓ લઈને મોમિનોએ બાદશાહના રાજ્યાધિકારીઓના →

**પ્ર. ૭૪- કાજી શેખ નિઝામની પાસે મોમિન કેટલાં દિવસો સુધી ભટક્યા ? તે કાજી ધર્મ કાર્યાર્થ કેવા હતા ?**

ઉ. ૭૪- ધામની મોમિન-આત્માઓ પોતાની ફરજ ઉતારવા માટે બાદશાહના →

**પ્ર. ૭૫- દિલ્હીના ચાંદની ચોકમાં કોણ હતા ? તે ક્યાંના હતા અને કેવા હતા ?**

**પ્ર. ૭૬- તેને લાલદાસજીને શું કહ્યું ?**

**પ્ર. ૭૭- તે પુસ્તક લેવા માટે લાલદાસજી કેટલી વાર તે સોદાગરની પાસે ગયા ?**

**પ્ર. ૭૮- કેટલાં દિવસ પછી પુનઃ તે સોદાગરે લાલદાસજીને શું કહ્યું ?**

ઉ. ૭૮- થોડા દિવસ તે સોદાગરે લાલદાસજીને આ રીતે પરેશાન કર્યા અને બાદમાં તેને તે પુસ્તક આપવાનો ઈનકાર કરી દીધો (ના પાડી દીધી). →

**પ્ર. ૭૯- તે પુસ્તકના વિષયમાં લાલદાસજીએ તેને શું પૂછ્યું ? તેના જવાબમાં સોદાગરે શું કહ્યું ?**

ઉ. ૭૯- તે પુસ્તકના વિષયમાં લાલદાસજીએ તેને પૂછ્યું, ''તફસીર હુસૈની →

→ ઘર-ઘરમાં પુકાર કરી, જેના પ્રતિફલ એ મળ્યું કે કોઈ જાગૃત ન થયું. બધાય ધર્માર્થ મૃતક સમાન નીકળ્યા. એક ખુદા-એક પરમાત્માની રાહ પર અગ્રસર થવા માટે કોઈપણ સાવધાન ન થયું. બધાય ખુદા અને હાદીના વિમુખ હતા.

→ ગુરુ-ઉસ્તાદ શેખ નિઝામની ત્યાં થોડા દિવસો સુધી ભટકતાં રહ્યા. કિંતુ તેને પણ સત્ય-ધર્મ, હકીકી દીન ઇસ્લામના કાર્યના અયોગ્ય અને ધર્માર્થ મરેલાં મુડદા તુલ્ય જ પામ્યા.

ઉ. ૭૫- દિલ્હીના ચાંદની ચોકમાં સૂરતનો સોદાગર રહેતો હતો. તે શ્રીજીને સૂરતમાં પહેલાં મળી ચૂક્યા હતા. અહીં પણ તે શ્રીજીને મળવા આવ્યા હતા. તે આદમી અસત્યવાદી અને ધોકાબાજ હતો.

ઉ. ૭૬- તે સોદાગરે લાલદાસજીને કહ્યું, ''અમારી પાસે દજ્જાલનામા નામક એક પુસ્તક છે. હું તે પુસ્તક આપને બતાવીશ. તે પુસ્તકમાં દજ્જાલની સેનાનું વર્ણનરૂપી જ્ઞાન છે.''

ઉ. ૭૭- દજ્જાલનામા નામક તે પુસ્તક લેવા માટે લાલદાસજી તે સોદાગરની પાસે પ્રતિદિન એકવાર જતાં હતા. તે સોદાગર કઈ પ્રકારની વાતો બનાવીને બીજા દિવસે આપવાના વાયદો કરતાં રહેતાં હતા.

→ પુનઃ કહ્યું, ''મારી પાસે એક તફસીર હુસૈની નામક પુસ્તક છે. તે દજ્જાલનામા પુસ્તક તો ન જાણે કોણ લઈ ગયું છે ? હું ભૂલી ગયો છું. સારું ! હું આપને હુસૈની તફસીર આપીશ.''

→ નામક પુસ્તકમાં શું છે ?'' ત્યારે સોદાગરે જવાબ આપ્યો, ''અરે ! તે તો કુરાન શરીફની ટીકા છે. તે બહુ જ ઉત્તમ અને પ્રમાણિક પુસ્તક છે. કુરાનની આ ટીકા સર્વશ્રેષ્ઠ તેમજ પ્રચલિત ટીકા છે.''

**પ્ર. ૮૦- સોદાગર દ્વારા કહેલી વાતો લાલદાસજીએ કોને બતાવી ? તેઓએ શું કહ્યું ?**

**પ્ર. ૮૧- શ્રીજીની આજ્ઞાથી લાલદાસજી તે સોદાગરની પાસે કેટલાં દિવસ સુધી ગયા ?**

ઉ. ૮૧- શ્રીજીની આજ્ઞાથી લાલદાસજી ફરી તે જ સોદાગરની ઘેર ચાર દિવસ →

**પ્ર. ૮૨- અંતમાં તે પુસ્તકના વિષયમાં પણ સોદાગરની નિયત જોઈને લાલદાસજીએ શું કહ્યું ?**

**પ્ર. ૮૩- તે સમય શ્રી પ્રાણનાથજીની પાસે કોણ બેઠું હતું ? તેઓએ શ્રીજીને શું કહ્યું ?**

**પ્ર. ૮૪- દયારામભાઈની વાતો સાંભળતાં જ અત્યંત ખુશ થઈને શ્રીજી સ્વરૂપે તેમને શું આજ્ઞા આપી અને શું કહ્યું ?**

ઉ. ૮૪- દયારામભાઈની વિનયપૂર્વક વાતો સાંભળીને મહાપ્રભુએ અતિ પ્રસન્ન →

**પ્ર. ૮૫- દયારામભાઈએ શ્રીજીની આજ્ઞા શિરોધાર્ય કરીને કોને હુસૈની તફસીર ઢૂંઢવાનું કહ્યું ?**

**પ્ર. ૮૬- હુસૈની તફસીર કાઢવા માટે દયારામભાઈએ કેવા બહાના બનાવીને પોતાના પાડોશી મિત્રને વિશ્વાસ અપાવ્યો ?**

ઉ. ૮૬- હુસૈની તફસીર કાઢવા માટે દયારામભાઈએ બહાના બનાવીને પોતાના પાડોશી મિત્રને વિશ્વાસ અપાવતાં કહ્યું, ''આપ મારા માટે હુસૈન →

ઉ. ૮૦- સોદાગર દ્વારા કહેલી ઉક્ત વાતો લાલદાસજીએ શ્રી પ્રાણનાથજીને બતાવી. ત્યારે મહાપ્રભુએ લાલદાસજીને આજ્ઞા આપી, ''તમે તે તફસીર લઈ આવો.''

→ સુધી ભટકતાં રહ્યા. પરંતુ તે સોદાગર તો બહાના જ કરતાં રહ્યા. તફસીર તો આપતો જ ન હતો. ચોથા દિવસે લાલદાસજી તે સોદાગરની પાસેથી નિરાશ થઈને પાછાં શ્રીજીની પાસે આવી ગયા.

ઉ. ૮૨- અંતમાં તે પુસ્તકના વિષયમાં પણ સોદાગરની નિયત (દાનત) જોઈને નિરાશ થઈને લાલદાસજીએ શ્રીજીને કહ્યું, ''તેની વાત જૂઠી પ્રતીત (ભાસ) થાય છે.''

ઉ. ૮૩- તે સમય શ્રી પ્રાણનાથજીની પાસે દયારામભાઈ ઉપસ્થિત હતા. તેઓએ શ્રીજીને વિનય કરી, ''આપ આ કાર્ય માટે મને આજ્ઞા આપો.''

→ થઈને દયારામભાઈને આજ્ઞા આપી, ''આપ આજે જ તફસીર હુસૈની લઈ આવો. સરદાર-અગ્રગણ્ય સખી સકુમારની મંજીલ સુધી પહોંચવાની અમને બહુ ચાહના છે. કુરાનની આ ટીકા-તફસીર હુસૈની આ કાર્યમાં અમારી બહુ સહાયતા કરશે.''

ઉ. ૮૫- દયારામભાઈએ શ્રી પ્રાણનાથજીની આજ્ઞા શિરોધાર્ય કરીને પોતાની પાડોશમાં રહેવાવાળા એક મિત્રને હુસૈની તફસીર ઢૂંઢવાનું કહ્યું.

→ સાહેબ દ્વારા લખેલી કુરાનની ટીકા તફસીર હુસૈની ઢૂંઢીને લઈ આઓ કેમ કે અમારા એક મુસલમાન મિત્રએ પત્ર લખીને અમારાથી તફસીર હુસૈની મંગાવી છે. તેઓએ બહુ જ વિનમ્ર નિવેદન કરતાં આ પુસ્તક મોકલવાનો આગ્રહ કર્યો છે.''

**પ્ર. ૮૭- દયારામભાઈના મુસલમાન મિત્રએ શું કહેતાં તફસીર લાવી દીધી ?**

ઉ. ૮૭- દયારામભાઈની ઉક્ત વાતો સાંભળતાં જ દયારામભાઈના મિત્રએ →

**પ્ર. ૮૮- તે તફસીરનું મૂલ્ય કેટલું હતું અને દયારામભાઈના દોસ્તે તેમનાથી કેટલાં પૈસા લીધા ? દયારામભાઈનું સિર આસમાનમાં કેમ પહોંચી ગયું ?**

**પ્ર. ૮૯- મિત્રના ત્યાંથી પાછાં ફરીને દયારામભાઈ ક્યાં ગયા ? શ્રીજીની આગળ તફસીર રાખતાં દયારામભાઈએ શું કહ્યું ?**

**પ્ર. ૯૦- શ્રીજી શું જોઈને અત્યંત આનંદિત થયા ? શ્રીજીએ કોની સાથે કયા વિષયમાં વાત કરી ?**

**પ્ર. ૯૧- મૌલાના કાયમને તફસીર આપતાં શ્રીજી સાહેબે તેમને શું કહ્યું ?**

**પ્ર. ૯૨- કાયમ મુલ્લાએ જ્યારે તફસીર હુસૈની ખોલી, ત્યારે તેમાં કઈ સૂરત આવી ?**

**પ્ર. ૯૩- તે સૂરતમાં શ્રી રાજજી મહારાજ દ્વારા મોમિનો માટે કહેલી કઈ વાતો મળી ?**

ઉ. ૯૩- તે સૂરતમાં શ્રી રાજજી મહારાજ દ્વારા મોમિનો માટે કહેલી ''લૈલ તુલ →

**પ્ર. ૯૪- ''ઇન્ના ઇન્જુલના'' સૂરતની વાતો સાંભળીને શ્રી પ્રાણનાથજી શું વિચાર કરવા લાગ્યા ?**

→ તેમને કહ્યું, ''હું તમારું આ કાર્ય અવશ્ય કરી દઈશ.'' તેને દયારામભાઈની વાત સાંભળતાં જ તે જ સમયે તફસીર હુસૈની લાવીને તેમના હાથમાં આપી દીધી.

ઉ. ૮૮- તે તફસીરનું મૂલ્ય ચાલીસ રૂપિયા હતું, કિંતુ દયારામભાઈના દોસ્તે તેમાંથી બે રૂપિયા તેમણે પાછાં કરી દીધા. દયારામભાઈ અતિ પ્રસન્ન થયા. તેમનું સિર માનો આસમાનમાં જઈ પહોંચ્યું હોય કેમ કે ધણી શ્રીજી સાહેબજીની આજ્ઞા પૂર્ણ થઈ અર્થાત્ ધણીની ચિંતા દૂર થઈ.

ઉ. ૮૯- પોતાના મિત્રના ત્યાંથી પાછાં આવીને દયારામભાઈ શ્રીજીની પાસે આવ્યા. તફસીર શ્રીજીને સન્મુખ રાખીને દયારામભાઈ બોલ્યા, ''આપની કૃપાથી આ કાર્ય સફળ થઈ ગયું.''

ઉ. ૯૦- શ્રી પ્રાણનાથજી કુરાનની ટીકા તફસીર હુસૈની જોઈને અત્યધિક આનંદિત થયા. સન્મુખ બેઠેલાં પ્રમુખ શિષ્ય લાલદાસથી તે આ વિષયમાં વાતચીત કરવા લાગ્યા.

ઉ. ૯૧ મૌલાના કાયમને કુરાનની ટીકા હુસૈની તફસીર આપતાં શ્રીજી સાહેબે તેમને કહ્યું, ''કુરાનના થોડાક રહસ્યમય પ્રસંગનો અભિપ્રાય એમાંથી જોઈને અમને બતાવો-સંભળાવો !''

ઉ. ૯૨- કાયમ મુલ્લાએ જ્યારે તફસીર હુસૈની ખોલી, ત્યારે તેમાં ''ઇન્ના ઇન્જુલના'' સૂરત આવી.

→ કદ્ર ની ત્રણ તકરારો''નું વર્ણન આવ્યું. પૂર્ણબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીએ કુરાનની અંદર જે વાતો સાંકેતિક રૂપમાં લખાવી હતી, તે બધાય સાંકેતિક રહસ્ય સ્પષ્ટ થઈ ગયા.

ઉ. ૯૪- **''ઇન્ના ઇન્જુલના''** સૂરતની વાતો સાંભળીને શ્રી પ્રાણનાથજી તેની પર વિચાર કરવા લાગ્યા કે અમે જ વ્રજ અને રાસમાં આવ્યા હતા. હવે →

→ અહીં ત્રીજા જાગણીના બ્રહ્માંડમાં આવ્યા છે. કુરાનમાં પણ તે જ વાતો →

**પ્ર. ૯૫- જ્યારે મુલ્લાએ ''ઇન્ના આતેના'' નામક સૂરત સંભળાવી, ત્યારે શ્રીજીના હાલ કેવા થયા ?**

ઉ. ૯૫- પુનઃ બીજીવાર જ્યારે કાયમ મુલ્લાએ શ્રીજી સ્વરૂપને **''ઇન્ના આતેના''** નામક સૂરત વાંચીને સંભળાવી, ત્યારે તેમને તેમના દ્વારા શ્રી યમુનાજી, →

**પ્ર. ૯૬- કુરાનની અંદરની કઈ-કઈ સૂરતની વાતો સાંભળીને શ્રી પ્રાણનાથજી કેટલાં દિવસ બિસ્તરમાં પડી રહ્યા ?**

**પ્ર. ૯૭- કઈ વાતની શ્રીજીને એટલી આનંદદાયી ચોટ લાગી કે તે બિસ્તરથી ઊઠી જ ન શક્યા ?**

ઉ. ૯૭- આત્માનંદમાં લીન થઈ જવાના કારણે શ્રીજી સ્વરૂપ શારીરિક સૂધ →

**પ્ર. ૯૮- સુંદરસાથની વચ્ચે બેસીને હવે શ્રી પ્રાણનાથજી કોની ચર્ચા કરવા લાગ્યા ?**

ઉ. ૯૮- હવે સુંદરસાથની વચ્ચે બેસીને શ્રી પ્રાણનાથજી કુરાનની ચર્ચા કરવા →

**પ્ર. ૯૯- સુંદરસાથને કોના દ્વારા આનંદનો અનુભવ થયો ? સાક્ષીઓના માધ્યમથી મિલાન કરીને સુંદરસાથ કયા વિષયોની પુષ્ટિ કરવા લાગ્યા ?**

ઉ. ૯૯- પોતાના પરમધામની વાતો કુરાનની ટીકા હુસૈની તફસીર દ્વારા →

→ લખી છે, જે નિજાનંદ સ્વામી સદ્‌ગુરુએ અમને ભેટના સમયે સંકેતમાં કહી હતી!

→ હોજકોસર તાલ અને તેની પાલનો યથાર્થ બોધ પ્રાપ્ત થયો. એ વચનોને સાંભળીને શ્રી પ્રાણનાથજીને એટલો આનંદ પ્રાપ્ત થયો કે ભાવવિહ્‌વલ (વિભોર) થઈ જવાને કારણે તે ઉઠવા-બેસવામાં પણ અસમર્થ થઈ ગયા.

ઉ. ૯૬- કુરાનની ટીકા હુસૈની તફસીરની **''ઇન્ના ઇન્જુલના અને ઇન્ના આતેના''** -એ બંને સૂરત-પ્રકરણોની વાતો સાંભળીને શ્રી પ્રાણનાથજી ત્રણ દિવસ સુધી સેજ (પથારી) થી ઊઠી ન શક્યા. સેજ્યા પર જ પડી રહ્યા.

→ ભૂલી રહ્યા. તફસીર હુસૈનીમાં લખેલાં પૂર્ણબ્રહ્મ પરમાત્માના વચનોમાં પોતાની લીલાની વાતો સાંભળીને શ્રીજીની ભાવદશા એવી થઈ ગઈ. એટલે કે બિસ્તરથી ઊઠી જ ન શક્યા.

→ લાગ્યા. સાથીઓને પણ આ પ્રસંગ દ્વારા અત્યંત આનંદનો અનુભવ થયો. શ્રીજી સ્વરૂપ દ્વારા ચર્ચામાં બતાવેલી વાતોને સુંદરસાથ સાક્ષીઓથી મિલાવીને પુષ્ટિ (સમર્થન) કરવા લાગ્યા.

→ સાંભળીને સુંદરસાથને પણ એ પ્રસંગો દ્વારા અત્યંત આનંદનો અનુભવ થયો. અહીં શ્રી સદ્‌ગુરુ દ્વારા બતાવેલી વાતો - શ્રી જમુનાજી, હોજકોસર તાલ અને પાલની સાક્ષીઓ મળવાથી કુરાન શ્રી રાજજી દ્વારા બ્રહ્મત્માઓ-મોમિનો માટે મોકલેલી ચિઠ્ઠી છે, આ વિષયની પુષ્ટિ સુંદરસાથ કરવા લાગ્યા.

**પ્ર. ૧૦૦- સરાય રોહિલ્લાખાનની હવેલીમાં હુસૈની તફસીરની અંદર મળેલી વાતોનો સંદેશો ક્યાં-ક્યાં મોકલવામાં આવ્યો ?**

ઉ. ૧૦૦- સરાય રોહિલ્લાખાનની હવેલીમાં કુરાનના ટીકા હુસૈની તફસીરમાં →

**પ્ર. ૧૦૧- ઉક્ત ખુશખબરીની સાથે-સાથે તે ગ્રંથના વિષયમાં બીજી કઈ વાતો સુંદરસાથને કહેવામાં આવી ?**

**પ્ર. ૧૦૨- અમારા ખેલમાં અવતરણના પહેલાં અમારા માટે શ્રી રાજજીએ શું કર્યું ?**

**પ્ર. ૧૦૩- ઉદયપુર વગેરે વિભિન્ન સ્થાનોના સુંદરસાથની પાસે શ્રીજીએ કયો સંદેશો આપવાનું કહ્યું ?**

ઉ. ૧૦૩- શ્રી પ્રાણનાથજીએ ઉદયપુર વગેરે વિભિન્ન સ્થાનોના સુંદરસાથને →

**પ્ર. ૧૦૪-પત્રમાં કયા-કયા પાંચ ભાઈઓને વિશેષ રૂપથી સંબોધિત કરીને શું કહેવામાં આવ્યું હતું ?**

ઉ. ૧૦૪- પત્રમાં વિશેષ કરીને ભીમભાઈ, મુકુંદદાસજી, ઉદ્ધવ, કેશવદાસ તથા શ્યામજી-એ પાંચ ભાઈઓને સંબોધિત કરી કહેવામાં આવ્યું હતું કે, ''આપ સાંભળો ! મેં મહંમદ સાહેબ દ્વારા લાવેલાં પત્ર 'કુરાન'ને વાંચ્યું. તે અમારા પ્રિયતમ શ્રી રાજજી દ્વારા મોકલેલાં →

**પ્ર. ૧૦૫- શ્રી પ્રાણનાથજીએ પત્રમાં અન્ય સુંદરસાથને સત્ય ધર્મની પ્રતિષ્ઠા માટે શું કરવાનું કહ્યું ?**

ઉ. ૧૦૫- શ્રી પ્રાણનાથજીએ અન્ય સુંદરસાથને પત્રમાં એ વાત સ્પષ્ટ લખી, →

→ પોતાના પરમધામની લીલાનું સાંકેતિક વર્ણન મળવાના શુભ સમાચાર સમસ્ત સુંદરસાથની પાસે જગ્યા-જગ્યા પ્રેષિત કરવામાં (મોકલવામાં) આવ્યા.

ઉ. ૧૦૧- ઉક્ત ખુશખબરીની સાથે-સાથે તે ગ્રંથના વિષયમાં સુંદરસાથને એ પણ કહેવામાં આવ્યું કે આ કુરાન અમારી બ્રહ્મમુનિઓ-મોમિનોની ધરોહર છે.

ઉ. ૧૦૨- શ્રી રાજજીની અનંત અનુકંપાના વરદ હસ્ત અમને પ્રાપ્ત છે, એટલા માટે તેઓએ અમારા સંસારમાં અવતરણના પહેલાં જ કુરાનના માધ્યમથી એ સૂચના સંસારને આપી.

→ પત્ર લખીને આદેશ આપવાનું કહ્યું કે, ''આપ લોકોને જે સમાચાર આપવા જઈ રહ્યા છે, તેની સૂચના આપ અન્ય સાથીઓ સુધી અવશ્ય પહોંચાડશો.''

→ અમારા નામનો સંદેશો છે. તેમાં મને પરમધામની લીલાનો સંકેત મળ્યો છે. પોતાના ઘરનો સંકેત અમારા વિના કોઈ ન સમજી શકે. બ્રહ્માત્માઓના અવિનાશી ઘર-બ્રહ્મધામના અતિરિક્ત જો કોઈ બીજાનું અસ્તિત્વ હોય, ત્યારે જ તે આ લીલાને સમજી શકશે. બીજું બધું તો ક્ષણભંગુર છે. કુરાન ગ્રંથ મુસલમાનોનો નથી, અમારો છે. અમારા ઘરની વાતો અમારા ધણીએ કુરાનમાં લખીને અમારા માટે મોકલી છે.''

→ ''સુંદરસાથજી ! આપ લોકો હિમંત અને ધૈર્યથી સત્ય ધર્મની પ્રતિષ્ઠા માટે દજ્જાલથી લડવાવાળાઓની પાસે પોતાની ખુશહાલીની સમાચાર મોકલી આપો.''

**પ્ર. ૧૦૬- સરાય રોહિલ્લાખાનની હવેલીમાં બેસીને ઉક્ત કાર્ય કરતાં-કરતાં કોણ-કોણ આવી પહોંચ્યું ?**

ઉ. ૧૦૬- ઉક્ત વાતાવરણની વચ્ચે જ્યારે શ્રીજી સ્વરૂપ સરાય રોહિલ્લાખાનની →

**પ્ર. ૧૦૭- ઉક્ત ત્રણ જણ ક્યાંથી, કોની તરફથી અને કેમ આવ્યા હતા ?**

ઉ. ૧૦૭- ઉક્ત ત્રણ જણ નવતનપુરી-જામનગર સ્થિત ગાદીપતિ શ્રી →

**પ્ર. ૧૦૮- ઉક્ત ત્રણેય જણ દિલ્હી સ્થિત કઈ હવેલીમાં આવીને શ્રીજી સ્વરૂપને મળ્યા ?**

**પ્ર. ૧૦૯- ઉક્ત ત્રણેય કેવા હતા અથવા કોના તાબામાં થઈને કેવી માન્યતા લઈને ચાલતા હતા ?**

ઉ. ૧૦૯- ઉક્ત ત્રણેય ગાદીપતિ શ્રી બિહારીજીના દાવેદાર તથા ત્યાંના →

**પ્ર. ૧૧૦- તે ત્રણેય કોણ હતા ? કોનો વિરોધ કરવાવાળા હતા ? એમનું મહત્ત્વ ક્યાં હતું ?**

ઉ. ૧૧૦- એ આવેલાં લોકો શ્રી બિહારીજી દ્વારા મોકલેલાં તેમના અનુગામી →

**પ્ર. ૧૧૧- એ આવેલાં લોકો વિશેષ કરીને કોની ઉપર આક્રોશ રાખતાં હતા ?**

**પ્ર. ૧૧૨- એ લોકો કોનું નામ અને કોના ધર્મગ્રંથની વાતો સાંભળવા પણ ચાહતા ન હતા ?**

ઉ. ૧૧૨- જામનગર-શ્રી નવતનપુરીથી આવેલાં એ ત્રણેય ભાઈ મહંમદ સાહેબનું →

→ હવેલીમાં કાર્યરત થઈને આગળ વધી રહ્યા હતા, એ જ સમય જામનગરથી ગાદીપતિ શ્રી બિહારીજીની તરફથી ત્રણ જણ - પ્રેમદાસ, નાગજીભાઈ અને સંગજીભાઈ દિલ્હી આવી પહોંચ્યા.

ઉ. ૧૭૨- સંસારમાં હિંદુ અને મુસલમાનની વચ્ચે રીતિ-રિવાજ લડે છે અર્થાત્ રીતિ-રિવાજોનો ટકરાવ છે કેમ કે બનેમાં વાસ્તવિકતાનું જ્ઞાન નથી.

ઉ. ૧૭૩- ઉક્ત બંને પક્ષોના મન અંતઃકરણમાં બેઠેલાં અહંકાર તેમને પરસ્પર લડાવી રહ્યા છે. એ માયાજન્ય શયતાન-મનની કરતૂત છે.

ઉ. ૧૭૪- બધાના માલિક એકેશ્વર પરવરદિગાર પરમાત્માએ શ્રી પ્રાણનાથજીના માધ્યમથી કુરાન-પુરાણના ગૂઢાર્થોને ખોલીને સ્પષ્ટ કરી દીધા છે.

ઉ. ૧૭૫- જ્યારે વેદ-કતેબ, કુરાન પુરાણના ગૂઢાર્થ જાહેર થશે, ત્યારે બધા લોકો લજ્જિત-શરમિંદા થઈ જશે. પુનઃ તેમાં જ્ઞાનનું જૂઠું અભિમાન રહેશે નહિ.

ઉ. ૧૭૬- દજ્જાલ બધાની અંદર મનરૂપમાં રહીને તેમની છાતી પર બેસીને લડવા-ઝઘડવા માટે બહેકાવે છે.

પ્ર. ૧૭૭- બધાય શું પકડીને શેમાં ચૂર (નિમગ્ન) છે ?

પ્ર. ૧૭૮- ઉક્ત લોકો પણ પાછળ શું પ્રાપ્ત કરી દ્રવિત થઈ જશે અને ક્યાંનો શયતાન નષ્ટ થઈ જશે ?

પ્ર. ૧૭૯- ઉપરોક્ત લોકો શું છોડીને, કઈ રીતે સિર નીચું કરીને, કેવી રીતે આવવા લાગશે ?

પ્ર. ૧૮૦- હવે કોણ એકત્રિત થઈ રહ્યા છે ? પરંતુ લોકોએ કેવો અર્થ ગ્રહણ કર્યો છે ?

પ્ર. ૧૮૧- ઇસ્લામના દ્વાર ખોલવા માટે કોણે, શું અને કોની પાસે પહોંચાડી દીધી છે ?

પ્ર. ૧૮૨- શ્રીજી સ્વરૂપ મોમિનોને અહીંયા શું ન કરવા અને કેવી રીતે રહેવાની હિદાયત (શિખામણ) આપી રહ્યા છે ?

પ્ર. ૧૮૩- કોઈ કોને દોષ આપી શકતા નથી ? કોણ મૃતકને શું કરવાનો દાવો લઈને બેઠાં છે ? મોમિનોને કોની આગળ ઝૂકવાની આવશ્યકતા નથી ?

પ્ર. ૧૮૪- આ સંસાર કેવી નગરી છે ? એની પ્રત્યેક વસ્તુ વ્યક્તિને શું કરે છે ?

પ્ર. ૧૮૫- કોના રહસ્યને મોમિન ભલીભાંતિ જાણે-સમજે છે ?

ઉ. ૧૭૭- સંસારમાં બધાય અંધકારરૂપી માયાને પકડીને તેના જ અભિમાનમાં ચૂર છે. તેમાં જ તલ્લીન-નિમગ્ન થઈ રહ્યા છે.

ઉ. ૧૭૮- ઉક્ત પ્રકારના માયાવી કઠોર દિલવાળા પણ પાછળ તારતમ જ્ઞાન પ્રાપ્ત કરી દ્રવિત-ગલિત ગાત્ર થઈ જશે. તેમની અંદર બેઠેલાં શયતાન સ્વતઃ જ નષ્ટ-ભ્રષ્ટ થઈ જશે.

ઉ. ૧૭૯- ઉપરોક્ત લોકો પોતાના અભિમાનને ત્યાગીને, લજ્જાથી સિર નીચું કરીને, ઘેટાં (ભેડ) ની જેમ એકબીજાની પાછળ આવવા લાગશે.

ઉ. ૧૮૦- હવે બધા મોમિન-બ્રહ્મમુનિ એકત્ર થઈ રહ્યા છે, કિંતુ લોકોએ વિપરીત અર્થ ગ્રહણ કર્યો છે.

ઉ. ૧૮૧- ઇસ્લામના દ્વાર ખોલવા માટે પરબ્રહ્મ પરમાત્માએ પોતાના બ્રહ્મજ્ઞાનના ખજાનાની કૂંચી (કૂંજી)-તારતમ મંત્ર બાર મોમિનોની પાસે પહોંચાડી દીધી છે.

ઉ. ૧૮૨- શ્રીજી સ્વરૂપ બાર મોમિનોને અહીંયા પોતાનું સિર ઊંચું રાખવા, સ્વાભિમાન ન ખોવા અને લજ્જિત થઈને સિર નીચું કરીને નહિ જોવાની હિદાયત આપી રહ્યા છે.

ઉ. ૧૮૩- કોઈ મોમિનોને દોષ આપવા ચાહે, તો પણ આપી શકતા નથી. મોમિન તો મૃતકને જીવિત કરવાનો દાવો 'કુમ'-માલિક શ્રી રાજજીની શક્તિ લઈને બેઠાં છે. એટલા માટે મોમિનોને તે દજ્જાલોની આગળ ઝૂકવાની આવશ્યકતા નથી.

ઉ. ૧૮૪- આ સંસાર ગોવિંદ ભેડા-માયાનગરી છે. એમની પ્રત્યેક વસ્તુ વ્યક્તિને પોતાની તરફ આકૃષ્ટ કરી લે છે.

ઉ. ૧૮૫- આ માયાનગરી-ગોવિંદ ભેડારૂપી સંસારના રહસ્યને મોમિન ભલીભાંતિ જાણે-સમજે છે.

પ્ર. ૧૮૬- કોણ, કોના અથવા કોના જેવાનું પણ કંઈ બગાડી શકતી નથી ?

પ્ર. ૧૮૭- શ્રીજી સાહેબજી ઉક્ત વાતો કોને સંબોધિત કરીને કહી રહ્યા છે ?

પ્ર. ૧૮૮- એ મોમિન એકબીજામાં કેવા છે ?

પ્ર. ૧૮૯- આ માયાવી સંસાર કોની સમાન છે ? આ મોમિનોનું શું કરી શકશે નહિ ?

પ્ર. ૧૯૦- કોણે મોમિનોને, ક્યારે આ સંસારની પ્રકૃતિના પ્રતિ સાવધાન કરી દીધા હતા ?

પ્ર. ૧૯૧- હમણાં કેટલાં મોમિન ધર્મવીર થઈને કુરબાન થયા છે ?

પ્ર. ૧૯૨- જે ભયભીત થઈને ભાગી ગયા છે, તે પુન; કોના દ્વારા આવશે ?

પ્ર. ૧૯૩- ભયભીત થઈને ભાગેલાં સાથ પાછાં આવીને કોની સાથે, શું કરવા લાગશે ?

પ્ર. ૧૯૪- હમણાં ધર્મના નામ પર કુરબાન થવાવાળા બાર મોમિન છે. બાદમાં સંદેશ પામીને તેમની પાછળ કેટલી બ્રહ્માત્માઓ આવશે ?

પ્ર. ૧૯૫- આત્મ જાગૃતિ થવાથી તે બ્રહ્માત્માઓ કોની આજ્ઞાને આધીન રહેશે ?

પ્ર. ૧૯૬- શ્રીજી સ્વરૂપ મોમિનોને પોતાની વાતો કઈ રીતે પ્રકટ કરવાનું કહી રહ્યા છે ?

ઉ. ૧૮૬- માયાવી શક્તિ પાંચ વર્ષના ધ્રુવ અને પ્રલ્લાદ જેવા બાળકોનું પણ કંઈ જ બગાડી શકતી નથી.

ઉ. ૧૮૭- શ્રીજી સાહેબજી-શ્રી પ્રાણનાથજી ઉક્ત વાતો પોતાના બાર ધર્મજ્ઞ શૂરવીર મોમિનોને સંબોધિત કરીને કહી રહ્યા છે.

ઉ. ૧૮૮- મોમિનો તો બધા શિરોમણિ એકબીજામાં સરદાર છે.

ઉ. ૧૮૯- આ માયાવી સંસાર પ્રેતનગરીના સમાન છે. એ મોમિનોનું કંઈ પણ અહિત કરી શકશે નહિ.

ઉ. ૧૯૦- પ્રિયતમ પરમાત્મા શ્રી રાજજીએ મોમિનોને પહેલાં જ આ સંસારના પ્રકૃતિના પ્રતિ સાવધાન કરી દીધા હતા.

ઉ. ૧૯૧- હમણાં તો બાર મોમિન ધર્મવીર થઈને ધર્મ પર કુરબાન થયા છે.

ઉ. ૧૯૨- જે-જે ભયભીત થઈને આ સમય સાથ-સમુદાયથી ભાગીને અલગ થઈ ગયા છે, તે પુનઃ પરમાત્માની કૃપાથી આવીને મળશે.

ઉ. ૧૯૩- ભયભીત થઈને ભાગેલાં સાથ પાછાં આવીને મોમિનોની સાથે એકાકાર થઈને કાર્ય કરવા લાગશે.

ઉ. ૧૯૪- હમણાં ધર્મના નામ પર કુરબાન થવાવાળા બાર મોમિન છે. કિંતુ મોમિનોથી સંદેશ પ્રાપ્ત કરીને તેમની પાછળ બાર હજાર બ્રહ્માત્માઓ આવશે.

ઉ. ૧૯૫- આત્મ જાગૃતિ થવાથી તે બ્રહ્માત્માઓ મોમિનોને આવીને મળશે અને તેમની આજ્ઞાને આધીન રહેશે.

ઉ. ૧૯૬- શ્રીજી સ્વરૂપ ધામની અગ્રગણ્ય શૂરવીર આત્માઓને પોતાની વાતો ભલી પ્રકાર અને સ્પષ્ટરૂપેણ પ્રકટ કરવાનું કહી રહ્યા છે.

**પ્ર. ૧૯૭- પોતાની વાતોને સ્પષ્ટરૂપેણ જાહેર કરી દેવાથી કુમ કહેવડાવવાવાળી જીવાત્માઓ કયામતના સમયની જાગૃત આત્માઓના કેવા ગુણ જોઈ લેશે ?**

**પ્ર. ૧૯૮- શ્રીજી સ્વરૂપ કયામતના સમય કોણે કબરથી મુડદા ઉઠવાની લીલા જોવા માટે કહી રહ્યા છે ?**

**પ્ર. ૧૯૯- કયા જ્ઞાનના દ્વારા આત્માની ઓળખ કરી, કોણ, કોના ચરણોની વંદના કરશે ?**

**પ્ર. ૨૦૦- શ્રીજી સ્વરૂપ મોમિનોને પોતાના દૃષ્ટિકોણને શું ન થવા દેવાનું કહી રહ્યા છે ? પુનઃ કઈ તરફ ધ્યાન રાખવાનું કહી રહ્યા છે ?**

**પ્ર. ૨૦૧- શ્રીજી સ્વરૂપ મોમિનોને કયા વિષયમાં દિલથી વિચાર કરી, શું બતાવવાનું કહી રહ્યા છે ?**

ઉ. ૨૦૧- શ્રીજી સ્વરૂપ મોમિનોને કહી રહ્યા છે, ''આપ બધા દિલથી વિચાર →

**પ્ર. ૨૦૨- શ્રીજી સ્વરૂપ ક્યાંક અન્યત્ર જઈને શું કરવાનું કહી રહ્યા છે ?**

**પ્ર. ૨૦૩- પુનઃ શ્રીજી સ્વરૂપ અહીંયા બીજીવાર કઈ રીતે ચઢાઈ કરવાના વિષયમાં કહે છે ?**

ઉ. ૧૯૭- પોતાની વાતોને સ્પષ્ટરૂપેણ ભલી પ્રકાર જાહેર કરી દેવાથી કુમ (માલિક) કહેવડાવવાવાળી અથવા શરીરરૂપી કબરમાં મુડદાની સમાન મસ્ત સૂતેલી (નીંદગ્રસ્ત થયેલી) જીવાત્માઓ કયામત અથવા આત્મ જાગૃતિના સમય મોમિનોનો જોશ અને પ્રેમરૂપી ગુણ જોઈ લેશે.

ઉ. ૧૯૮- શ્રીજી સ્વરૂપ શરાઅના કટ્ટરપંથી લોકોને કયામતના સમયે શરીરરૂપી કબરમાં મુડદાની સમાન મસ્ત સૂતેલી આત્માઓને ઉઠતાં અર્થાત્ જાગૃત થતાં જોવા માટે કહી રહ્યા છે.

ઉ. ૧૯૯- રૂહઅલ્લાહ સદ્‌ગુરુ શ્રી દેવચંદ્રજીના તારતમ જ્ઞાન દ્વારા આત્માની ઓળખ કરીને ગામ-ગામ, દેશ-દેશમાં વસેલાં હિંદુ અને મુસલમાનભાઈ મોમિનોના ચરણોની વંદના કરશે.

ઉ. ૨૦૦- શ્રીજી સ્વરૂપ ધર્મપ્રાણ મોમિનોને પોતાના દૃષ્ટિકોણને પરિવર્તિત ન થવા દેવાનું કહી રહ્યા છે. પુનઃ પોતાનું ધ્યાન લક્ષ્યની તરફ ટકાવી રાખવાનું કહી રહ્યા છે.

→ કરી મને સ્પષ્ટ બતાવો કે મારા માટે આ સ્થાન અનુકૂળ છે યા નહિ! કદાચિત મારા માટે આપને આ સ્થાન અનુકૂળ ન લાગે, તો હું અન્યત્ર પ્રસ્થાન કરવાનું પણ વિચાર કરું!!''

ઉ. ૨૦૨- શ્રીજી સ્વરૂપ મોમિનોને કહે છે, ''યદિ આપ સલાહ આપો, તો હું અન્યત્ર કયાંક જઈને આસુરી પ્રવૃત્તિવાળા દજ્જાલોથી સંઘર્ષ કરવા માટે કોઈ બીજી યુક્તિ કાઢીને મોરચા (લડવાની તૈયારી) કરું.''

ઉ. ૨૦૩- પુનઃ શ્રીજી સ્વરૂપ બીજીવાર દિલ્લી આવીને પરિવર્ધિત શક્તિથી બીજીવાર યુદ્ધ કરવાના વિષયમાં કહે છે.

**પ્ર. ૨૦૪- ઉક્ત પ્રકારની યોજનાનો પ્રયોગ શ્રીજી સ્વરૂપ કઈ સ્થિતિમાં કરવાનું કહી રહ્યા છે ?**

**પ્ર. ૨૦૫- હવે કોણ, કોના ચરણોની વંદના-પ્રાર્થના કરશે ?**

**પ્ર. ૨૦૬- કોના પ્રતિ, શું જોઈને સંપૂર્ણ જગતના લોકો, કોને અને શું કહેશે ?**

ઉ. ૨૦૬- પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીના પ્રતિ મોમિનોનો પ્રેમ અને વિશ્વાસ →

**પ્ર. ૨૦૭- મોમિનોના કયા ગુણને જોઈને લોકો શું કર્યા વગર જ મરી જશે ?**

**પ્ર. ૨૦૮- પરંતુ જ્યાં સુધી બાદશાહ મોમિનોની વાતો ધ્યાનથી નહિ સાંભળશે, ત્યાં સુધી શું થઈ શકશે નહિ ?**

**પ્ર. ૨૦૯- કોણે, કોના સંદેશને ધ્યાનથી ન સાંભળ્યો અને કેમ ?**

**પ્ર. ૨૧૦- બીજો, કોનો અભિપ્રાય જાણવા માટે બાદશાહ ઔરંગઝેબને શું પ્રાપ્ત ન થઈ શકી ?**

**પ્ર. ૨૧૧- પુનઃ બાદશાહના દિલમાં કયા વિષયનો ભય સમાયેલો હતો ?**

ઉ. ૨૧૧- પુનઃ એક કારણ એ પણ હતું કે બાદશાહના દિલમાં આ વાતનો પણ ભય સમાયેલો હતો કે ક્યાંક મોમિનોને કોઈએ તેને ધોકા આપીને →

**પ્ર. ૨૧૨- ઔરંગઝેબ બાદશાહના ઇમામના સંદેશ પર ધ્યાન ન આપવા માટે કેટલાં કારણ હતા ? ત્રીજું કારણ કયુ હતું, જેના આધાર પર તેમને ખુદાની તરફથી આવેલો પેગામ ઠુકરાવી દીધો ?**

ઉ. ૨૦૪- ઉક્ત પ્રકારની યોજનાનો પ્રયોગ તો શ્રીજી સ્વરૂપ ત્યારે લાવવાનું કહી રહ્યા છે, જ્યારે એ સરે (શરાઅ) ના શયતાન કાજી લોકો પ્રત્યક્ષ રૂપમાં મોમિનોના વિપરીત થઈને લડવા માટે તૈયાર થઈ જાય.

ઉ. ૨૦૫- હવે જલદી જ જેટલાં પણ મુસલમાન છે, તે બધા બ્રહ્મનિષ્ઠ મોમિનોના ચરણોની વંદના-પ્રાર્થના કરશે.

→ તથા તેમના દૃઢતાપૂર્ણ વચનોને જોઈને સંપૂર્ણ જગતના લોકો મોમિનોની ભૂરિ-ભૂરિ પ્રશંસા કરશે અને તેમને ધન્ય-ધન્ય કહેતાં તેમનું ધ્યાન ધરશે.

ઉ. ૨૦૭- મોમિનોના આત્મીય આવેશને જોઈને લોકો વગર મારે જ મરી જશે.

ઉ. ૨૦૮- પરંતુ જ્યાં સુધી બાદશાહ મોમિનોની વાતો ધ્યાનથી નહિ સાંભળશે, ત્યાં સુધી માયા-જગતના અભિમાનમાં ચૂર લોકોની આત્મ જાગૃતિ થઈ શકશે નહિ.

ઉ. ૨૦૯- સુલતાન ઔરંગઝેબે ઇમામના સંદેશને ધ્યાનથી ન સાંભળ્યો કેમકે તેમની દૃષ્ટિ શારીરિક અને બુદ્ધિ દૈહિક હતી.

ઉ. ૨૧૦- બીજો, કુરાનનો અભિપ્રાય જાણવા માટે બાદશાહને આત્મબુદ્ધિ-દિવ્ય દૃષ્ટિ જ પ્રાપ્ત ન થઈ શકી.

→ તેમની કીર્તિને નષ્ટ કરવા માટે તો નથી મોકલ્યા અથવા એ ક્યાંક કોઈ દુશ્મનના જાલિમ દૂત તો નથી ને! એટલા માટે બાદશાહ અધિક અસમંજસમાં પડી ગયા હતા.

ઉ. ૨૧૨- ઔરંગઝેબ બાદશાહના ઇમામના સંદેશ પર ધ્યાન ન આપવાના મુખ્ય ત્રણ કારણ હતા. તેમાંથી ત્રીજું કારણ એ હતું કે યદિ બાદશાહ ઇમામ મેહદીનું પ્રગટીકરણ સ્વીકારી કરી લેતાં, તો શરાઅ-તોરા →

→ અર્થાત્ કટ્ટર શરાઅ પર આધારિત તેમનું શાસન ઉઠી જતું. એટલા →

**પ્ર. ૨૧૩- બાદશાહ યદિ ઇમામ દ્વારા મોકલેલો પેગામ સ્વીકાર કરી લેતાં, તો શું થઈ શકતું હતું ?**

**પ્ર. ૨૧૪- કોણ લોકો, કેવી બુદ્ધિથી, કુરાનના કયા પ્રસંગનો જાહેરી અર્થ કરે છે ?**

**પ્ર. ૨૧૫- જ્યારે ઈસા, ઇમામ અને દજ્જાલ મનુષ્ય તન ધારણ કરશે, ત્યારે શું થશે-એવી મુસલમાન લોકોની માન્યતા છે ?**

ઉ. ૨૧૫- કયામતના સમયે જ્યારે ઈસા, ઇમામ મેહદી અને દજ્જાલ મનુષ્ય →

**પ્ર. ૨૧૬- મુસલમાનોની ધારણાનુસાર કોણ અને કેટલાં કાફરોથી તલવાર લઈને લડશે ?**

**પ્ર. ૨૧૭- ઉક્ત પ્રકારનું ભયાનક યુદ્ધ ક્યારે-કયા સમયે થવાનું કહ્યું છે તથા તે યુદ્ધમાં શું થશે, એવું કહ્યું છે ?**

**પ્ર. ૨૧૮- ઉક્ત લડાઈના દરમ્યાન જગતમાં શું થશે અને શું ફેલાઈ જશે ?**

**પ્ર. ૨૧૯- આ લડાઈ કોના સમાન થશે અને આ લડાઈમાં બધુંય શું થઈને જમીન ખાલી મેદાન (ખલિહાન) સમાન થઈ જશે ?**

**પ્ર. ૨૨૦- લડાઈના દરમ્યાન ખાવા-પીવા માટે શું રહી જશે નહિ ? પુનઃ ભૂમિ કેવી હશે ?**

→ માટે તેમને ખુદાની તરફથી આવેલાં પેગામ પર ધ્યાન ન આપ્યું, ઠુકરાવી દીધું.

ઉ. ૨૧૩- બાદશાહ યદિ ઇમામ દ્વારા મોકલેલો પેગામ સ્વીકારી લેતાં, તો તેમનું રાજશાસન ઉઠી જતું, ત્યારે તે કયા આધાર પર શાસન કરતાં.

ઉ. ૨૧૪- આલમના આરિફ કહેવડાવવાવાળા મુસલમાન લોકો સાંસારિક બુદ્ધિથી કુરાનના અંતર્ગત આવેલાં કયામતના સમયે ઇમામ મેહદી, ઈસા અને દજ્જાલના જાહેર થવાનો પ્રસંગનો જાહેરી અર્થ કરે છે.

→ તન ધારણ કરશે, ત્યારે અમારી સંપૂર્ણ શાનશૌકત (મોજમજા) સમાપ્ત થઈ જશે. અમારી એ અવસ્થા રહી શકશે નહીં, એવી મુસલમાન લોકોની માન્યતા છે.

ઉ. ૨૧૬- મુસલમાનોની ધારણાનુસાર મોમિન સિત્તેર હજાર કાફરો-અવજ્ઞાકારીઓથી તલવાર લઈને લડશે.

ઉ. ૨૧૭- ઉક્ત પ્રકારનું ભયાનક યુદ્ધ કયામતના સમયે મોમિનો અને કાફરોની વચ્ચે થવાનું કહ્યું છે. આ યુદ્ધમાં મોમિન કાફરોને મારીને નષ્ટ કરી દેશે, એવું કહ્યું છે.

ઉ. ૨૧૮- ઉક્ત પ્રકાર કયામતના સમયે થવાવાળા આ યુદ્ધમાં સંપૂર્ણ જગતમાં ભયાનક રક્તપાત થશે અને સર્વત્ર લોહી ફેલાઈ જશે.

ઉ. ૨૧૯- આ લડાઈ લડાકુ હાથીઓની વચ્ચે થવાવાળી લડાઈની સમાન થશે અને આ યુદ્ધમાં બધુંય નષ્ટ-ભ્રષ્ટ થઈને જમીન ખાલી મેદાન (ખલિહાન) ની સમાન થઈ જશે.

ઉ. ૨૨૦- લડાઈના દરમ્યાન ખાવા માટે ભોજન અને પીવા માટે પાણી સુધ્ધાં રહેશે નહિ (તક ન રહી જશે). પુનઃ તે સમય ધરતી ઘાસરહિત થઈ જશે.

પ્ર. ૨૨૧- કોણ ઉક્ત પ્રકારના અર્થમાં સ્વયં જ ઉલઝતાં રહે છે ?

પ્ર. ૨૨૨- કેવી બુદ્ધિ હોવાને કારણે, એ મુસલમાન લોકો કોનો જાહેરી અર્થ કરે છે ?

પ્ર. ૨૨૩- કયામતનો અર્થ શું છે ? પરંતુ કયામતનું નામ સાંભળતાં જ એ મુસલમાન લોકો કેમ ડરી જાય છે ?

પ્ર. ૨૨૪- તે શરાઅના કાજી લોકો કોને, કેવા સમજે છે અને કોનાથી ચમત્કાર જોવા ચાહે છે ?

પ્ર. ૨૨૫- કોને ઇમામ મેહદી સ્વરૂપના પ્રતિ વિશ્વાસ ન થયો ? પુનઃ ઉક્ત પ્રકારની ભાવનાના કારણે શું થયું ?

પ્ર. ૨૨૬- સુલતાન કોના વચનો પર વિચાર-વિવેક કરશે ? પુનઃ શ્રીજી સ્વરૂપ મોમિનોને સુલતાનથી ક્યારે વાત કરવાની સલાહ આપી રહ્યા છે ?

પ્ર. ૨૨૭- શ્રીજી સ્વરૂપ કયાં બેસીને ઉક્ત પ્રકારથી મોમિનોને સચેત કરી રહ્યા છે ?

પ્ર. ૨૨૮- હવે આગળ શ્રીજી સ્વરૂપ મોમિનોને અવસર મળતાં જ કેવી ચર્ચા કરવાનું કહે છે ?

ઉ. ૨૨૧- કુરાનનો દાવા લેવાવાળા મુસલમાન લોકો ઉક્ત પ્રકારનો જાહેરી અર્થાત્ બાહ્યાર્થમાં સ્વયં જ ઉલઝતાં રહે છે.

ઉ. ૨૨૨- સાંસારિક-દેહ બુદ્ધિ થવાના કારણ એ મુસલમાન લોકો કુરાનનો અર્થ ઉક્ત પ્રકારથી જાહેરી દૃષ્ટિથી કરે છે. ગૂઢ ભાવાર્થને સમજી શકતા નથી.

ઉ. ૨૨૩- કયામતનો અભિપ્રાય આત્મ જાગૃતિથી છે. કિંતુ મુસલમાનોએ તો કયામતનો અર્થ 'મોત આવવું' ઠાન (સમજી) લીધું છે. યસર્થ મુસલમાનભાઈ કયામતના નામથી ભયભીત થઈ જાય છે.

ઉ. ૨૨૪- તે શરાઅના શયતાન, શરાઅના કટ્ટરપંથી કાજી લોકો શ્રીજી સ્વરૂપને સાધારણ આદમી જ સમજે છે અને ઇમામ મેહદીથી કોઈ મોટો ચમત્કાર જોવાની ઇચ્છા (ભાવના) રાખે છે.

ઉ. ૨૨૫- શરાઅના કટ્ટરપંથી કાજીઓને ઇમામ મેહદી સ્વરૂપના પ્રતિ વિશ્વાસ ન થયો. ઉક્ત પ્રકારની ભાવનાના કારણે તેમના દિલની શંકાઓ પણ દૂર થઈ શકી નહિ.

ઉ. ૨૨૬- સુલતાન મોમિનો દ્વારા પહેલાં કહેલાં વચનો પર વિચાર-વિવેક કરશે. પુનઃ શ્રીજી સ્વરૂપ મોમિનોના અવસરમાં પણ સુઅવસર જોઈને જ સુલતાનને પોતાની વાત કહેવાની સલાહ મોમિનોને આપી રહ્યા છે.

ઉ. ૨૨૭- શ્રીજી સ્વરૂપ ભલીભાંતિ વિચાર-વિવેકથી સુઅવસરમાં જ બાદશાહની આગળ પોતાની વાત રાખવા માટે મોમિનોને બહાર કામાપહાડીમાં રહેતાં પત્ર દ્વારા જાહેરમાં સચેત કરી રહ્યા છે.

ઉ. ૨૨૮- હવે આગળ શ્રીજી સ્વરૂપ મોમિનોને પોતાની વાતો ગુપ્ત ન રાખવાનું કહી રહ્યા છે. બલ્કે જ્યાં સુઅવસર મળે, કયામત આત્મ જાગૃતિની ચર્ચા કરતાં રહેવાનું કહે છે.

પ્ર. ૨૨૯- મોમિનોના વચનોને સાંભળીને કેવા-કેવા લોકો પણ શું કરવા લાગશે ?

પ્ર. ૨૩૦- કોણે શ્રીજી સ્વરૂપ હવે આગળની કોઈ ચિંતા નહિ કરવાનું કહી રહ્યા છે ?

પ્ર. ૨૩૧- સત ધર્મ પર પ્રતિષ્ઠિત શૂરવીર મોમિનોને શ્રીજી સ્વરૂપ કેવા વિચાર મનમાં નહિ લાવવાનું કહી રહ્યા છે ?

પ્ર. ૨૩૨- કોની સાથે ચર્ચા બંધ નહિ કરવાની સલાહ શ્રીજી સ્વરૂપ મોમિનોને આપી રહ્યા છે ?

પ્ર. ૨૩૩- પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી કોણ લોકો, કેવા થઈ રહ્યા છે ? તેમની આંખો ખોલવાનું કામ કોનું છે ?

પ્ર. ૨૩૪- મોમિન કેવા કાર્ય કરવા ગયા હતા ? અતઃ શ્રીજી સ્વરૂપ તેમને કેવા કાર્ય કરવાનું કહી રહ્યા છે ?

પ્ર. ૨૩૫- યદિ મોમિન કાર્યાનુસાર આત્મબળ ધારણ કરી નીડરતાથી ન રહ્યા, તો કોણે મોમિનોના પ્રત્યે શંકા થશે ?

પ્ર. ૨૩૬- શ્રીજી સ્વરૂપ મોમિનોની ઉન્નતિ અથવા સફળતા માટે કેવી રીતે ઊભા છે ?

પ્ર. ૨૩૭- શ્રીજી સ્વરૂપ મોમિનોને શરાઅના કટ્ટરપંથીઓની વચ્ચે રહેતાં શું ભલી પ્રકારે સંભાળીને રાખવા માટે કહી રહ્યા છે ?

ઉ. ૨૨૯- મોમિનોના વચનોને સાંભળીને મોટા-મોટા પ્રતિષ્ઠિત લોકો પણ તેમના આધીન થઈને તેમનાથી આત્મકલ્યાણની શિક્ષા ગ્રહણ કરવા લાગશે.

ઉ. ૨૩૦- એક સત બ્રહ્મના સત્ય ધર્મ પર પ્રતિષ્ઠિત મોમિનોને શ્રીજી સ્વરૂપ હવે આગળ કોઈ પ્રકારની ચિંતા નહીં કરવાનું કહી રહ્યા છે.

ઉ. ૨૩૧- સત ધર્મ પર પ્રતિષ્ઠિત શૂરવીર ધર્મપ્રાણ સ્વરૂપ મોમિનોને કોઈ બીજા પ્રકારના વિપરીત વિચાર મનમાં નહિ લાવવાનું કહી રહ્યા છે.

ઉ. ૨૩૨- કાજી શેખ ઇસ્લામની સાથે ચર્ચા બંધ નહિ કરવાની સલાહ શ્રીજી સ્વરૂપ મોમિનોને આપી રહ્યા છે.

ઉ. ૨૩૩- શરાઅના રાજકર્મચારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીને અભિમાનમાં આંધળાંની જેમ થઈ રહ્યા છે. તે આંધળાંની આંખો ખોલવી મોમિનોનું કામ છે.

ઉ. ૨૩૪- મોમિન કઠિન-જોખમ ભરેલાં કાર્ય પર ગયા હતા. અતઃ શ્રીજી સ્વરૂપ તેમને તે જ પ્રકારનું આત્મબળ બનાવી રાખવાનું અને નીડરતાથી કાર્ય કરવાનું કહી રહ્યા છે.

ઉ. ૨૩૫- યદિ મોમિન કાર્યાનુસાર આત્મબળ ધારણ કરી નીડરતાપૂર્વક ન રહે, તો બાદશાહને તેમના પ્રતિ સંદેહ થવા લાગશે. અતઃ શ્રીજી સ્વરૂપ મોમિનોને એ યુક્તિ હંમેશા ધ્યાનમાં રાખવા માટે કહી રહ્યા છે.

ઉ. ૨૩૬- શ્રીજી સ્વરૂપ મોમિનોથી અલગ નથી. તે સર્વ મોમિનોની રક્ષાર્થ એક પગ પર સતર્ક ઊભા છે.

ઉ. ૨૩૭- શ્રીજી સ્વરૂપ મોમિનોને શરાઅના કટ્ટરપંથીઓની વચ્ચે રહેતાં પોતાના હિંદુત્વની તરફ ભલી પ્રકાર ધ્યાન આપીને તેને સંભાળીને રાખવા માટે કહી રહ્યા છે.

**પ્ર. ૨૩૮- કોની શક્તિબળથી શ્રીજીના પ્રભાવમાં વૃદ્ધિ થશે અને શ્રીજીની શક્તિથી મોમિનો પર શું થશે ?**

ઉ. ૨૩૮- મોમિનોની શક્તિબળથી શ્રીજીના પ્રભાવમાં વૃદ્ધિ થશે અને શ્રીજીની →

**પ્ર. ૨૩૯-''આપ કોઈ પ્રકાર દુ:ખી અને હતોત્સાહિત ન થશો''-એવું કોણ, કોને કહી રહ્યા છે ?**

**પ્ર. ૨૪૦- આગળ કોની કૃપાથી બધું સારું થશે ? ક્યુ મોટું કાર્ય થયું છે ?**

**પ્ર. ૨૪૧- ઉક્ત પ્રકાર શરાઅના લોકોથી મોરચા લેવાની શક્તિ મોમિનોને કોણે પ્રદાન કરી ?**

**પ્ર. ૨૪૨- શ્રીજી સ્વરૂપ મોમિનોને પોતાના મનમાં જરા જેટલી પણ શું નહીં આવવા દેવાની શીખ આપી રહ્યા છે ?**

**પ્ર. ૨૪૩- આ ધર્મયુદ્ધમાં કેવી રીતે જૂજવું છે તથા આ યુદ્ધ કયા-કયા શસ્ત્રો દ્વારા થવાવાળું છે ?**

**પ્ર. ૨૪૪- હવે કોનો પ્રકાશ, શું પ્રકાશિત કરશે ?**

**પ્ર. ૨૪૫- કોની આજ્ઞાથી, તારતમ જ્ઞાનનો પ્રકાશ કયા અભિયાનને પૂરો કરશે ?**

**પ્ર. ૨૪૬- કયુ કાર્ય ઉતાવળથી થવાવાળું નથી ?**

**પ્ર. ૨૪૭- આ માયાવી સંસાર કેવો છે અને એને કેવી રીતે જીતવો પડશે ?**

→ શક્તિથી સરે (શરાઅ) ના કટ્ટરપંથી કાજી લોકો મોમિનોને અધિક માનવા તથા તેમને સુદૃષ્ટિથી જોવા-બોલવા અથવા વ્યવહાર કરવા લાગશે.

ઉ. ૨૩૯- **''આપ કોઈ પ્રકાર દુઃખી અને હતોત્સાહિત ન થશો.''**-એવું શ્રીજી સાહેબ મોમિનોને કહી રહ્યા છે.

ઉ. ૨૪૦- આગળ પરબ્રહ્મ શ્રી રાજજીની કૃપાથી બધું સારું થશે. મોમિનોએ શરાઅથી મોરચા લીધા, આ એક બહુ મોટું કાર્ય થયું છે.

ઉ. ૨૪૧- ઉક્ત પ્રકાર શરાઅના લોકોથી મોરચા લેવાની શક્તિ મોમિનોને પ્રિયતમ પરમાત્મા શ્રી રાજજીએ કૃપા કરીને પ્રદાન કરી છે.

ઉ. ૨૪૨- શ્રીજી સ્વરૂપ પોતાના પ્રાણપ્રિય મોમિનોને પોતાના મનમાં જરા જેટલી પણ સંદેહ યા ઉદ્વિગ્નતા ન આવવા દેવાની શીખ આપી રહ્યા છે.

ઉ. ૨૪૩- આ ધર્મયુદ્ધમાં પૂર્ણ વિશ્વાસની સાથે જૂજવું છે. આ ધર્મયુદ્ધ-સંઘર્ષ વચનો અર્થાત્ જ્ઞાનપૂર્ણ શબ્દરૂપી શસ્ત્રો દ્વારા થવાવાળું છે.

ઉ. ૨૪૪- હવે તારતમ જ્ઞાનનો પ્રકાશ સ્વતઃ જ પોતાનું બળ પ્રકાશિત કરશે.

ઉ. ૨૪૫- અદ્વૈત બ્રહ્મ શ્રી રાજજીની આજ્ઞાથી તારતમ જ્ઞાનનો પ્રકાશ મોમિનોના કયામત-આત્મ જાગૃતિના અભિયાનને પૂરો કરશે.

ઉ. ૨૪૬- આ પેગામ પહોંચાડવાનું કાર્ય ઉતાવળથી થવાવાળું નથી. આ કાર્યમાં સમય લાગશે.

ઉ. ૨૪૭- આ માયાવી સંસાર છળકપટથી પરિપૂર્ણ છે. અતઃ એને તો નીતિ-યુક્તિપૂર્વક, રૂપ બદલીને છલથી જ જીતવો પડશે.

પ્ર. ૨૪૮- સંસારમાં મોટા-મોટા અવતારી પુરુષોએ કોના સહારે ધર્મયુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી હતી ?

પ્ર. ૨૪૯- શ્રીજી સ્વરૂપે કોના જ્ઞાનના અભિમાનને, કઈ યુક્તિથી નષ્ટ કર્યા હતા ?

પ્ર. ૨૫૦- કોણે બ્રહ્મજ્ઞાનનો એક શબ્દ કહ્યો હતો, તો શ્રીજી સ્વરૂપે કેવી રીતે તેનાથી આગળનું જ્ઞાન પૂછ્યું હતું ?

પ્ર. ૨૫૧- જ્યારે અવસર હાથ લાગ્યો, ત્યારે શ્રીજી સ્વરૂપે કોને અને કેવી રીતે પછાડ્યા હતા ?

પ્ર. ૨૫૨- તત્પશ્ચાત હરજી વ્યાસે શું કર્યું હતું ?

પ્ર. ૨૫૩- કોણે શરાઅની કટ્ટરતાને, શું કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે ?

પ્ર. ૨૫૪- શ્રીજી સ્વરૂપ મોમિનોને જેવા વાજાં વાગે, તેવા જ નૃત્ય કરવાનું કહી રહ્યા છે ? એનું તાત્પર્ય શું છે ?

પ્ર. ૨૫૫- શ્રીજી સ્વરૂપ અહીંયા મોમિનોને કઈ મુખ્યાતિમુખ્ય વાતો બતાવી રહ્યા છે ?

ઉ. ૨૪૮- સંસારમાં મોટા-મોટા અવતારી પુરુષોએ જે વિષ્ણુભગવાન શ્રી કૃષ્ણએ પણ છલના સહારે જ અસુરોની સાથે થયેલાં ધર્મયુદ્ધમાં વિજય પ્રાપ્ત કરી હતી.

ઉ. ૨૪૯- શ્રીજી સ્વરૂપે હરજી વ્યાસના જ્ઞાનના અભિમાનને છલપૂર્ણ યુક્તિથી જ નષ્ટ કર્યા હતા.

ઉ. ૨૫૦- બ્રહ્મજ્ઞાની હરજી વ્યાસે બ્રહ્મજ્ઞાનનો એક શબ્દ કહ્યો હતો, તો શ્રીજી સ્વરૂપે દસવાર તેમના ચરણ પકડીને વિનમ્રતાપૂર્વક આગળનું જ્ઞાન પૂછ્યું હતું.

ઉ. ૨૫૧- જ્યારે અવસર હાથ લાગ્યો, ત્યારે શ્રીજી સ્વરૂપે હરજી વ્યાસને જ્ઞાનથી એવા પછાડ્યા હતા કે તે એકદમ નિરસ્ત થઈ ગયા અને મરણાસન્ન વ્યક્તિના સમાન અશક્ત દશામાં પહોંચી ગયા હતા.

ઉ. ૨૫૨- તત્પશ્ચાત હરજી વ્યાસે પલટીને શ્રીજીના ચરણોમાં પોતાને જ સમર્પિત કરી દીધા હતા.

ઉ. ૨૫૩- બાર હજાર મોમિનોમાંથી ચુનેલાં (પસંદ કરેલાં) બાર જણને, જે ધર્મના થંભરૂપ અગ્રગણ્ય છે, શરાઅની કટ્ટરતાને ટકરાવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે.

ઉ. ૨૫૪- શ્રીજી સ્વરૂપ મોમિનોને જેવા વાજાં વાગે, તેવા જ નૃત્ય કરવાનું કહી રહ્યા છે. એનું તાત્પર્ય એ છે કે જેવી પરિસ્થિતિઓ દેખાય, સ્વયંને તેવા જ બનાવી (ઢાળી) દેવા.

ઉ. ૨૫૫- શ્રીજી સ્વરૂપ અહીંયા મોમિનોને બધાથી મુખ્યાતિમુખ્ય વાત એ બતાવી રહ્યા છે કે આપ બાર જણ આપસમાં હળીમળીને એકરસ થઈને રહેજો.

પ્ર. ૨૫૬- ક્યારે અને કોને બધાય રહસ્ય સ્વયં જ ખુલસ્ત થતાં જશે ?

પ્ર. ૨૫૭- ઉક્ત રહસ્યપૂર્ણ વાતોને સમજવાનો વિવેક ધીરે-ધીરે કોણ પ્રદાન કરશે ?

પ્ર. ૨૫૮- શ્રીજી સ્વરૂપ મોમિનોને જે રાજ્યાધિકારી લોકો સૂચિત મનથી નિશ્ચિત થઈને વાતો સાંભળવા આવ્યા, તો તેમને કઈ રીતે સંભળાવવાનું કહી રહ્યા છે ?

પ્ર. ૨૫૯- ઉક્ત પ્રકારની ચર્ચા દ્વારા કોના મનમાં, કેવા વચનોની અમિટ (ન મિટે એવી) છાપ પડવા લાગશે ?

પ્ર. ૨૬૦- ત્યારે તે શરાઅના કટ્ટરપંથી રાજ્યાધિકારીઓ પર શું અસર પડશે ?

પ્ર. ૨૬૧- ત્યારે તે લોકો કોનાથી અને શું સાંભળવા આવશે ?

પ્ર. ૨૬૨- શ્રીજી સ્વરૂપ મોમિનોની પાસે આવવાવાળાઓના પ્રતિ શું કરવાનું કહી રહ્યા છે ? એનાથી શું થશે ?

પ્ર. ૨૬૩- કોના દ્વારા, હર કોઈને શું પ્રાપ્ત થશે અને તે શું થઈ જશે ?

પ્ર. ૨૬૪- શ્રીજી સાહેબ મોમિનોને સાવધાનીપૂર્વક સૂચિત કરતાં શું કહી રહ્યા છે ?

ઉ. ૨૫૬- થોડા દિવસ પછી ધીરે-ધીરે સ્વયં મોમિનોને જ બધાય રહસ્ય સ્વયં જ ખુલસ્ત થતાં જશે.

ઉ. ૨૫૭- ઉક્ત રહસ્યપૂર્ણ વાતોને સમજવાનો વિવેક ધીરે-ધીરે પરબ્રહ્મ શ્રી રાજજી જ પ્રદાન કરશે.

ઉ. ૨૫૮- સર્વપ્રથમ યદિ રાજ્યાધિકારી લોકો સૂચિત મનથી નિશ્ચિત થઈને વાતો સાંભળવા આવ્યા, તો શ્રીજી સ્વરૂપ મોમિનોને તેમને પોતાની પાસે બેસાડીને પ્રેમથી ચર્ચા સંભળાવવા માટે કહી રહ્યા છે.

ઉ. ૨૫૯- ઉક્ત પ્રકારની ચર્ચા દ્વારા ધીરે-ધીરે તે શરાઅના કટ્ટરપંથીઓના હૃદય-મનમાં મોમિનોના અકાટ્ય વચનોની અમિટ છાપ પડવા લાગશે.

ઉ. ૨૬૦- જ્યારે તે શરાઅના કટ્ટરપંથી રાજ્યાધિકારી લોકો ઉક્ત પ્રકારથી પ્રભાવિત થશે, ત્યારે તે મોમિનોના જ્ઞાન-બાણોથી ઘાયલ થઈને નમ્ર થઈ જશે અને તેમના મનમાં દયા-ભાવ ઉત્પન્ન થઈ જશે.

ઉ. ૨૬૧- તત્પશ્ચાત્ તે લોકો ધ્યાનથી મોમિનોની ચર્ચા-કથા સાંભળવા આવશે અને અન્ય અનેકો લોકો પણ મોમિનો પર વિશ્વાસ કરવા લાગશે.

ઉ. ૨૬૨- શ્રીજી સ્વરૂપ મોમિનોની પાસે આવવાવાળાઓને પ્રેમથી પાસે બેસાડીને ચર્ચા સંભળાવવા માટે કહી રહ્યા છે. એનાથી હિંદુ-મુસલમાનની વચ્ચેનું અંતરાલ મટી જશે.

ઉ. ૨૬૩- તારતમ જ્ઞાન દ્વારા હર કોઈને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થશે અને તે સ્વતઃ જ જાગૃત થઈ જશે.

ઉ. ૨૬૪- શ્રીજી સાહેબ શૂરવીર ધર્મજ્ઞ મોમિનોને સાવધાનીપૂર્વક સૂચિત કરતાં કહી રહ્યા છે, ''આપ લોકો ઉતાવળ કરીને, વગર વિચાર કરે ઉલઝી ન જશો.''

**પ્ર. ૨૬૫- મોમિન જે કાર્યાર્થ ગયા હતા, તે કાર્ય કઈ રીતે જ પૂરું થવાનો સંભવ હતું ?**

**પ્ર. ૨૬૬- શયતાનના વશીભૂત થયેલાં કેવા લોકો, કઈ રીતે કાર્ય કરે છે ? પાછળ તેમને શું કરવું પડે છે ?**

**પ્ર. ૨૬૭- સાચા પથગ્રાહી કેવી રીતેથી કાર્ય કરે છે ?**

**પ્ર. ૨૬૮- કોણે, કયા-કયા ભાઈને મોમિનોની પાસે પત્ર લઈને મોકલ્યા છે ? આ પત્ર પર કેવો વિચાર કરવાનું કહ્યું છે ?**

**પ્ર. ૨૬૯- શ્રીજીએ મોમિનોને પત્ર લાવવા અને લઈ જવા માટે પોતાની પાસે કોને રાખવાનું કહ્યું છે ?**

**પ્ર. ૨૭૦- મોમિન આજ્ઞા આપે, તો શ્રીજી સ્વરૂપ કામાપહાડીથી નીકળીને ક્યાં જવાનું ચાહે છે ?**

**પ્ર. ૨૭૧- કદાચ કોણ, કોને અહીં સીમિત કરી રાખવાનું ચાહતા હોય, તો પણ સ્પષ્ટ કરવાનું કહી રહ્યા છે ? કેમ ?**

ઉ. ૨૭૧- કદાચ બ્રહ્મનિષ્ઠ મોમિન શ્રીજી સ્વરૂપને કામાપહાડીના કંદરામાં જ →

**પ્ર. ૨૭૨- ક્યાં રહીને શ્રીજી સ્વરૂપ મોમિનોની સહાયતા નથી કરી શકતા અથવા તેમનો પક્ષ નથી લઈ શકતા ?**

ઉ. ૨૬૫- ધર્મવીર મોમિન જે કાર્યાર્થ ગયા હતા, તે કાર્ય યુક્તિપૂર્વક અર્થાત્ તે રીતની અકલ બુદ્ધિ લગાવીને સારી રીતે કરવાથી જ પૂરું થવાનું સંભવ હતું.

ઉ. ૨૬૬- શયતાનના વશીભૂત થયેલાં વિચાર-વિવેકહીન લોકો ઉતાવળમાં કાર્ય કરે છે. પાછળ કાર્ય બગડવાથી તેમને પસ્તાવું અને રોવું પડે છે.

ઉ. ૨૬૭- પરમાત્માના આધારભૂત સત્ય પથગ્રાહી ધૈર્યપૂર્વક ઠંડા દિમાગ-મનથી વિચાર કરી કાર્ય કરે છે.

ઉ. ૨૬૮- શ્રીજી સાહેબે શેખબદલ અને કાનજીભાઈને મોમિનોની પાસે પત્ર લઈને મોકલ્યા છે. આ પત્ર પર દૃઢતાપૂર્વક વિચાર-વિવેક કરવાનું કહ્યું છે.

ઉ. ૨૬૯- શ્રીજી સાહેબે મોમિનોને પત્ર લાવવા અને લઈ જવા માટે પોતાની પાસે કાનજીભાઈને રાખવાનું કહ્યું છે.

ઉ. ૨૭૦- મોમિન આજ્ઞા આપે, તો શ્રીજી સ્વરૂપ કામાપહાડીથી નીકળીને અન્યત્ર ક્યાંય બહાર જવા ચાહે છે.

→ સીમિત કરી રાખવા ચાહતા હોય, તો પણ સ્પષ્ટ કરવા માટે કહી રહ્યા છે-હવે શ્રીજીની આવાસની જાણકારી મુસલમાનોને થઈ જશે કેમ કે મોમિન હવે ઇમામના લશ્કરના રૂપમાં જાહેર થઈ ચૂક્યા છે.

ઉ. ૨૭૨- શ્રીજી સ્વરૂપ કામાપહાડીના કંદરામાં રહીને મોમિનોની સહાયતા નથી કરી શકતા અથવા તેમનો પક્ષ નથી લઈ શકતા.

પ્ર. ૨૭૩- ''અહીંયા અપનાપનનો નિર્વાહ અર્થાત્ ભોજનાદિનો પ્રબંધ ન કરી શકશે, તો ધર્મ અભિયાન કેવી રીતે પૂરું થશે ?''-એવું કોણ, કોને કહી રહ્યા છે ?

પ્ર. ૨૭૪- કોણે હિંમત કરીને, શું શિર પર લઈને એક મોટા મોર્ચા (લડાઈ) ને જીતી લીધો ?

પ્ર. ૨૭૫- મોમિનોએ પોતાના મનને શું કરીને, કોનો સારી રીતેથી વિસ્તાર કર્યો ?

પ્ર. ૨૭૬- શ્રીજી સ્વરૂપ મોમિનોને બધી પરિસ્થિતિઓનો સામનો કઈ રીતે કરવાનું કહી રહ્યા છે ?

પ્ર. ૨૭૭- કોણ, ક્યાં જઈને, કોને અને કોનાથી લડવા માટે તૈયાર કરવાનું ચાહે છે ?

પ્ર. ૨૭૮- ઉક્ત પ્રકારની તૈયારી કરી શ્રીજી સ્વરૂપ કોની વિરુદ્ધ, શું છેડવાનું ચાહે છે ?

પ્ર. ૨૭૯- ઉક્ત પ્રકારની તૈયારી કરી શ્રીજી સ્વરૂપ કોને, કોની સહાયતાર્થ મોકલવાની વાત કરી રહ્યા છે ?

પ્ર. ૨૮૦- કોણ લોકો, કોનાથી ટક્કર લઈને, કોને પ્રકટ થવાની વાત ઘોષિત કરી દેશે ?

ઉ. ૨૭૩- **''અહીંયા અપનાપનનો નિર્વાહ અર્થાત્ ભોજનાદિનો પ્રબંધ ન કરી શકશે, તો ધર્મ અભિયાન કેવી રીતે પૂરું થશે ?''**-એવું શ્રીજી સાહેબ મોમિનોને પત્ર દ્વારા કહી રહ્યા છે.

ઉ. ૨૭૪- શૂરવીર મોમિનોએ હિંમત કરીને, સ્વયં દાયિત્વ પોતાના શિર પર લઈને એક મોટા મોર્ચાને જીતી લીધો.

ઉ. ૨૭૫- મોમિનોએ પોતાના મનને કઠોર (કડા) કરીને ધર્મ અભિયાન કાર્યનો ખૂબ સારી રીતે વિસ્તાર કર્યો.

ઉ. ૨૭૬- ધર્મવીર મોમિન જે ઉત્સાહ ભરેલાં મનથી મસ્જિદમાં વાણી ગાવા ગયા હતા, તે જ ઉત્સાહ, હિંમત અને લગનથી શ્રીજી સ્વરૂપ તેમને બધી પરિસ્થિતિઓનો સામનો કરવાનું કહી રહ્યા છે.

ઉ. ૨૭૭- શ્રીજી સાહેબજી કામાપહાડીથી નીકળીને અન્યત્ર જઈને ધર્માંધ અને અધર્મી ઔરંગઝેબથી લડવા માટે અન્ય રાજાઓને તૈયાર કરી મોર્ચા (લડાઈ) બાંધવાનું ચાહે છે.

ઉ. ૨૭૮- ઉક્ત પ્રકારની તૈયાર કરી શ્રીજી સ્વરૂપ ઔરંગઝેબના વિરુદ્ધ ધર્મ યુદ્ધ છેડવાનું ચાહે છે.

ઉ. ૨૭૯- ઉક્ત પ્રકારની તૈયારી કરી શ્રીજી સ્વરૂપ બહાર નીકળીને કોઈને કોઈ રાજાને જાગૃત કરી મોમિનોના સહાયતાર્થ મોકલવાની વાત કરી રહ્યા છે.

ઉ. ૨૮૦- ઉક્ત હિંમતી જાગૃત રાજા, મહારાજા આદિ સ્વયં સુલતાન ઔરંગઝેબથી ટક્કર લઈને ઇમામ મેહદીના પ્રગટ થવાની વાત રાજ્યમાં ઘોષિત કરી દેશે.

**પ્ર. ૨૮૧- શ્રી પ્રાણનાથજીએ કામાપહાડીથી દિલ્લી નજરકેદમાં સ્થિત મોમિનોને પોતાનો ઉદ્દેશ્ય પ્રગટ કરતાં પત્રમાં શું લખ્યું છે ?**

ઉ. ૨૮૧- શ્રી પ્રાણનાથજીએ કામાપહાડીથી દિલ્લી નજરકેદમાં સ્થિત મોમિનોને →

**પ્ર. ૨૮૨- કોના વચનોના પ્રતિ, કોની અંદર, શું ઉત્પન્ન કરાવી દેવામાં આવે ?**

**પ્ર. ૨૮૩- શ્રીજી સાહેબજી કોને તે જેવી આજ્ઞા આપે, તેની જ અનુસાર ચાલવાની આજ્ઞા માંગી રહ્યા છે ?**

**પ્ર. ૨૮૪- કોઈ ઉચિત (યોગ્ય) સ્થાન પર પહોંચીને શ્રીજી સ્વરૂપ શું કરવા માટે કહી રહ્યા છે ?**

**પ્ર. ૨૮૫- મોમિન યદિ એની ઉપરાંત શ્રીજી સાહેબને કંઈક કહેવા ચાહતા હોય, તો શ્રીજી તેમને કોને પોતાના દિલની વાત કહેવડાવવાનું કહી રહ્યા છે ?**

ઉ. ૨૮૫- મોમિન યદિ એની ઉપરાંત શ્રીજી સાહેબને કંઈક કહેવા ચાહતા →

**પ્ર. ૨૮૬- કેવા લોકોને સીધી રાહ પર લાવવા માટે સમય-સમય પર શું થયું છે ?**

**પ્ર. ૨૮૭- કોણ, કોને અને શું મોકલતાં રહ્યા ? કયા લોકો, કોનાથી પાછળ ખસી ગયા અને કેમ ?**

ઉ. ૨૮૭- મોમિન પરમાત્માની તરફનું કૃપા-પ્રસાદરૂપી જ્ઞાન શરાઅના →

→ પત્ર દ્વારા પોતાના ઉદ્દેશ્યની સૂચના આપતાં લખ્યું હતું, ''હે મોમિનો ! અમારો ઉદ્દેશ્ય એ જ છે કે કોઈપણ પ્રકાર અર્થાત્ યુક્તિપૂર્વક બળથી મહંમદ સાહેબ તેમજ તેમના વચનોના પ્રતિ શહેનશાહના મનમાં પૂર્ણ વિશ્વાસ આવી જાય.''

ઉ. ૨૮૨- મહંમદ સાહેબના ભવિષ્ય અને કુરાનના વચનોના પ્રતિ સુલતાન ઔરંગઝેબના મનમાં શ્રદ્ધા-વિશ્વાસ ઉત્પન્ન કરાવી દેવામાં આવે.

ઉ. ૨૮૩- શ્રીજી સાહેબજી પ્રાણવલ્લભ મોમિનોને તે જેવી આજ્ઞા આપે, તેની જ અનુસાર ચાલવાની આજ્ઞા માંગી રહ્યા છે અર્થાત્ મોમિન આજ્ઞા આપે કે શ્રીજી સાહેબજી બહાર નીકળી જાય યા ત્યાં જ રહે !

ઉ. ૨૮૪- કોઈ ઉચિત (યોગ્ય) સ્થાન પર પહોંચીને શ્રીજી સ્વરૂપ મોમિનોનો પક્ષ લઈને તેમની કંઈ ન કંઈ સહાયતા કરવા માટે કહી રહ્યા છે.

→ હોય, તો શ્રીજી તેમને પોતાના દિલની વાત સંદેશવાહક ભાઈ દ્વારા કહેણ મોકલવાનું કહી રહ્યા છે. પુનઃ યદિ તે શ્રીજીને મળવા પણ ચાહતા હોય, તો શ્રીજી સાહેબ દિલ્લી આવવા માટે પણ તૈયાર છે. આ રીતે શ્રીજી સાહેબ મોમિનોને તેમના દિલની વાત પૂછી રહ્યા છે.

ઉ. ૨૮૬- ધર્મના પ્રતિ આંધળાં લોકોને સીધી રાહ પર લાવવા માટે સમય-સમય પર પરમાત્માની કૃપા સનંધોની રૂપમાં ઉતરતી રહે છે.

→ શયતાનોની પાસે પેગામના રૂપમાં મોકલતાં રહ્યા. પરંતુ શરાઅના શયતાન લોકો તે પેગામથી પાછળ ખસી ગયા. કયામતનો વાસ્તવિક અર્થ ન સમજી શકવાના કારણે તેઓએ ઇમામના પેગામને અપનાવવાના બદલે ઠુકરાવી દીધો.

પ્ર. ૨૮૮- કોણ લોકો ધર્મના બાહ્યરૂપ પર દેખાવાનો વિશ્વાસ કરવાવાળા છે ?

પ્ર. ૨૮૯- શ્રીજી સ્વરૂપ કોને કહી રહ્યા છે કે ''આપ બધા દીન ઇસ્લામ પર તો છે, પરંતુ રસૂલ મહંમદ દ્વારા કહેલાં ભવિષ્યના અનુસાર જ કાર્યમાં દેર (મોડું) થઈ રહી છે, આ સમજ પ્રાપ્ત કરી શકતા નથી ?''

પ્ર. ૨૯૦- કોના દ્વારા, ક્યાં કહ્યા પ્રમાણે, કયાં કાર્યમાં વિલંબ થઈ રહ્યો છે ?

પ્ર. ૨૯૧- શું કારણ છે કે બાદશાહ અને તેમના સેવકોએ મોમિનોની વાતોને ધ્યાનથી ન સાંભળ્યું ?

પ્ર. ૨૯૨- પુનઃ કોની આજ્ઞાનુસાર જ મોમિન કોની પાસે જશે ?

પ્ર. ૨૯૩- શ્રીજી સાહેબ અહીંયા સંકેતમાં શું કહી રહ્યા છે ?

પ્ર. ૨૯૪- શ્રી રાજજી યદિ કોઈને શોભા આપવા ચાહે, તો તે કોને-કોની પાસે, ક્યાં પહોંચાડી દે છે ?

પ્ર. ૨૯૫- ધર્મવીર મોમિનોની અંદર કેવી ઈચ્છા હતી અને ક્યારથી ?

ઉ. ૨૮૮- શરાઅના પાલનકર્તા, જે પેગામથી પાછળ હટી ગયા, તે જ ધર્મના બાહ્યરૂપ પર દેખાવાનો વિશ્વાસ કરવાવાળા અથવા ધર્મનો જાહેરી માયનો (અર્થ) લઈને ધર્મ પર ઊભા થવાવાળા છે.

ઉ. ૨૮૯- શ્રીજી સાહેબ મોમિનોને સંબોધિત કરતાં કહી રહ્યા છે કે **''આપ સુંદરસાથ યથાર્થ દીન ઇસ્લામ-સત્ય ધર્મ પર આરૂઢ (ઊભા) તો છે, કિંતુ રસૂલ મહંમદ સાહેબ દ્વારા કહેલાં ભવિષ્યના અનુસાર જ કાર્યમાં મોડું (દેર) થઈ રહ્યું છે, એ સમજી શકતા નથી.''**

ઉ. ૨૯૦- રસૂલ મહંમદ સાહેબ દ્વારા કુરાન ગ્રંથમાં કહ્યા પ્રમાણે જ જાગણીનું કાર્ય જેટલું જલદી કરવા ચાહે છે, તેટલું જ વિલંબ થઈ રહ્યો છે.

ઉ. ૨૯૧- મહંમદ સાહેબ દ્વારા કહેલાં ભવિષ્યના કારણે જ બાદશાહ અને તેમના સેવકોએ મોમિનોની વાતોને ધ્યાનથી ન સાંભળ્યું.

ઉ. ૨૯૨- હવે પુનઃ તે જ રસૂલ મહંમદ સાહેબની આજ્ઞાનુસાર જ મોમિન બાદશાહ અને તેમના સેવકોની પાસે જશે.

ઉ. ૨૯૩- શ્રીજી સાહેબ અહીંયા સંકેતમાં એ કહી રહ્યા છે, ''સંપૂર્ણ શોભાના સ્વામી પરબ્રહ્મ શ્રી રાજજી શાયદ કોઈ બીજાને આ કાર્યની શોભા આપવા ચાહતા હોય.''

ઉ. ૨૯૪- શ્રી રાજજી જેને શોભા આપવા ચાહતા હોય, જો એ વાત નિશ્ચિત હોય, તો તે તેને તે સ્થાનથી પોતાની પાસે ખેંચીને કોઈ બીજા સ્થાન પર પહોંચાડીને શોભા આપે છે.

ઉ. ૨૯૫- ધર્મવીર એકાત્મ મોમિનોની અંદર આ રીતે સંદેશ પહોંચાડવાની ઈચ્છા જન્મથી લઈને જ અર્થાત્ જ્યારથી તે ધર્મમાં પ્રતિષ્ઠિત થયા, ત્યારથી હતી.

**પ્ર. ૨૯૬- ઉક્ત પ્રકારની ઈચ્છાના કારણ કોણે અને કોને જગાવવાનું કાર્ય, કોને સોંપી દેવાનો વિચાર મનમાં લીધો ?**

**પ્ર. ૨૯૭- સત્ય શું હોય છે, એવું શ્રીજી સ્વરૂપ મોમિનોને ઉપદેશ કરી રહ્યા છે ?**

**પ્ર. ૨૯૮- હવે કોની કૃપા-દયાથી કોણ, કોની કરૂણ પુકાર સાંભળશે અને કોની ક્રોધિત દૃષ્ટિ ક્યાં પડશે ?**

ઉ. ૨૯૮- હવે શ્રી રાજજીની કૃપા-દયાથી શરાઅના શયતાન કાજી લોકો →

**પ્ર. ૨૯૯- શ્રીજી સ્વરૂપ કોને કહી રહ્યા છે કે જો તે આ અવસર પર કંઈક કહેવા ચાહે, તો નિ:શંક કહી દો ?**

**પ્ર. ૩૦૦- બધી વાતો પર કેવો વિચાર કરીને પત્રનો જવાબ શીઘ્રાતિશીઘ્ર મોકલવા માટે શ્રીજી સાહેબ મોમિનોને કહી રહ્યા છે ?**

**પ્ર. ૩૦૧- શ્રીજી સ્વરૂપ મોમિનોને પરિસ્થિતિના વિષયમાં શું કહી રહ્યા છે ?**

**પ્ર. ૩૦૨- ઉક્ત પ્રકારની પરિસ્થિતિ હોવા છતાં પણ શ્રી રાજજીએ શું ઉચિત સમજ્યા છે ?**

**પ્ર. ૩૦૩- કોની પર, કોનું વશ નથી ?**

ઉ. ૨૯૬- મોમિનોની ઉક્ત પ્રકારની ઈચ્છા જાણીને જ શ્રીજી સ્વરૂપે ઔરંગઝેબને જગાવવાનું કાર્ય મોમિનોને જ સોંપી દેવાનો વિચાર મનમાં લીધો.

ઉ. ૨૯૭- ''મોમિનો ! સત્ય તો તે જ હોય છે, જે પરબ્રહ્મ પરમાત્મા પોતાના ચિત્તમાં વિચારી લે છે.''-એવું શ્રીજી સ્વરૂપ મોમિનોને ઉપદેશ કરી રહ્યા છે.

→ મોમિનોની લગનપૂર્ણ કરૂણા પુકાર સાંભળશે અને શ્રી રાજજીની ક્રોધિત દૃષ્ટિ કયામત સ્વીકાર કરવામાં દલીલ (જિદ) કરવાવાળા એ શરાઅના શયતાન પર પડશે.

ઉ. ૨૯૯- શ્રીજી સ્વરૂપ મોમિનોને કહી રહ્યા છે કે જો આ અવસર પર તે કંઈક કહેવા ચાહે, તો નિઃશંક કહી દો.

ઉ. ૩૦૦- શ્રીજી સાહેબ ધર્મજ્ઞ સિરદાર મોમિનોને તેમના દ્વારા પત્રમાં લિખિત બધી વાતો પર દૃઢતાથી સોચ-વિચાર કરીને પત્રનો જવાબ શીઘ્રાતિશીઘ્ર લખીને મોકલવા માટે કહી રહ્યા છે.

ઉ. ૩૦૧- શ્રીજી સ્વરૂપ મોમિનોને પરિસ્થિતિના વિષયમાં કહી રહ્યા છે, ''હે મોમિનો ! આજે અહીંયા એવી પરિસ્થિતિ નથી કે આપને છોડીને અમે ભ્રમણ કરવા અન્યત્ર ક્યાંય ચાલ્યા જાય.''

ઉ. ૩૦૨- ઉક્ત પ્રકારની પરિસ્થિતિ હોવા છતાં પણ શ્રી રાજજીએ શ્રીજી સ્વરૂપને બહાર જવાનું જ ઉચિત સમજ્યા છે.

ઉ. ૩૦૩- શ્રી રાજજી જેવું ચાહે છે, તે પર કોઈનું કંઈ વશ નથી. તેમની આગળ કોઈનું જોર ચાલતું નથી.

**પ્ર. ૩૦૪- અહીંયા વીતકકાર સ્વામી શ્રી લાલદાસજી શું કહી રહ્યા છે ?**

## ❖ છોટી પત્રી ❖

**પ્ર. ૧- બડી પત્રીની સાથે શ્રીજી સાહેબે બીજું શું લખ્યું તથા કેમ ?**

ઉ. ૧- શ્રી પ્રાણનાથજીએ બડી પત્રીની સાથે એક ''પુર્જી-છોટી પત્રી'' પણ લખી હતી કેમ કે બડી પત્રી મોમિનોની પાસે મોકલ્યા પછી તેમની →

**પ્ર. ૨- તે છોટી પુર્જીમાં શું સમાચાર હતા ?**

**પ્ર. ૩- કોણ, કોના માટે, શું લખીને, કોના હાથથી મોકલી રહ્યા છે ? તેમાં શું લખ્યું છે ?**

**પ્ર. ૪- કોણે, કોની આત્મ જાગૃતિના સંબંધમાં પુનઃ વિચાર કર્યો ?**

**પ્ર. ૫- બાદશાહનું શું બહુ જ વિસ્તૃત છે ? કોનો પારાવાર નથી ?**

**પ્ર. ૬- સુલતાન ઔરંગઝેબની આસપાસ કેવો પહેરો છે ? ક્યાં સુધી પહોંચીને, શું ન કરવામાં આવતું ?**

ઉ. ૩૦૪- અહીંયા વીતકકાર સ્વામી શ્રી લાલદાસજી કહી રહ્યા છે, ''હે સુંદરસાથજી ! પત્રની શેષ વાતો રહી ગઈ. તે વાતોને યથાર્થરૂપથી તે જ પ્રકાર આગળ પ્રકટ કરીશું.''

**-(પ્રકરણ-૪૭, પ્રશ્ન-ઉત્તર નં.-૩૦૪, કુલ સં. ૨૫૯૩+૩૦૪=૨૮૯૭).**

## ❖ છોટી પત્રી ❖

→ પાસે જગા-જગાથી સુંદરસાથના પત્ર આવ્યા. અતઃ મોમિનો દ્વારા સુંદરસાથના પત્રોના જવાબ અપાવવા માટે શ્રીજી સાહેબે પુનઃ છોટી પત્રી લખીને મોમિનોની પાસે મોકલી.

ઉ. ૨- તે છોટી પુર્જીમાં એક વધારે સમાચાર એ હતા કે શ્રીજી સાહેબની પાસે સૂરત, સિદ્ધપુર, ઉદયપુર અને મેરતાથી સુંદરસાથ દ્વારા લિખિત પત્ર આવ્યા હતા.

ઉ. ૩- શ્રીજી સ્વરૂપ મોમિનો માટે પત્ર લખીને શેખબદલભાઈના હાથે મોકલી રહ્યા છે. તે પત્રમાં શ્રીજી સ્વરૂપે પોતાના વચનોમાં કંઈ અન્ય મહત્ત્વપૂર્ણ વાતો પર પ્રકાશ નાંખ્યો છે.

ઉ. ૪- શ્રીજી સાહેબ અને મોમિનોએ સકુમારબાઈ-ઔરંગઝેબની આત્મ-જાગૃતિના સંબંધમાં પુનઃ વિચાર કર્યો.

ઉ. ૫- બાદશાહની બાદશાહત અને સાહેબી-સામ્રાજ્ય તેમજ અધિકાર-પદ બહુ જ વિસ્તૃત છે. તેમના ઐશ્વર્ય તેમજ અખૂટ કોશ-ભંડારનો પારાવાર નથી.

ઉ. ૬- સુલતાન ઔરંગઝેબની આસપાસ જટિલ પહેરો છે. છેક અંદર સુધી પહોંચીને તેમનાથી ચર્ચા યા મુલાકાત ન કરવામાં આવતી.

**પ્ર. ૭- કેવામાં, સુલતાન બાદશાહ કોનો સંદેશ સાંભળી સુધ્ધાં શકતા નથી ? શું કરવું દૂરની વાત છે ?**

**પ્ર. ૮- બાદશાહને સંદેશ આપીને મોમિનોનું ક્યાં જવાથી પણ શું સંભવ ન હતું ?**

**પ્ર. ૯- કોનાથી હળીમળીને, શું કર્યા વગર પ્રભાવ નહીં પડશે ?**

**પ્ર. ૧૦- આજની વસ્તુસ્થિતિ જોઈને કોણે, કોને પત્ર લખ્યો છે ? તેમાં બ્રાહ્મણોની કટ્ટરતાના વિષયમાં શું લખ્યું હતું ?**

ઉ. ૧૦- આજની વસ્તુસ્થિતિને (પરિસ્થિતિ) જોઈને શ્રીજીએ મોમિનોને પત્ર →

**પ્ર. ૧૧- બ્રાહ્મણ લોકો નીચ વર્ગને શું સમજીને, શું નથી સંભળાવતાં ?**

**પ્ર. ૧૨- પુનઃ મુસલમાન લોકો કયા વિષયમાં, કોને શું સમજે છે ?**

**પ્ર. ૧૩- એ શરાઅના ભૂત હિન્દુઓને તો કુરાનની વાતો સંભળાવતાં નથી, પરંતુ સ્વયં પણ કોઈની વાતો સાંભળવા ચાહતા નથી ?**

**પ્ર. ૧૪- ઉક્ત પ્રકારની સ્થિતિમાં શું સંભવ નથી ?**

**પ્ર. ૧૫- ઉક્ત કારણ વશ અમારે કોને-કોને મહત્ત્વ આપવું નથી ?**

ઉ. ૭- ઉક્ત પ્રકારના જટિલ પહેરેદારોની વચ્ચે બાદશાહ મોમિનોનો સંદેશ સાંભળી સુધ્ધાં શકતા નથી. પુનઃ તેની પર વિચાર કરવો તો દૂરની વાત છે.

ઉ. ૮- બાદશાહને સંદેશ આપીને મોમિનોને પોતાની ઘેર પાછાં આવી જવાથી પણ બાદશાહની જાગણી સંભવ ન હતી.

ઉ. ૯- બાદશાહની સાથે હળીમળીને તેને પ્રેમપાશમાં બાંધીને ચર્ચા સંભળાવ્યા વગર પ્રભાવ પડશે નહીં.

→ લખ્યો છે. તે પત્રમાં હિન્દુ-બ્રાહ્મણ મંત્ર વિષયક જેવી કટ્ટરતા બતાવે છે, તે પ્રકાર મુસલમાનોમાં પણ શરાઅના પ્રતિ જે કટ્ટરતા છે, તે વિષયમાં લખ્યું હતું.

ઉ. ૧૧- બ્રાહ્મણ લોકો નીચ વર્ગ-અછૂત જાતિના લોકોને ક્ષુદ્ર સમજીને ગાયત્રી મંત્ર નથી સંભળાવતાં.

ઉ. ૧૨- મુસલમાન લોકો હિન્દુઓને નાપાક સમજીને, કુરાનના અપાત્ર માનીને કુરાનની વાતો બતાવતાં નથી.

ઉ. ૧૩- એ મુસલમાન લોકો શરાઅના ભૂત હિન્દુઓને તો કુરાનની વાતો સંભળાવતાં નથી, પરંતુ સ્વયં પણ હિન્દુઓની વાતો સાંભળવા ચાહતા નથી.

ઉ. ૧૪- ઉક્ત પ્રકારની સ્થિતિમાં પરસ્પર પોતાના ભાવોને આદાન-પ્રદાન કરીને ઓળખ વધારવી સંભવ નથી.

ઉ. ૧૫- ઉપરોક્ત પ્રકાર હોવાથી જ અમારે જાતિ-ભેદ તેમજ વેશભૂષાની ઉપરની ઓળખને ક્યારેક મહત્ત્વ આપવું નથી.

પ્ર. ૧૬- આ સંસારને કોની સમાન અને કેવો જાણવો છે ?

પ્ર. ૧૭- મોમિનોને તો કોની યથાર્થતાનું જ્ઞાન છે ?

પ્ર. ૧૮- કોના અનુસાર કેવા જનોએ જાતિ-ભેદને ઉડાવી દીધો ?

પ્ર. ૧૯- સંસારના બધા સંપ્રદાયોમાં કયા વિષયની ચર્ચા થાય છે અથવા કયા વિષયનો સદુપદેશ આપવામાં આવે છે ?

પ્ર. ૨૦- કુરાન ખોલીને જોવાથી શું વિદિત થયું ? તેમાં કોના ઘરની વાતો છે ?

પ્ર. ૨૧- સદ્ગ્રંથ કુરાન કોના દ્વારા પ્રશસ્ત કરેલાં, કયા ધર્મની એક મહત્ત્વપૂર્ણ કડી છે ?

પ્ર. ૨૨- હવે મોમિન કોનું સિર તોડીને નષ્ટ-ભ્રષ્ટ કરવા ચાહે છે ?

પ્ર. ૨૩- બાર મોમિનોએ કોને જાગૃત કરવા વિષયક મહત્ત્વપૂર્ણ કાર્યના માટે, શું બદલ્યું છે ?

પ્ર. ૨૪- બહુ જ વિચારી કરીને કયા વેશમાં થઈને, કોણ અને ક્યાં પ્રવિષ્ટ થયા છે ?

પ્ર. ૨૫- પોતાની ભારી સભાની વચ્ચે કોણે, કોને ધન્ય-ધન્ય કહ્યું ?

ઉ. ૧૬- આ સંસારને ગોવિંદ ભેડાની સમાન અર્થાત્ તદોગત પ્રેતનગરી જેવો જાણવો છે.

ઉ. ૧૭- મોમિનોને તો આ માયાનગરી-સંસારની યથાર્થતાનું જ્ઞાન છે. તે એ પણ જાણે છે કે આ જાતિ-ભેદનો કોઈ સાર નથી.

ઉ. ૧૮- શાસ્ત્ર, વેદાંત અને સાધુ સંતોની વાણીઓના અનુસાર વિદ્વતજનોએ જાતિ-ભેદને ઉડાવી દીધો.

ઉ. ૧૯- સંસારના બધા સંપ્રદાયોમાં-ધર્મોમાં જાતિ-ભેદને ઉડાવી દેવાની જ ચર્ચા થાય છે અથવા એ જ વિષયનો સદુપદેશ આપવામાં આવે છે.

ઉ. ૨૦- કુરાન ધર્મગ્રંથને જોવાથી એ વિદિત થયું કે મહંમદ સાહેબની વાતો મુસલમાનો માટે નહીં, અમો મોમિનો માટે છે. તેમાં અમારા ઘરનું જ્ઞાન છે.

ઉ. ૨૧- સદ્ગ્રંથ કુરાન અમારા ઘરનું જ્ઞાન તેમજ બ્રહ્મસૃષ્ટિઓ દ્વારા પ્રશસ્ત કરેલાં હકીકી દીન ઇસ્લામ-સત્ય સનાતન નિજાનંદ ધર્મની એક મહત્ત્વપૂર્ણ કડી છે.

ઉ. ૨૨- હવે મોમિન જાતિ-ભેદના સિર તોડીને નષ્ટ-ભ્રષ્ટ કરી દેવા ચાહે છે. આ વિષયમાં તેમને કોઈ સંકોચ નથી.

ઉ. ૨૩- બાર મોમિનોએ ધણીની આજ્ઞાથી સકુમારબાઈને જાગૃત કરવા જેવું મહત્ત્વપૂર્ણ કાર્યના માટે જ વેશ બદલ્યો છે.

ઉ. ૨૪- બહુ જ સોચ-વિચાર કરીને બાર મોમિન મુસ્લિમ વેશમાં ઔરંગઝેબના દરબારમાં છેક અંદર સુધી પ્રવિષ્ટ થયા છે.

ઉ. ૨૫- સુલતાન બાદશાહ ઔરંગઝેબે પોતાની ભારી સભાની વચ્ચે મોમિનોને સાધુવાદ આપીને ધન્ય-ધન્ય કહ્યું.

**પ્ર. ૨૬- સભાસદો સહિત મોમિનોને ધન્ય-ધન્ય કહ્યા પછી બાદશાહ ઔરંગઝેબે શું કર્યું ? ત્યારબાદ તેમના સેવકોએ શું કર્યું ?**

**પ્ર. ૨૭- કોણે, કોના મનમાં કપટ ભરી દીધા ?**

**પ્ર. ૨૮- ઉક્ત કાર્યના પ્રતિફળ શું થવા લાગ્યું ?**

ઉ. ૨૮- ઉક્ત કાર્યના પ્રતિફળ રૂપ બાદશાહ ઔરંગઝેબને મોમિનોના પ્રતિએ →

**પ્ર. ૨૯- બાદશાહના સેવકોએ બાદશાહના મનમાં શું શંકા ભરી દીધી ?**

**પ્ર. ૩૦- શું સમજીને બાદશાહે કોને, કોના માટે, કોના હવાલે કરી દીધા ?**

**પ્ર. ૩૧- કોણે, કોને અને કોની ભલી પ્રકાર (સારી રીતે) જાંચ કરવાનું કહ્યું ?**

**પ્ર. ૩૨- કાજીએ કોટવાળને શું પતા લગાવીને અવગત કરાવવાનું કહ્યું ?**

ઉ. ૩૨- કાજીએ કોટવાળને 'એમની વાતોમાં કેટલું સત્ય છે અને કેટલું જૂઠ છે, →

**પ્ર. ૩૩- કોણે મોમિનોથી બહુ જ વાતો કરી ? ત્યારબાદ બાદશાહને શું સંદેશ આપ્યો ?**

ઉ. ૨૬- સભાસદો સહિત મોમિનોને ધન્ય-ધન્ય કહ્યા પછી બાદશાહ ઔરંગઝેબે આસા પણ ચૂમ્યો. પરંતુ ત્યારબાદ તેમના સેવકોએ તેને મોમિનોના પ્રતિ અવગુણ બતાવી દીધા.

ઉ. ૨૭- બાદશાહના સેવકોએ બાદશાહના મનમાં કપટ ભરી દીધા.

→ સંદેહ થવા લાગ્યો કે ''એ હિન્દુ લોકો આ રીતે મુસલમાનોનો વેશ ધારણ કરીને કેમ આવ્યા છે ?'' આ પ્રકાર તો મોમિનોને ષડયંત્રકારીઓના રૂપમાં જોવા લાગ્યા.

ઉ. ૨૯- બાદશાહના સેવકોએ બાદશાહના મનમાં એ શંકા ભરી દીધી, ''ન જાણે એ લોકો કયા દુશ્મનના મોકલેલાં છે ! એ લોકોના મનમાં કંઈ ન કંઈ કપટ અવશ્ય હશે ! !''

ઉ. ૩૦- ઉક્ત પ્રકાર સેવકોની શંકાપૂર્ણ વાતો સાંભળીને મોમિનોને ષડયંત્રકારી સમજીને બાદશાહે મોમિનોની જાંચ-પડતાલ (છાનભિન) કરવા માટે તેમને કોટવાળના હવાલે કરી દીધા.

ઉ. ૩૧- કાજીએ પણ કોટવાળને બાર મોમિનોની ભલી પ્રકાર જાંચ (તપાસ) કરવાનું કહ્યું.

→ પુનઃ એ લોકો ક્યાંથી આવ્યા છે, એમનો પરિચય શું છે, એ અહીંયા કયા મતલબથી આવ્યા છે ?'-એ વાતોનો પતા લગાવીને અવગત કરાવવાનું કહ્યું.

ઉ. ૩૩- કાજી શેખ ઇસ્લામે મોમિનોથી બહુ જ વાતો કરી. ત્યારબાદ બાદશાહને એ સંદેશ આપ્યો, ''એ બ્રહ્મમુનિ જૂઠા-દગાબાજ યા ધોકા આપવાવાળા નથી.''

પ્ર. ૩૪- પુનઃ કાજી શેખ ઇસ્લામે મોમિનોના વિષયમાં સુલતાનને કેવી ઠોસ (મુખ્ય) વાત બતાવી ?

પ્ર. ૩૫- ઉક્ત કાજીની વાતો સાંભળીને બાદશાહે શું કર્યું ?

પ્ર. ૩૬- પુનઃ બાદશાહે મોમિનોને રહેવા માટે શું આપવાની આજ્ઞા આપી ?

પ્ર. ૩૭- બાદશાહના મનમાં શું પરિવર્તન થયું ?

પ્ર. ૩૮- હવે બાર મોમિન કઈ રીતે કાજીઓની વચ્ચે રહે છે અને કેવી રીતે કામ કરે છે ?

પ્ર. ૩૯- હવે મોમિન બાદશાહને કઈ રીતે સમજાવશે ?

પ્ર. ૪૦- કોણે, કોની સાથે ચર્ચા કરીને, શું કરી દીધું ? એ કેવી વાત થઈ ?

પ્ર. ૪૧- મોમિનોએ અન્ય કોની સાથે ચર્ચા કરી ? ફળસ્વરૂપ શું થયું ?

પ્ર. ૪૨- સુલતાન બાદશાહે કોનાથી, શું મંગાવીને પોતાની પાસે રાખી લીધું ? અતઃ મોમિન શું સોચી રહ્યા છે ?

પ્ર. ૪૩- હવે સુલતાન જેટલી વાતો લોકોને કહેશે, તેટલું શું થતું જશે ?

ઉ. ૩૪- પુનઃ કાજી શેખ ઇસ્લામે મોમિનાના વિષયમાં સુલતાનને એ ઠોસ/ખાસ વાત બતાવી, ''એ પરમાત્મા-ખુદાના પ્રતિ પૂર્ણ વિશ્વાસ રાખવાવાળા ખાસ મોમિન છે.''

ઉ. ૩૫- ઉક્ત કાજીની વાતો સાંભળતાં જ સુલતાન બાદશાહે જેલની કોટડીની ચારે તરફ મોમિનોની જાંચ-પડતાલના માટે જ પહેરા લગાડ્યા હતા, તેને ખસેડી દીધા.

ઉ. ૩૬- પુનઃ બાદશાહ ઔરંગઝેબે મોમિનો-બ્રહ્મમુનિઓને રહેવા માટે એક હવેલી આપવાની આજ્ઞા આપી.

ઉ. ૩૭- બાદશાહના મનમાં લોકોએ જે સંદેહ ઉત્પન્ન કરી દીધો હતો, તે સ્વતઃ જ દૂર થઈ ગયો.

ઉ. ૩૮- હવે બાર મોમિન નિશ્ચિત થઈને કાજીઓની વચ્ચે રહે છે અને તેનાથી સચેત થઈને દૃઢતાથી કામ કરે છે.

ઉ. ૩૯- હવે બાદશાહ જે પ્રકારથી સમજશે, મોમિન તેને તે જ ઢંગથી સમજાવશે.

ઉ. ૪૦- મોમિનોએ કાજીથી ચર્ચા કરીને શ્રીજી સ્વરૂપનો મિલાપ કરાવી દીધો. આ એક મહત્ત્વપૂર્ણ વાત થઈ.

ઉ. ૪૧- મોમિનોએ અન્ય કોટવાળથી પણ ચર્ચા કરી. ફળસ્વરૂપ કોટવાળને પણ તેમની જાણકારી થઈ ગઈ.

ઉ. ૪૨- સુલતાન બાદશાહ ઔરંગઝેબે મોમિનોના સંદેશ પત્રોને મંગાવીને પોતાની પાસે રાખી લીધા. અતઃ મોમિન સોચે છે કે ધીરે-ધીરે બાદશાહ તે સંદેશ પત્રોને વાંચશે, સમજશે, તો શાયદ તેમને બોલાવશે.

ઉ. ૪૩- હવે સુલતાન બાદશાહ જેટલી વાતો લોકોને કહેશે, તેટલી વાતો પ્રગટ થતી જશે.

**પ્ર. ૪૪- યદિ ઉક્ત પ્રકાર થયું, તો કોને-કોને પ્રગટ થવાના સમાચાર ફેલાઈ છે જશે ?**

**પ્ર. ૪૫- બાર મોમિન શ્રીજી સ્વરૂપને અહીં શું સૂચિત કરી રહ્યા છે ?**

**પ્ર. ૪૬- શ્રીજી સાહેબજી મોમિનોને શું આદેશ કરે છે ?**

**પ્ર. ૪૭- અત્યાર સુધી મોમિન કેવી રીતે કાર્ય કરતાં હતા ? હવે તે કોની સેનાની રૂપમાં જાણી શકાય છે ?**

**પ્ર. ૪૮- હવે મોમિનોએ શું બનાવીને, ક્યાં ઝંડા ગાઢી દીધો છે ?**

**પ્ર. ૪૯- કોની જાણકારીમાં, કોણ લોકો તેમની જ ત્યાં પ્રત્યક્ષ થઈને બેઠેલાં છે ?**

**પ્ર. ૫૦- કોણે મોમિનોની પરીક્ષા લઈને, તેમને શું કરી દીધા ?**

**પ્ર. ૫૧- બાર મોમિન શ્રીજી સ્વરૂપને કયા સંબંધમાં આવશ્યકતા થતાં જ શું કરવાનું કહી રહ્યા છે ?**

ઉ. ૫૧- બાર મોમિન શ્રીજી સ્વરૂપને કહી રહ્યા છે, ''હે ધણી ! હવે અમે બધા →

**પ્ર. ૫૨- મોમિન શ્રીજી સ્વરૂપને ક્યાં સુધી ત્યાં જ એકાંતમાં બની રહેવાનું કહી રહ્યા છે ?**

ઉ ૪૪- યદિ ઉક્ત પ્રકાર થયું, તો કયામત અને ઇમામ મેહદીના પ્રગટ થવાના સમાચાર બધામાં ફેલાઈ જશે.

ઉ. ૪૫- બાર મોમિન શ્રીજીને અહીં એ સૂચિત કરી રહ્યા છે, ''હે ધણી! બાદશાહ જ્યારે અન્ય વાતોની જાણકારી અમારાથી લેવા ચાહશે, ત્યારે અમે આપને પત્રમાં તે જ પ્રકાર લખીને મોકલીશું.''

ઉ. ૪૬- શ્રીજી સાહેબજી મોમિનોને આદેશ કરે છે, ''હવે આપ લોકો એકાંત હવેલીમાં બેસી રહો.''

ઉ. ૪૭- અત્યાર સુધી મોમિન છૂપી-છૂપીને કાર્ય કરતાં હતા. હવે તે ઇમામ મેહદીની સેનાના રૂપમાં જાણી શકાય છે.

ઉ. ૪૮- હવે શૂરવીર મોમિનોએ ઇમામ મેહદીનો ગઢ બનાવીને તેના પર ઝંડો ગાઢી દીધો છે.

ઉ. ૪૯- ધામધણી શ્રીજી સ્વરૂપની દયા-કૃપાથી શૂરવીર મોમિન બાદશાહ ઔરંગઝેબની જાણકારીમાં તેમના જ ત્યાં પ્રત્યક્ષ થઈને બેઠેલાં છે.

ઉ. ૫૦- સુલતાન બાદશાહ અને તેમના કર્મચારીઓએ મોમિનોની પરીક્ષા લઈને તેમને કેદથી મુક્ત કરી દીધા.

→ પણ એક જ કાર્યમાં સંલગ્ન રહીશું. આ સંબંધમાં આપને અહીં ન રહેવા છતાં પણ જો અમને આપની આવશ્યકતા થઈ, તો અમે દિલ્લીથી સમાચાર મોકલીશું. પુનઃ યદિ આપને કોઈપણ નિર્દેશ આપવાની આવશ્યકતા થઈ, તો અમે પત્ર લખીને તુરંત મોકલી દઈશું.''

ઉ. ૫૨- જ્યાં સુધી ઔરંગઝેબ અને તેમના સેવકોને મોમિનોની ચર્ચા ઉચિત પ્રતીત ન થશે, ત્યાં સુધી તેમને નિઃશંક કરવા-બનાવવા સુધી મોમિન શ્રીજી સ્વરૂપને ત્યાં જ એકાંતમાં બની રહેવાનું કહી રહ્યા છે.

**પ્ર. ૫૩- શ્રીજી સ્વરૂપ કોની આજ્ઞાથી, કોણે, શેના માટે પત્ર લખતાં રહીશું, એવું કહી રહ્યા છે ?**

**પ્ર. ૫૪- શ્રીજી સ્વરૂપ મોમિનોથી સાથીઓને કયા પ્રકાર પત્ર લખવાનું કહી રહ્યા છે ?**

ઉ. ૫૪- શ્રીજી સ્વરૂપ મોમિનોથી સાથીઓને આ પ્રકાર પત્ર લખવા માટે કહી →

**પ્ર. ૫૫- કોણ, કોને કહી રહ્યા છે કે ''આપ બધા સદૈવ પાલનહાર પરમાત્મા શ્રી રાજજીના સન્મુખીન રહો ?''**

**પ્ર. ૫૬- શ્રીજી સ્વરૂપ કોને પત્ર દ્વારા, કોને પ્રેરિત કરવા માટે કહી રહ્યા છે ?**

**પ્ર. ૫૭- સુંદરસાથ સમાજની વચ્ચે એ બાર શૂરવીર મોમિન કેવા છે ? તે કોની સન્મુખ, શેના માટે તત્પર થયા છે ?**

**પ્ર. ૫૮- કેવી માયાના, કેવા મહોરા (મોરું) મોમિનોથી ટક્કર લેવા માટે ઉઠી ઊભા થયા ?**

**પ્ર. ૫૯- કોણે, કોની આજ્ઞાથી, ક્યાં એક આદર્શ ચાલ ચાલીને, શું કર્યુ ?**

**પ્ર. ૬૦- કોણે ધર્મયુદ્ધ સદૃશ મહાન કાર્યમાં, કેવી રીતે, શું ન્યોછાવર કરી દીધા ?**

ઉ. ૫૩- શ્રીજી સ્વરૂપ પરમાત્મા શ્રી રાજજીની આજ્ઞાથી મોમિનોને સાંત્વના પ્રદાન કરવા માટે જરૂર પત્ર લખતાં રહીશું, એવું કહી રહ્યા છે.

→ રહ્યા છે, જેનાથી કે સાથીઓના દિલમાં જરા જેટલી પણ હીન ભાવના યા દુર્બળતા ન આવી શકે અને તેમના મનમાં દુઃખની અનુભૂતિ પણ ન થાય. આ પ્રકાર પત્રમાં સમજાવીને લખવાનું કહી રહ્યા છે.

ઉ. ૫૫- શ્રીજી સ્વરૂપ બાર ધર્મપરાયણ શૂરવીર મોમિનોને કહી રહ્યા છે કે **''આપ બધા સદૈવ પાલનહાર પરમાત્મા શ્રી રાજજીના સન્મુખીન રહો.''**

ઉ. ૫૬- શ્રીજી સ્વરૂપ બાર ધર્મપરાયણ મોમિનોને નિઃસંકોચ સ્થાન-સ્થાન પર બેઠેલાં સુંદરસાથજીને પત્ર લખીને તેમને આ ધર્મમાર્ગ પર પ્રેરિત કરવા માટે કહી રહ્યા છે.

ઉ. ૫૭- એ બાર ધર્મજ્ઞ શૂરવીર મોમિન સુંદરસાથ સમાજની વચ્ચે સર્વશ્રેષ્ઠ, બધાના સિરદાર અને સમજદાર છે. તે દેશના સુલતાન ઔરંગઝેબના સન્મુખ ધર્મ સંઘર્ષના માટે કમર બાંધી તત્પર ઊભા છે.

ઉ. ૫૮- છલની માયાની શતરંજના મોટા મહોરા અર્થાત્ સમ્રાટ બાદશાહ અને તેમના અધિકારી લોકો સાહસી ધર્મસમ્રાટ મોમિનોથી ટક્કર લેવા માટે ઉઠી ઊભા થયા.

ઉ. ૫૯- મોમિનોએ પરમાત્મા શ્રી રાજજીની આજ્ઞાથી આ ધર્મ સંઘર્ષમાં એવી આદર્શ ચાલ ચાલીને સમસ્ત સાથીઓને માર્ગદર્શન કર્યા.

ઉ. ૬૦- ધર્મપરાયણ શૂરવીર મોમિનોએ ધર્મયુદ્ધ સદૃશ મહાન કાર્યમાં નિર્ણય થઈને પોતાને ન્યોછાવર કરી દીધા.

**પ્ર. ૬૧- કોની વચ્ચે રહેવા છતાં પણ મોમિનોએ શું કરી બતાવ્યું ? આ વિષયમાં મોમિન શું કહેવાયા છે ?**

**પ્ર. ૬૨- શ્રીજી સ્વરૂપ મોમિનોને કઈ વાત ધ્યાનથી જવા ન દેવા માટે કહી રહ્યા છે ?**

**પ્ર. ૬૩- મોમિનો પર કોણે, કયા રૂપમાં વગર વિચાર કરે પ્રહાર કર્યો ? પ્રતિફળ મોમિનોએ શું કર્યુ ?**

**પ્ર. ૬૪- અમે કુરાન વાંચીને શું સોચતાં હતા અને શું થયું ?**

**પ્ર. ૬૫- આ કયુ યુદ્ધ છે, જે મોમિનોએ લડીને બતાવી દીધું ?**

ઉ. ૬૫- બાર શૂરવીર મોમિનો દ્વારા કરેલું યુદ્ધ તે જ યુદ્ધ છે, જે યુદ્ધના વિષયમાં હજાર સાલ પહેલાંથી જ કુરાન દ્વારા વાંચીને દુનિયા સોચતી આવી હતી. →

**પ્ર. ૬૬- શ્રીજી સાહેબજી મોમિનોને ક્યાંની, કઈ ખબર, કોને મોકલવાનું કહી રહ્યા છે ?**

**પ્ર. ૬૭- પત્રમાં શ્રીજી સ્વરૂપ મોમિનોને અન્ય સુંદરસાથને પણ શું કરવાનું છે, એવું કહેવાનો આદેશ આપી રહ્યા છે ?**

**પ્ર. ૬૮- શ્રીજી સ્વરૂપ મોમિનોને પત્રના માધ્યમથી સંબોધિત કરતાં શું કહી રહ્યા છે ?**

ઉ. ૬૧- છલની (ઠગિની) માયાની વચ્ચે રહેવા છતાં પણ મોમિનોએ બહુ લાભ લીધો. એ બાર મોમિનોએ બ્રહ્માત્માઓનું નાક રાખી લીધું. જમાતનું સિર ઊંચું કરી બતાવ્યું. આ વિષયમાં મોમિન ધર્મના થંભરૂપ કહેવાયા છે.

ઉ. ૬૨- શ્રીજી સ્વરૂપ મોમિનોને ''શ્રી રાજજીએ હાથ પકડીને તેમને સહારો આપ્યો છે''-આ વાત ધ્યાનથી ન જવા દેવા માટે કહી રહ્યા છે.

ઉ. ૬૩- યવન (મલેચ્છ-મુસલમાન) કર્મચારીઓએ દજ્જાલરૂપ થઈને મોમિનો પર સીધો પ્રહાર કર્યો. તે પ્રહારને શૂરવીર મોમિનોએ પોતાના મુખ પર લઈને ઝેલા-સહન કર્યો.

ઉ. ૬૪- અમે કુરાનના પ્રસંગોને વાંચીને સોચતા હતા કે, ''બ્રહ્માત્માઓને દજ્જાલની સાથે ધર્મયુદ્ધ થશે.'' પરંતુ તે જ કુરાનમાં કહેલું ધર્મયુદ્ધ સ્વયં મોમિનોએ જ કરી બતાવ્યું.

→ કુરાનમાં કયામતના સમયે મોમિનો અને દજ્જાલોની વચ્ચે થવાવાળા જે યુદ્ધનું વર્ણન કરવામાં આવ્યું હતું, તે જ યુદ્ધ બાર મોમિનોએ લડીને બતાવી દીધું.

ઉ. ૬૬- શ્રીજી સાહેબજી મોમિનોને ધર્મ વિષયમાં જે કંઈ પણ સંઘર્ષ થયો, તે બધી વાતોની ખબર અન્ય સુંદરસાથને પત્ર દ્વારા મોકલવા માટે કહી રહ્યા છે.

ઉ. ૬૭- પત્રમાં શ્રીજી સ્વરૂપ મોમિનોને અન્ય સુંદરસાથને એવું કહેવાનો આદેશ આપી રહ્યા છે, ''હે સુંદરસાથજી! આ કાર્ય આપને પણ કરવાનું છે અને એ જ પ્રકાર કરવાનું છે.''

ઉ. ૬૮- શ્રીજી સ્વરૂપ બાર મોમિનોને પત્રના માધ્યમથી સંબોધિત કરતાં કહી રહ્યા છે, ''આ કાર્ય તો આપને ભલીભાંતિ આરંભ કરી દીધું છે, પરંતુ હવે આગળ પણ સાવધાન થઈને સંઘર્ષમાં લાગી રહેવું છે.''

**પ્ર. ૬૯- બાર મોમિનો દ્વારા બાંધેલાં આ મોર્ચા (કિલ્લાની ચારે તરફ યુદ્ધ માટે ખોદેલી ખાઈ) ની ખબર કોણ, કોને લખીને મોકલી રહ્યા છે ?**

**પ્ર. ૭૦- આ સમય આપણી પાસે આવવાવાળાઓના પ્રતિ શ્રીજી સ્વરૂપ મોમિનોને શું કરવા માટે કહી રહ્યા છે ?**

**પ્ર. ૭૧- તેમનામાં ધર્મના પ્રતિ ચાહના ઉત્પન્ન કરી તેમને શું આપવા માટે શ્રીજી સ્વરૂપ મોમિનોને કહી રહ્યા છે ?**

ઉ. ૭૧- શ્રીજી સ્વરૂપ મોમિનોને કહી રહ્યા છે, ''કોઈપણ સુંદરસાથ આપની →

**પ્ર. ૭૨- તેમનામાં પરબ્રહ્મ પરમાત્મા શ્રી રાજજીના પ્રતિ કેવો વિશ્વાસ ઉત્પન્ન કરાવવા માટે શ્રીજી સ્વરૂપ મોમિનોને કહી રહ્યા છે ?**

ઉ. ૭૨- ''તે સુંદરસાથજીના દિલમાં શ્રી પરમધામનું જ્ઞાન-ધન આપીને પરબ્રહ્મ →

**પ્ર. ૭૩- શ્રીજી સ્વરૂપ મોમિનોને કેવી ચાલ ચાલીને બતાવવા માટે કહી રહ્યા છે ?**

**પ્ર. ૭૪- શ્રીજી સ્વરૂપ મોમિનોને કોનો પરિચય આપતાં, કેવું કાર્ય કરવાનું કહી રહ્યા છે ?**

**પ્ર. ૭૫- શ્રીજી સ્વરૂપ મોમિનોને શેમાં લખેલાં પ્રમાણ આચરણવત્ કદમ વધારવાનું કહી રહ્યા છે ?**

**પ્ર. ૭૬- કોણે, કોને, કોના માટે, કેવી રીતે બેસાડી રાખ્યા છે ?**

ઉ. ૬૯- બાર મોમિનોએ જે મોર્ચા (જંગ) બાંધ્યો છે, તે મોર્ચાની ખબર શ્રીજી સાહેબ બધી જગ્યાએ સુંદરસાથને પત્રના દ્વારા મોકલી રહ્યા છે.

ઉ. ૭૦- ''આ સમય જે પણ આપ-મોમિનોની પાસે આવ્યા, તેમની ભલી પ્રકારથી પરખ કરી, તેમનું મન ટટોલજો (અજમાવજો) અને તેમાં ધર્મ વિષય ચાહ ઉત્પન્ન કરજો !''-એવું શ્રીજી સ્વરૂપ મોમિનોને કહી રહ્યા છે.

→ પાસે આવ્યા, તો તેમને સમજાવીને તેમના મનમાં ધર્મના પ્રતિ ઉત્સાહ-ચાહના ઉત્પન્ન કરજો અને તમારી પાસે પરમધામનું જેટલું જ્ઞાન-ધન હોય, તેમને આપીને સમજાવજો.''

→ પરમાત્મા શ્રી રાજજીના પ્રતિ આપ બધામાં જેટલો અતૂટ વિશ્વાસ છે, તેટલો જ ઉત્પન્ન કરાવી દેજો.''-એવું શ્રીજી સ્વરૂપ મોમિનોને કહી રહ્યા છે.

ઉ. ૭૩- શ્રીજી સ્વરૂપ મોમિનોને જેવા તે બધા બ્રહ્મસૃષ્ટિના અવતાર છે; જેવું તેમના માટે પરમધામમાં કહેવાય છે, તેવી જ ચાલ ચાલીને બતાવવાનું કહી રહ્યા છે.

ઉ. ૭૪- શ્રીજી સ્વરૂપ ધર્મવીર મોમિનોને જેવા-''જે ધામના તેમને કહેવાય છે, તેવા જ બડપ્પન (મોટાઈ) બતાવતાં ગંભીરતાપૂર્વક જાગણીનું કાર્ય કરતાં રહેવાનું કહી રહ્યા છે.''

ઉ. ૭૫- શ્રીજી સ્વરૂપ મોમિનોને બ્રહ્મસૃષ્ટિઓ માટે કુરાન-પુરાણના બ્રહ્મ વાક્યોમાં કથિત આચરણવત્ કદમ વધારવાનું કહી રહ્યા છે.

ઉ. ૭૬- આટલાં દિવસો સુધી પરબ્રહ્મ શ્રી રાજજીએ મોમિનો માટે શ્રીજી સ્વરૂપ શ્રી પ્રાણનાથજીને આ પંચભૌતિક શરીરમાં પકડીને બેસાડી રાખ્યા છે.

પ્ર. ૭૭- કોના સદાચરણ વગર, કોની પ્રતિષ્ઠા, ક્યાં નથી રહી શકતી ?

પ્ર. ૭૮- શ્રીજી સ્વરૂપ મોમિનોને કયા પ્રકાર ચાલીને, કોની લાજ રાખવા માટે કહી રહ્યા છે ?

પ્ર. ૭૯- શ્રીજી સ્વરૂપ મોમિનોને કઈ રાહમાં, કેવું રહેવું તથા શું વશમાં કરવાનું કહી રહ્યા છે ?

પ્ર. ૮૦- શ્રીજી સાહેબ મોમિનોને હંમેશાં સતર્ક રહેવા માટે કેમ કહી રહ્યા છે ?

પ્ર. ૮૧- નવા સાથી શું જોઈને ધર્મની રાહ પકડશે ?

પ્ર. ૮૨- ઉક્ત નવા સાથીઓના કાર્ય-કારણવશ મોમિનોને શું ઉપસ્થિત કરતાં, કેવી ચાલ ચાલીને બતાવવું છે ?

પ્ર. ૮૩- ધર્મવીર બાર મોમિન કેવા-કેવા ગુણયુક્ત વિચક્ષણ (બુદ્ધિમાન) છે, એવું શ્રીજી સાહેબ કહે છે ?

પ્ર. ૮૪- બાર શૂરવીર મોમિનોની પાસે સદ્‌ગુરુ સ્વરૂપ દ્વારા પ્રદત્ત કેવી નિધિ છે ?

પ્ર. ૮૫- મોમિન કઈ બુદ્ધિના સ્વામી છે ?

પ્ર. ૮૬- કેવા લોકોને વારે-વારે સમજાવીને લખવું પડે છે ?

ઉ. ૭૭- બાર ધર્મપરાયણ શૂરવીર મોમિનોના સદાચરણ વગર શ્રીજી સ્વરૂપની માન-પ્રતિષ્ઠા ઔરંગઝેબની આગળ ન રહી શકતી.

ઉ. ૭૮- શ્રીજી સ્વરૂપ પ્રાણવલ્લભ મોમિનોને પોતાની પ્રતિષ્ઠિત મર્યાદાના અનુરૂપ ચાલીને મુખ્યતઃ તેમની લાજ રાખવા માટે કહી રહ્યા છે.

